# સ્વામી વિવેકાનંદની દિવ્યવાણી

સં. લેખન
**વિષ્ણુ મહંત**
(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-
**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**Swami Vivekanand ni Divyavani**
by *Vishnu Mahant*

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**સ્વામી વિવેકાનંદની દિવ્યવાણી**
વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-
*Mayur's*

-: વિક્રેતા :-
**એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-
**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

વ્હાલા દીકરાઓ
કીર્તિ ત્થા વિરલને...

# પ્રસ્તાવના....

જીવન માટે શબ્દ વપરાય છે ફિટ હૈ તો હિટ હૈ. આપણું જીવન જ્યારે આધ્યાત્મિક, શારિરીક, માનસિક રીતે ફિટ હોય તો જ સમર્ગ જીવન હિટ થઈ શકે છે.

આ માટે જરૂરી છે આપણા જીવનમાં જ્ઞાનનો પ્રકાશ. જો આપણી પાસે જ્ઞાનનો પ્રકાશ હશે તો અજ્ઞાનનો અંધકાર દૂર થશે. આપણે સારી બાબતને, જ્ઞાનને, સમજને અપનાવી શકીશું.

હવે પ્રશ્ન એ થાય છે કે કયા મહાનપુરુષ દ્વારા પીરસાયેલું જ્ઞાન ઉત્તમ છે. તો અત્યારે તો વિચારીએ તો જુની અને નવી બંન્ને પેઢીના સાંધામાં ઊભેલા એવા સ્વામી વિવેકાનંદ. આ એક એવો મહાનપુરુષ થઈ ગયો કે જેણે માત્ર ભારત જ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેમના જ્ઞાનનો દિવ્ય પ્રકાશ ફેલાવ્યો.

આ એક આપણા જીવનનો પસંદગીનો જ્ઞાન માર્ગ આપણે નક્કિ કરીએ તો એવા મહાનપુરુષને આપણે મળવું પડે, એમણે જે કહ્યુ છે તે સાંભળવું પડે પણ હવે એ શક્ય નથી કારણ કે એ મહાન આત્મા પંચતત્ત્વમાં વિલિન થઈ ગયો છે. તો શું કરવું? તેમને સાંભળવા કેવી રીતે? તો તેનો ઉપાય છે તે વર્ષોમાં તેમણે હયાતીમાં જે ભાષણો આપેલા તેના અંશો હજુ આપણા સાહિત્યમાં પડ્યા છે. તો એમનાં એવાં એવાં ચુનંદાં સાહિત્યને મેં એક જગ્યાએ ગાગરમાં સાગર મળે તેમ એકત્રીત કર્યાં અને તે સાહિત્યનો રસકસ તૈયાર કરીને સ્વામીએ ખુદ જે દિવ્યવાણી

આપી હતી તે આ પુસ્તક દ્વારા હું આપને સંભળાવી રહ્યો છું. ફક્ત ફેર એટલો છે કે તે સમયે સ્વામી વિવેકાનંદજી બોલતા હતા અને અત્યારે તેમનો જ આત્મા મારી કલમ દ્વારા બોલે છે. તો આવો સ્વામી વિવેકાનંદજી ને રૂબરૂ મળ્યા તુલ્ય માની એમણે જ કહેલી વિવિધ વિષય પરની વાણી પ્રત્યક્ષ થઈને શાબ્દિક રીતે માણો અને આપના જીવનને હીટ બનાવો કારણ કે જો ફિટ હૈ તો હિટ હૈ -

એમ. એમ. પ્રકાશનના યાકુબભાઈ મલેકનો આ પુસ્તક પ્રકાશિત કરવા માટે અત્રે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

અસ્તુ.

લિ.


**વિષ્ણુ મહંત**

સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત

૯૯૯૮૩ ૮૫૩૬૫


## ::: અનુક્રમણિકા :::


| | | |
|---|---|---|
| ૧. | સાચી ઉપાસના | ૧ |
| ૨. | ભારતના સંતો | ૫ |
| ૩. | કર્મનું રહસ્ય | ૩૪ |
| ૪. | એકાગ્રતા અને પ્રાણાયામ | ૫૭ |
| ૫. | ભાષણો | ૬૩ |
| ૬. | વાર્તાલાપ | ૮૪ |
| ૭. | પ્રશ્નોતરી | ૧૯૮ |
| ૮. | ઉક્તિઓ-ઉદ્‌ગારો | ૨૦૪ |





# ૧. સાચી ઉપાસના

પંબન પછી, સ્વામીજી રામેશ્વર મંદિરની મુલાકાતે ગયા હતા. ત્યાં એકઠા થયેલા જનસમૂહને થોડાએક શબ્દો કહેવાની તેમને વિનંતિ કરવામાં આવી હતી. તેમના એ પ્રવચનનો સાર નીચે મુજબ છે :

ધર્મ પ્રેમમાં રહ્યો છે, અનુષ્ઠાનોમાં નહીં. હૃદયના વિશુદ્ધ અને નિખાલસ પ્રેમમાં ધર્મ રહ્યો છે. જ્યાં સુધી માણસ શરીર અને મનથી પવિત્ર ન હોય, ત્યાં સુધી તેમનું મંદિરમાં જવું અને શિવની ઉપાસના કરવી નકામી છે. જેઓ શરીર અને મનથી પવિત્ર છે તેમની પ્રાર્થના ભગવાન શિવ સાંભળે છે; પણ જેઓ પોતે અપવિત્રહોવા છતાં બીજાને ધર્મ ઉપદેશવા જાય છે, તેઓ આખરે નિષ્ફળ નીવડે છે. બાહ્ય ઉપાસના એ આંતર ઉપાસનાનું એક પ્રતીક માત્ર છે, અંતર ઉપાસના અને પવિત્રતા એ જ સાચી વસ્તુ છે. એ વિના બાહ્ય ઉપાસનાનો કશો જ ઉપયોગ નથી. એટલા માટે, તમારે સૌએ આ યાદ રાખવા પ્રયત્ન કરવો.

આ કળિયુગમાં લોકોની એટલી બધી અધોગતિ થઈ છે કે તેઓ ગમે તેવું વર્તન કરે, પણ પછી કોઈ તીર્થધામમાં જાય તો બધાં પાપ ધોવાઈ જશે એમ તેઓ માને છે. જો કોઈ માણસ અપવિત્ર મન સાથે મંદિરમાં જાય, તો તેથી તેનાં જૂનાં પાપોમાં ઉમેરો થાય છે, અને ઘેરથી નીકળ્યો હતો તેના કરતાં વધુ ખરાબ માણસ તરીકે તે ઘેર પાછો ફરે છે. તીર્થ એક એવું સ્થળ છે કે જ્યાં પવિત્ર વસ્તુઓ અને પવિત્ર પુરુષો પુષ્કળ હોય. પરંતુ જ્યાં પવિત્ર પુરુષો વસતા હોય ત્યાં મંદિર ન હોય તો પણ તે સ્થળ તીર્થ બની જાય છે. વળી જ્યાં સેંકડો મંદિર હોય છતાં જો અપવિત્ર લોકો ત્યાં રહેતા હોય, તો તે સ્થળેથી તીર્થ અદૃશ્ય થઈ જાય છે. તીર્થવાસ બહુ કઠણ છે, કેમકે અન્ય સ્થળે જે પાપ થાય તે તો સહેલાઈથી દૂર કરી શકાય છે, પરંતુ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ કદી દૂર કરી શકાતું નથી. સર્વ ઉપાસનાનો મર્મ આ છે : પવિત્ર થવું અને બીજાનું કલ્યાણ કરવું. જે મનુષ્ય દીન-દુઃખિયાઓમાં, નિર્બળોમાં અને રોગીઓમાં ભગવાન શિવનાં દર્શન કરે છે, તે સાચેસાચ શિવની ઉપાસના કરે છે ! પણ જો તે ભગવાન શિવને માત્ર તેના લિંગમાં જ જુએ તો તેની ઉપાસના હજુ પ્રાથમિક ભૂમિકામાં છે એમ સમજવું. જે મનુષ્ય ભગવાન શિવને કેવળ મંદિરોમાં જ જુએ છે તેના કરતાં જે મનુષ્ય દીન-દુખિયામાં તેમનાં દર્શન કરે છે અને નાતજાત વગેરેનો વિચાર કર્યા વગર તેમની સેવા કરે છે. તેની ઉપર ભગવાન શિવ વધુ પ્રસન્ન થાય છે.

એક ધનવાન મનુષ્યને એક બગીચો હતો. તેમાં બે માળી કામ કરતા હતા. એમાંનો એક માળી ખૂબ આળસુ હતો; તે બિલકુલ કામ કરતો નહીં, માત્ર જ્યારે માલિક બગીચામાં આવે ત્યારે ઊભો થઈ હાથ જોડીને કહેતો : 'મારા માલિકનું મુખ કેટલું સુંદર છે!' અને એમ કહીને



તેની સમક્ષ નાચવા લાગતો. બીજો માળી ઝાઝું બોલતો કરતો નહીં, પરંતુ સખત મહેનત કરતો અને તમામ પ્રકારનાં ફળ અને શાકભાજી ઉગાડતો તથા બધો માલ પોતાના માથે ઊંચકી ખૂબ દૂર રહેતા પોતાના માલિકને પહોંચાડતો. આ બે માળીઓમાંથી કયો માળી તેના માલિકને વધુ પ્રિય હશે! ભગવાન શિવ તે માલિક છે અને આ જગત તેનો બગીચો છે. બે પ્રકારના માળીઓ અહીં હોય છે, એક આળસુ અને કપટી માળી કે જે કાંઈ કરતો નથી, પરંતુ કેવળ ભગવાન શિવનાં સુંદર નેત્રો, નાક અને બીજાં અંગોનાં વર્ણન કર્યા કરે છે, જ્યારે બીજો માળી ભગવાન શિવનાં દીન-દુઃખિયાં અને નિર્બળ સંતાનો, સર્વ જીવજંતુઓ, અરે, તેમની આખી સૃષ્ટિની સંભાળ લે છે. ભગવાન શિવને આ બેમાંથી વધુ વહાલો કોણ હશે? અવશ્ય, તે જ કે જે ભગવાન શિવનાં સંતાનોની સેવા કરે છે. જે પિતાની સેવા કરવા માગે છે તેણે સૌથી પ્રથમ તેનાં સંતાનોની સેવા કરવી જોઈએ. જે ભગવાન શિવની સેવા કરવા ઈચ્છે છે તેણે તેનાં સંતાનોની સેવા કરવી જોઈએ. તેણે સૌથી પ્રથમ આ જગતમાં બધાં પ્રાણીઓની સેવા કરવી જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે ઈશ્વરના ભક્તોની જે સેવા કરે છે તે તેના શ્રેષ્ઠ સેવકો છે. માટે તમે આ વાત ખાસ ધ્યાનમાં રાખજો.

ફરી એક વાર હું તમને કહું કે તમારે પવિત્ર રહેવું જોઈએ અને જે કોઈ તમારી પાસે આવે તેને યથાશક્તિ મદદ કરવી જોઈએ. આ શુભ કર્મ છે. આ શુભ કર્મના પ્રભાવથી ચિત્ત શુદ્ધ થાય છે, અને પછી ભૂતમાત્રમાં વસી રહેલા ભગવાન શિવ પ્રગટ થાય છે. તે દરેકના હૃદયમાં નિરંતર વસેલા છે. એક અરિસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં હોય તો તેમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી, તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના નિરંતર વસેલા છે. એક અરીસા ઉપર જો કચરો અને

ધૂળ જામી ગયાં હોય તો તેમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી, તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે 'હું પહેલો ખાઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ', હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી, વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તાયાર છું.' આ નિઃસ્વાર્થ વૃત્તિ જ ધર્મની કસોટી છે. જેનામાં આ નિઃસ્વાર્થવૃત્તિ વધુ હોય છે તે વધુ ધાર્મિક છે અને ભગવાન શિવની વધુ સમીપ છે. એ મનુષ્ય શિક્ષિત હોય કે અશિક્ષિત, તે આ જાણતો હોય કે ન જાણતો હોય. તો પણ તે બીજા કરતાં ભગવાન શિવની વધુ નજીક છે. જો કોઈ મનુષ્ય સ્વાર્થી હોય, પછી ભલે તે બધાંય મંદિરોમાં જતો હોય, ભલે બધાં તીર્થધામોની યાત્રા તેણે કરી હોય અને ભલે એક દીપડાની માફક પોતાની જાતને અનેક ટીલાંટપકાંથી શણગારતો હોય, તો પણ ભગવાન શિવથી તે ઘણો ઘણો દૂર છે.



# ૨. ભારતના સંતો

ભારતના સંતો વિશે બોલતાં મારું મન એવા સમયના ગાળામાં ઊતરી જાય છે, જેનો ઈતિહાસમાં ઉલ્લેખ નથી અને ભૂતકાળમાં એ ઘોર અંધકારમાં દટાયેલાં રહસ્યો બહાર લાવવાનો પરંપરાનો પ્રયાસ વ્યર્થ બને છે. ભારતમાં ગણ્યા ગણાય નહીં એટલા સંતો થઈ ગયા છે. આપણી હિંદુ પ્રજાએ હજારો વર્ષથી સંતો ઉત્પન્ન કરવા સિવાય બીજું કર્યું પણ શું છે? માટે હું આજે થોડાંએક સૌથી વધુ તેજસ્વી અને યુગપ્રવર્તકોનાં ચરિત્રો લઈને મારો તેમના વિશેનો અભ્યાસ તમારી સમક્ષ રજૂ કરીશ.

પ્રથમ તો આપણે આપણાં શાસ્ત્રો વિશે થોડુંએક સમજવાનું છે. આપણા ધર્મગ્રંથોમાં સત્ય અંગેના બે આદર્શો છે, એક છે જેને આપણે સનાતન કહીએ છીએ તે, અને બીજો એટલો પ્રમાણભૂત ન હોવા છતાં વિશિષ્ટ સંજોગોમાં, વિશિષ્ટ સમયે અને વિશિષ્ટ સ્થળે એ બંધનકારક હોય છે. જીવ અને ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કરનારા સનાતન સંબંધો તેમજ જીવ અને ઈશ્વર વચ્ચેના સંબંધો, જેને આપણે શ્રુતિઓ કહીએ છીએ, જેને વેદ કહીએ છીએ તેમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. બીજા

વર્ગનાં સત્યો, જેને આપણે સ્મૃતિ કહીએ છીએ તે છે. એમાં મનુ, યાજ્ઞવલ્કય, અને અન્ય ઋષિઓનાં વચનોનો તથા પુરાણોથી લઈને તંત્રો સુધીનાં શાસ્ત્રોનો સમાવેશ થાય છે. આ બીજા વર્ગના ગ્રંથો અને ઉપદેશો શ્રુતિઓથી ગૌણ છે, કારણ કે આમાંથી કોઈને જ્યાં શ્રુતિ સાથે વિરોધ હોય છે ત્યાં શ્રુતિઓ જ પ્રમાણ મનાય છે. આ સ્વીકૃત નિયમ છે. એમાં ભાવના એ છે કે માનવના ભાવિનું અને ધ્યેયનું સમગ્ર માળખું વેદોમાં આંકી દેવામાં આવ્યું છે, માત્ર વિગતો પૂરવાનું કાર્ય સ્મૃતિઓ અને પુરાણોને માટે છોડી દેવામાં આવ્યું છે, સામાન્ય દિશાસૂચનો માટે શ્રુતિઓ પૂરતી છે, આધ્યાત્મિક જીવન માટે એથી વધુ કંઈ જ કહી શકાય નહીં. કંઈ જ વધુ જાણી શકાય નહીં. આવશ્યક છે તે બધું જાણી ચુકાયું છે, જીવાત્માને પૂર્ણતાએ દોરી જવા માટે જરૂરી બધો ઉપદેશ શ્રુતિઓમાં સંપૂર્ણ કરવામાં આવ્યો છે, કેવળ વિગતો બાકી રાખવામાં આવી હતી અને તે ખોટ વખતો વખત સ્મૃતિઓ પૂરતી આવે છે.

બીજી વિશેષતાઓ એ છે કે આ શ્રુતિઓની અંદર રહેલાં સત્યોની નોંધ રાખનારા ઘણા ઋષિઓ છે, તેમાંથી મોટો ભાગ પુરુષોનો છે, જો કે કેટલીક સ્ત્રીઓ પણ તેમાં છે ખરી. આ સહુના વ્યક્તિગત જીવન વિશે, તેમની જન્મતારીખ વગેરે બાબતો વિશે બહુ જ થોડું જાણવા મળે છે, પરંતુ મારે કહેવું જોઈએ કે તેમના ઉત્તમોત્તમ વિચારો તથા તેમની ઉત્તમોત્તમ શોધખોળો આપણા દેશના પવિત્ર ધાર્મિક સાહિત્ય એવા વેદોમાં સમાવીને જાળવી રાખવામાં આવેલ છે. બીજી બાજુ સ્મૃતિઓમાં વ્યક્તિગત ચરિત્રો વધુ જોવા મળે છે. એમાં આપણી સમક્ષ આંજી દે એવા, વિરાટ, પ્રભાવશાળી, વિશ્વને હલાવી દેનારાં પુરુષો જાણે કે પહેલી જ વાર ખડા થાય છે, અને કેટલીક વાર તો તેઓ તેમના ઉપદેશોથીયે વધુ વિરાટ હોય છે.



વળી, આપણે સમજવાની એક વિશેષતા એ છે કે આપણો ધર્મ એક સગુણ-નિર્ગુણ ઈશ્વરનો ઉપદેશ આપે છે. એ જોઈએ તેટલા અપૌરુષેય નિયમો ઉપરાંત જોઈએ તેટલાં વ્યક્તિત્વોનો ઉપદેશ કરે છે. પરંતુ આપણા ધર્મનું ઉગમસ્થાન છે શ્રુતિઓ, એટલે કે વેદો, વેદો સંપૂર્ણપણે અપૌરુષેય છે, ઈશ્વરનાં મહાન અવતારો, પેગંબરો વગેરે બધી વ્યક્તિઓ સ્મૃતિઓ અને પુરાણોમાં આવે છે. અને આ પણ ખાસ લક્ષમાં લેવાનું છે કે આપણા ધર્મ સિવાય જગતના બીજા બધા ધર્મો કોઈ એક કે અનેક, સ્થાપક કે સ્થાપકોનાં જીવનચરિત્રો પર આધાર રાખે છે. ખ્રિસ્તી ધર્મ ઈશુ ખ્રિસ્તના જીવનચરિત્ર પર રચાયેલો છે, ઈસ્લામ ધર્મ મહંમદના જીવન પર, બૌદ્ધ ધર્મ બુદ્ધના જીવન પર અને જૈન ધર્મ તીર્થંકરોનાં જીવનો પર રચાયેલો છે. એથી સહેજે ફલિત થાય છે કે આ સર્વ ધર્મોમાં, જેને તેઓ આ મહાન વ્યક્તિઓના ઐતિહાસિક પુરાવાઓ કહે છે તે વિશે સારા એવા ઝઘડાઓ હોવા જોઈએ. જો કોઈ વખતે આ વ્યક્તિઓના પ્રાચીન કાળના અસ્તિત્વ વિશેના ઐતિહાસિક પુરાવાઓ નબળા પડી જાય તો તેમના પર રચાયેલા ધર્મની આખી ઈમારત ભાંગી પડે, તેના ટુકડેટુકડા થઈ જાય. આપણે આ દશામાંથી બચી ગયા એનું કારણ આપણો ધર્મ વ્યક્તિઓ પર નહીં પરંતુ સિદ્ધાંતો પર આધારિત છે. તમે તમારા ધર્મને માનો છો તેનું કારણ એ ધર્મ કોઈ ઋષિના પ્રમાણ દ્વારા કે કોઈ એક ઈશ્વરાવતારના પ્રમાણ દ્વારા ઊતરી આવ્યો છે તે નથી. કૃષ્ણ વેદ માટે પ્રમાણ નથી, પરંતુ વેદો જ કૃષ્ણ માટે પ્રમાણ છે. કૃષ્ણનો મહિમા, વેદના ઉપદેશકોમાં એ સૌથી મહાન છે તેમાં છે. બીજા અવતારો વિશે તેમજ આપણા બધા ઋષિઓ વિશે પણ તમે જ સમજવું. આપણો પહેલો સિદ્ધાંત એ છે કે મનુષ્યના પૂર્ણત્વને માટે અને મુક્તિ મેળવવા માટે જે કાંઈ આવશ્યક છે તે બધું વેદોમાં છે, વેદ

બહાર નવું કંઈ તમને મળી શકે નહીં. એક સર્વસંપૂર્ણ એકત્વને વટાવીને તમે આગળ પર જઈ શકો નહીં, સર્વ જ્ઞાનનું એ ધ્યેય છે. વેદમાં એ ધ્યેયને આ પૂર્વે જ પહોંચાયું છે. એ એકત્વને વટાવીને આગળ જવું અશક્ય છે.

'તત્ત્વમસિ' (તે તું છે) એ મહાકાવ્યની શોધ સાથે આધ્યાત્મિક જ્ઞાન પૂર્ણતાએ પહોંચી ચૂક્યું, અને એ વેદમાં છે. બાકી રહ્યું તે સમયે સમયે, જુદા જુદા સ્થળકાળ પ્રમાણે, જુદા જુદા સંજોગો અને પરિસ્થિતિ અનુસાર જુના પ્રાચીન માર્ગે લોકોને દોરવણી આપવાનું હતું. આ કાર્ય પાર પાડવા માટે આ મહાન ઉપદેશકો અને મહાન ઋષિઓ આવ્યા. આ પરિસ્થિતિને વધુ સ્પષ્ટતાથી અને સમર્થ રીતે ગીતામાંનાં શ્રીકૃષ્ણનાં આ પ્રખ્યાત વચનો કરતાં અન્ય કોઈ ભાગ્યે જ રજૂ કરી શકે. ગીતાના બોલ છે :

*યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।*
*અભ્યુત્થાનધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥*
*પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।*
*ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥*

'જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે અને અધર્મનો ઉદય થાય છે. ત્યારે ત્યારે સત્પુરુષોના રક્ષણ અને અનાચારીના વિનાશ માટે હું સમય સમય પર શરીર ધારણ કરીને અવતાર લઉં છું.' ભારતમાં મુખ્ય ભાવના આ છે.

એ પરથી શું ફલિત થાય છે? એ નિષ્પન્ન થાય છે કે એક પક્ષે છે આ સનાતન નિયમો કોઈ જાતના તર્ક પર આધાર રાખતા નથી, ઋષિઓ ગમે તેટલા મહાન હોય તો પણ તેમના પ્રમાણ પર થોડો કે આધાર રાખતા નથી, અને અવતારો ગમે તેટલા તેજસ્વી થઈ ગયા હોય તો પણ એના પર સુધ્ધાં આધાર રાખતા નથી. એ નિયમો પોતાના પાયા પર સ્વયં



ઊભા રહે છે. આપણે એ નોંધી રાખીએ કે અહીં ભારતમાંની આ અનોખી પરિસ્થિતિને પરિણામે આપણો દાવો એવો છે કે કેવળ વેદાંત જ વિશ્વધર્મ થઈ શકે, આ એક જ ધર્મ જગતમાં હજી અસ્તિત્વ ધરાવે છે. કારણ કે એ વ્યક્તિઓનો નહીં પરંતુ નિયમોનો ઉપદેશ આપે છે. વ્યક્તિ પર આધારિત કોઈ પણ ધર્મને મનુષ્યજાતિની સર્વ પ્રજાઓ દ્વારા આદર્શ તરીકે સ્વીકારી શકાય નહીં. આપણા પોતાના દેશમાં જ આપણે જોઈએ છીએ કે કેટલીક ભવ્ય વિભૂતિઓ થઈ ગઈ છે. એક નાનકડા શહેરમાં વિવિધ મનોવૃત્તિવાળા માણસો જુદી જુદી વ્યક્તિઓને આદર્શ તરીકે સ્વીકારે છે. તો પછી એક જ વ્યક્તિ જેવી કે મહંમદ, બુદ્ધ કે ઈસુને આખી દુનિયા માટે એક જ આદર્શ રૂપે સ્વીકારાય એ તો કેમ બની શકે? એટલું જ નહીં, નીતિ, તત્ત્વજ્ઞાન, આધ્યાત્મિકતા અને ધર્મ કેવળ એ એક જ વ્યક્તિના પ્રમાણથી સત્ય સ્વરૂપે કેમ હોઈ શકે?

બીજી બાજુ આ વેદાંત ધર્મને આવા કોઈ વ્યક્તિપ્રામાણ્યની જરૂર નથી, એનું પ્રમાણ છે માનવીની સનાતન પ્રકૃતિ, તેનું નીતિશાસ્ત્ર, અગાઉથી જ અસ્તિત્વ ધરાવતી, પૂર્વથી જ પ્રાપ્ત થઈ ચૂકેલી અને પ્રાપ્ત થવાની બાકી નથી એવી મનુષ્યની સનાતન આધ્યાત્મિક એકતા પર. વળી, અતિ પ્રાચીન કાળથી, આપણા ઋષિઓ આ વાસ્તવિકતા પ્રત્યે જાગ્રત છે કે માનવજાતના મોટા ભાગને માટે વ્યક્તિવિશેષની જરૂર છે. એક યા બીજા રૂપમાં તેમની પાસે સગુણ ઈશ્વર હોવો જ જોઈએ. સગુણ સાકાર ઈશ્વરના અસ્તિત્વની વિરુદ્ધ પોકાર ઉઠાવનાર સ્વયં બુદ્ધના મૃત્યુને પૂરાં પચાસ વરસ વીત્યા પહેલાં તો તેના શિષ્યોએ તેને જ એક સગુણ ઈશ્વર બનાવી દીધો હતો ! આ સગુણ ઈશ્વર જરૂરી છે અને એ સાથે જ આપણે જાણીએ છીએ કે સોમાંથી નવાણું ટકા માનવીની પૂજાને પાત્ર

નહીં તેવા સગુણ ઈશ્વરની વ્યર્થ કલ્પનાઓ કરતાં વધુ સારા આ દુનિયામાં આપણી વચ્ચે રહેતા, હાલતાચાલતા અને જીવતા જાગતા ઈશ્વરો હાજર હોય છે. કોઈ કાલ્પનિક ઈશ્વર કરતાં, આપણી કલ્પનાની કોઈ પણ સૃષ્ટિ કરતાં, એટલે કે ઈશ્વરનો જે કોઈ ખ્યાલ આપણે બાંધી શકીએ તે કરતાં, આ જીવતા ઈશ્વરો હાજર હોય છે. કોઈ કાલ્પનિક ઈશ્વર કરતાં, આપણી કલ્પનાની કોઈ પણ સૃષ્ટિ કરતાં, એટલે કે ઈશ્વરનો જે કોઈ ખ્યાલ આપણે બાંધી શકીએ તે કરતાં, આ જીવતા ઈશ્વરો ઉપાસનાને માટે વધુ યોગ્ય પાત્ર છે. તમે કે હું ઈશ્વરનો જે ખ્યાલ બાંધી શકીએ તેના કરતાં શ્રીકૃષ્ણ ઘણા વધુ મહાન છે. તમે કે હું આપણા મનમાં ધારી શકીએ તે આદર્શ કરતાં બુદ્ધ ઉચ્ચ, વધુ જીવંત અને વધુ દેવત્વવાળી ભાવના છે. અને એ કારણસર બીજા બધા કાલ્પનિક દેવતાઓને બાજુએ રાખીને પણ તેઓ માનવજાતિની પૂજાને પાત્ર બને છે.

આપણા ઋષિઓ આ જાણતા હતા અને તેથી આવી મહાન વિભૂતિઓને, આવા અવતારોને પૂજવાની તેમણે સર્વ ભારતીય લોકોને સ્વતંત્રતા આપી હતી. એટલું જ નહીં, આ અવતારોમાં સૌથી મહાન અવતારે તો એથીયે આગળ જઈને કહ્યું છે : 'જ્યાં જ્યાં પણ બાહ્ય દૃષ્ટિએ દેખાતી વ્યક્તિમાં અસાધારણ આધ્યાત્મિક શક્તિનો આવિર્ભાવ જણાય, તો જાણવું કે હું સ્વયં ત્યાં વર્તમાન છું, મારામાંથી એ આવિર્ભાવ પામેલ છે.' આથી હિંદુને માટે દુનિયાના બધા દેશોના અવતારોને પૂજવાના દરવાજા ખુલ્લા થઈ જાય છે. હિંદુ કોઈ પણ દેશના કોઈ પણ ઋષિને અને કોઈ પણ સંતને પૂજી શકે છે. અને એક હકીકત તરીકે આપણે જાણીએ છીએ કે આપણે ખ્રિસ્તીઓના દેવળોમાં ઘણી વખત જઈને ઉપાસના કરીએ છીએ, અને મુસલમાનોની મસ્જિદોમાં પણ ઘણીએ વાર જઈએ છીએ,



અને એ સારું છે. એમાં ખોટું શું છે? મેં કહ્યું છે તેમ આપણો ધર્મ તો વિશ્વધર્મ છે, બધા આદર્શોને સમાવી શકે એટલો તે સર્વગ્રાહી અને વિશાળ છે. જગતમાં અસ્તિત્વ ધરાવતા તમામ ધાર્મિક આદર્શોને તત્કાળ એમાં સમાવી શકાય, અને ભવિષ્યના સર્વ આદર્શોને પણ વેદાંત ધર્મના અનંત બાહુઓમાં એ જ પ્રકારે પ્રેમપૂર્વક સમાવી લેવા માટે આપણે રાહ જોઈ શકીએ.

મહાન ઋષિઓની બાબતમાં, ઈશ્વરના અવતારોની બાબતમાં વધતે ઓછે અંશે આપણી સ્થિતિ આ છે. ઉપરાંત ગૌણ વિભૂતિઓ પણ છે. આપણે જોઈએ છીએ કે ઋષિ શબ્દ વેદોમાં વારંવાર વાપરવામાં આવ્યો છે અને હાલના સમયમાં તો તે એક સામાન્ય શબ્દ થઈ પડ્યો છે. ઋષિ એક સૌથી મોટું પ્રમાણ છે. એ વિચારને આપણે બરાબર સમજવાનો છે. ઋષિની વ્યાખ્યા એવી છે કે ઋષિ મંત્રદ્રષ્ટા છે : 'ધર્મનું પ્રમાણ શું છે?' આ પ્રશ્ન અતિ પ્રાચીન સમયમાં પુછાયો હતો. ઉત્તરમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે ઈન્દ્રિયોમાં પ્રામાણ્ય નથી. યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ। 'જ્યાંથી ધ્યેયે પહોંચ્યા વિના વાણી વિચારની સાથે પાછી વળે છે.' ન તત્ર ચક્ષુર્ગચ્છતિ વાગ્ગચ્છતિ નો મનઃ। 'ત્યાં દર્શનશક્તિ પહોંચી શકતી નથી. વાણી જઈ શકતી નથી, મન જઈ શકતું નથી.' યુગોના યુગો પહેલાં આ સ્પષ્ટતા થઈ ચૂકી છે. બાહ્ય પ્રકૃતિ, આત્માનું અસ્તિત્વ, ઈશ્વરનું અસ્તિત્વ, અનંત જીવન, માનવીનું ધ્યેય વગેરે વિશે કશો ઉત્તર આપણને આપી શકતી નથી. આ મન નિરંતર પરિવર્તન પામ્યા કરે છે, સર્વદા એ પ્રવાહની સ્થિતિમાં છે, એ સાંત છે અને અનેકધા વિભક્ત છે. અનંત, અધિકારી, અખંડ, અવિભાજ્ય, સનાતન આત્મા વિશે પ્રકૃતિ કેમ કરીને કંઈ કહી શકે? કદી પણ એ કહી ન શકે. અને જ્યારે જ્યારે માનવજાતે

જડ ચેતનહીન પ્રકૃતિ પાસેથી ઉત્તર મેળવવાની મહેનત કરી છે, ત્યારે ત્યારે કેવાં ખતરનાક પરિણામો આવ્યાં છે એ ઈતિહાસ બતાવે છે. તો પછી વેદો જાહેર કરે છે તે જ્ઞાન આવે છે કઈ રીતે? એ આવે છે એક વ્યક્તિ દ્વારા, એક ઋષિ પાસેથી. આ જ્ઞાન ઈન્દ્રિયોમાં તો નથી, પરંતુ માનવનું સર્વસ્વ શું ઈન્દ્રિયો જ છે? એમ કહેવાની કોઈ હિંમત કરી શકે કે ઈન્દ્રિયો જ માણસનું સર્વસ્વ છે? આપણા જીવનમાં પણ, અહીં હાજર રહેલા આપણા એકેએકના જીવનમાં શાંતિની ક્ષણો આવે છે. કદાચ આપણા વહાલામાં વહાલાનું મૃત્યુ આપણી સમક્ષ જોઈએ ત્યારે, કોઈ સખત આઘાત આપણે અનુભવીએ ત્યારે, અગર તો જ્યારે અતિશય ધન્યતા જીવનમાં ઉદ્‌ભવે ત્યારે એવી શાંતિની ક્ષણો આવે છે, એવા ઘણા પ્રસંગો આવે છે જ્યારે મન જાણે કે સ્થિર થઈ જાય છે. પોતાની સાચી પ્રકૃતિને પળવારને માટે પિછાને છે અને જ્યાં વાણી પહોંચી ન શકે કે મન જઈ ન શકે તે સર્વથી પર એવા અનંતની ઝાંખી આપણી સમક્ષ પ્રગટ થાય છે. આવું સામાન્ય જીવનમાં પણ બને છે ખરું, પરન્તુ આપણે તેનો વધુ ઉત્કર્ષ સાધવાનો છે, તેનો અભ્યાસ કરવાનો છે, તેને સંપૂર્ણ બનાવવાનું છે. યુગો પૂર્વે મનુષ્યે શોધી કાઢ્યું કે આત્મા ઈન્દ્રિયોથી બંધાયેલો કે પરિસીમિત નથી, ના, ચેતનાથી પણ નહીં. આપણે સમજવાનું છે કે આ ચેતના તો અનંત સાંકળ માંહેની કેવળ એક કડીનું નામ છે. સત્ એ ચેતનાની સાથે તદ્‌રૂપ નથી, પરન્તુ ચેતના એ સત્‌નો કેવળ એક અંશ છે. હિંમતવાન મહાપુરુષો ચેતનાની પેલી પારની શોધ કરે છે. ચેતના ઈન્દ્રિયોથી બદ્ધ છે. આધ્યાત્મિક જગતનાં સત્યોએ પહોંચવા માટે મનુષ્યે એથીયે પર ઈન્દ્રિયોને વટાવીને જવું જોઈએ. અત્યારે પણ એવા પુરુષો છે કે જેઓ ઈન્દ્રિયોની પેલે પાર જવામાં સફળ થાય છે. આવા પુરુષોને



ઋષિઓ કહેવામાં આવે છે, કારણ કે તેઓ આધ્યાત્મિક સત્યોની તદ્દન સન્મુખ પહોંચી જાય છે.

એટલા માટે મારી સામેના આ ટેબલના પ્રમાણ જેટલું જ વેદોનું પ્રમાણ પ્રત્યક્ષ છે, સીધો અનુભવ છે. આ ટેબલને હું ઈન્દ્રિયો વડે જોઉં છું અને આધ્યાત્મિક સત્યોને પણ માનવાત્માની એક ઈન્દ્રિય અવસ્થામાં આપણે જોઈએ છીએ. આ ઋષિની અવસ્થા સ્થળ, કાળ, કિંવા લિંગભેદ કે જાતિથી પરિસીમિત નથી. વાત્સ્યાયન હિંમતપૂર્વક જાહેર કરે છે કે આ ઋષિપણું ઋષિઓની, આર્યોની, અનાર્યોની, મ્લેચ્છોની સુધ્ધાં સર્વસામાન્ય સંપત્તિ છે. વેદોનું ઋષિત્વ આ છે. અને ભારતમાં ધર્મનો આ આદર્શ આપણે નિરંતર યાદ રાખવો જોઈએ. હું ઈચ્છું છું કે દુનિયાની બીજી પ્રજાઓ પણ એ યાદ રાખે અને શીખે, જેથી મારામારી અને કજિયા ઓછા થાય. ધર્મ પુસ્તકોમાં નથી, નથી તે સિદ્ધાંતોમાં, નથી ધાર્મિક માન્યતાઓમાં, નથી વાતોમાં કે નથી વાદવિવાદમાં. ધર્મ એટલે હોવું અને થવું. મારા મિત્રો ! જ્યાં સુધી તમારામાંનો દરેકેદરેક ઋષિ થાય નહીં અને આધ્યાત્મિક અનુભવ પ્રત્યક્ષ કરે નહીં, ત્યાં સુધી તમારા આધ્યાત્મિક જીવનની શરૂઆત જ થઈ ન ગણાય. જ્યાં સુધી અતિન્દ્રિય તુરીયાવસ્થા તમારે માટે ખુલ્લી થાય નહીં ત્યાં સુધી ધર્મ માત્ર વાતો જ છે, પૂર્વ તૈયારી સિવાય બીજું કંઈ નથી, તમે કેવળ બીજા ત્રીજા પાસેથી સાંભળેલી વાતો કરો છો. અને અહીં કેટલાક બ્રાહ્મણો સાથે ચર્ચા કરતાં તેમને બુદ્ધે કહેલું પેલું સુંદર વચન લાગુ પડે છે. બ્રહ્મના સ્વરૂપ વિશે એ બ્રાહ્મણો ચર્ચા કરતા કરતા આવ્યા ત્યારે એ મહાઋષિ બુદ્ધે પૂછ્યું : 'તમે બ્રહ્મને જોયું છે?' બ્રાહ્મણે જવાબ આપ્યો : 'ના જી.' 'ત્યારે તમારા પિતાએ?' 'ના જી, તેમણે પણ નથી જોયું.' 'તમારા પિતામહે?' 'મને નથી લાગતું

કે તેમણે પણ જોયું હોય.' 'ત્યારે મારા ભાઈઓ!' બુદ્ધ બોલ્યા, 'જેને તમારા પિતાએ કે તમારા પિતામહે કદીયે જોયેલ નથી, તેને વિશે તમે ચર્ચા કેવી રીતે કરી શકો અને કઈ રીતે એકબીજાને હરાવી શકો?' પણ આખી દુનિયા તો એ જ કરી રહી છે. વેદાંતની પરિભાષામાં કહીએ તો - નાઽયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન। 'આ આત્માને બહુ વાદવિવાદથી મેળવી શકાય નહીં, તેમ અતિ પ્રખર મેધાશક્તિ દ્વારા પણ મેળવી શકાય નહીં, ખુદ વેદોના ઘણા અભ્યાસથી પણ નહીં.'

ત્યારે આપણી દુનિયાની સઘળી પ્રજાઓને વેદની ભાષામાં જ કહી દઈએ કે તમારા ઝઘડાઓ અને લડાઈઓ વ્યર્થ છે, તમે જેનો ઉપદેશ આપવા નીકળી પડ્યા છો તે ઈશ્વરને તમે જોયો છે? જો તમે જોયો ન હોય તો તમારા ઉપદેશનો કાંઈ અર્થ નથી, તમે શું બોલો છો તે તમે પોતે જ જાણતા નથી અને જો તમે ઈશ્વરને જોયો હશે, તો તમે ઝઘડવાના નથી, તમારો ચહેરો જ સ્વયં પ્રકાશી ઊઠશે. ઉપનિષદના એક પ્રાચીન ઋષિએ પોતાના પુત્રને બ્રહ્મવિદ્યા શીખવા માટે ગુરુને ઘેર મોકલ્યો. એ પુત્ર ભણીને ઘેર પાછો આવ્યો એટલે તેના પિતાએ પૂછ્યું : 'તું શું ભણી આવ્યો?' પુત્રે પોતે જેટલી જેટલી વિદ્યાઓ ભણી આવ્યો હતો તે ગણાવી. પરંતુ પિતાએ કહ્યું : 'એ કાંઈ કામનું નથી, પાછો જા.' આથી પુત્ર પાછો ગયો. ફરીથી ભણીને એ જ્યારે પાછો આવ્યો ત્યારે પણ પિતાએ એ જ સવાલ પૂછ્યો અને પુત્રે એ જ ઉત્તર આપ્યો. એથી પિતાએ વળી પાછો તેને ગુરુકુળમાં મોકલ્યો. ત્રીજીવાર એ જ્યારે પાછો આવ્યો ત્યારે તેનો ચહેરો તેજપૂર્ણ હતો. એ જોતાં જ પિતા ઊભા થઈ ગયા અને બોલી ઊઠ્યા : 'અરે પુત્ર ! આજે તારો ચહરો બ્રહ્મવેત્તાના જેવો પ્રકાશી રહ્યો છે !' જ્યારે તમે ઈશ્વરને જાણ્યો હશે ત્યારે તમારો ખુદ ચહેરો જ બદલાઈ જશે, તમારો અવાજ



બદલાઈ જશે, તમારો આખો દેખાવ બદલાઈ જશે. તમે માનવજાતને એક આશીર્વાદરૂપ થશો. ઋષિનો કોઈ પ્રતિકાર કરી શકશે નહીં. આ ઋષિત્વ છે, આ આપણા ધર્મનો આદર્શ છે. બાકીનું બધું, આ બધી વાતચીતો, તર્કવાદો અને ફિલસૂફીઓ, દ્વૈતવાદો અને અદ્વૈતવાદો, વેદો પોતે સુધ્ધા, બધું માત્ર તૈયારીઓ છે, ગૌણ બાબતો છે. અનુભવ મુખ્ય છે. વેદો, વ્યાકરણ, જ્યોતિષ વગેરે બધાં ગૌણ છે, એક અવિકારી આત્માનો જે આપણને સાક્ષાત્કાર કરાવે તે જ સર્વોચ્ચ જ્ઞાન છે. જેમણે સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, તેઓ વેદોક્ત ઋષિઓ છે. અને આપણે જાણીએ છીએ કે આ ઋષિ એ એક વર્ગનું એક વિશિષ્ટ કોટિનું નામ છે. અને સાચા હિંદુ તરીકે આપણામાંનો દરેક જીવનના અમુક સમયે ઋષિ થવાની આશા રાખી શકે છે. હિંદુને મન ઋષિ થવું એટલે મુક્તિ પામવી. ધાર્મિક સિદ્ધાંતોમાં માનવું એ મુક્તિ નથી, હજારો મંદિરોમાં જવું એ મુક્તિ નથી. દુનિયાની બધી નદીઓમાં સ્નાન કરવું એ પણ મુક્તિ નથી, પરંતુ ઋષિ થવું, મંત્રદ્દષ્ટા થવું એ જ મુક્તિ છે, એ જ સાચું સ્વાતંત્ર્ય છે.

ત્યાર પછીના કાળમાં આવીએ તો જણાય છે કે જગતને ધ્રુજાવનારા અનેક ઋષિઓ અને મહાન અવતારો થઈ ગયા છે. ભાગવતમાં કહ્યા પ્રમાણે તેઓ પણ અસંખ્ય છે. ભારતમાં જેમની સૌથી વિશેષ પૂજા થાય છે તે છે રામ અને કૃષ્ણ. વીરતાના યુગોના પ્રાચીન આદર્શ રૂપ રામ, સત્ય અને ચારિત્ર્યની મૂર્તિ, આદર્શ પુત્ર, આદર્શ પતિ અને સૌથી વધારે આદર્શ રાજા. આવા રામને આપણી સમક્ષ રજૂ કર્યા છે મહર્ષિ વાલ્મીકીએ. એ મહાકવિ ઋષિ વાલ્મીકિએ રામનું ચરિત્ર આપણી સમક્ષ જે ભાષામાં રજૂ કર્યું છે તેના કરતાં વધુ શુદ્ધ, વધુ પવિત્ર, વધુ સુંદર અને વધુ સરળ ભાષા કોઈ હોઈ ન શકે. અને સીતા વિશે તો કહેવું જ શું? ભૂતકાળનું

દુનિયાનું સાહિત્ય બધું ફેંદી વળો અને હું તમને ખાતરી આપું છું કે બીજી સીતા મળે તે પહેલાં તમારે ભવિષ્યની દુનિયાનું સાહિત્ય પણ ફેંદીને ખલાસ કરવું પડશે. સીતા અપ્રતિમ છે, એ ચરિત્ર તો એક જ વાર અને કાયમને માટે આલેખાયેલું છે. રામ કદાચ અનેક થયા હશે, પરંતુ સીતા તો એક જ થઈ છે! સાચી ભારતીય નારીનો આદર્શ એ સીતા છે, એક સંપૂર્ણ નારીત્વના સર્વ ભારતીય આદર્શો સીતાના એ એક જીવનમાંથી વિકસ્યા છે, અને આર્યવર્તની ભૂમિના ચારે ખૂણામાં દરેક નરનારી અને બાળકથી સન્માનિત એ સીતા હજારો વરસથી એમની એમ પૂજાતી આવી છે. ખુદ પવિત્રતા કરતાં વધુ પવિત્ર, ધૈર્ય અને સહનશીલતાની મૂર્તિ, આ મહિમામંડિત, સીતા સદાસર્વદા ટકી રહેવાની છે. એક શબ્દ સરખોય ઉચ્ચાર્યા સિવાય કષ્ટમય જીવન વિતાવનારી, સદા પવિત્ર અને સદાચારિત્ર્યશીલ પત્ની, લોકોનો આદર્શ, દેવતાઓનો આદર્શ, એ મહાન સીતા, આપણી રાષ્ટ્રદેવી સીતા, હંમેશને માટે ટકી રહેવી જ જોઈએ. આપણામાંનો દરેકેદરેક માણસ એનાથી એટલો બધો પરિચિત છે કે વધુ વિવરણ કરવાની આવશ્યકતા રહેતી નથી. ભલે આપણાં પુરાણો બધાં અલોપ થઈ જાય, આપણા વેદો સુધ્ધાં ભલે અદૃશ્ય થાય અને આપણી સંસ્કૃતિ ભાષા પણ સદાને માટે ભલે ગાયબ થઈ જાય. પરંતુ જ્યાં સુધી પાંચ પણ હિંદુઓ આ ભૂમિ પર જીવતા હશે, ભલે હલકામાં હલકી બોલી તેઓ બોલતા હશે, ત્યાં સુધી સીતાની કહાણી રહેવાની જ છે. મારા આ શબ્દો તમે નોંધી રાખજો. સીતા આપણી પ્રજાના પ્રાણ સાથે સમરસ થઈ ગઈ છે. એકેએક હિંદુ સ્ત્રીપુરુષના લોહીમાં એ પ્રવેશી ગઈ છે. આપણે બધાં સીતાનાં બાળકો છીએ. આપણી સ્ત્રીઓને આધુનિક બનાવવાનો કોઈ પણ પ્રયત્ન, સ્ત્રીઓને સીતાના આદર્શથી દૂર લઈ જવાનો



પ્રયાસ કરવા માંડતાં તરત જ નિષ્ફળ નીવડે છે, એ આપણે રોજ જોઈએ છીએ. ભારતની નારીઓએ સીતાને પગલે ચાલીને આગળ વધવાનું છે અને વિકાસ સાધવાનો છે, પ્રગતિનો એ એક જ માર્ગ છે.

ત્યાર પછી આવે છે એ મહાત્મા, જેની વિવિધ રૂપોમાં ઉપાસના થાય છે. જે પુરુષો તેમજ સ્ત્રીઓનો લાડીલો આદર્શ છે, જે નાનાં બાળકોનો તેમજ પ્રૌઢોનો આદર્શ છે. હું જેનું નામ કહેવા માગું છું તે એ છે, જેને માત્ર અવતાર કહેવાથી પણ ભાગવતના રચનારને સંતોષ ન થયો, અને તેથી તેણે કહ્યું : એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્સ્વયમ્। 'બીજા અવતારો તો ઈશ્વરના અંશ કે કળારૂપ હતા, આ કૃષ્ણ તો સ્વયં પરમેશ્વર પોતે જ છે.' અને તેમના ચરિત્રની અનેકવિધતા જોઈને આશ્ચર્યચકિત થયા પછી લાગે છે કે તેમને આવાં વિશેષણો લગાડવામાં આવે એ જરાય નવાઈભર્યું નથી, એ શ્રીકૃષ્ણ એકી સાથે અદ્‌ભુતમાં અદ્‌ભુત સંન્યાસી હતા, તેમજ અદ્‌ભુતમાં અદ્‌ભુત ગૃહસ્થાશ્રમી હતા, એમનામાં અતિ અદ્‌ભુત પ્રમાણમાં રજસ્ એટલે શક્તિ હતી અને સાથે જ તેઓ અતિ અદ્‌ભુત ત્યાગમય જીવન જીવતા હતા. જ્યાં સુધી તમે ગીતાનો અભ્યાસ ન કરો ત્યાં સુધી કૃષ્ણને સમજી શકશો નહીં, કારણ કે તે પોતે પોતાના ઉપદેશની મૂર્તિસમા હતા. આ અવતારોમાંનો દરેકેદરેક, પોતે જેનો ઉપદેશ કરવા આવ્યા હતા તેના જીવંત ઉદાહરણરૂપ હતા. ગીતાના ઉપદેશક કૃષ્ણ પોતાના સમગ્ર જીવનમાં એ દિવ્ય ગીતાની પ્રત્યક્ષ મૂર્તિરૂપ થઈને જીવતા હતા. અનાસક્તિના એ મહાન આદર્શ હતા. એ પોતાના રાજસિંહાસનનો ત્યાગ કરે છે અને પછી એની કદી પરવા પણ કરતા નથી. ભારતનો એ નેતા, જેના એક શબ્દના ઉચ્ચાર સાથે રાજાઓ પોતાનાં રાજસિંહાસનો પરથી ઊથલી પડતા, એ પોતે કદી પણ રાજા થવાની ઈચ્છા ધરાવતો નથી. એ

તો સદાય એનો એ જ, ગોપીઓની સાથે ખેલતો કૃષ્ણ છે. ઓહ ! સમજવા માટે કઠિનમાં કઠિન, સંપૂર્ણ ચારિત્ર્યશીલ અને પવિત્ર થયા સિવાય સમજવાનો પ્રયત્ન કરવાને પણ અયોગ્ય, શો અદ્‌ભુતમાં અદ્‌ભુત એમનો જીવનક્રમ ! પ્રેમમાં મસ્ત થયા વિના, પ્રેમનો પ્યાલો પૂરેપૂરો પીધા વિના, કોઈથીયે કળી ન શકાય એવો, વૃંદાવનની એ સુંદર લીલાના રમણીય રૂપકમાં વર્ણવાયેલ અતિ આશ્ચર્યકારક, શો એ પ્રેમનો વિસ્તાર ! જે પ્રેમ કશું પણ માગતો નથી, જે પ્રેમ સ્વર્ગની પરવા કરતો નથી, જે પ્રેમ ઈહલોકમાં કશાની પરવા કરતો નથી તેમ જે પરલોકનીય પરવા નથી કરતો, એવા આદર્શ પ્રેમને - ગોપીઓના પ્રેમની વેદનાને કોણ સમજી શકે? અને મારા મિત્રો! અહીં આ ગોપીઓના પ્રેમ દ્વારા સગુણ અને નિર્ગુણ ઈશ્વરના ઝઘડાનો એકમાત્ર ઉકેલ મળી આવે છે. સગુણ ઈશ્વર માનવજીવનનું કઈ રીતે સર્વોચ્ચ શિખર છે તે આપણે જાણીએ છીએ. આપણે જાણીએ છીએ કે વિશ્વમાં ઓતપ્રોત આ સર્વ કાંઈ જેના એક આવિર્ભાવ માત્ર છે, એવા એક નિર્વિશેષ નિર્ગુણ ઈશ્વરને માનવો એ દાર્શનિક દૃષ્ટિએ યોગ્ય છે, એ સાથે જ આપણો જીવ કંઈક ગ્રહણ કરી શકાય એવાને માટે, જેને આપણે પકડવા ઈચ્છીએ છીએ એવા કંઈકને માટે, જેને ચરણે આપણે આપણી જાત સમર્પિત કરી દઈ શકીએ એવા કંઈકને સારુ જાણે તે તલસી રહ્યો હોય છે. આથી સગુણ ઈશ્વર, માનવ સ્વભાવની સર્વોચ્ચ કલ્પના છે. છતાં બુદ્ધિ આવી ભાવનાથી થંભી જાય છે. એ જૂનોપુરાણો પ્રશ્ન ઊભો જ છે, જે તમે બ્રહ્મસૂત્રોમાં ચર્ચાયેલો જુઓ છો. જે વનવાસમાં દ્રૌપદી યુધિષ્ઠિરની સાથે ચર્ચી રહી હતી કે : ‘જે ઈશ્વર સર્વશક્તિમાન, દયામય અને સગુણ હોય તો અહીં આ પૃથ્વી પરનું જીવન નરક જેવું શા માટે છે?’ આવું દુઃખમય જગત એણે શા માટે



સર્જ્યું છે? એવો ઈશ્વર પક્ષપાતી હોવો જોઈએ. એ પ્રશ્નનો કશો જ ખુલાસો નથી, અને જે એકમાત્ર ખુલાસો મળી આવે છે તે ગોપીઓના પ્રેમ વિશે તમે જે વાંચો છો તે છે. કૃષ્ણને માટે જે જે વિશેષણો વાપરવામાં આવતાં તે બધાંને તેઓ ધિક્કારતી. કૃષ્ણ આ સૃષ્ટિના કર્તા છે એ જાણવાની તેઓ પરવા ન કરતી, એ સર્વશક્તિમાન છે એ જાણવાની તેમને પરવા નહોતી, તે સર્વ કંઈ કરી શકે છે એ જાણવાની એમને પડી નહોતી. જે એક જ વસ્તુ તેઓ સમજતી હતી તે એ કે કૃષ્ણ અનંત પ્રેમરૂપ છે. બસ, એટલું જ ! ગોપીઓ કૃષ્ણને કેવળ વૃંદાવનવિહારી કૃષ્ણ તરીકે જ ઓળખતી. લોકોનો નેતા અને રાજાઓનો રાજા એવો એ, ગોપીઓની પાસે સદાને માટે ગોવાળિયો જ હતો. ‘હું ધન નથી ચાહતો, કીર્તિ નથી ઈચ્છતો, નથી વિદ્યાની વાંછના રાખતો. ભલે મારે વારંવાર જન્મ લેવો પડે, પણ પ્રભો ! તું એટલું આપ કે મારો તારામાં પ્રેમ રહે, અને તેય પ્રેમની ખાતર પ્રેમ.’ ધર્મના ઈતિહાસમાં એક જબરું સીમાચિહ્ન અહીં છે : પ્રેમની ખાતર પ્રેમ, કર્મની ખાતર કર્મ, ફરજની ખાતર ફરજ! એ આદર્શ ભારતની ભૂમિ પર અવતારશ્રેષ્ઠ શ્રીકૃષ્ણના મુખમાંથી પહેલી વાર અને માનવજાતના ઈતિહાસમાં પણ પહેલી જ વાર બહાર પડ્યો. ધર્મમાં ભય અને લાલચના ખ્યાલો સદાયને માટે પરવારી ચૂક્યાઃ અને નરકનો ભય તથા સ્વર્ગના ભોગની લાલચો હોવા છતાં પણ પ્રેમની ખાતર પ્રેમનો, કર્તવ્યની ખાતર કર્તવ્યનો, કર્મની ખાતર કર્મનો, ભવ્યમાં ભવ્ય આદર્શ ઊતરી આવ્યો.

અને એ પણ પ્રેમ કેવો ! મેં તમને હજી હમણાં જ કહ્યું છે કે ગોપીઓના પ્રેમને સમજવાનું ઘણું મુશ્કેલ છે. એ અતિશય ચમત્કૃતિપૂર્ણ પ્રસંગનું અદ્‌ભુત રહસ્ય ન સમજી શકનારા મૂર્ખાઓનો આપણી વચ્ચે

સુધ્ધાં તોટો નથી. હું ફરી વાર કહું છું કે આપણા પોતાના જાતભાઈઓમાં પણ એવા કેટલાક અશુદ્ધ મનવાળા મૂર્ખાઓ છે જેઓ જાણે કે આ કંઈક અપવિત્ર છે તેમ માનીને એનાથી દૂર ભાગે છે. સેવાઓને મારે કેવળ એટલું જ કહેવાનું છે કે પ્રથમ તમારી જાતને પવિત્ર બનાવો. તમારે એ યાદ રાખવાનું છે કે ગોપીઓના પ્રેમનું વર્ણન કરનાર બીજું કોઈ નહીં પરન્તુ શુકદેવ પોતે છે. ગોપીઓના આ અદ્ભુત પ્રેમની નોંધ કરનાર ઈતિહાસકાર છે આજન્મ પવિત્ર, સદા શુદ્ધ, વ્યાસપુત્ર શુકદેવ ! જ્યાં સુધી અંતરમાં સ્વાર્થ છે ત્યાં સુધી ઈશ્વરનો પ્રેમ અશક્ય છે, એ દુકાનદારી સિવાય બીજું કંઈ જ નથી. 'હે ભગવાન ! હું તમને કંઈક આપું છું, તમે મને બદલામાં કંઈક આપો.' અને ભગવાન પણ કહે છે : 'જો તું આમ નહીં કરે, તો તું મરીશ ત્યારે હું તારી સારી રીતે ખબર લઈ નાખીશ, કદાચ બાકીના બધા જન્મો તને નરકના અગ્નિમાં શેક્યા જ કરીશ.' વગેરે વગેરે. જ્યાં સુધી આવા વિચારો મગજમાં ભરેલા હોય ત્યાં સુધી ગોપીઓના પ્રેમોન્માદની વેદના કેમ કરીને સમજાવાની હતી? 'ઓહ! એ અધરનું એક, ફક્ત એક જ ચુંબન! તારું ચુંબન જેને એક વાર મળ્યું છે તેની તારે માટેની તૃષા સદાય વધતી જ રહે છે, તેનાં સર્વ દુઃખો નાશ પામે છે અને એક માત્ર તારા સિવાય બીજા બધાનો પ્રેમ એ વીસરી જાય છે.' અરે ! પહેલાં કાંચનની લાલસા, નામ-યશની ભૂખ અને આપણી આ કોડીની કિંમતની દુનિયાનો પ્રેમ તો ભૂલો? ત્યારે, ને ત્યારે જ તમે ગોપીઓનો પ્રેમ સમજી શકશો. એ પ્રેમ એટલો બધો પવિત્ર છે કે સર્વસ્વનો ત્યાગ કર્યા સિવાય એને માટે વિચાર સરખોય કરી શકાય એમ નથી, એ પ્રેમ એટલો બધો દિવ્ય છે કે આત્મા સંપૂર્ણ શુદ્ધ થયા વિના એને સમજી શકે એમ નથી. કામ, કાંચન અને કીર્તિના વિચારો જેમના હૃદયમાં ક્ષણે ક્ષણે



ઊભરાયા કરતા હોય, એવા લોકો વળી ગોપીઓના પ્રેમને સમજવા અને તેની ટીકા કરવા શું જોઈને બેસે છે? કૃષ્ણાવતારનું આ તો ખુદ રહસ્ય છે. ખુદ ગીતા જેવો મહાન તત્ત્વગ્રંથ પણ એ ઉન્માદની સાથે સરખાવી શકાય તેવો નથી, કેમ કે ગીતામાં આદર્શને કેવી રીતે પહોંચવું એ શિષ્યને ધીમે ધીમે શીખવવામાં આવે છે, પરંતુ અહીં તો આનંદની મસ્તી છે, પ્રેમનો નશો છે, અહીં શિષ્યો અને ગુરુઓ, ઉપદેશો, ગ્રંથો અને આ બધી વસ્તુઓ, તેમજ ભય, ઈશ્વર અને સ્વર્ગના ખ્યાલો સુધ્ધાં એક થઈ ગયા છે. એકએક ચીજ ઊડી ગઈ છે, બાકી રહી છે માત્ર પ્રેમની મસ્તી. એમાં સર્વ કંઈનું વિસ્મરણ છે, એમાં પ્રેમીને કેવળ કૃષ્ણ, અને કૃષ્ણ વિના બીજું કંઈક જગતમાં દેખાતું નથી. ત્યારે એકેએક વસ્તુનો ચહેરો એક એક કૃષ્ણ થઈ રહે છે, ત્યારે તેને પોતાનો ચહેરો કૃષ્ણના જેવો લાગે છે, ત્યારે તેનો પોતાનો આત્મા કૃષ્ણના રંગે રંગાયેલો બની જાય છે. એવા હતા મહાન શ્રીકૃષ્ણ!

ઝીણી ક્ષુદ્ર વિગતોમાં તમારો સમય બગાડો નહીં, સમગ્રને, જીવનના સારને પકડી લો. કૃષ્ણના જીવનચરિત્રમાં ઘણી ઐતિહાસિક વિસંગતિઓ હોઈ શકે, ઘણી ઘાલમેલ હોઈ શકે, આ બધી બાબતો સાચી હોઈ શકે. પરન્તુ તેમ છતાં આ નવીન અને જબરદસ્ત પ્રયાણ માટે કોઈક પાયો, કોઈક આધાર હોવો જોઈએ. બીજા કોઈ પણ સંત કે પેગંબરનું ચરિત્ર જોવા બેસો તો આપણે જોઈશું કે એ મહાપુરુષ પૂર્વે થઈ ગયેલાઓની ઉત્ક્રાંતિ માત્ર છે, આપણને જણાશે કે એ પેગંબર પોતાના જ દેશમાં, ખુદ પોતાના જ સમયમાં ચારે બાજુ વેરવિખેર પડેલા વિચારોનો જ પ્રચાર કરી રહ્યા છે. એ મહાપુરુષના ખુદ અસ્તિત્વ વિશે મોટી શંકાઓ હોઈ શકે. પરન્તુ અહીં તો હું આહ્વાન ફેંકું છું કે કોઈ પણ એ બતાવી આપે કે

આ બાબતો, આ આદર્શો - કર્મની ખાતર કર્મ, પ્રેમની ખાતર પ્રેમ, ધર્મની ખાતર ધર્મ, વગેરે - શ્રીકૃષ્ણના મૌલિક વિચારો નહોતા. અને એ હિસાબે કોઈક તો એવો થઈ જ ગયો હશે, જેનામાં આ વિચારોનો ઉદ્ભવ થયો હશે. એ વિચારો અન્ય કોઈ પાસેથી ઉછીના લાવેલા તો ન જ હોઈ શકે, જ્યારે કૃષ્ણનો જન્મ થયો ત્યારે એ વાતાવરણમાં પ્રચલિત હતા એમ પણ નથી. ભગવાન કૃષ્ણ એના પ્રથમ ઉપદેશક હતા, અને તેમના અનુયાયી વ્યાસે તે સંગ્રહીને માનવજાતિને તેનો ઉપદેશ કર્યો. વર્ણવવા જેવો સર્વોચ્ચ વિચાર આ છે. કૃષ્ણમાંથી મળે એવો સર્વોચ્ચ આદર્શ કોઈ હોય તો તે આ ગોપીજનવલ્લભનો, વૃંદાવનની ગોપીઓના હૃદયવલ્લભનો છે. જ્યારે એ મસ્તી તમારા મગજમાં આવશે, જ્યારે તમે એ ધન્ય ગોપીઓનું હાર્દ સમજશો, ત્યારે પ્રેમ શું છે એ તમે સમજી શકશો. જ્યારે તમારી સામેથી આખું જગત અદશ્ય થઈ જશે, જ્યારે તમારી બીજી બધી ગણતરીઓ મરી પરવારી હશે, જ્યારે તમે સાવ નિર્હેતુક બનીને શુદ્ધચિત્ત થયા હશો, સત્યની શોધનો હેતુ સુધ્ધાં તમારામાંથી નીકળી ગયો હશે, ત્યારે, કેવળ ત્યારે જ એ પ્રેમોન્માદ, ગોપીઓમાં હતી તે અનંત પ્રેમની શક્તિ, એ પ્રેમની ખાતરનો પ્રેમ તમારામાં આવશે. ધ્યેય એ છે. એ જ્યારે તમે પ્રાપ્ત કરશો, ત્યારે તમે સર્વ કંઈ પ્રાપ્ત કરી લીધું હશે.

હવે હું નીચેની ભૂમિકાવાળા એટલે કે ગીતાના ઉપદેશક કૃષ્ણ પર આવું છું. ભારતમાં હમણાં એક એવો પ્રયત્ન ચાલી રહ્યો છે, જે ઘોડાની આગળ ગાડી રાખવા જેવો છે. આપણા લોકોમાંથી ઘણાય એવો વિચાર કરે છે કે ગોપીવલ્લભ કૃષ્ણ કંઈક રહસ્યભર્યું-ગૂઢ લાગે છે, અને યુરોપિયનોને બહુ ગમતું નથી. અમુક-અમુકને એ ગમતું નથી, ચોક્કસ ત્યારે તો ગીપઓએ રવાના થઈ જ જવું જોઈએ! યુરોપિયનોની પરવાનગી



વિના કૃષ્ણથી રહેવાય જ કેમ કરીને? એનાથી રહેવાય જ નહીં! મહાભારતમાં એક કે બે સ્થળ સિવાય બીજે ગોપીઓનો ઉલ્લેખ જ નથી, અને એ સ્થળો પણ ખાસ નોંધ લેવા જેવાં નથી. દ્રૌપદીની પ્રાર્થનામાં વૃંદાવનચરિત્રનો ઉલ્લેખ છે અને શિશુપાલના ભાષણમાં ફરી એક વાર આ વૃંદાવનનો ઉલ્લેખ છે. આ બધા પાછળથી ઘુસાડેલા ભાગો છે. યુરોપયનોને જે ન જોઈએ તે ફેંકી દેવાનું! ગોપીઓનો અને કૃષ્ણનો ઉલ્લેખ સુધ્ધાં! એ બધી પાછળની ઘાલમેલ છે! વારું, આ બધા માણસો, દુકાનદારીમાં ડૂબી ગયેલાઓ, જ્યાં ધર્મનો આદર્શ સુધ્ધાં વેપારનો સોદો થઈ ગયો છે એવા લોકો, અહીં કંઈક કરીને સ્વર્ગે પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે, વાણિયો ચક્રવૃદ્ધિ વ્યાજ માગે છે, અહીં કંઈક જમા કરાવીને એનો ત્યાં ભોગવટો માગે છે. બેશક, આવીવિચાર પદ્ધતિમાં ગોપીઓને કોઈ જ સ્થાન નથી. એ આદર્શ પ્રેમીની ભૂમિકા પરથી આપણે ગીતાના ઉપદેશક કૃષ્ણ પાસે ઊતરી આવીએ છીએ. ગીતા કરતાં વધુ સારી ટીકા વેદો પર કોઈ જ લખાઈ નથી કે લખી શકાય નહીં. આપણે જ્યારે જોઈએ છીએ કે શ્રુતિઓ ઉપર કે ઉપનિષદો ઉપર ઘણા ભાષ્યકારો છે અને દરેક પોતાની રીતે એનો અર્થ બેસાડવાનો પ્રયાસ કરી રહ્યો છે. ત્યારે તેમનો સાર સમજવો કઠિન થઈ પડે છે. એટલે પછી શ્રુતિઓનો અર્થ બતાવવા સારુ, ગીતાના ઉપદેશક રૂપે, શ્રુતિઓના પ્રેરક ભગવાન સ્વયં અવતાર ધરે છે. અને આજે ભારતને, અરે આખી દુનિયાને પણ શ્રુતિનો અર્થ કરવાની એ પદ્ધતિથી અન્ય કશાની આવશ્યકતા નથી. એ એક નવાઈની વાત છે કે શાસ્ત્રોની વ્યાખ્યા કરનારા પાછળના લોકો ગીતા ઉપર ટીકા લખતી વખતે સુધ્ધાં, ઘણી વાર અર્થને પકડી ન શક્યા, તો ઘણી વાર એના વલણને પકડી ન શક્યા. કારણ કે ગીતામાં તમને શું મળે છે, અને

આધુનિક ટીકાકારો દ્વારા શું મળે છે? એક અદ્વૈતવાદી ટીકાકાર એક ઉપનિષદ લે છે, હવે એની અંદર અનેક દ્વૈતવાદી ફકરાઓ પણ છે, એટલે ટીકાકાર એ બધાને મારીમચડીને એમાંથી કંઈક અર્થ ઉપજાવે છે, અને એ બધાને પોતાના અર્થમાં ઘટાડવા મથે છે. જો એક ટીકાકાર દ્વૈતવાદી હોય તો જે બધાં અદ્વૈતવાદી વાક્યો છે તેમને મરડવાની શરૂઆત કરે છે. અને બધાંને દ્વૈતવાદી અર્થના ચોકઠામાં બેસાડવા મથે છે. પરન્તુ તમે જુઓ છો કે ગીતામાં એમાંના એકેયને મરડવાનો કશો જ પ્રયાસ નથી. ભગવાન કહે છે કે આ બધાં બરાબર છે, કારણ કે ધીમી ધીમે અને ક્રમે ક્રમે માનવાત્મા ઉપર ને ઉપર ચડતો હોય છે, પગલે પગલે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં, સૂક્ષ્મમાંથી વધુ સૂક્ષ્મમાં એમ ઉપર જતો જતો અંતે એ કૈવલ્યરૂપી ધ્યેયે પહોંચે છે. ગીતામાં જે છે તે આ છે. કર્મકાંડ સુધ્ધાં ચર્ચાયું છે અને ત્યાં બતાવાયું છે કે એ સીધે-સીધી રીતે મુક્તિ ન આપતાં માત્ર ગૌણ નિમિત્ત બને છે, છતાં એ પણ સાચું છે, પ્રતિમાઓ પણ ગૌણ રીતે સાચી છે. ક્રિયાકાંડ, મૂર્તિઓ એ બધાં સાચાં છે, શરત માત્ર એક જ કે હૃદય સાફ હોવું જોઈએ. કારણ કે જો હૃદય સાફ હોય અને સચ્ચાઈથી ભર્યું હોય તો ઉપાસના સાચી છે અને ધ્યેય પ્રત્યે દોરી જાય છે, વળી આ બધી ઉપાસનાપદ્ધતિઓ આવશ્યક છે. નહિતર એ શા માટે હોય? આપણા થોડાક આધુનિક માણસો ધારે છે તેમ ધર્મો અને સંપ્રદાયો દંભીઓ અને દુષ્ટ લોકોએ થોડાક પૈસા કમાવા સારુ શોધી કાઢેલા નથી. એવો ખુલાસો ગમે તેટલો સયુક્તિક જણાતો હોય પણ એ સાચો નથી, અને એ બધાં એ પ્રકારે મુદ્દલે શોધાયાં નથી. એ બધાં માનવાત્માની જરૂરિયાતનાં પરિણામો છે. જુદા જુદા વર્ગોનાં મનુષ્યોની આંતરિક આકાંક્ષાઓ અને ઝંખનાઓને સંતોષવા સારુ એ બધાં થયાં છે, તમારે એની વિરુદ્ધમાં પ્રચાર કરવાની



જરૂર નથી. જે દિવસે એમની જરૂર નહીં રહે તે દિવસે જરૂરિયાતના અંતરની સાથે તેમનો પણ અંત આવી જશે. પણ જ્યાં સુધી એ જરૂરિયાત ઊભી રહેશે ત્યાં સુધી તમે વિરુદ્ધમાં ગમે તેટલો પ્રચાર કરશો, ગમે તેટલી ટીકાઓ વરસાવશો, પણ એ રહેવાનાં જ છે. તમે ભલે તલવાર અને તોપ ચલાવો, તમે ભલે માનવરુધિરથી દુનિયાને તરબોળ કરી નાખો, પરન્તુ જ્યાં સુધી મૂર્તિઓની આવશ્યકતા છે ત્યાં સુધી એ રહેવાની જ. આ કર્મકાંડ અને ધર્મની અંદરનાં વિવિધ પગલાંઓ રહેશે જ, એ શા માટે રહેવાં જોઈએ એ આપણે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી જાણ્યું છે. હવે ભારતના ઈતિહાસનું એક જરા ગમગીન પ્રકરણ આવે છે. ગીતાની અંદર સંપ્રદાયના ઝઘડાઓનો દૂરથી આવતો અવાજ આ પહેલાં આપણે કાને પડે છે,અને એ બધા વચ્ચે સમન્વય સાધવા સારુ ભગવાન આવી પહોંચે છે. સમન્વયના સૌથી મહાન ઉપદેશક, સમન્વયના મહાન પ્રચારક ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ। 'જેવી રીતે દોરામાં પારાઓ પરોવાયેલા હોય છે, તેમ આ સર્વ કંઈ મારામાં પરોવાયેલું છે.' આ પૂર્વે જ આપણે સંઘર્ષના દૂરથી આવતા અવાજો સાંભળી રહ્યા છીએ. સંભવ છે કે આ કાળ સમન્વય અને શાંતિનો હતો, પછી આપણી પ્રજાનાં બે પ્રબળ તત્ત્વો, રાજાઓ અને ધર્માચાર્યો, વચ્ચે ધાર્મિક ભૂમિકા પર નહીં પરંતુ ઘણે ભાગે જ્ઞાતિની ભૂમિકા પર એ સંઘર્ષ નવેસરથી ફાટી નીકળ્યો. અને લગભગ એક હજાર વરસ સુધી ભારતને ડૂબાડી રાખવાર, એ સંઘર્ષનો મહાતરંગ ઉગ્ર સ્વરૂપમાં ઊછળતી હતો ત્યારે એક બીજા પ્રતાપી પુરુષે ક્ષિતિજ પર દર્શન દીધાં. એ હતા આપણા ગૌતમ શાક્યમુનિ. એમના ઉપદશ અને પ્રચારકાર્યથી આપ સહુ પરિચિત છો. આપણે તેમને ઈશ્વરના અવતાર તરીકે, દુનિયાએ જોયેલા સૌથી મહાન, નીડરમાં નીડર,

હિંમતવાન અને નીતિપ્રચારકોમાં સર્વશ્રેષ્ઠ તરીકે અને મહાનમાં મહાન કર્મયોગી તરીકે પૂજીએ છીએ, જાણે કે પોતે જ પોતાના શિષ્ય થઈને પોતાના સિદ્ધાંતોને જગતમાં વ્યવહારુ કેમ બનાવવા તે બતાવવા એ જ કૃષ્ણ પધાર્યા ! જેનો ગીતાએ ઉપદેશ આપેલો એ જ અવાજ ફરી એક વાર પાછો સંભળાયો : સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ! ‘આ ધર્મનું સાવ થોડુંક પાલન પણ મહા ભયમાંથી ઉગારે છે.’ સ્ત્રિયો વૈશ્યાસ્તથા શુદ્રાસ્તેડપિ યાન્તિ પરાં ગતિમ્ । ‘સ્ત્રીઓ, વૈશ્યો તથા શુદ્રો સુધ્ધાં પરમ ગતિએ પહોંચી શકે છે.’ સૌનાં બંધન છોડી નાખતો, સૌની શૃંખલાઓને તોડી નાખતો, સૌને માટે પરમ ગતિએ પહોંચવાની સ્વતંત્રતા જાહેર કરતો, મેઘગર્જના સમો ઘૂઘવતો, શ્રીકૃષ્ણનો અવાજ ગીતાના શબ્દોમાં આવી રહ્યો છે : ઈહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ । નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥ ‘જેમનું મન સામ્યાવસ્થામાં સ્થિત છે, તેઓથી આ જગત, જીવતાં છતાં જ જિતાઈ ગયું છે, કારણ કે બ્રહ્મ દોષ રહિત અને સૌને માટે સમાન છે, એટલા માટે એવાઓ બ્રહ્મમાં સ્થિત કહેવાય છે.’ સમં પશ્યન્હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ । ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં ગતિમ્ । ‘આ રીતે સમાનરૂપે રહેલા ઈશ્વરને સર્વત્ર જોઈને મુનિ પોતાના આત્માનો આત્માથી નાશ કરતો નથી, અને એ રીતે પરાગતિને પામે છે.’ જાણે કે આ ઉપદેશનું જીવતું જાગતું ઉદાહરણ આપવા માટે, જાણે કે એ ઉપદેશનો ઓછામાં ઓછો એક અંશ વ્યવહારુ બનાવવા માટે, ઉપદેશક પોતે જ બીજા સ્વરૂપમાં આવ્યો. આ હતા દીન દુખિયાંના ઉપદેશક શાક્યમુનિ, જેમણે લોકોની બોલીમાં બોલવા સારુ દેવોની ભાષાનો સુધ્ધાં ત્યાગ કર્યો કે જેથી તે લોકોનાં હૃદય સુધી પહોંચી શકે, જેમણે ગરીબ, કંગાળ અને દલિતોની



સાથે રહેવા માટે રાજ્યાસનનો પરિત્યાગ કર્યો, જેણે બીજા રામની પેઠે ચંડાળને પોતાના હૃદયે ચાંપ્યો.

તમે સૌ એમના મહાન કાર્ય વિશે, એમના ઉદાત્ત ચરિત્ર વિશે જાણો છો. પરંતુ એ કાર્યમાં એક ખામી હતી અને એનાં ફળ આપણે આજ સુધી ભોગવી રહ્યા છીએ. એ મહાપુરુષનો એમાં કશો દોષ નથી, એ તો પવિત્ર અને મહાન હતા. પરંતુ દુર્ભાગ્યે, આર્યોના સમૂહમાં જે જુદી જુદી અસંસ્કારી અને સભ્યતાહીન માનવ જાતિઓ આવીને ભળી હતી તેમનાથી આવા ઉચ્ચ આદર્શો સારી રીતે પચાવી શકાયા નહીં. આ જાતિઓ, વિવિધ પ્રકારના વહેમો અને ઘૃણાજનક પૂજાઓ સાથે લઈને આર્યોના સમુદાયમાં ઘૂસી આવી, અને થોડા સમયને માટે તો એમ દેખાયું કે તેઓ સુધરી ગઈ. પરંતુ પૂરો એક સૈકો વીત્યો ન હતો ત્યાં તો તેમણે પોતાના નાગ દેવતાઓ અને ભૂતપલિતો તથા જેને તેમના પૂર્વજો પૂજતા તે બધાં તત્ત્વો બહાર કાઢ્યાં અને એ રીતે આખો ભારતવર્ષ તથા જેને તેમના પૂર્વજો પૂજતાં તે બધાં તત્ત્વો બહાર કાઢ્યાં અને એ રીતે આખો ભારતવર્ષ એક હલકા વહેમોનો સમૂહ બની ગયો. શરૂઆતના બૌદ્ધોએ પશુવધના વિરોધના આવેશમાં વેદીના યજ્ઞોની ઝાટકણી કાઢી, પણ આ યજ્ઞો ઘેરઘેર થતા. ઘરમાં અગ્નિ પ્રજ્વલિત રહ્યા કરતો, અને પૂજાનોજે બધો સાજસરંજામ હતો તે એટલો જ હતો. આ યજ્ઞોને ઉખેડી નાખવામાં આવ્યા, પણ એમને સ્થાને ભપકાદાર મંદિરો, ક્રિયાકાંડોના ભપકાદાર આડંબરો, ભપકાદાર પૂજારીઓ અને આજે ભારતમાં તમે જુઓ છો તે બધું દાખલ થઈ ગયું. વધુ સમજદાર એવા કેટલાક આધુનિક વિદ્વાનોનાં લખેલાં પુસ્તકોમાં હું વાંચું છું કે બુદ્ધ તો બ્રાહ્મણધર્મની મૂર્તિપૂજાનાં વિનાશક હતા ત્યારે મને હસવું આવે છે. એ લોકોને ખબર નથી કે બૌદ્ધ ધર્મે જ ભારતમાં

બ્રાહ્મણધર્મ અને મૂર્તિપૂજા ઊભાં કર્યાં.

એકાદ બે વરસ પહેલાં એક રશિયન ગૃહસ્થે એક પુસ્તક લખેલું, તેમાં તેણે આવો દાવો કરેલો છે કે તેને ઈશુખ્રિસ્તનું એક અજબ ચરિત્ર મળી આવ્યું છે. એ પુસ્તકના એક ભાગમાં, એ કહે છે કે બ્રાહ્મણો પાસે અભ્યાસ કરવા સારુ ઈશુખ્રિસ્ત જગન્નાથના મંદિરે ગયેલ, પરંતુ બ્રાહ્મણોના સંકુચિત વ્યવહાર અને મૂર્તિઓથી કંટાળી જઈને એ તિબેટના લામાઓ પાસે ગયા, ત્યાં પૂર્ણત્વ પ્રાપ્ત કર્યું અને ઘેર ગયા. ભારતીય ઈતિહાસ વિશે જે કોઈ થોડું ઘણું પણ જાણે છે તે તરત સમજી જાય એવું છે કે એ અભિપ્રાય જ આખી વાત બનાવટી છે એમ સાબિત કરે છે. વાત એમ છે કે જગન્નાથનું મંદિર એ એક પ્રાચીન બૌદ્ધ મંદિર છે. આપણે એ તથા બીજાં બૌદ્ધ મંદિરો અપનાવ્યાં અને ફરી તેમને હિંદુ બનાવી દીધાં. આવું તો આપણે હજી બીજી કેટલીયે બાબતોમાં કરવાનું છે. એ જગન્નાથમાં એ વખતે એક પણ બ્રાહ્મણ નહોતો, અને છતાં આપણને કહેવામાં આવે છે કે ઈશુખ્રિસ્ત ત્યાં બ્રાહ્મણો પાસે અભ્યાસ કરવા આવેલા ! આપણા મહાન રશિયન પુરાતત્ત્વવિદ્ આવું કહે છે.

આમ પશુઓ પ્રત્યે દયાનો પ્રચાર કરવા છતાં, ઉચ્ચ નીતિધર્મ હોવા છતાં, શાશ્વત આત્માના અસ્તિત્વ કે તેના અભાવ વિશે અતિશય ઝીણવટભરી ચર્ચાઓ છતાં બૌદ્ધધર્મની આખી ઈમારત તૂટી પડી, તેના ટુકડેટુકડા થઈ ગયા, એ ભંગાર પણ ઘૃણાજનક થઈ પડ્યો. બૌદ્ધ ધર્મની પાછળ જે અનાચાર વગેરે આવ્યાં તેનું વર્ણન કરવાનો મારી પાસે સમય નથી અને ઈચ્છા પણ નથી. વધુમાં વધુ ઘૃણાજનક ક્રિયાઓ, માણસના ભેજામાં કલ્પાયેલું ને માણસના હાથે લખાયેલું ભયાનકમાં ભયાનક અશ્લીલ સાહિત્ય, ધર્મના ઓઠા તળે ચાલેલાં અતિ પાશવી ક્રિયાકાંડો વગેરે બધા



અધઃપતિત બૌદ્ધ ધર્મનાં સર્જન છે.

પરંતુ ભારતે જીવતા રહેવાનું હતું અને ઈશ્વરી શક્તિ ફરી અવતીર્ણ થઈ. જેણે ગીતામાં ઘોષણા કરેલી કે યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ… તદાત્માનં સૃજામ્યહમ્ । 'જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થશે… ત્યારે ત્યારે હું આવીશ,' તે ફરીથી પધાર્યા અને આ વખતે એમનો આવિર્ભાવ થયો દક્ષિણ ભારતમાં. એ બ્રાહ્મણકુમાર વિશે એમ કહેવાય છે કે સોળ વર્ષની ઉમ્મરે તો એણે પોતાના સર્વ ગ્રંથો લખીને પૂરા કરી દીધા હતા, એ અદ્ભુત બ્રાહ્મણકુમાર શંકરાચાર્ય હતા. આ સોળ વરસના કુમારનાં લખાણો આધુનિક જગતનું આશ્ચર્ય છે, અને એ કુમાર પોતે પણ એવો જ આશ્ચર્યજનક હતો. ભારતને પાછું પોતાની અગાઉની પ્રાચીન પવિત્રતાએ લાવવું એ એના મનની મહેચ્છા હતી. તમે એની સમક્ષ પડેલા મહાભારત કાર્યનો ખ્યાલ કરો. એ વખતે ભારતમાં પ્રવર્તતી પરિસ્થિતિ વિશે મેં તમને થોડાએક મુદ્દાઓ કહ્યા છે. અત્યારે તમે જે જે ઘૃણાજનક બદીઓ સુધારવાને મથી રહ્યા છો તે બધી એ વખતના અધઃપતનના કાળનાં ફળો છે. તાર્તરો અને બલૂચીઓ અને માનવજાતની બધી જંગલી પ્રજાઓ ભારતમાં ઊતરી આવી અને બૌદ્ધધર્મી બની ગઈ. એ પ્રજાઓ આપણામાં ભળી ગઈ. તેઓ પોતાના દેશના રિવાજો સાથે લેતી આવેલી, પરિણામે આપણું રાષ્ટ્રીય જીવન અતિ ભયાનક પાશવી રીતરિવાજોથી ભરેલું એક વિશાળ પ્રકરણ બની ગયું. આચાર્ય શંકરને બૌદ્ધો પાસેથી જે વારસો મળ્યો તે આવો હતો, અને એ કાળથી માંડીને અત્યાર સુધી ભારતનું સમગ્ર કાર્ય બૌદ્ધ કાળની અધોગતિ પર વેદાન્ત દ્વારા વિજય મેળવવાનું રહ્યું છે. હજી પણ એ કાર્ય ચાલી રહ્યું છે, એ પૂરું થયું નથી. મહાન તત્ત્વવેત્તા શંકરાચાર્યે બતાવ્યું કે બૌદ્ધ ધર્મનું અને વેદાન્તનું તત્ત્વ એકબીજાથી

બહુ ભિન્ન નથી. પરંતુ બુદ્ધના શિષ્યો ગુરુનો ઉપદેશ તેના સાચા સ્વરૂપમાં સમજી શક્યા નહીં, જેને પરિણામે તેઓ પડ્યા, આત્મા અને ઈશ્વરના અસ્તિત્વનો તેમણે અસ્વીકાર કર્યો અને નાસ્તિકો બની ગયા. આચાર્ય શંકરે એ બતાવ્યું એટલે બધા બૌદ્ધો પાછા જૂના ધર્મમાં આવવા લાગ્યા. પરંતુ તેઓ તો બધા આકારો-મૂર્તિઓ અને પૂજાના પ્રકારોથી ટેવાઈ ગયેલા હતા, થાય શું?

ત્યાર પછી આવ્યા તેજસ્વી રામાનુજાચાર્ય, મને કહેતાં જરા સંકોચ થાય છે કે શંકરાચાર્યમાં પ્રબળ મેધાશક્તિ હતી, પણ હૃદયની વિશાળતા એટલી મહાન નહોતી. રામાનુજનું હૃદય વિશાળ હતું. તેમને પતિતો માટે, કચડાયેલા લોકો માટે દિલમાં લાગી આવતું, એમનામાં એ લોકો માટે સહાનુભૂતિ હતી. તેમણે એ બધી પૂજાપદ્ધતિઓ અને કર્મકાંડો વગેરે સ્વીકારી લીધાં, બની શકે તેટલે અંશે તેને સાફસૂફ અને શુદ્ધ કર્યાં, અને જે લોકોને તેના વિના ચાલે એમ જ નહોતું તેમને માટે નવાં કર્મકાંડો તથા નવી પૂજાપદ્ધતિઓ ગોઠવી દીધાં. એ સાથે જે એમણે બ્રાહ્મણથી માંડીને ભંગી સુધી સૌને માટે સર્વોચ્ચ આધ્યાત્મિક ઉપાસનાનાં દ્વાર ખુલ્લાં કર્યાં. એ હતું રામાનુજાચાર્યનું કાર્ય. એ કાર્ય ચાલ્યા જ કર્યું. ઉત્તર તરફ ફેલાયું અને ત્યાં કેટલાક મહાન આચાર્યોએ એને ઉપાડી લીધું. પણ એ બહુ પાછળથી, મુસલમાનોના અમલ દરમિયાન અને મુકાબલે આધુનિક કહી શકાય એવા સમયમાં બન્યું. ઉત્તરના આચાર્યોમાં સૌથી ઉજ્જવળ હતા ચૈતન્ય.

તમે એક વિશિષ્ટતા લક્ષમાં રાખી લેજો કે રામાનુજના સમયથી સૌને માટે આધ્યાત્મિકતાના દરવાજા ખુલી ગયા હતા. શંકરાચાર્યની પહેલાના બધા આચાર્યોનો જે રીતે એ મૂલમંત્ર થઈ રહ્યો હતો, તે રીતે



રામાનુજની પાછળઆવનાર બધા આચાર્યોનો એ મૂલમંત્ર રહ્યો હતો. મને સમજાતું નથી કે આચાર્ય શંકરને શા માટે એકાંગી લાગતું નથી. જેમ ભગવાન બુદ્ધના ઉપદેશોની બાબતમાં બન્યું છે તેમ જે એકાંગીપણું આચાર્ય શંકરના ઉપદેશોમાં આરોપવામાં આવ્યું છે, તે સંભવતઃ એમના ઉપદેશોને લીધે નહીં પરંતુ તેમના શિષ્યોની અસમર્થતાને લીધે છે. ઉત્તર ભારતના મહાન સંત, ઋષિ ચૈતન્ય, ગોપીઓના ઉન્મત્ત પ્રેમના દૃષ્ટાંત રૂપ હતા. ચૈતન્યદેવ જન્મે બ્રાહ્મણ, એ સમયે તર્કશાસ્ત્ર પારંગત એવા એક કુટુંબના નબીરા, તર્કયુદ્ધમાં બીજા પંડિતોના વિજેતા અને મહા ન્યાયપંડિત હતા, બચપણથી જ પોતાના જીવનની મહેચ્છા તરીકે તેઓ ન્યાય ભણેલા પરંતુ કોઈ સંતની કૃપાથી તેમનું સમગ્ર જીવન પલટાઈ ગયું, તેમણે પોતાના શાસ્ત્રાર્થો, વાદવિવાદો, પોતાનું ન્યાયશાસ્ત્રનું અધ્યાપકપદ વગેરે સર્વ છોડી દીધું, અને જગતમાં ભક્તિના સમગ્ર બંગાળને આવરી લીધો, સૌ કોઈને તેથી આશ્વાસન મળ્યું. તેમના પ્રેમની કોઈ સીમા ન હતી. સંત કે પાપી, હિંદુ કે મુસલમાન, શુદ્ધ કે અશુદ્ધ, વેશ્યા કે વંઠેલ, સૌ કોઈ તેમના પ્રેમનાં, તેમની કરુણાનાં ભાગીદાર હતાં. અને જેમ સર્વ વસ્તુઓમાં સમય જતાં સડો પેસી જાય છે તેમ એમના સંપ્રદાયમાં પણ સડો પેઠેલો હોવા છતાં આજ સુધી એ સંપ્રદાય જેઓ ગરીબ, પદદલિત, અછૂત, દુર્બલ અને સમાજમાંથી ફેંકાઈ ગયેલા હોય એવાઓનું આશ્રયસ્થાન રહ્યો છે. પરંતુ એ સાથે મારે સત્યની ખાતર એટલું કહેવું જોઈએ કે દાર્શનિક સંપ્રદાયોમાં આપણને અદ્‌ભુત ઉદારતા જોવા મળે છે. શંકરાચાર્યને અનુસરનારો એક પણ માણસ એમ કહેનારો નહીં મળે કે ભારતના જુદા જુદા સંપ્રદાયો બધા ખરેખર જુદા છે. સાથોસાથ શંકરાચાર્ય જ્ઞાતિપ્રથાના એક જબરદસ્ત સમર્થક હતા. બેશક, દરેક વૈષ્ણવ આચાર્યોની બાબતમાં જ્ઞાતિભેદના

ઉપદેશના પ્રશ્નો પર એક અદ્‌ભુત ઉદારતા જોવામાં આવે છે, છતાં ધાર્મિક પ્રશ્નોના વિષય પર તો એકાંગીપણું જ દેખાય છે.

શંકરાચાર્ય પાસે મેધાશક્તિની પ્રખરતા હતી, ચૈતન્ય પાસે હૃદયની વિશાળતા હતી, અને એક એવી વિભૂતિને પ્રગટ થવાનો સમય પાકી ગયો હતો કે જેની અંદર આ મહામેધા અને હૃદયની વિશાળતાનો સમન્વય થયો હોય, એક એવા મહાપુરુષને જન્મવાનો સમય આવી પહોંચ્યો હતો. જેનામાં શંકરાચાર્યની તેજસ્વી મેધાશક્તિ અને ચૈતન્યદેવનું વિશાળ હૃદય હોય, જે દરેક સંપ્રદાયમાં એ જ ચૈતન્યને- એ જ ઈશ્વરને કાર્ય કરી રહેલો જુએ, જે ભૂતમાત્રમાં ઈશ્વરને જુએ, જેનું હૃદય ગરીબ, દુર્બળ, અછૂત, પદદલિત આ વિશ્વમાં ભારતની અંદરના કે ભારતની બહારના સૌ કોઈને માટે દ્રવતું હોય, સાથે સાથે જ જેની ભવ્ય તેજસ્વી બુદ્ધિ એવા ઉદાત્ત વિચારોને પ્રકટ કરે કે ભારતની અંદરના કે ભારતની બહારના સર્વ ધર્મસંપ્રદાયોનો સમન્વય સાધી શકે અને એક આશ્ચર્યજનક સુમેળભર્યો મસ્તિષ્ક અને હૃદય બંનેના સામંજસ્યથી રચાયેલો વિશ્વવ્યાપી ધર્મ અસ્તિત્વમાં લાવી શકે. આવો પુરુષ પ્રગટ્યો અને એનાં ચરણે વરસો સુધી બેસવાનું મને સદ્‌ભાગ્ય સાંપડ્યું. સમય પરિપક્વ થઈ ચૂક્યો હતો, આવા એક પુરુષે જન્મ લેવો એ આવશ્યક થઈ ચૂક્યું હતું. અને એ આવ્યો. એમાં પણ સૌથી વધુ નવાઈ જેવું તો એ હતું કે તેના જીવનનું કાર્ય એક એવા શહેરની લગોલગ હતું જે પાશ્ચાત્ય વિચારોથી ભરપૂર હતું, જે પશ્ચિમની ભાવનાઓ પાછળ ગાંડુતૂર થઈ ગયું હતું. જે ભારતમાં બીજા કોઈ પણ શહેર કરતાં વધુ પાશ્ચાત્ય બની ગયું હતું. કોઈ પ્રકારનું પુસ્તકિયું જ્ઞાન એમનામાં ન હતું. આ મહામેધાવી માનવ પોતાનું નામ સરખુંય લખતાં શીખ્યો નહોતો. પરંતુ આપણાં વિશ્વવિદ્યાલયોના અતિ તેજસ્વી



પદવીધરોને સુધ્ધાંજણાયું કે એ પુરુષ બુદ્ધિનો, મેધાશક્તિનો તો હિમાલય છે. આ રામકૃષ્ણ પરમહંસ એક અદ્‌ભુત પુરુષ હતા. એમની વાત તો બહુ લાંબી છે, અને આજે રાત્રે હવે એ કહેવાનો મને સમય પણ નથી. અત્યારે તો હું માત્ર એટલો જ ઉલ્લેખ કરીશ કે મહામાનવ શ્રીરામકૃષ્ણ, ભારતના સંતોની પૂર્તિ છે, આ યુગના ઋષિ છે. એમનો ઉપદેશ અત્યારે, આ કાળે સૌથી વધુમાં વધુ લાભદાયક છે. એ પુરુષની પાછળ કામ કરી રહેલી દિવ્યશક્તિને લક્ષમાં રાખજો. એક ગરીબ બ્રાહ્મણનો પુત્ર, એક ખૂણે પડેલા ગામડામાં જન્મેલો, અજ્ઞાત અને અખ્યાત, આજે યુરોપ અને અમેરિકામાં અક્ષરશઃ લાખો લોકોથી પૂજાઈ રહ્યો છે, અને આવતી કાલે વધારે લાખોથી પૂજાશે. ઈશ્વરની યોજના કોણ જાણી શકે?

મારા બંધુઓ! તમે પરમાત્માના હાથને, ઈશ્વરી શક્તિને જોઈ ન શકતા હો તો તેનું કારણ એ છે કે તમે અંધ છો, ખરેખર જન્માંધ છો. જો સમયે મળશે, અને બીજી તક સાંપડશે તો હું તેમના વિશે વધારે વિસ્તારથી બોલીશ. અત્યારે તો હું એટલું જ કહીશ કે મેં જો એક શબ્દ સરખોય સત્યનો કહ્યો હોય, તો એ કેવળ તેમનો જ છે, અને જો મેં ઘણી બાબતોએવી કરી હોય કે જે સાચી ન હોય, જે ભૂલ વિનાની ન હોય, જે માનવજાતને કલ્યાણકારી ન હોય, તો તે બધી મારી છે અને એની જવાબદારી મારે શિરે છે.

# ૩. કર્મનું રહસ્ય

એક કલાક માટે કોઈનું દુઃખ દૂર થાય તો તેને એટલા પૂરતી સહાય કરી ગણાય, અને કોઈનું દુઃખ એક વરસ માટે દૂર થાય તેવી મદદ કરીએ તો એથી વિશેષ મદદ કરી ગણાય, પણ કોઈનું દુઃખ હંમેશને માટે દૂર કરી શકાય તો? તો એ સહાય ઉત્તમ ગણાય.

આધ્યાત્મિક જ્ઞાન વડે જ આપણાં સર્વ દુઃખ હંમેશને માટે દૂર થઈ શકે છે. બીજી બધી વસ્તુથી આપણી જરૂરિયાત ફક્ત થોડા સમય પૂરતી દૂર થાય છે, જ્યારે આધ્યાત્મિક જ્ઞાન આપણને કાયમી સંતોષ આપે છે. તેથી માણસને આધ્યાત્મિક મદદ કરવી તે સંપૂર્ણ અને ઉત્તમ સહાય કરી ગણાય. જે કોઈ આવું ઊંચું આધ્યાત્મિક જ્ઞાન આપે છે તે માનવજાતનો મોટામાં મોટો શુભેચ્છક છે. આધ્યાત્મિક સહાય પછી બૌદ્ધિક મદદ આવે છે. અને અન્ન અને વસ્ત્રની મદદ કરતાં જ્ઞાનની સહાય એ વધુ ઊંચી છે, માણસને જીવતદાન આપવા કરતાં પણ એ વિશેષ છે કારણ કે માણસનું ખરું જીવન જ્ઞાનમાં સમાયેલું છે. અજ્ઞાન એ મૃત્યુ છે. જ્ઞાન એ જીવન છે. બૌદ્ધિક સહાય પછી શારીરિક સહાયનું સ્થાન છે. તેથી બીજાને સહાય



કરવાનો પ્રશ્ન વિચારતી વખતે, શારીરિક સહાય એ એક જ સહાય આપણે આપી શકીએ એવો ભ્રમ ટાળવા આપણે હંમેશા પ્રયાસ કરવો જોઈએ. મદદની એ છેલ્લી ભૂમિકા છે એટલું જ નહીં પણ એનું મૂલ્ય ઓછામાં ઓછું છે, કેમ કે શારીરિક સહાયથી કાયમનો સંતોષ પ્રાપ્ત થતો નથી.

જગતનાં દુઃખ માત્ર શારીરિક મદદથી દૂર થઈ શકતાં નથી, માણસનો સ્વભાવ જ્યાં સુધી બદલાય નહીં ત્યાં સુધી આ શારીરિક જરૂરિયાતો હંમેશાં પેદા થવાની અને દુઃખની પીડા રહેવાની. ગમે તેટલી શારીરિક સહાય કરવામાં આવે તો પણ પૂરેપૂરી મટવાની નહીં. માનવજાતને પવિત્ર બનાવવી એ એકમાત્ર ઉપાય છે. અજ્ઞાન એ સર્વ અનિષ્ટનું અને સર્વ દુઃખોનું મૂળ છે. માનવીને જ્ઞાનનો પ્રકાશ, પવિત્રતા, આધ્યાત્મિક શક્તિ અને સાચી કેળવણી મળે તો જ જગતની પીડા શમશે. આપણે ગરીબો માટે દરેક ઘરને આશ્રયસ્થાન બનાવીએ, અને ઠેકાણે ઠેકાણે હોસ્પિટલો ઊભી કરીએ તો પણ માણસનું જીવન પરિવર્તન ન પામે, તેને સારી ટેવો ન પડે, ત્યાં સુધી દુઃખ દૂર કેમ થાય?

ભગવદ્‌ગીતામાં આપણે સતત કાર્ય કરવાનું વાંચીએ છીએ. દરેક કાર્ય સ્વાભાવિક રીતે શુભ અને અશુભથી મિશ્રિત હોય છે. તે છતાં સતત રીતે કામ કરવાનો આપણને આદેશ કરવામાં આવે છે. પણ શુભ અને અશુભ એ બન્ને આત્માનાં બંધનો છે. આ બંધન પેદા કરતાં કાર્ય વિશે ગીતામાં આ પ્રમાણેનું નિરાકરણ આપ્યું છે : 'જે કાર્ય કરીએ તે સાથે જો આપણે આસક્ત ન થઈએ તો આત્મા ઉપર તે કોઈ પ્રકારનું બંધન ઉપજાવી શકે નહીં.'

ગીતાનો આ એક મધ્યવર્તી વિચાર છે : સતત રીતે કાર્ય કરો પણ

તેથી અનાસક્ત રહો. સંસ્કાર એટલે જન્મસિદ્ધ વૃત્તિ કે વલણ એવો અર્થ લગભગ ઘટાવી શકાય. આપણે સરોવરની ઉપમા વાપરીએ. મન, એ સરોવર જેવું છે, મનમાં ઉદ્‌ભવતા દરેક મોજાં કે તરંગ શાંત થાય ત્યારે તદ્દન શમતાં નથી. પણ ભવિષ્યમાં પાછાં ઉદ્‌ભવવાની શક્યતાની નિશાની મૂકતાં જાય છે. મોજાં કે તરંગ ફરી ઉદ્‌ભવવાની શક્યતાવાળી આ નિશાની જેને આપણે સંસ્કાર કહીએ છીએ, તે આપણાં દરેક કાર્ય, દરેક હલચલ, દરેક વિચાર, ચિત્ત પર આવી અસરો મૂકી જાય છે, અને ઘણીવાર આવી અસરો દેખાય એવી હોતી નથી તેમ છતાં અજ્ઞાત રીતે નીચેથી કાર્ય કરે એટલી શક્તિશાળી હોય છે. આ ક્ષણે હું જે છું તે મારા પૂર્વ જીવનની સર્વ અસરોનો સરવાળો છે. જેને ચારિત્ર્ય કહીએ છીએ તેનો ખરો અર્થ આ છે, દરેક માણસનું ચારિત્ર્ય આ અસરોના સરવાળાથી નિશ્ચિત થાય છે. જો શુભ અસરો પ્રબળ નીવડે તો માનવનું ચારિત્ર્ય શુભ થાય છે, જો અશુભ અસરો પ્રબળ નીવડે તો અશુભ થાય છે. આ અશુભ અસરો હંમેશા કાર્ય કરતી જ હોય છે, અને એનું પરિણામ અશુભમમાં જ આવે. એ જ રીતે જો માણસ સારા વિચારો કરે અને સારાં કાર્યો કરે, તો એનો સરવાળો શુભ હોવાનો, અને આ અસરો એની ઈચ્છા હોય કે ન હોય તો પણ એને શુભ કાર્ય કરવા પ્રેરવાની. જે માણસ સારાં કાર્ય કરે, સારા વિચારો સેવે, એનામાં, એની અજાણમાં પણ, શુભ કરવાની અદમ્ય વૃત્તિ રહેવાની. આ વૃત્તિઓ એને અશુભની ઈચ્છામાંથી પાછો વાળશે, કેમ કે એ શુભ વૃત્તિઓની સંપૂર્ણ અસર તળે આવેલો છે. આવું જ્યાં હોય ત્યાં માનવનું શુભ ચારિત્ર્ય ઘડાયું છે એમ કહેવાય.

શુભ કરવાની વૃત્તિ પ્રબળ બને છે અને પરિણામે ઈન્દ્રિયોને અંકુશમાં રાખવાનું શક્ય બને છે. આ રીતે જ ચારિત્ર્ય ઘડાય છે, અને ત્યારે જ



માનવ સત્યને પામે છે. આવો માણસ હંમેશાં સલામત છે, એ કશું અશુભ કરી જ ન શકે. તમે ગમે તેવી સોબતમાં એને મૂકો, કશો ભય નથી. આ શુભ વૃત્તિથીયે વિશેષ ઊંચી એક ભૂમિકા છે, તે ભૂમિકા મુક્તિ મેળવવાની અભિલાષા વિશેની છે. સર્વ યોગનું લક્ષણ આત્માની મુક્તિ પામવાનું છે તે તમારે ધ્યાનમાં રાખવાનું છે, અને દરેક યોગ સરખી રીતે એ લક્ષ્યે જ લઈ જાય છે. બુદ્ધે જે ધ્યાનથી મેળવ્યું, અથવા ઈશુ ખ્રિસ્તે જે પ્રાર્થનાથી મેળવ્યું, તે માનવ એકલા કાર્યમાત્રથી પણ મેળવે. બુદ્ધ કર્તવ્યપરાયણ જ્ઞાની હતા. ખ્રિસ્ત ભક્ત હતા, પણ બન્નેએ એક જ લક્ષ્ય સિદ્ધ કર્યું. મુશ્કેલી આ છે. મુક્તિ એટલે સાવ સ્વાતંત્ર્ય-શુભના બંધનમાંથી સ્વાતંત્ર્ય, તેમજ અશુભના બંધનમાંથી પણ સ્વાતંત્ર્ય મારી આંગળીમાં કાંટો વાગ્યો છે અને એ કાંટો કાઢવા માટે હું બીજા કાંટાનો ઉપયોગ કરું, અને જ્યારે કાંટો નીકળી જાય ત્યારે એ બન્ને કાંટાને ફેંકી દઉં. કેમ કે બન્ને આખરે તો કાંટા જ છે. એમ અશુભ અસરોનો પ્રતિકાર શુભ અસરો વડે કરવાનો છે, અને મનમાં પડેલી અશુભ અસરો, જ્યાં સુધી સર્વ અશુભ સાવ દૂર થાય, શમી જાય, અથવા મનમાં એક ખૂણામાં અંકુશમાં દબાય ત્યાં સુધી એને શુભ અસરોનાં નવાં નવાં આંદોલનો વડે દૂર કરવાની છે, પણ પછી આગળ વિચારીએ તો આ શુભ અસરોને પણ જીતવાની છે. આ રીતે જે 'આસક્ત' છે તે 'અનાસક્ત' થાય છે. કાર્ય કરો, પણ કાર્યની અથવા વિચારની મન પર ગાઢ અસર પડવા ન દો. આત્મા પર એની ગાઢ અસર પડવા ન દો.

જેનાથી આપણે આસક્ત થઈએ તેવા કોઈ પણ કાર્યની અસર રહે છે તે આપણે જાણીએ છીએ. તેથી 'અનાસક્ત' બનો, કાર્ય ભલે કરો, મગજનું તંત્ર ભલે કાર્યશીલ બને, સતત કાર્ય ભલે થાય, પણ એકે

તરંગને તમારા મનને જીતવા ન દો. સતત રીતે કાર્ય કરો, પણ તમે બંધાઓ નહી, બંધન ભયંકર છે. આ જગત એ આપણું નિવાસસ્થાન નથી. જે અનેક ભૂમિકાઓથી પસાર થવાનું છે તેમાંની એ તો એક ભૂમિકા છે. આત્માના શિક્ષણ માટે જ માત્ર પ્રકૃતિનું અસ્તિત્વ છે. એના અસ્તિત્વનો બીજો કોઈ અર્થ નથી. આત્માને જ્ઞાન હોવું આવશ્યક છે, અને જ્ઞાન વડે જ મુક્તિ મેળવી શકાય છે. માટે પ્રકૃતિનું અસ્તિત્વ છે. આટલું આપણે જો હંમેશાં યાદ રાખીએ તો પ્રવૃત્તિ સાથે કદી આસક્ત ન થઈએ. પણ આમ યાદ રાખવાને બદલે આપણે પ્રકૃતિ સાથે એકરૂપ બનીએ છીએ, આપણે એમ માનીએ છીએ કે આત્મા પ્રકૃતિ માટે છે, જીવ દેહ માટે છે, અને પેલી સામાન્ય કહેવતની પેઠે આપણે માનીએ છીએ કે માણસ 'ખાવા માટે જીવે છે,' નહીં કે 'જીવવા માટે ખાય છે.' સતત રીતે આવી ભૂલ આપણે કરીએ છીએ. અને જેવું આ 'આસક્તિ' તત્ત્વ આવ્યું કે તેની ગાઢ અસર આત્મા પર થવાની, પરિણામે આપણે બંધનમાં પડવાના અને મુક્તની જેમ કાર્ય કરવાને બદલે ગુલામની મનોવૃત્તિથી કાર્ય કરવા પ્રેરાવાના.

આ સર્વ શિક્ષાનું સારતત્ત્વ એ છે કે તમે સ્વામીની જેમ કાર્ય કરો, ગુલામની જેમ નહીં. માનવજાતના નવાણુ ટકા ગુલામની પેઠે કામ કરે છે, સ્વતંત્રતાથી કાર્ય કરો ! જ્યાં સુધી સ્વતંત્રતા ન આવે ત્યાં સુધી પ્રેમ ન જ આવે. ગુલામમાં શુદ્ધ પ્રેમ ન જ સંભવે. ગુલામની જેમ જો જગતની વસ્તુઓ માટે આપણે કામ કરીએ તો આપણામાં પ્રેમ ન જ સંભવે. આ દૃષ્ટિએ આપણું કામ સાચું નથી. સગાંઓ અને મિત્રો માટે કરેલાં કામો પણ સાચાં નથી, અને આપણા પોતાને માટે કરેલાં કામો પણ સાચાં નથી. પ્રેમથી કરેલું એવું એકે કાર્ય નથી જેનું પરિણામ સુખ અને શાંતિમાં



ન આવે. સાચું અસ્તિત્વ, સાચું જ્ઞાન અને સાચો પ્રેમ, આ ત્રણે એકબીજા સાથએ સનાતન રીતે સંકળાયેલાં છે, જ્યાં આમાંનું એક હોય ત્યાં બીજા પણ હોવાં જોઈએ : આના ત્રણ પ્રકાર છે : સત્, ચિત્ અને આનંદ. જ્યારે આ સત્ સાપેક્ષ બને છે ત્યારે આપણે તેને જગત તરીકે ઓળખીએ છીએ, ચિત્ એ રીતે જરા બદલાઈને જગતમાંની વસ્તુઓ વિશેનું જ્ઞાન બને છે, અને આનંદ માનવહૃદયને જ્ઞાત એવા શુદ્ધ પ્રેમનો પાયો બને છે. પ્રેમ હોય ત્યાં દુઃખ ન હોય. પ્રેમનું પરિણામ સુખમાં જ આવે. જો પ્રેમથી દુઃખ નીપજતું હોય તો એ પ્રેમ નથી, જ્યારે તમે તમારા પતિને, તમારી પત્નીને, તમારાં બાળકોને, સમગ્ર જગતને, વિશ્વને, દુઃખદાયક અસરો ન થાય એવી રીતે, ઈર્ષ્યા ન ઉદ્‌ભવે એવી રીતે, સ્વાર્થી વિચાર ન આવે એવી રીતે, પ્રેમ કરવામાં શક્ય નીવડો ત્યારે તમે 'અનાસક્ત' હોવાની યોગ્ય ભૂમિકામાં આવો છો.

શ્રીકૃષ્ણ કહે છ, 'અર્જુન ! મારી સામે જો. હું એક ક્ષણ કાર્ય કરવાનું જો છોડી દઉં તો સમસ્ત વિશ્વનો વિનાશ થાય. કાર્ય કરવાથી મને કશો લાભ થવાનો નથી, હું તો પરમેશ્વર છું, તે છતાં હું કાર્ય કરું છું કેમ કે જગત પર મને પ્રેમ છે. ઈશ્વર અનાસક્ત છે કેમ કે ને જગત પર પ્રેમ છે. એ શુદ્ધ પ્રેમ આપણને અનાસક્ત બનાવે છે. આવી અનાસક્તિ સ્થિતિએ પહોંચ્યા એટલે પ્રેમનું લક્ષ્ય આપણે સિદ્ધ કર્યું અને મુક્ત બન્યા. તે કાળે પ્રકૃતિના બંધન આપણા પરથી સરી જાય છે, અને આપણે એને એના ખરા સ્વરૂપમાં જોઈએ છીએ, પછી પ્રકૃતિ આપણને બાંધવા માટે નવી સાંકળો ઘડતી નથી, આપણે સાવ મુક્ત બન્યા છીએ અને કાર્યનાં પરિણામો ગણતરીમાં લેતા નથી, પરિણામ ગમે તે આવે તેની પછી કોણ પરવા કરે છે?'

બાળકોને તમે જે કાંઈ આપો તેના બદલામાં તમે એમની પાસેથી કાંઈ માગો છો? બાળકો માટે કામ કરવું એ તમારું કર્તવ્ય છે, અને એમાં એ વાતનોછેડો આવી જાય છે. કોઈ વિશિષ્ટ વ્યક્તિ માટે, શહેર માટે કે રાજ્ય માટે તમે જે કંઈ કરો ત્યારે તમારાં બાળકો અંગે જેવી વૃત્તિ રાખો એવી વૃત્તિ તમે ધારણ કરો. બદલામાં કશાની આશા ન રાખો. જો તમે દાતાની વૃત્તિ હંમેશાં રાખી શકો. જો તમે જગતને બધું મૂલ્ય વગર, કોઈ બદલાની આશા રાખ્યા વગર આપો તો તમારાં કાર્યની તમારામાં આસક્તિ જન્મશે નહીં. જ્યાં બદલાની આશા છે ત્યાં જ આસક્તિ છે.

માનવીનું વર્તન બે વૃત્તિઓથી પ્રેરાય છે, સામર્થ્ય અને દયા. શક્તિનો ઉપયોગ એ અનિવાર્ય રીતે સ્વાર્થની ક્રિયા બને છે. દયા અને સ્વર્ગ સમાન છે, શુભ થવા માટે આપણએ બધાએ દયાળુ થવું જોઈએ. સત્ય અને ન્યાય પણ દયાને આધારે રહેવાં જોઈએ. આપણે જે કાંઈ કાર્ય કરીએ તેમાં બદલાની આશા રાખવાથી આપણી આધ્યાત્મિક પ્રગતિ રૂંધાય છે એટલુંજ નહિં, એના પરિણામે દુઃખ આવે છે. ઈશ્વરને વ્યક્તિરૂપે માનતા હો તો કર્મને ‘ઉપાસના’ રૂપે ગણો. આમાં આપણાં સર્વ કાર્યના ફળ ઈશ્વરને અર્પણ કરીએ છીએ. અને ઈશ્વરની ઉપાસના આ રીતે આપણએ કરતા હોવાથી, જે કાંઈ કાર્ય કરીએ તેના બદલામાં માનવજાત પાસે કાંઈ પામવાની ઈચ્છા રાખવાની આપણને હક્ક નથી. નિઃસ્વાર્થ અને અનાસક્ત માનવ ગીચોગીચ અને પાપથી ભરેલા શહેરની વચ્ચે રહે તો પણ પાપનો એને સ્પર્શ થતો નથી.

કર્મયોગ એટલે શું એ હવે તમને સમજાયું હશે. મૃત્યુ દ્વાર ખખડાવતું હોય ત્યારે પણ કોઈ પ્રશ્ન પૂછ્યા વગર હરકોઈને સહાય કરવી એટલે કર્મયોગ. લાખો વાર ભલે છેતરાઓ, પ્રશ્ન પૂછો નહીં. અને તમે શું કરી



રહ્યા છો તેનો વિચાર ન કરો. ગરીબોને આપેલી સહાયની બડાશ ન મારો. એમની કૃતજ્ઞતાની આશા ન રાખો. ઊલટું એમણે દાનનો અમલ કરવાનો પ્રસંગ આપ્યો તે માટે તમે એમના કૃતજ્ઞ બનો. આથી તમને સ્પષ્ટ થશે કે આદર્શ સંન્યાસી થવું તેના કરતાં આદર્શ ગૃહસ્થ થવું એ વધારે મુશ્કેલ કાર્ય છે, ખરા સંન્યાસીના જીવન જેવું જ કર્તવ્યપરાયણ ગૃહસ્થ જીવન પણ કઠિન છે, કદાચ વિશેષ કઠિન ન હોય તો પણ તેના જેવું કઠિન તો છે જ.

## કર્મયોગનો આદર્શ

આપણે એક જ લક્ષ્ય જુદા જુદા માર્ગે પ્રાપ્ત કરી શકીએ. વેદાન્તનો આ એક ભવ્ય વિચાર છે. અને આ માર્ગોનાં મેં ચાર વિભાગ પાડ્યા છે. કર્મ, ભક્તિ, યોગ અને જ્ઞાન. આ સાથે તમારે એ ખ્યાલ રાખવાનો છે કે આ વિભાગો તદ્દન જુદા નથી, એકબીજા એકબીજામાં ભળી જાય તેવા છે. માણસમાં જે વૃત્તિ કે વલણ પ્રધાનપણે જોવામાં આવે છે, તે પ્રમાણે જ આ વિભાગો પાડવામાં આવે છે. આખરે તો આ ચારે માર્ગો ભેગા થઈને એક બની જાય છે. તમામ ધર્મો તેમજ કાર્ય અને ઉપાસનાની સર્વ રીતો આપણને એક જ લક્ષ્ય તરફ દોરી જાય છે.

એ લક્ષ્ય હું સમજું છું તે પ્રમાણે સ્વાધીનતા છે. આપણી આસપાસ જે કાંઈ આપણે જોઈએ છીએ તે સર્વ અણુથી માંડીને માનવ સુધીનાં, જીવનહીન-ચેતનાહીન જડ પદાર્થથી માંડીને પૃથ્વી પરની ઊંચામાં ઊંચી સૃષ્ટિ માનવ આત્મા સુધીનાં, સર્વે મુક્તિ માટે મથે છે. હકીકતે જોઈએ તો આ સમગ્ર વિશ્વ આ સ્વાધીનતા માટેના સંઘર્ષનું પરિણામ છે. આપણે જે કાંઈ આ વિશ્વમાં જોઈએ છીએ તેના પાયામાં સ્વાધીનતા તરફની સતત મથામણ દેખાય છે. આ વૃત્તિથી પ્રેરાઈને જ સંતપુરુષ પ્રાર્થના કરે છે અને

લૂંટારો લૂંટ કરે છે. પણ આ વૃત્તિ એક જ હોય છે - સ્વાધીનતા માટેનો સંઘર્ષ, સંતપુરુષ પોતાની બંધનભરી સ્થિતિના ભાનથી પીડાય છે. ચોર પોતાની બંધનભરી સ્થિતિના ભાનથી પીડાય છે અને તેથી એ તેનો ત્યાગ કરવા મથે છે, માટે એ ઈશ્વરની ઉપાસના કરે છે. ચોર પોતાની પાસે અમુક વસ્તુઓ નથી એવા વિચારથી પીડાય છે, એ ઊણપમાંથી મુક્તિ મેળવવા મથે છે, માટે એ ચોરી કરે છે. સંત પુરુષ ઈચ્છે છે તેના કરતાં ચોરનો સ્વાધીનતાનો પ્રકાર સાવ જુદો છે, સંત જે સ્વાધીનતા માગે છે તે વડે તે અનંત, અનિર્વચનીય આનંદ તરફ જાય છે, જ્યારે લૂંટારાની લગની એના આત્માનાં બીજાં બંધનો ઘડે છે.

સ્વાધીનતા ભણીનો સંઘર્ષ તમામ ધર્મોમાં જોવા મળે છે. માણસ જડ દેહ જ છે, એ વિચારને છોડવો એ નીતિ અને નિઃસ્વાર્થવૃત્તિનો પાયો છે. નિઃસ્વાર્થપણાની કોઈ મર્યાદા નથી, સંપૂર્ણ નિઃસ્વાર્થવૃત્તિ એ જ લક્ષ્ય છે, સર્વ નીતિશાસ્ત્રો એમ કહે છે. આ સંપૂર્ણ નિઃસ્વાર્થપણું માણસ પ્રાપ્ત કરે, પછી એ 'શ્રી... ફલાણા-ફલાણા-' રહેતા નથી, એ અનંત વિસ્તારને પામે છે. અને આ અનંત વિસ્તારને પામવું એ ખરેખર બધા ધર્મોનો, નીતિનો અને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ છે. જ્યારે દાર્શનિક રીતે આ વિચાર મૂકવામાં આવે, ત્યારે વ્યક્તિત્વવાદી ગભરાઈ જાય છે. પણ જો તે પોતે નીતિનો ઉપદેશ આપતો હોય તો તે પણ આખરે એ જ વિચારનો ઉપદેશ આપે છે. માનવની નિઃસ્વાર્થ વૃત્તિને કશી મર્યાદામાં એ મુક્તો નથી. એ વિશ્વ સાથે એક બન્યો છે, અને એમ બનવું એ સર્વનું લક્ષ્ય છે. સર્વ માનવપ્રકૃતિનું લક્ષ્ય જે મુક્તિ તેને, સ્વાધીનતા ને નિઃસ્વાર્થ કાર્ય વડે પ્રાપ્ત કરવાનો કર્મયોગનો ઉદ્દેશ છે. તેથી દરેક સ્વાર્થી કાર્ય એ લક્ષ્યે પહોંચતાં આપણને અટકાવે છે, અને હરેક નિઃસ્વાર્થ કાર્ય આપણને એ



લક્ષ્યે લઈ જાય છે. નીતિની વ્યાખ્યા આટલી જ આપી શકાય : 'જે કાંઈ સ્વાર્થમય છે તે અનૈતિક છે અને જે કાંઈ નિઃસ્વાર્થપૂર્ણ છે તે નૈતિક છે.' કાર્ય બીજા કયા પુરુષે કર્યું છે? ઈતિહાસમાં એવો કોઈ એક દાખલો તો બતાવો જે બીજા સૌના કરતાં આવી ઊંચી કોટિએ પહોંચ્યો હોય.સમગ્ર માનવજાતે માત્ર આવા એક જ માનવીને - આવી ઊંચી ફિલસૂફીને, આવી વિશાળ સહાનુભૂતિને જન્મ આપ્યો છે. આ મહાન તત્ત્વવેત્તાએ શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો, અને તેમ છતાં નાનામાં નાના પશુ માટે પણ એણે ઊંડામાં ઊંડી સહાનુભૂતિ દાખવી, તેમણે પોતાને માટે કોઈ દાવો કર્યો નહીં. કોઈ પણ હેતુ વગર કર્મ કરનાર તેઓ આદર્શ કર્મયોગી હતા. માનવજાતનો ઈતિહાસ તેમને સર્વમાનવોમાં હૃદય અને બુદ્ધિના અપૂર્વ સંયોગવાળા, આત્મશક્તિના સર્વોત્તમ વિકાસભર્યા શ્રેષ્ઠ પુરુષ તરીકે આલેખે છે, જગતે કદી ન જોયા હોય એવા એ પ્રથમ મહાન પુરુષ હતા. નીચેનાં વાક્યો ઉચ્ચારવાની હિંમત કરનાર એ પ્રથમ હતા 'કોઈ જૂની હસ્તપ્રતો બતાવવામાં આવે માટે માનશો નહીં, તમારી એ રાષ્ટ્રીય માન્યતા છે અથવા તમને બચપણથી એ માનતા કરવામાં આવ્યા છે માટે માનશો નહીં. એ બધાનો બુદ્ધિપૂર્વક વિચાર કરો, અને એનું પૃથક્કરણ કર્યા પછી તમને જો એમ લાગે કે તેથી સર્વનું શુભ થશે તો જ તમે માનજો. એ પ્રમાણે જીવજો અને અન્યને એ પ્રમાણે જીવવામાં સહાય કરજો.'

## કર્મ અને તેનું રહસ્ય

(કેલિફોર્નિયાના લૉસ એન્જેલીસ શહેરમાં ૪, જાન્યુઆરી સને ૧૯૦૦ના રોજ અપાયેલું વ્યાખ્યાન)

જિંદગીમાં મેં શીખેલા અનેક મહાન બોધપાઠોમાંનો એક એ છે કે જેટલું ધ્યાન કાર્યના ધ્યેય તરફ આપવું જોઈએ તેટલું જ તેના સાધન તરફ પણ આપવું જોઈએ. આ પાઠ હું એક મહાન પુરુષ પાસેથી શીખ્યો હતો

અને તેમનું પોતાનું જીવન આ મહાન સિદ્ધાંતના પ્રત્યક્ષ દાખલારૂપ હતું. તે એક જ સિદ્ધાંતમાંથી હું હંમેશાં ઘણું ઘણું શીખું છું. મને લાગે છે કે સફળતાનું સર્વ રહસ્ય એમાં જ રહેલું છે કે જેટલું ધ્યાન સાધ્ય પ્રત્યે આપો તેટલું જ સાધન પ્રત્યે પણ આપો.

જીવનમાં આપણી મોટી ખામી એ છે કે આપણે આદર્શ તરફ એટલા બધા ખેંચાયેલા હોઈએ છીએ, ધ્યેય આપણને એટલું બધું આકર્ષક અને લલચામણું લાગે છે, આપણી માનસિક ક્ષિતિજમાં તે એટલું બધું વિશાળ દેખાય છે કે આપણે વિગતોને બિલકુલ ભૂલી જઈએ છીએ.

પરંતુ જ્યારે જ્યારે નિષ્ફળતા મળે ત્યારે જો આપણે ઝીણવટથી તેનું પૃથક્કરણ કરીએ તો સેંકડે નવ્વાણું કિસ્સામાં આપણને જણાશે કે આપણે સાધનો તરફ દુર્લક્ષ કર્યું એ જ એનું કારણ હતું. સાધનોની સંપૂર્ણતા અને મજબૂતી પર જ યોગ્ય ધ્યાન આપવાની આપણે જરૂર છે. જો સાધનો બરાબર હોય, તો સિદ્ધિ પ્રાપ્ત થવી જ જોઈએ. આપણે ભૂલી જઈએ છીએ કે કારણ જ કાર્યનું પરિણામ લાવે છે, કાર્ય આપોઆપ પરિણમતું નથી, અને ચોક્કસ, યોગ્ય અને સબળ કારણ સિવાય કાર્ય પરિણમી શકે નહીં. એક વાર આદર્શ નક્કી કરી લઈને તેની પ્રાપ્તિનાં સાધનો જો ઠરાવી દઈએ, તો પણ આપણી ખાતરી છે કે સાધનો જ્યારે સંપૂર્ણ હોય ત્યારે તેનું પરિણામ તો આવવાનું જ. જ્યારે કારણ અસ્તિત્વમાં હોય ત્યારે કાર્ય વિશે જરાય મુશ્કેલી રહેવાની નથી, કારણ કે ફળ તો પેદા થવાનું જ છે. જો આપણે કારણની સંભાળ રાખીશું તો કાર્ય પોતાની સંભાળ પોતે જ લેશે. આદર્શની સિદ્ધિ એ જ કાર્ય છે. સાધનો કારણ છે, તેથી સાધનો તરફ લક્ષ આપવું એ જ જીવનનું મહાન રહસ્ય છે. ગીતામાં પણ આપણે આ વાંચીએ છીએ અને જાણીએ છીએ કે આપણે કામ કરવાનું છે, સતતપણે



આપણી પૂરી શક્તિથી કામ કરવાનું છે. આપણે જે કામ કરતા હોઈએ, પછી તે ગમે તેવું હોય, તેમાં આપણા સમગ્ર મનને લગાડવાનું છે. સાથોસાથ તેમાં આસક્તિ ન હોવી જોઈએ, છતાં પણ મરજી થાય ત્યારે આપણે તે કર્મને છોડી દેવાને પણ શક્તિમાન થવું જોઈએ.

જો આપણે આપણા પોતાના જીવનનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે દુઃખનું મોટામાં મોટું કારણ આ જ છે, આપણે કંઈક પણ કાર્ય હાથ ધરીએ છીએ અને આપણી સર્વશક્તિ તેના ઉપર કેન્દ્રિત કરીએ છીએ- કદાચ તેમાં આપણને નિષ્ફળતા મળે, છતાં પણ આપણે તેને છોડી શકતા નથી. આપણે જાણીએ છીએ કે તે આપણને હેરાન કરે છે, તેને વધારે વખત સુધી વળગી રહેવાની માત્ર દુઃખ જ વહોરી લેવાનું છે, છતાં આપણે આપણી જાતને તેમાંથી વિખૂટી પાડી શકતા નથી. મધમાખી મધનો એક જ ઘૂંટડો પીવા આવે છે, પણ મધના વાસણ સાથે તેના પગ ચોંટી જાય છે અને તે ત્યાંથી છૂટી શકતી નથી. આપણે આપણી જાતને પણ વારંવાર તેવી જ પરિસ્થિતિમાં મુકાયેલી જોઈએ છીએ. આપણા અસ્તિત્વનું આખું રહસ્ય આ છે. આપણે અહીં શા માટે આવ્યા છીએ? આપણે અહીં મધનો ઘૂંટડો લેવા આવ્યા, અને આપણા હાથપગ ત્યાં જ ચોંટી ગયા! પકડવાને જો કે આપણે આવ્યા, પણ આપણે પોતે જ પકડાઈ ગયા. આપણે આનંદ ભોગવવા આવ્યા પણ આપણે જ પરાધીન બની ગયા, આપણે કર્મ કરવા આવ્યા, પણ આપણે જ હાથારૂપ બની ગયા. હંમેશાં આ પ્રમાણે જ બનતું જોઈએ છીએ. જીવનની દરેક નાની નાની બાબતમાં આપણને આવું જ જોવા મળે છે. બીજા માણસોની અસર આપણા ઉપર થયા કરતી હોય છે, જ્યારે આપણે સતત બીજાના મન ઉપર અસર કરવા હેરાન પરેશાન થતા હોઈએ છીએ. આપણે જીવનમાં એશઆરામ ભોગવવા ઈચ્છીએ

છીએ. અને તે જ આપણી જીવનશક્તિને કોરી ખાય છે. પ્રકૃતિ પાસેથી આપણે બધું લઈ લેવું છે, પણ લાંબે ગાળે આપણે જોઈએ છીએ કે પ્રકૃતિ આપણી જ પાસેથી બધું લઈ લે છે, આપણને ચૂસી લે છે અને એક બાજું ફેંકી દે છે. જો આવું ન હોત તો જિંદગી કેવળ આનંદભરી જ હોત. હરકત નહિ ! જીવનની બધી નિષ્ફળતાઓ અને સિદ્ધિઓ છતાં, જીવનના સર્વ આનંદો અને દુઃખો છતાં જો આપણે માત્ર એમાં આસક્ત થી ન જઈએ, તો જીવન એકધારું આનંદમય જ બની રહે.

દુઃખનું એક કારણ આ છે કે આપણે મોહમાં પડીએ છીએ, આપણે પકડાઈ જઈએ છીએ. તેથી જ ગીતા કહે છે : સતત કાર્ય કરો, કાર્ય કરો, પણ આસક્ત ન થાઓ, તેમાં સપડાઓ નહીં. જેને માટે જીવાત્મા ખૂબ જ ઝંખે તેવી પ્રિય વસ્તુમાંથી પણ અનાસક્ત થવાની શક્તિ તમારામાં જગાડો, વસ્તુ છોડી દેવી પડે ત્યારે ભલે ગમે તેટલું દુઃખ થાય, છતાં પણ જ્યારે ઈચ્છા થાય ત્યારે તેને છોડી દેવાની શક્તિ તમે કેળવો. નબળા લોકોને માટે અહીં આ જીંદગીમાં અથવા બીજી જિંદગીમાં કોઈ સ્થાન નથી. નબળાઈ ગુલામી તરફ લઈ જાય છે. નબળાઈ સર્વ પ્રકારનાં માનસિક તથા શારીરિક દુઃખો લાવે છે. નબળાઈ એ મૃત્યુ છે. આપણી આજુબાજુમાં અસંખ્ય જીવાણુઓ રહેલા છે, પણ જ્યાં સુધી આપણે નબળા ન પડીએ અને શરીર તેમને સંઘરવાને તૈયાર તેમજ અનુરૂપ ન બને ત્યાં સુધી તે આપણને કશું નુકસાન કરી શકતાં નથી. દુઃખનાં અસંખ્ય જીવાણુઓ ભલે આપણી આજુબાજુ ઊડતાં હોય, કંઈ હરકત નહીં! જ્યાં સુધી મન નબળું ન પડે ત્યાં સુધી તેઓ આપણી પાસે આવવાની હિંમત કરી શકશે નહીં, આપણને સકંજામાં લેવાની તેમની તાકાત નથી. આ એક મહાન સત્ય છે : શક્તિ જ જીવન છે, નિર્બળતા એ મૃત્યુ છે. આ શક્તિ આનંદરૂપ



છે, શાશ્વત અને અમર છે, નિર્બળતા સતત બોજો અને દુઃખ છે, મૃત્યુ છે.

આપણા અત્યારના સર્વ આનંદોનું ઉદ્‌ભવસ્થાન આસક્તિ છે. આપણે આપણા મિત્રોમાં, આપણાં સગાંસંબંધીઓમાં આસક્ત છીએ. આપણે આપણાં બૌદ્ધિક અને આધ્યાત્મિક કાર્યોમાં આસક્ત છીએ, આપણે બાહ્ય પદાર્થોમાં આસક્ત છીએ, અને તેથી આપણે તેમાંથી આનંદ મેળવીએ છીએ. વળી આ આસક્તિ વિના અન્ય એવું શું છે કે જે દુઃખ લાવે છે? આનંદ મેળવવા માટે આપણે અનાસકત થવું જરૂરીછે. જો ઈચ્છા કરતાંવેંત અનાસક્ત થઈ જવાની આપણામાં શક્તિ હોય, તો કોઈ પણ પ્રકારનું દુઃખ રહેત જ નહીં. જે મનુષ્ય પોતાની સર્વ શક્તિથી કોઈ પણ બાબતમાં ઓતપ્રોત થઈ શકે, અને જરૂર જણાય ત્યારે બધામાંથી અળગો પણ થઈ શકે, તે જ મનુષ્ય પ્રકૃતિ પાસેથી સૌથી વધુ લાભ ઉઠાવી શકે. પરંતુ મુશ્કેલી એ છે કે ઓતપ્રોત થવાની શક્તિની સાથોસાથ તેટલા જ પ્રમાણમાં અલગ થવાની શક્તિની પણ જરૂર છે. કેટલાએક માણસો એવા હોય છે કે તેઓ કોઈ વસ્તુથી કદી પણ આકર્ષિત થતા જ નથી, તેઓ કદી પ્રેમ કરી શકતા નથી, તેઓ કઠોર હૃદયના અને લાગણીહીન હોય છે, જિંદગીનાં ઘણાંખરાં દુઃખોમાંથી તેઓ છટકી જાય છે. પણ એમ તો દીવાલને પણ કદી દુઃખ નથી થતું, દીવાલ પણ કદી કોઈને ચાહતી નથી, દીવાલનેય કદી મનમાં આઘાત પહોંચતો નથી. પણ અંતે તો એ દીવાલ જ છે! દીવાલ બનવા કરતાં તો આસક્ત થવું અને સપડાવું એ વધારે સારું છે. તેથી જે માણસ કદી પ્રેમ કરતોનથી, જે કઠોર અને પાષાણહૃદયી છે, તે જીવનનાં ઘણાંખરાં દુઃખોમાંથી છટકી જવાની સાથોસાથ જીવનના આનંદોથી પણ વંચિત રહે છે. આપણે એ જોઈતું નથી. એ તો નિર્બળતા છે. મોત છે. જે જીવાત્મા કદી નિર્બળતાનો અનુભવ કરતો નથી, જે કદી

દુ:ખ અનુભવતો નથી, તે હજી જાગ્રત જ થયેલ નથી. એ તો જડ અવસ્થા છે, આપણે એ ન જોઈએ.

સાથોસાથ, પ્રેમની આ મહાન શક્તિ, આસક્તિની આ મહાન શક્તિ, માત્ર એક જ બાબત ઉપર આપણા આખા મનને કેન્દ્રિત કરવાની શક્તિ, બીજાઓને માટે પોતાની જાતને હોમી દેવાની, જાણે કે મિટાવી દેવાની શક્તિ-જે દૈવી શક્તિ છે - તેની જરૂર છે, એટલું જ નહીં, આપણે તો દેવોથીયે વધુ ઉચ્ચ થવું છે. પૂર્ણ માનવ પોતાની સમગ્ર શક્તિને પ્રેમના એક માત્ર કેન્દ્ર પર એકઠી કરી શકે છે, અને છતાં તે અનાસક્ત હોય છે. આ કેવી રીતે બને છે? અહીં એક બીજું રહસ્ય શીખવાનું છે.

ભિખારી કદી સુખી હોતો નથી. એને મળતી મદદની પાછળ દયા અને તિરસ્કારની ભાવના રહેલી છે, કાંઈ નહીં તો એની પાછળ ઓછામાં ઓછો એવો વિચાર તો રહેલો જ છે કે એ એક હલકા દરજ્જાનો માણસ છે. એટલે તેને જે મળે છે તેનો ખરો આનંદ જ તે માણી શકતો નથી. આપણે બધા ભિખારીઓ છીએ. આપણે જે કંઈ કરીએ, તેનું વળતર ઈચ્છીએ છીએ. આપણે બધા વાણિયા છીએ. આપણે જિંદગીનો વેપાર કરીએ છીએ, આપણે નીતિનો વેપાર કરીએ છીએ. આપણે ધર્મનો પણ વેપાર કરીએ છીએ. અરેરે! આપણે પ્રેમનો પણ વેપાર કરીએ છીએ.

જો તમારે વેપાર જ કરવો હોય, જો સવાલ આપ-લેનો કે ખરીદવેચાણનો હોય, તો ખરીદ વેચાણના નિયમ પ્રમાણે વર્તો. વેપારમાં તેજીમંદી હોય છે, કિંમતમાં વધઘટ થયા કરે છે અને ફટકો લાગવાની આશંકા તમને હંમેશાં રહ્યા કરતી હોય છે. એ તો આરસીમાં જોવા જેવું છે. તમારું જ પ્રતિબિંબ એમાં પડે છે, તમે ચાળા પાડો તો તેમાં તેવું જ દેખાશે, તમે હસશો તો આરસીમાંનું મોં પણ હસશે. આનું નામ



ખરીદવેચાણ કે આપ-લે.

આપણે સપડાઈ જઈએ છીએ. કેવી રીતે? આપણે જે આપીએ છીએ તેનાથી નહીં, પણ જેની અપેક્ષા રાખીએ છીએ તેનાથી. આપણા પ્રેમના બદલામાં આપણને દુ:ખ મળે છે, એ દુ:ખ આપણે પ્રેમ રાખીએ છીએ એને લીધે નહીં પરંતુ આપણે બદલામાં પ્રેમની અપેક્ષા રાખીએ છીએ તેથી મળે છે. જ્યાં કશી અપેક્ષા નથી ત્યાં કશું દુ:ખ નથી. ઈચ્છા, અપેક્ષા, એ જ સર્વ દુ:ખોનું મૂળ છે. ઈચ્છાઓ સફળતા તેમજ નિષ્ફળતા બંને નિયમોથી બંધાયેલી છે, ઈચ્છાઓ જરૂર દુ:ખ લાવે જ.

એટલે સાચી સફળતાનું, સાચા સુખનું મહાન રહસ્ય આ છે : જે મનુષ્ય કશા બદલાની આશા નથી રાખતો, જે સંપૂર્ણપણે નિ:સ્વાર્થ છે, તે સૌથી વધુ સફળ છે. એ વિરોધાભાસ હોય એવું દેખાય છે. શું આપણે નથી જાણતા કે જે માણસ જિંદગીમાં નિ:સ્વાર્થીહોય છે તે જ છેતરાય છે, તે જ દુ:ખી થાય છે? ઉપલક દૃષ્ટિએ તો એમ જ લાગે છે. 'જુઓ ને, ઈશુ ખ્રિસ્ત નિ:સ્વાર્થ હતા અને છતાં તમને ક્રોસ (વધસ્તંભ) ઉપર ચડાવી દીધા!' એ ખરું. પણ આપણે એ પણ જાણીએ છીએ કે તે નિ:સ્વાર્થતા જ એક મહાન વિજયનું કારણ બને અને તેનાથી જ કરોડો જિંદગીઓ ઉપર સાચી સફળતારૂપી આશીર્વાદનો કળશ ચડ્યો.

કોઈ પણ વસ્તુ માગો નહીં, બદલામાં કશાની આશા રાખો નહીં. તમારે જે આપવાનું છે તે તમે આપો, તે તમારી પાસે પાછું તો આવશે, પણ અત્યારે તમે તેના વિશે વિચાર ન કરો. તે હજારગણું થઈને તમારી પાસે પાછું આવશે, પણ અત્યારે તમે તેના વિશે વિચાર ન કરો. તે હજારગણું થઈને તમારી પાસે પાછું આવશે, પરંતુ તમારું ધ્યાન તેના ઉપર લાગેલું હોવું ન જોઈએ. છતાંય આપવાની શક્તિ કેળવો, બસ

આપો અને ત્યાં જ એની સમાપ્તિ ગણો. આટલું બરાબર શીખી લો કે જીવન આપી દેવા માટે જ છે, પ્રકૃતિ જ તમને એ કરવાની ફરજ પાડશે, માટે સ્વેચ્છાએ આપો. વહેલુંમોડું તમારે આપી તો દેવું જ પડશે. તમે જન્મો છો ભેગું કરવા, મુઠ્ઠી ભરી ભરીને તમે એકઠું કરવા ઈચ્છો છો. પરંતુ કુદરત તમારો ટોટો પીસીને તમારી મુઠ્ઠી ખુલ્લી કરાવી નાખે છે. તમારી ઈચ્છા હોય કે ન હોય, પણ તમારે આપી જ દેવું પડે છે. જે ઘડીએ તમે કહો કે 'હું નહીં આપું,' એ જ ઘડીએ ફટકો પડે છે અને તમે દુઃખી થાઓ છો. એવો કોઈ નથી કે જેને લાંબે ગાળે ફરજિયાત બધું છોડવું ન પડે. માણસ આ નિયમની વિરુદ્ધ જવા જેટલો વધુ પ્રયત્ન કરે તેટલો તે વધુ દુઃખી થાય છે. આપણામાં આપી દેવાની હિંમત નથી, પ્રકૃતિની આ મહાન માગણીને સ્વીકારવા જેટલા આપણે અનાસક્ત થયા નથી, એ કારણસર જ આપણે દુઃખી થઈએ છીએ. જંગલ તો જતું રહ્યું છે પણ બદલામાં ગરમી આવે છે. સૂર્ય, સાગરમાંથી (વરાળરૂપે) પાણી ખેંચે છે, પણ તે વરસાદરૂપે પાછું આપવા માટે. તમે લેવા અને દેવા માટેનું એક યંત્ર માત્ર છો, તમે લો છો તે પાછું આપવા માટે જ. તેથી બદલામાં કશાની આશા રાખો નહીં. પરંતુ જેમ તમે વધુ આપશો તેમ વધુ ને વધુ તમે પામશો. આ ઓરડામાંથી હવાને જેટલી ઝડપથી તમે ખાલી કરશો, તેટલી જ ઝડપથી બહારની હવાથી ઓરડો પાછો ભરાઈ જશે. પણ જો તમે બધાં બારીબારણાં અને હવાને અંદર આવવાના નાનામાં નાના માર્ગો પણ બંધ કરી દેશો તો જે હવા અંદર જ રહેશે, અને બહારની હવા અંદર આવી શકશે નહીં, પણ એથી અંદરની હવા ગોંધાઈ રહેવાથી બંધિયાર થઈને ઝેરી બની જશે. નદી અવિરતપણે મહાસાગરમાં ઠલવાયા કરે છે અને પછી નિરંતર ભરાયા કરે છે. મહાસાગરમાં જતા માર્ગને બંધ કરો



નહીં : જે ક્ષણે તમે તેમ કરશો તે જ ક્ષણે મૃત્યુ તમને ઝડપી લેશે.

તેથી ભિખારી બનો નહીં. અનાસક્ત રહો. જિંદગીનું સૌથી વિકટ કામ આ છે. તમે રસ્તામાંનાં ભયસ્થાનોની ગણતરી કરતા નથી. બુદ્ધિ વડે મુશ્કેલીઓને ઓળખવા છતાં જ્યાં સુધી આપણને તેમનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી ત્યાં સુધી આપણે તેમને સાચી રીતે સમજી શકતા નથી. એક બાગનો દૂરથી સામાન્ય ખ્યાલ આવે, પણ એથી શું વળ્યું? તેનો અનુભવ અને ખરેખરું જ્ઞાન તો આપણે જ્યારે તેની અંદર જઈએ ત્યારે જ થાય. ભલે ને દરેક પ્રયત્ન નિષ્ફળ જાય, આપણને લોહી નીકળે અને અંગે ચીરા પડે, છતાં આ બધાની વચ્ચે આપણે આપણી હિંમત જાળવી રાખવાની છે. આ બધીયે મુશ્કેલીઓની વચ્ચે આપણે આપણા દિવ્યત્વ પણ ભાર મૂકવાનો છે. પ્રકૃતિ તો ચાહે છે કે આપણે તેનો પ્રતિકાર કરીએ, ફટકાની સાથે ફટકો મારીએ, ઠગાઈની સામે ઠગાઈ કરીએ, જૂઠની સામે જૂઠ આચરીએ. આપણી પૂરી તાકાતથી સામો ઘા કરીએ. તેથી તો સામો ઘા ન કરવામાં, સંયમ જાળવવામાં અનાસક્ત થવામાં, દૈવી શક્તિ જોઈએ છે.

અનાસક્ત રહેવાનો નિયમ આપણે રોજરોજ ફરી ફરીને કરીએ છીએ. આપણે ભૂતકાળ પર નજર નાખીને અગાઉના આપણા પ્રેમ અને આસક્તિના પદાર્થોને જોઈએ છીએ ત્યારે લાગે છે કે એમાંના દરેકે આપણને કેવા દુઃખો કર્યા છે. આપણે નિરાશાની ઊંડી ખાઈમાં ઊતરી ગયા તેનું કારણ આપણો 'પ્રેમ'! આપણે આપણી જાતને બીજાના હાથમાં માત્ર ગુલામ તરીકે જોઈ. આપણે નીચે ને નીચે ઘસડાતા જ ગયા ! એટલે વળી આપણે નવો નિશ્ચય કરીએ છીએ : બસ, હવેથી હું મારો માલિક બનીશ, મારી જાત ઉપર હવેથી હું કાબૂ રાખીશ. પણ પ્રસંગ આવે એટલે પાછું

એનું એ! વળી પાછો જીવાત્મા જકડાઈ જાય છે અને બહાર નીકળી શકતો નથી. પંખી મથાણ કરે છે. પાંખો ફફડાવે છે, પણ જાળમાં પુરાઈ ગયું છે! આ છે આપણું જીવન.

મુશ્કેલીઓને હું જાણું છું, એ જબરદસ્ત છે. આપણાંમાંના નેવું ટકા હતાશ થઈને હિમ્મત ખોઈ બેસે છે. અને ઘણી વાર નિરાશાવાદી થઈને અંતરની સચ્ચાઈ, પ્રેમ અને જે કાંઈ ભવ્ય અને ઉદાત્ત છે તેમાં માનતા અટકી જાય છે. તેથી આપણે જોઈએ છીએ કે જે લોકો પોતાના જીવનની શરૂઆતના કાળમાં ક્ષમાશીલ, માયાળુ, ભોળા અને નિખાલસ હોય છે, તેઓ વૃદ્ધાવસ્થા આવતાં અસત્યનાં કાળાં ઓઢણાં ઓઢીને બેસી જાય છે, એમનાં મન આંટીઘૂંટીનાં જાળાં જેવાં થઈ જાય છે. સંભવિત છે કે એમાં બહાર દેખાડવાની ચાલાકી જ ઘણી હોય. એ લોકો ગરમ મગજના ન હોય, બહુ બોલે નહીં, પણ એ લોકો એમ કરે એ જ તેમને માટે સારું છે, તેમનાં હૈયાં જડ થઈ ગયાં હોય છે અને તેથી એ શાપ ન દે, તેમ ગુસ્સે પણ ન થાય, પણ એમનાથી ગુસ્સે થવાતું હોય તો તેમને માટે એ સારું છે, ગાળો દઈ શકતા હોય તો એ તેમને હજારગણું ફાયદાકારક છે. પણ એ લોકો એમ કરી શકતા નથી. તેમનું હૈયું મરી પરવાર્યું છે. કારણ કે નિરાશાના હિમ જેવા સકંજાએ તેને જકડી લીધું છે, એટલે એનાથી ગાળ દેવા જેટલુંય, અરે, કઠોર વેણ કાઢવા જેટલુંય કામ થઈ શકે એમ નથી!

આ બધાંથી આપણે દૂર રહેવાનું છે, તેથી જ હું કહું છું કે આપણને અતિદૈવી શક્તિની જરૂર છે. અતિમાનવીય શક્તિ માત્ર પૂરતી સમર્થ નથી, અતિદૈવી શક્તિ જ બહાર નીકળવાનો એક માત્ર રસ્તો છે. એક માત્ર તેનાથી જ આપણે આ બધી આંટીઘૂંટીઓમાંથી, આ બધા દુઃખના



ડુંગરોમાંથી, સહીસલામત બહાર નીકળી શકીએ. આપણા કાપીને કટકા ભલે કરવામાં આવે, આપણને ઊભે ઊભા ચીરી નાખવામાં ભલે આવે, પરંતુ એ સર્વ સમયે આપણાં હૃદય તો વધુ ને વધુ ખાનદાન, વધુ ને વધુ મહાન જ થવાં જોઈએ.

એ બહુ જ કઠણ છે, પરંતુ કાયમના અભ્યાસથી એ કઠિનાઈને આપણે ઓળંગી શકીએ. આપણે શીખી લેવું જોઈએ કે આપણે પોતે જ્યાં સુધી આપણી જાતને ગ્રહણ-યોગ્ય બનાવીએ નહીં, ત્યાં સુધી આપણને કંઈ જ થઈ શકે નહીં. મેં તમને હજી હમણાં જ કહ્યું ને, કે જ્યાં સુધી શરીર તૈયાર ન હોય ત્યાં સુધી તેમાં કોઈ રોગ ન થાય. એકલાં જંતુઓ ઉપર જ રોગનો આધાર નથી, પણ શરીરની અંદર અગાઉથી જ રહેલી અમુક પૂર્વસ્થિતિ ઉપર પણ તેનો આધાર છે. જેને માટે આપણે યોગ્ય હોઈએ તે જ માત્ર આપણને મળે છે. આપણે આપણું અભિમાન મૂકી દઈને સમજી લઈએ કે કોઈ દુઃખ બેગુનાહ કદી આવતું નતી, એક પણ ફટકો ગેરવાજબીપણે કદી પડતો નથી, મારા પર આવેલું એકે અનિષ્ટ એવું નથી કે જેને માટે મેં મારે પોતાને હાથે રસ્તો તૈયાર ન કર્યો હોય. આપણે એ સમજવું જોઈએ . તમે જો પોતાનું પૃથક્કરણ કરી જોશો તો જણાશે કે તમને લાગેલો દરેક આઘાત તમે તેને માટે તમારી જાતને તૈયાર કરી હતી માટે જ આવ્યો હતો. એક અર્ધું તમે કર્યું અને બીજું અર્ધું બહારની દુનિયાએ કર્યું, ફટકો એ રીતે આવ્યો. એ આપણને વિચારશીલ બનાવશે. સાથોસાથ આ જ પૃથક્કરણમાંથી આશાનો સૂર પણ ઊઠશે. એ સૂર આ છે : 'બાહ્ય જગત પર મારો જરા પણ કાબૂ ભલે ન હોય, પરંતુ જે મારામાં અને મારી નજીક છે, જે મારી પોતાની જ દુનિયા છે, તો તે મારા કાબૂમાં છે જ !' નિષ્ફળતા લાવવા માટે જો એ બેઉ દુનિયાની હાજરી એકસાથેજરૂરી હોય,

ફટકો લાગવાને માટે જો એ બન્નેની એકીસાથે આવશ્યકતા હોય, તો જે દુનિયા મારા કાબૂમાં રહેલી છે તેનો ફાળો જો હું ન આપું તો પછી ફટકો આવી જ કેવી રીતે શકવાનો છે? જો હું મારી જાત પર ખરો કાબૂ મેળવી લઉં, તો ફટકો કદી ન આવે!'

આપણે બાળપણથી જ કાયમ આપણી પોતાની બહારની કોઈક વસ્તુ ઉપર જ દોષ ઢોળી નાખવાને કોશિશ કરતા હોઈએ છીએ. આપણે હંમેશાં બીજા લોકોને સુધારવા સારુ ખડે પગે ઊભા હોઈએ છીએ, પણ પોતાની જાતને કદી નહીં. જો આપણે દુઃખી થઈએ તો કહીએ છીએ કે 'ઓહ! આ તો શેતાનની દુનિયા છે!' આપણે બીજાઓને ગાળો દઈએ છીએ કે 'સાળા કેવા લઠ્ઠ ને બેવકૂફો છે!' પરંતુ જો આપણે ખરેખર એટલા બધા સારા હોઈએ તો એવી દુનિયામાં આપણે હોઈએ જ શું કામ? જો આ દુનિયા શેતાનની જ હોય તો આપણે પણ શૈતાન જ હોવા જોઈએ, નહિતર આપણે અહીં હોઈએ જ શા માટે? અરે! દુનિયાના લોકો એટલા બધા સ્વાર્થી છે!' વાત ખરી, પણ જો આપણે સારા હોઈએ તો એવી સોબતમાં આપણે શા માટે પડ્યા હોઈશું? એનો તો વિચાર કરો.

જેને માટે આપણે લાયક હોઈએ, તે જ આપણને મળે છે. દુનિયા ખરાબ છે અને આપણે સારા છીએ એમ કહેવું, એ નરાતાળ જૂઠાણું છે, એવું બની શકે નહિ. એ આપણે પોતાની જાતને હડહડતું જૂઠું ન કહીએ છીએ.

શીખવાનો પહેલો પાઠ આ છે, બહારની કોઈ બાબતને નહિ ભાંડવાનો, બીજા કોઈ માણસ ઉપર દોષનો ટોપલો નહિ ઓઢાડવાનો નિશ્ચય કરો. મરદ બનો, અને ટટાર રહીને દોષ પોતાના ઉપર વહોરી લો. તમને જણાશે કે એ હંમેશાં સાચું જ હોય છે. પહેલાં પોતાને જ



પકડો.

એક ક્ષણે આપણે આપણા મરદપણાની વાત કરીએ, આપણે દેવો છીએ, આપણે બધું કરી શકીએ છીએ, આપણે નિષ્કલંક, નિર્દોષ અને દુનિયામાં નિઃસ્વાર્થમાં નિઃસ્વાર્થ લોકો છીએ એવી બધી વાતો આપણે કરીએ છીએ. અને બીજી જ ક્ષણે એક નાનકડો પથરો આપણને ઈજા કરે છે, કોઈ એક હાલીમવાલીનો ગુસ્સો આપણને આઘાત પહોંચાડે છે, રસ્તે ચાલતો ગમે તે અદનો આદમી 'આ દેવો' ને દુઃખી કરી શકે છે, એ શું શરમની વાત નથી? જો આપણે દેવો હોઈએ તો એવું બને ખરું? વાંક દુનિયાનો છે એ વાત શું ખરી છે? પવિત્રમાં પવિત્ર અને ઉમદામાં ઉમદા આત્મા એવા ઈશ્વરને આપણી કોઈ પણ યુક્તિ - પ્રયુક્તિથી દુઃખી કરી શકાય ખરો? જો તમે એવા નિઃસ્વાર્થ હો તો તમે ઈશ્વરતુલ્ય છો. કઈ દુનિયા તમને નુકસાન પહોંચાડી શકવાની? મહા રૌરવ નરકમાંથી પણ તમે હેમખેમ અને અલિપ્ત રહીને નીકળી જઈ શકશો. પરંતુ તમે ફરિયાદ કરો છો અને બહારની દુનિયા પર રોષ ઢોળી દેવા માગો છો, એ હકીકત જ બતાવે છે કે તમને બાહ્ય જગતનું ભાન છે, અને તમને એ ભાન છે એ જ બતાવે છે કે તમે જે હોવાનો દાવો કરો છો તેવા તમે નથી. બાહ્ય જગત તમને નુકસાન કરે છે એવી કલ્પના કરીને, અને 'અરે, આ તો શેતાની દુનિયા છે! ફલાણો મારું નુકસાન કરે છે, ઢીંકણો મને હેરાન કરે છે!' વગેરે જાતની બૂમો પાડીને દુઃખ પર દુઃખના ઢગલા ખડકીને તમે તમારો ગુનો ઊલટો વધુ મોટો બનાવો છો! એ તો દુઃખમાં જૂઠાણાં ઉમેરવા જેવું છે.

આપણે આપણી જાતને જ સંભાળવાની છે, એટલું આપણે કરી શકીએ. થોડાક સમયને માટે પારકી પંચાત કરવાનું છોડી દઈએ. આપણે

સાધનને સંપૂર્ણ બનાવીએ, એટલે પરિણામ એની મેળે આવશે. કારણ કે આપણાં જીવન સારાં અને પવિત્ર હોય, તો જ દુનિયા સારી અને પવિત્ર થઈ શકે. દુનિયા તો એક કાર્ય છે, કારણ આપણે છીએ. એટલા માટે, આપણે આપણી જાતને શુદ્ધ બનાવીએ, આપણે આપણી જાતને સંપૂર્ણ બનાવીએ.



# ૪. એકાગ્રતા અને પ્રાણાયામ

માણસ અને પશુ વચ્ચે મુખ્ય તફાવત તેમની મનની એકાગ્રતાની શક્તિમાં રહેલો છે. કોઈ પણ કાર્યક્ષેત્ર માંહેની બધી સફળતાઓ આનું પરિણામ છે. એકાગ્રતા વિશે દરેક જણ કંઈક તો જાણે જ છે. એનાં પરિણામો આપણે દરરોજ જોઈએ છીએ. કલા સંગીત વગેરે માંહેની ઉત્તમ સિદ્ધિઓ એકાગ્રતાનાં પરિણામો છે. પશુમાં એકાગ્રતાની શક્તિ બહુ જ થોડી હોય છે. જેમણે પશુઓને કેળવ્યાં છે તેમને એક બાબતની હંમેશાં મુશ્કેલી પડે છે કે પશુઓ તેમને જે કહેવામાં આવે છે તે કાયમ ભૂલી જાય છે, પશુ પોતાનું ચિત્ત લાંબા સમય સુધી કોઈ બાબત પર એકાગ્ર કરી શકતું નથી. માણસ અને પશુ વચ્ચેનો તફાવત અહીં છે. માણસમાં એકાગ્રતાની શક્તિ વધારે હોય છે, એકાગ્રતા શક્તિની વધુ ઓછી માત્રા માણસ માણસ વચ્ચે પણ તફાવત પાડે છે. હલકામાં હલકા માણસને મહાનમાં મહાન માણસ સાથે સરખાવી જુઓ, બન્નેમાં તફાવત એકાગ્રતાની માત્રાનો જ હોય છે. તફાવત એને કારણે જ થાય છે. દરેક માણસનું મન ક્યારેક ક્યારેક એકાગ્ર થાય છે. જે બાબતોને આપણે ચાહીએ

છીએ તેમના પર આપણે એકચિત્ત બની જઈએ છીએ, અને જેના પર એકચિત્ત બની જઈએ તેમને આપણે ચાહીએ છીએ. એવી કઈ માતા છે કે જેને પોતાના સામાન્યમાં સામાન્ય બાળકનો ચહેરો પણ ન ગમતો હોય? માતાને માટે તો તે ચહેરો દુનિયાનું સૌથી વધુ સૌંદર્યવાન હોય છે. માતા તેને ચાહે છે કારણ કે તે પોતાનું મન બાળકના ચહેરા પર કેન્દ્રિત કરે છે, જો દરેક વ્યક્તિ તે જ ચહેરા પર પોતાનું મન એકાગ્ર કરી શકે તો દરેક તેને ચાહવા લાગશે. સૌને તે સુંદરમાં સુંદર ચહેરો લાગશે. આપણે સહુ જેને ચાહીએ છીએ તે વસ્તુ પર આપણા મનને એકાગ્ર કરીએ છીએ. જ્યારે આપણે મધુર સંગીત સાંભળીએ છીએ ત્યારે આપણાં મન તેમાં તલ્લીન થઈ જાય છે. એટલે આપણે તેમને ત્યાંથી ખેંચી લઈ શકતા નથી. જેઓ પોતાનાં મન, જેને શાસ્ત્રીય સંગીત કહેવામાં આવે છે તેના પર એકાગ્ર કરે છે, તેમને હળવું સંગીત ગમતું નથી, આથી ઊલટું જેણે હળવા સંગીતમાં એકાગ્ર થાય છે, તેમને શાસ્ત્રીય સંગીત ગમતું નથી. જે સંગીતમાં સૂરો ઝડપથી એકબીજાની પાછળ આવે છે. તે તરત જ મનને પકડી રાખે છે. બાળકને મનોહર સંગીત વિશેષ ગમે છે, કારણ કે તેના સૂરોની ઝડપ મનને ભટકવાની તક આપતી જ નથી. જે માણસને હળવું સંગીત ગમે તેને શાસ્ત્રીય સંગીત નથી ગમતું, કેમ કે તે વધુ ગૂંચવણભર્યું હોય છે. તેને સમજવામાં વધુ માત્રામાં એકાગ્રતાની જરૂર પડે છે.

આની એકાગ્રતાનું મોટું દુઃખ એ છે કે મનને આપણે અંકુશમાં રાખી શકતા નથી. મન આપણને અંકુશમાં રાખે છે. જાણે કે, આપણી બહારનું કંઈક મનને પોતાના તરફ ખેંચી જાય છે એ પોતાને ઠીક લાગે ત્યાં સુધી મનને પકડી રાખે છે. આપણે મધુર સૂરો સાંભળીએ કે કોઈ સુંદર ચિત્ર જોઈએ તો મન તેમાં ચોંટી રહે છે, આપણે તેને ખેંચી લઈ



શકતાં નથી.

તમને ગમતા વિષય પર જો હું સુંદર ભાષણ આપું તો હું જે કહું તેના પર તમારું ચિત્ત એકાગ્ર થઈ જાય, તમારાં મનને હું તમારી ઉપરવટ થઈને પણ તમારી બહાર ખેંચી લઉં છું, અને તેને તે બાબત પર ચોંટાડી રાખું છું. આમ આપણી અનિચ્છા છતાં આપણું ધ્યાન ખેંચાઈ રહે છે, આપણાં મન વિવિધ વસ્તુઓ પર કેન્દ્રિત થાય છે, અને આપણે તેમ થતું અટકાવી શકતા નથી.

હવે એક પ્રશ્ન એ છે કે આ એકાગ્રતાને વિકસાવી શકાય? અને શું આપણે તેના સ્વામી બની શકીએ? યોગીઓ કહે છે, ‘હા.’ તેઓ કહે છે કે આપણે મન પર સંપૂર્ણ કાબૂ મેળવી શકીએ. એકાગ્રતાની શક્તિનો વિકાસ કરવામાં નૈતિક બાજુએ એક ભય છે, ભય એ છે કે મનને એક વસ્તુ પર એકાગ્ર કર્યા પછી આપણી મરજી મુજબ તેને તેમાંથી અલગ પાડી દઈ શકાતું નથી. આ અવસ્થા બહુ દુઃખદાયક નીવડે છે. અલગ થવાની શક્તિ ન હોવાને લીધે જ આપણાં લગભગ તમામ દુઃખો ઊભાં થાય છે. તેથી એકાગ્રતાની શક્તિ સાથે જ અલગ થવાની શક્તિ પણ કેળવવી જોઈએ. આપણે મનને એક જ વસ્તુ પર પૂરેપૂરું કેન્દ્રિત કરતાં શીખવું જોઈએ એટલું જ નહિ, પણ એક ક્ષણમાં જ તેને તેનાથી વેગળું કરી દઈને બીજી કોઈ વસ્તુ પર લગાડતાં આપણને આવડવું જોઈએ. તેને સલામત બનાવવા માટે આ બન્ને શક્તિઓને સાથે વિકસાવવી જોઈએ.

આ છે મનનો પદ્ધતિસરનો વિકાસ. મારા મત પ્રમાણે કેળવણીનો સાર મનની એકાગ્રતા જ છે, હકીકતો એકઠી કરવી તે નહિ. જો મારે મારું શિક્ષણ ફરીથી લેવાનું હોય, અને એ બાબતમાં મારે કશું કહેવાનું હોય, તો હું તો હકીકતોનો મુદ્દલ અભ્યાસ ન કરું. હું તો એકાગ્રતા અને

અલિપ્તતાની શક્તિ જ કેળવું અને પછી સંપૂર્ણ સજ્જ થયેલા મનરૂપી સાધન વડે ઈચ્છા મુજબની હકીકતો એકઠી કરું. બાલ્યાવસ્થામાં જ એકાગ્રતાની તેમજ અલિપ્તતાની શક્તિ સાથોસાથ જ કેળવવી જોઈએ.

મારો વિકાસ બધો વખત એકતરફી જ થયો છે. મેં એકાગ્રતા કેળવી પરંતુ મનને સ્વેચ્છા અલિપ્ત રાખવાની શક્તિ કેળવ્યા વિના. મારા જીવનમાં તીવ્રમાં તીવ્ર દુ:ખ આને લીધે જ આવ્યું છે. હવે મારામાં અલિપ્ત રહેવાની શક્તિ આવી છે, પણ તે મારે પાછળની જિંદગીમાં શીખવી પડી હતી.

વસ્તુઓ પર આપણે આપણાં મનને યોજવાં જોઈએ, વસ્તુઓ આપણાં મનને તેમાં ખેંચે તેવું ન થવું જોઈએ. સામાન્યતઃ એકાગ્ર બનવાની આપણને ફરજ પડે છે. જુદી જુદી વસ્તુઓમાં રહેલા, અને જેનો આપણે પ્રતિકાર કરી ન શકીએ તેવા આકર્ષણને લઈને આપણાં મનને તેમના પર એકાગ્ર થવાની ફરજ પડે છે. મનને કાબૂમાં રાખવા માટે, આપણે જ્યાં ઈચ્છીએ ત્યાં જ તેને લગાડવા માટે ખાસ તાલીમની જરૂર હોય છે, બીજી કોઈ રીતે તે થઈ શકે નહિ. ધર્મની સાધનામાં મન પરનો કાબૂ સંપૂર્ણ રીતે આવશ્યક છે. આ સાધનામાં આપણે મનને તેના પર પોતાના પર લગાડવું પડે છે.

મનને તાલીમ આપવાના પહેલા પગલાની શરૂઆત પ્રાણાયામથી કરવાની છે. નિયમિત પ્રાણાયામ શરીરને સંવાદી સ્થિતિમાં લાવે છે, અને ત્યારે મનને હાથમાં લેવું સહેલું બને છે. પ્રાણાયામનો અભ્યાસ કરવામાં ધ્યાનમાં લેવાની પહેલી બાબત છે આસન, અથવા બેસવાની રીત. જે સ્થિતિમાં માણસ સહેલાઈથી બેસી શકે તે તેનું યોગ્ય આસન કહેવાય. કરોડરજ્જુ મુક્ત રાખીને શરીરનું વજન પાંસળીઓ પર ટેકવવું



જોઈએ. મનને કૃત્રિમ યુક્તિપ્રયુક્તિઓ વડે કાબૂમાં લેવાનો યત્ન ન કરશો, આ બાબતમાં ફક્ત સાદો પ્રાણાયામ જ જરૂરી છે. મનની એકાગ્રતા પ્રાપ્ત કરવા સારુ ઘણી કઠિન તપશ્ચર્યા કરવી એ ભૂલ છે, એવી તપશ્ચર્યાઓ કરશો નહિ.

મન શરીર પર અસર કરે છે, અને શરીર પોતાના તરફથી મન પર અસર કરે છે. તેઓ અરસપરસ એકબીજા પર પ્રતિક્રિયા કરે છે. પ્રત્યેક માનસિક અવસ્થા શરીરમાં તેને મળતી અવસ્થા ઉત્પન્ન કરે છે, અને શરીરનાં પ્રત્યેક કાર્યની તેવી અસર મન પર પડે છે. શરીર અને મનને બે અલગ પદાર્થો ગણો કે શરીરને સ્થૂળ વિભાગ અને મનને સૂક્ષ્મ વિભાગ ગણીને તે બન્ને મળીને માત્ર એક જ શરીર ગણો, તેમાં કંઈ જ ફેર પડતો નથી. તેઓ બન્ને એકબીજા પર ક્રિયાપ્રતિક્રિયા કર્યા જ કરે છે. મન સતત શરીર બન્યા કરે છે. મનને કેળવવામાં શરીર દ્વારા તેને પકડવું વધારે સહેલું છે, મન કરતાં શરીરને પકડમાં લેવું વધુ સહેલું છે.

સાધન જેટલું વધારે સૂક્ષ્મ, તેટલી તેની શક્તિ વધારે. શરીર કરતાં મન ઘણું વધારે સૂક્ષ્મ અને વધારે શક્તિશાળી છે, એ કારણે શરીરથી શરૂઆત કરવી વધારે સહેલી છે.

પ્રાણાયામનું વિજ્ઞાન એટલે શરીર દ્વારા મનને પહોંચવાની ક્રિયા. આ રીતે આપણે શરીર પર કાબૂ મેળવીએ છીએ, પછી શરીરની સૂક્ષ્મ ક્રિયાઓનો, સૂક્ષ્મ અને વધુ અંદરની ક્રિયાઓનો અનુભવ થાય છે, અને એમ કરતાં કરતાં છેક મન સુધી પહોંચાય છે. જેમ જેમ આપણને શરીરની સૂક્ષ્મ ક્રિયાઓનો અનુભવ થતો જાય છે તેમ તેમ તે આપણા કાબૂમાં આવતી જાય છે. અમુક સમય પછી તમે શરીર પર મનની ક્રિયાનો અનુભવ પારખી શકશો. મનના એક ભાગની બીજા ભાગ પર થતી પ્રક્રિયાનો તમે

તે અનુભવ કરી શકશો, તેમજ મનને જ્ઞાનતંતુઓનું સમારકામ કરતું પણ અનુભવી શકશો, કારણ કે મન જ્ઞાનતંતુઓની પ્રક્રિયાને કાબૂમાં રાખીને તેના પર હકૂમત બજાવે છે. જુદા જુદા જ્ઞાનતંતુના પ્રવાહોમાં થઈને મનને સંચાલન કરતું પણ તમે અનુભવી શકશો.

આમ નિયમિત અને પદ્ધતિસરના પ્રાણાયામથી, પહેલાં સ્થૂળ શરીર પર નિયમન લાવીને અને પછી સૂક્ષ્મ શરીર પર કાબૂ મેળવીને મનને કાબૂમાં લાવવામાં આવે છે.

પ્રાણાયામની પ્રથમ ક્રિયા સંપૂર્ણ સલામત અને ખૂબ સ્વાસ્થ્યદાયક છે. તે તમને સારું સ્વાસ્થ્ય આપશે, અને ઓછામાં ઓછી તમારી સામાન્ય તંદુરસ્તી તો સુધારશે જ. બીજીક્રિયાઓનો આરંભ ધીમે ધીમે અને સંભાળપૂર્વક કરવો જ જોઈએ.



# ૫. ભાષણો

## શનિવાર, તારીખ ૨૯ મી જૂન, ૧૮૯૫

(આજે સવારે સ્વામીજી હાથમાં ગીતામા લઈને આવ્યા)

શ્રીકૃષ્ણ સર્વ કંઈ કરતા, પરંતુ અનાસક્ત ભાવે કરતા, તેઓ આ સંસારમાં હતા પણ સંસારના ન હતા, ‘બધું કર્મ કરો પણ આસક્તિ વિના કરો, કર્મ ખાતર કર્મ કરો, તમારા ખાતર કદાપિ નહીં.’

નામ અને રૂપની બાબતમાં મુક્તિ કદાપી સાચી ન હોઈ શકે, એ તો માત્ર માટી છે, જેમાંથી આપણે (ઘડાઓ) બન્યા છીએ, વળી તે મુક્ત નથી પણ સાન્ત છે, તેથી જે સાક્ષેપ હોય તેની મુક્તિ કદી સાચી ન હોય. એક ઘડો એમ કદીય ના કહી શકે કે ઘડા તરીકે ‘હું મુક્ત છું.’ માત્ર જ્યારે તે આકારના બધા ખ્યાલ ગુમાવે છે ત્યારે જ તે મુક્ત બને છે. આખું વિશ્વ વિવિધતા ભરેલા માત્ર આત્મા જ છે. વૈવિધ્યથી બનેલો એક જ સૂર છે, કવચિત્ તેમાં વિસંવાદ હોય છે, પણ પાછળથી સર્વાદિતાને વધારે પૂર્ણ બનાવે છે. વિશ્વની સ્વરસંવાદિતામાં ત્રણ ભાવનાઓ અલગ પડી આવે

છે : મુક્તિ, શક્તિ અને સમતા.

જો તમારી મુક્તિ બીજાને નુકશાન પહોંચાડે તો તમે મુક્ત નથી. તમારે બીજાઓને નુકસાન પહોંચાડવું ન જોઈએ.

મિલ્ટન કહે છે : 'નિર્બળ થવું એટલે દુ:ખી થવું.' કરવું અને ભોગવવું એ બન્ને અભિન્ન રીતે જોડાયેલાં છે. (ઘણી વાર જે માણસ અતિશય હસે છે તે જ અતિશય દુ:ખી થાય છે.) 'કર્મ કરવામાં તમારો અધિકાર છે, તેના ફળમાં નહી.' (કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન - ભગવદ્‌ગીતા, ૨.૪૭)

ખરાબ વિચારો ભૌતિક દૃષ્ટિએ જોતાં, રોગનાં જંતુઓ છે.

આપણાં શરીર લોઢાના ગઢ્ઢા જેવાં છે, આપણે દરેક વિચાર તેના પર પડતા હળવા હથોડાના ઘા રૂપ છે, જેના વડે આપણે જેવું શરીર બનાવવા ઈચ્છીએ તેવું તે બનાવે છે.

પુસ્તક આખુંય આપણી અંદર જ છે. મૂર્ખ ! શું તને સંભળાતું નથી? તારા પોતાના હૃદયમાં જ દિવસ અને રાત પેલું સનાતન સંગીત ગૂંજી રહ્યું છે સચ્ચિદાનંદ સોડહમ્ સોડહમ્ 'સત્‌ચિત્ આનંદ, હું તે છું, હું તે છું.'

## સોમવાર, તારીખ ૧ લી જુલાઈ
(શ્રીરામકૃષ્ણ દેવ)

શ્રીરામકૃષ્ણ એક એવા રૂઢિચુસ્ત બ્રાહ્મણના પુત્ર હતા કે જે બ્રાહ્મણોની ક વિશિષ્ટ જ્ઞાતિ સિવાયની અન્ય કોઈ વ્યક્તિ પાસેથી દાન ન લે, તેનાથી કંઈ ધંધો ન કરી શકાય કે મંદિરમાં પૂજારી પણ ન થવાય,



દક્ષિણા લઈને કર્મકાંડ ન કરી શકાય કે કોઈની નોકરી પણ ના થાય, તે 'આકાશવૃત્તિ' પર જ રહેતા હતા, અને આમ મળે તે પણ કોઈ 'પતિત' બ્રાહ્મણનું તો ન જ લેતા. હિંદુ ધર્મ ઉપર મંદિરોની કોઈ જ સત્તા ચાલતી નથી, જો તે બધાંનો નાશ કરવામાં આવે તો પણ ધર્મને લેશમાત્ર હાનિ ન પહોંચે. માણસે ઘર બંધાવવું હોય તો તે 'ઈશ્વર અને અતિથિ' માટે બંધાય, પોતાના માટે ઘર બાંધવું તે સ્વાર્થી લેખાય. આથી તે ઈશ્વરના નિવાસ માટે મંદિરો ઊભાં કરે છે.

પોતાના કુટુંબની અત્યંત ગરીબ હાલતને કારણે કિશોર અવસ્થામાં જ શ્રીરામકૃષ્ણને કાલીમાતાના મંદિરમાં પૂજારી થવું પડ્યું. તેને જ પ્રકૃતિ કે કાલી કહે છે, અને પુરુષ-આકાર ઉપર પગ દબાવીને ઊભેલી એ સ્ત્રી આકાશરૂપે છે. એટલે કે જ્યાં સુધી માયા આવરણ ન ઊંચકે ત્યાં સુધી આપણને કંઈ જ્ઞાન ન થાય. બ્રહ્મ લિંગભેદરહિત, અજ્ઞાત અને અજ્ઞેય છે, પણ જ્ઞેયભાવ પ્રાપ્ત કરવા માટે તે માયાનું આવરણ સ્વીકારે છે, વિશ્વની જનની બને છે અને તેથી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. નીચે સૂતેલું સ્વરૂપ (શિવ) શવ (નિષ્પ્રાણ કે મૃત) બનેલું છે કારણ કે તે માયાથી આચ્છાદિત છે. જ્ઞાની કહે છે : 'હું ઈશ્વરને બળજબરીથી આવરણ-રહીત કરીશ' (અદ્વૈતવાદ), પણ દ્વૈતવાદી કહે છે : 'હું માને પ્રાર્થના કરીને, જેની ચાવી તેની એકલીની પાસે છે તે દ્વારને ઉઘાડીને, ઈશ્વરને હું આવરણ રહિત કરીશ.'

કાલીમાતાની નિત્ય પૂજાએ ધીરે ધીરે તે યુવાન પૂજારીના હૃદયમાં એવી ઉત્કટ ભક્તિ જાગ્રત કરી કે મંદિરમાં પદ્ધતિસરની પૂજા કરવાનું તેનાથી બન્યું નહિ, તેથી તેણે પોતાનું કાર્ય છોડી દીધું અને મંદિરના વિસ્તારમાં એક નાની ઝાડીમાં જઈને ત્યાં તે નિરંતર ધ્યાન કરવા લાગ્યો.

આ ઝાડી ગંગાને કિનારે હતી. અને એક દહાડો ગંગાના જોરદાર પ્રવાહમાં તેની પાસે આવશ્યક સાધનો ખેંચાઈ આવ્યાં, જેમાંથી તેણે પોતાના માટે એક નાની ઝાડીમાં જઈને ત્યાં તે નિરંતર ધ્યાન કરવા લાગ્યો. આ ઝાડી ગંગાને કિનારે હતી. અને એક દહાડો ગંગાના જોરદાર પ્રવાહમાં તેની પાસે આવશ્યક સાધનો ખેંચાઈ આવ્યાં, જેમાંથી તેણે પોતાના માટે એક નાની મઢૂલી બનાવી. આ જગમાં તે રહેતો, રડતો અને પ્રાર્થના કર્યા કરતો, દિવ્ય માતાજી સિવાય પોતાના દેહની કે બીજી કોઈ ચીજની પરવા તને ન હતી. તેનો એક સગો દિવસમાં એક વાર તેને ખાવાનું આપતો અને તેની દેખભાળ રાખતો. તે પછી તે સંન્યાસિની એટલે એક સ્ત્રીતપસ્વિની તેને 'મા' ને પ્રાપ્ત કરવામાં મદદ કરવા આવી. જે જે ગુરુઓની તેને જરૂર હતી તે તેની પાસે આપમેળે આવ્યા. દરેક સંપ્રદાયમાંથી કોઈક પવિત્ર સંત તેની પાસે આવતા, તેને ઉપદેશ આપવા તત્પર થતા. એ બધાને તે આતુરતાથી સાંભળતો પણ તે ઉપાસના માત્ર માની કરતો. તેને માટે સર્વ કાંઈ 'મા' જ હતું.

શ્રીરામકૃષ્ણ કદી પણ કોઈની વિરુદ્ધમાં કટુ શબ્દ બોલતા નહીં. તે એવી સુંદર સહિષ્ણુતા ધરાવતા હતા કે દરેક સંપ્રદાય એમ માનતો કે તે પોતાના છે. સર્વ તરફ તે પ્રેમ રાખતા, તેને મન બધા ધર્મો સત્ય હતા. તેની પાસે દરેકને માટે સ્થાન હતું. તે મુક્ત હતા પણ પ્રેમમય રીતે મુક્ત હતા, 'ગર્જનાભરી' રીતે નહિ. નરમ પ્રકૃતિ સર્જન કરે છે, ગર્જનશીલ પ્રકૃતિ ફેલાવો કરે છે. સંત પોલ પ્રકાશ ફેલાવનાર ગર્જનશીલ પ્રકૃતિના હતા. (ઘણાએ કહ્યું છે કે સ્વામી વિવેકાનંદ પોતે શ્રીરામકૃષ્ણના સંત જેવા હતા.)

સંત પોલનો યુગ વીતી ગયો છે. ચાલુ સમય માટે આપણે નવા



દીવાઓ બનવું પડશે. એક આપમેળે સુમેળ સાધતી સંસ્થા આપણા સમયની મહાન આવશ્યકતા છે. આપણને જ્યારે તે મળી શકશે ત્યારે તે દુનિયાનો છેવટનો ધર્મ હશે. ચક્ર તો ચાલવું જ જોઈએ, એટલે આપણે તેને મદદ કરવી જોઈએ, હરકત નહીં. ધાર્મિક વિચારના તરંગો ઊઠે છે અને શમી જાય છે, તેના 'સર્વોચ્ચ શિખર' ઉપર તે કાળનો 'પયગમ્બર' ઊભો હોય છે. શ્રીરામકૃષ્ણ આજનો રચનાત્મક ધર્મ-નહિ કે વિનાશાત્મક-શીખવવા આવ્યા. હકીકતો જાણવા માટે તેને ફરીથી પ્રકૃતિ માતા પાસે જવું પડ્યું, તેમાંથી વૈજ્ઞાનિક ધર્મ મેળવ્યો. આ ધર્મ કદીય કહેતો નથી કે 'માની લો,' તે કહે છે 'જાતે જુઓ,' 'હું જોઉં છું અને તમે પણ જોઈ શકો.' તે જ સાધનોનો ઉપયોગ કરો એટલે તમને પણ તે જ દર્શન થશે. ઈશ્વર દરેકને પ્રાપ્ત થશે, સંવાદિતાએ સૌ પહોંચી શકશે. શ્રીરામકૃષ્ણદેવનો ઉપદેશ 'હિંદુત્વનો સાર' છે. એ તેમની પોતાની ખાસ વિશિષ્ટતા નથી, એવો દાવો તેમણે કદી કર્યો પણ નથી. તેમને કદી નામ કે યશની પરવા ન હતી.

ચાલીસ વર્ષની ઉંમરે તેમણે ઉપદેશ આપવાનો શરૂ કર્યો, પણ તેમ કરવાને તેઓ પોતે સામે જતા નહીં. જે લોકોને તેમના ઉપદેશની જરૂર હોય તેઓ તેમની પાસે આવે, તેની તેમણે રાહ જોઈ. હિંદુ રિવાજ મુજબ નાની વયમાં જ તેમનાં માતાપિતાએ એક પાંચ વર્ષનાં બાળકી સાથે તેમનાં લગ્ન કર્યાં હતાં, દૂરના ગામમાં તે પોતાના માબાપ પાસે રહેતી. જે મહાન સાધનાઓમાંથી તેનો યુવાન પતિ પસાર થતો હતો તેનો તેને ખ્યાલ પણ ન હતો, જ્યારે તે ઉંમરલાયક થઈ ત્યારે પતિ તો આધ્યાત્મિક સાધનામાં મગ્ન બની ગયેલ હતા. જે દક્ષિણેશ્વરના મંદિરમાં તેઓ રહેતા હતા ત્યાં તે પગે ચાલીને પહોંચી. અને જોતાંવેંત જ તે

ઓળખી ગઈ કે પોતાનો પતિ શું છે, કારણ કે તે પોતે જ એક મહાન પવિત્ર અને શુદ્ધ આત્મા હતો. તેની ઈચ્છા તેના કાર્યમાં મદદ કરવાની હતી, તેને ગૃહસ્થ (સંસારી)ની કક્ષાએ નીચે લાવવાની તેણે કદીયે ઈચ્છા ન કરી.

ભારતમાં એક મહાન અવતાર તરીકે શ્રીરામકૃષ્ણદેવ પૂજાય છે. તેમનો જન્મદિવસ એક મહાન ધાર્મિક ઉત્સવ તરીકે ઊજવવામાં આવે છે. (ભાગ ૭ પૃ. ૧૯-૨૧)

## મંગળવાર, તારીખ ૨જી જુલાઈ

(દિવ્ય માતા)

શાક્તો વિશ્વશક્તિને માતા તરીકે પૂજે છે. માતા નામ સૌથી મીઠું છે, ભારતમાં માતા એ સ્રીત્વનો ઉચ્ચમાં ઉચ્ચ આદર્શ છે. જ્યારે ઈશ્વરની 'માતા' તરીકે, સ્નેહમૂર્તિ તરીકે ઉપાસના કરવામાં આવે છે ત્યારે હિંદુઓ તેને 'દક્ષિણ માર્ગ' કહે છે, તે 'આધ્યાત્મિકતા' તરફ લઈ જાય છે, ભૌતિક સમૃદ્ધિ તરફ કદી જ નહીં. જ્યારે ઈશ્વરના ભયંકર સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છેત્યારે તે 'વામ માર્ગ' કહેવાય છે, તેનાથી સમાન્યતઃ ભૌતિક સમૃદ્ધિ ખૂબ પ્રાપ્ત થાય છે, પણ આધ્યાત્મિકતા ભાગ્યે જ મળે છે, અને અંતે તે અનાચારને માર્ગે દોરી જાય છે, તથા જે જાતિ તેનું આચરણ કરે છે તેને આખરે વિનાશને માર્ગે લઈ જાય છે.

માતા એ શક્તિનું પ્રથમ - પ્રાગટ્ય છે, અને પિતા કરતાં વધુ ઉચ્ચ ભાવના મનાય છે. બાળક પોતાની માતાની બાબતમાં માને છે તેમ 'માતા' ના નામની સાથે જ શક્તિનો, દિવ્ય શક્તિનો અને



સર્વશક્તિમત્વનો ખ્યાલ પેદા થાય છે. દિવ્ય માતા આપણામાં સુષુપ્ત રીતે રહેલી કુંડલિની (ગૂંચળું વળીને રહેલી શક્તિ.) છે, તેની ઉપાસના કર્યા સિવાય આપણે આપણા સ્વરૂપને ઓળખી શકીએ નહિ. સર્વશક્તિમતી, કરુણામયી, સર્વવ્યાપી, વગેરે બધા દિવ્ય માના ગુણો છે. વિશ્વમાં રહેલી સમગ્ર શક્તિનો તે કુલ સરવાળો છે. વિશ્વમાં શક્તિની દરેક અભિવ્યક્તિ 'મા' છે. તે જીવન છે, તે બુદ્ધિ છે, તે પ્રેમ છે, તે વિશ્વમાં છે, છતાં તેનાથી અલગ છે. તે એક વ્યક્તિ છે, અને જેમ શ્રીરામકૃષ્ણે તેને જોઈ હતી અને જાણી હતી તેમ, તેને જોઈ શકાય અને જાણી શકાય છે. માની ભાવના મનમાં દઢ થયા પછી આપણે બધું જ કરી શકીએ, પ્રાર્થનાનો તે તરત ઉત્તર આપે છે.

તે આપણને ગમે તે રૂપમાં, ગમે તે પળે 'પોતાનાં દર્શન' આપી શકે છે. દિવ્ય માને રૂપ અને નામ હોય, અગર રૂપ વિના પણ નામ હોય, અને જેમ જેમ આપણે તેની આ વિવિધ સ્વરૂપે ઉપાસના કરીએ તેમ તેમ આપણે નામરૂપ રહિત શુદ્ધ સત્ વસ્તુ તરફ ઊંચે ચડી શકીએ.

શરીરરચના માંહેના સર્વ કોશોનો કુલ સરવાળો એ એક વ્યક્તિ. તે પ્રમાણે પ્રત્યેક જીવાત્મા એક કોશ જેવો છે, અને તેનો સરવાળો તે ઈશ્વર છે અને તેનાથી પર છે નિર્વિશેષ. સાગરની તરંગરહિત અવસ્થા એ નિર્વિશેષ બ્રહ્મ, તે જ સાગર તરંગમય બને ત્યારે કહેવાય દિવ્યમાતા. માતા જ દેશ, કાળ અને નિમિત્ત છે. ઈશ્વર માતા છે, અને તેની અવસ્થા છે, સગુણ અને નિર્ગુણ. સગુણરૂપે તે ઈશ્વર, જીવ અને જગત છે, નિર્ગુણરૂપે તે અજ્ઞાત અને અજ્ઞેય છે. નિર્ગુણમાંથી અસ્તિત્વના ત્રિકોણ સમા ઈશ્વર, જીવ અને જગતરૂપી ત્રિમૂર્તિ નીકળી. આ છે વિશિષ્ટાદ્વૈતવાદ.

જગન્માતાનું એક બિંદુ હતું કૃષ્ણ, બીજું એક બિંદુ બુદ્ધ હતું, અન્ય

એક ઈશુ હતું. આપણી ભૌતિક માતામાં રહેલી જગન્માતાના માત્ર એક પ્રકાશઅંશની ભક્તિ પણ ગૌરવ પ્રાપ્ત કરાવે છે. જો તમારે પ્રેમ અને જ્ઞાન મેળવવું હોય તો જગદંબાની ભક્તિ કરો.

## મંગળવાર, તારીખ ૧૬ મી જુલાઈ

(શંકરાચાર્ય)

'મોટામાં મોટું પાપ પોતાની જાતને નિર્બળ માનવી એ છે. તમારાથી વિશેષ મહાન કોઈ પણ છે જ નહીં.' તમે બ્રહ્મ છો તેવો સાક્ષાત્કાર કરો. કોઈ પણ વસ્તુને તમે જે આપો તેના કરતાં વધારે શક્તિ તેનામાં નથી. આપણે સૂર્યથી, તારાઓથી અને વિશ્વથી પર છીએ. મનુષ્યના ઈશ્વરત્વનો ઉપદેશ કરો. અનિષ્ટનો નકારો, કોઈ અનિષ્ટને ઉત્પન્ન ન કરો. ખડા થઈને બોલો કે હું અધિપતિ છું, સહુનો અધિપતિ છું. આપણે સાંકળ ઘડીએ છીએ, અને એકલા આપણે જ તેને તોડી શકીએ.

કોઈ પણ કર્મ તમને મુક્તિ ન આપી શકે. માત્ર જ્ઞાન જ તમને મુક્ત બનાવી શકે, જ્ઞાન અપરિહાર્ય છે. તેનો સ્વીકાર કે ત્યાગ એ મનના હાથની વાત નથી. જ્યારે જ્ઞાન અપરિહાર્ય છે. તેનો સ્વીકાર કે ત્યાગ એ મનના હાથની વાત નથી. જ્યારે જ્ઞાન આવે છે ત્યારે મનને તેનો સ્વીકાર કરવો જ પડે છે. તેથી જ્ઞાનનો સ્વીકાર કે અસ્વીકાર એ મનનું કામ નથી, માજ્ઞ જ્ઞાનની અભિવ્યક્તિ મનમાં થાય છે.

કર્મ અગર ભક્તિનું કાર્ય તમને તમારા પોતાના સ્વરૂપ તરફ પાછા લાવવાનું છે. આત્મા શરીર છે એમ માનવું, તે સંપૂર્ણ રીતે એક ભ્રમણા છે, તેથી અહીં આ શરીરમાં રહેવા છતાં આપણે મુક્ત થઈ



શકીએ. શરીરને આત્મા સાથે સમાનતાં જેવું કંઈ જ નથી. સત્યને અસત્યરૂપે બતાવનાર છે ભ્રમ. 'સાવ શૂન્ય' નથી.

## શનિવાર, તારીખ ૨૭ મી જુલાઈ

ધર્મ તર્કથી પર છે, પ્રકૃતિથી પર છે. શ્રદ્ધા એ માન્યતા નથી, તે પરમ તત્ત્વનું ગ્રહણ છે, પ્રકાશ છે. પ્રથમ શ્રવણ કરો, પછી મનન કરો, અને આત્મા વિશે તર્ક જે બધું આપી શકે તે બધુંય શોધી કાઢો. તર્કનાં પૂર તેનાં ઉપર વહેવા દો, પછી જે બાકી રહે તે સ્વીકારો. જો કંઈ જ ના રહે તો ઈશ્વરનો આભાર માનો કે તમે ક વહેમમાંથી બચી ગયા. જ્યારે તમને ખાતરી થાય કે આત્માનેકોઈ લઈ જઈ શકે નહિ, તે સર્વ કસોટીમાંથી પાર ઊતરી શકે છે ત્યારે તેને વળગી રહો, અને બધાને તેનો ઉપદેશ આપો. સત્ય પક્ષપાતી ન હોઈ શકે, તે સૌના ભલા માટે છે. છેવટે, પૂર્ણ સ્થિર અને શાંત થઈને તેનું નિદિધ્યાસન કરો, તમારા મનને તેના ઉપર એકાગ્ર કરો, તેની સાથે એક બનો, પછી કશું બોલવાની જરૂર નહીં રહે, મૌન જ સત્યની પ્રતીતિ કરાવશે. વાતોમાં તમારી શક્તિનો વ્યય ન કરો, પણ એકાંતમાં મૌનપૂર્વક ધ્યાન કરો, બહારની દુનિયાની ધમાલને તમારાથી દૂર રાખો, જેથી તે તમને ખલેલ ન પહોંચાડે.

જ્યારે તમારું મન સર્વોચ્ચ અવસ્થામાં હશે ત્યારે તમને તેનું ભાન નહીં હોય. મૌન જાળવીને શક્તિ મેળવો અને આધ્યાત્મિક શક્તિના ઉત્પાદક યંત્ર જેવા (ડાયનેમો) બનો. ભિખારી શું આપી શકે? રાજા જ આપી શકે, અને રાજા પણ જ્યારે તેને પોતાને કંઈ જોઈતું ન હોય ત્યારે જ આપી શકે.

તમારી ધનસંપત્તિ ઈશ્વરની છે, એમ ગણી તેના એક રક્ષક તરીકેની ભાવના કેળવો. તેના પ્રત્યે આસક્તિ ન રાખો. નામ, કીર્તિ, અને પૈસાની પરવા ન કરો, એક ભયંકર બંધન છે. મુક્તિના અદ્‌ભુત વાતાવરણનો અનુભવ લો. તમે મુક્ત છો, મુક્ત છો, મુક્ત છો! 'અરે, હું ધન્ય છું! હું મુક્ત છું! હું અનંત છું! મારા આત્મામાં આદિ કે અંત ક્યાંય શોધ્યાં જડતાં નથી. સર્વ કંઈ મારો આત્મા છે' આવું નિરંતર રટણ કરો.

## રવિવાર, તારીખ ૨૧ મી જુલાઈ

(પતંજલિનાં યોગસૂત્રો)

ગુરુ એક એવું વાહન છે કે જેના દ્વારા આધ્યાત્મિક શક્તિ તમને આપવામાં આવે છે. ઉપદેશ કોઈ પણ માણસ આપી શકે, પણ અધ્યાત્મ શક્તિ તો શિષ્ય અને ગુરુ દ્વારા જવી જોઈએ, અને તે જ ફળીભૂત થાય. શિષ્યોનો અંદરોઅંદરનો સંબંધ ભાઈ ભાઈ જેવો હોય છે, અને ભારતમાં કાયદાથી આ સ્વીકારાયેલો છે.

ગુરુ પોતાના પૂર્વગુરુઓ પાસેથી પરંપરા દ્વારા મેળવેલી વિચારશક્તિ એટલે કે મંત્રનો શિષ્યમાં સંચાર કરે છે. ગુરુ સિવાય કંઈ પણ થઈ શકે નહીં. (તેમ ન હોય તો) હકીકતમાં મહાભય ઉત્પન્ન થાય છે.

સામાન્યતઃ ગુરુ સિવાયનો કરેલો આવો યોગાભ્યાસ કામોત્તેજક બને છે. ક્યારે ગુરુ હોય તો તેવું ભાગ્યે જ બને છે. પ્રત્યેક ઈષ્ટનો એક મંત્ર હોય છે. ઈષ્ટ એટલે વિશિષ્ટ ઉપાસક માટેનો આદર્શઃ મંત્ર તેને વ્યક્ત કરનારો બહારનો શબ્દ છે. શબ્દ (મંત્ર) નો નિરંતર જપ આદર્શને દૃઢપણે



સ્થિર કરવામાં સહાયક છે. ઉપાસનાની આ રીત આખા ભારતમાં તમામ સાધકોમાં પ્રચલિત છે.

## ગુરુવાર, તારીખ ૧૫ મી જુલાઈ

(પતંજલિનાં યોગસૂત્રો)

બીજાને નુકશાન કરવાથી બંધન ઉત્પન્ન થાય છે અને સત્યને તે છુપાવે છે. ગુણો અભાવાત્મક હોય તેટલું બસ નથી, આપણે માયાને જીતવાની છે, ત્યાર પછી તે આપણી પાછળ પાછળ આવશે. વસ્તુઓ જ્યારે આપણને બંધનકર્તા થતી અટકે ત્યારે જ આપણે તેમને લાયક થઈએ છીએ. ખરેખરી અને સાચી રીતે બંધન તૂટે છે, ત્યારેજ બધી ચીજો આપણી પાસે આવે છે. જેઓને કંઈ પણ જોઈતું નથી, તેઓ જ માત્ર પ્રકૃતિના સ્વામીઓ છે.

જે આત્માએ ખરેખર પોતાનું બંધન તોડ્યું છે તેને શરણે જાઓ તો તે પોતાની કૃપાથી યોગ્ય સમયે તમને બંધનમુક્ત કરશે. તેથીયે ઊંચું ઈશ્વરને શરણે જવું એ છે, પણ તે સૌથી વધુ મુશ્કેલ છે, આખા સૈકામાં માત્ર એકાદ વખત જ એવી કોઈ વ્યક્તિ મળી આવે કે જેણે ખરેખર તેમ કર્યું હોય. મન ઉપર કોઈ અસર થવા દો નહીં. કંઈ પણ જાણો નહીં, કંઈ પણ રાખો નહીં, બધું ઈશ્વરને સોંપી દો. માત્ર એટલું જ કહો : 'હે ઈશ્વર ! તારી ઈચ્છા મુજબ થાઓ.' આ બંધન એ આપણું માત્ર સ્વપ્ન જ છે, જાગ્રત થાઓ અને તેને ફગાવી દો. માત્ર ઈશ્વરનું શરણ લો. જેથી આપણે માયાના રણને પસાર કરી જીએ. 'તારી પકડ છોડી દે, રે બહાદુર સંન્યાસી! બોલ, ૐ તત્સત્!'

દાન કરવાની તક મળે તે આપણું સદ્‌ભાગ્ય છે, એ રીતે જ આપણો વિકાસ થાય છે. ગરીબ માણસને દુઃખ પડે છે એટલા માટે કે તેને દાન આપવાથી દાન આપનારને નીચા નમીને દાન લેનારનો આભાર માનવો જોઈએ અને દાન લેનારે ટટ્ટાર ઊભા રહીને દાન આપનારને દાન દેવાની પરવાનગી આપવી જોઈએ. દરેકની પાછળ રહેલા ઈશ્વરને જુઓ અને તે દાન ઈશ્વરને આપો. જ્યારે આપણી નજરે અનિષ્ટ આવતું અટકી જાય ત્યારે આપણે માટે સંસારનો અંત આવે જ, કારણ કે સંસારનો એકમાત્ર હેતુ આપણને તે ભૂલમાંથી મુક્ત કરવાનો છે. કંઈ પણ અપૂર્ણતા છે એ વિચાર જ અપૂર્ણતાને ઉત્પન્ન કરે છે. માત્ર તાકાતના અને પૂર્ણતાના વિચારો જ તેમાંથી બચાવી શકે. મને તેટલું ભલું કરો, તેમાં કેટલુંક અશુભ જરૂર હશે પણ અંગત પરિણામનો વિચાર રાખ્યા સિવાય બધું કરો અને પરિણામ બધું ઈશ્વરને સોંપો, એમ કરવાથી શુભ કે અશુભ તમને અસર નહીં કરે.

કર્મ કરવું તે ધર્મ નથી, પણ સાચી રીતે કરેલું કર્મ મુક્તિ તરફ લઈ જાય છે. ખરી રીતે તો દયા માત્ર અંધકાર છે, કારણ કે દયા કોની ખાવી? શું તમે ઈશ્વરની દયા ખાઈ શકો? અને ઈશ્વર સિવાય બીજું કંઈ છે? તમારા વિકાસ માટે નૈતિક શક્તિ વિકસાવવાના સાધન તરીકે આ દુનિયા તમને મળી છે, તે માટે ઈશ્વરનો પાડ માનો, પણ કદીય એમ ન માનશો કે તમે દુનિયાને મદદ કરી શકશો. તમને કોઈ ગાળો આપે તો તેનો આભાર માનો, કારણ કે એ તમારી સામે એક એવું દર્પણ આપે છે જેમાં ગાળો આપવી તે શું છે તે તમે જોઈ શકો છો, ઉપરાંત તે તમને સંયમ શીખવાની એક તક આપે છે. માટે ગાળો દેનારનું ભલું ઈચ્છો અને રાજી થાઓ! વાપર્યા સિવાય શક્તિ ખીલી ન શકે, અરીસા વિના આપણે પોતાને જોઈ શકીએ નહિ.



'અપવિત્ર કલ્પના અપવિત્ર કર્મ જેટલી જ ખરાબ છે.' સંયમમાં રાખેલી ઈચ્છા સર્વોચ્ચ પરિણામે લઈ જાય છે. ઈન્દ્રિયભોગની શક્તિને આધ્યાત્મિક શક્તિમાં ફેરવી નાખો. પણ તેને પાંગળી ન બનાવો, કારણ કે તેનોઅર્થ તો શક્તિને વેડફી નાખવાનો છે. આ શક્તિ જેટલી વધારે તેટલું તેનાથી વિશેષ કામ થાય, પાણીનો જોરદાર પ્રવાહ જળશક્તિ દ્વારા કરવાના ખોદકામ માટેની પ્રચંડ કાર્યશક્તિ પ્રગટ કરી શકે.

આજે આપણને જેની જરૂર છે તે એ કે એક ઈશ્વર છે,અને આપણે તેને નહીં અને અત્યારે જ જોઈ શકીએ છીએ તેમ જાણવું. શિકાગોનો એક અધ્યાપક કહે છે : 'આ દુનિયાની કાળજી રાખો, પરલોકની કાળજી ઈશ્વર રાખશે.' કેવું મૂર્ખાઈભર્યું ! આ દુનિયાની કાળજી જો આપણે રાખી શકીએ, તો પછી બીજા દુનિયાની કાળજી રાખવા માટે કોઈ દયાળુ ઈશ્વરની જરૂર શી રહે?

## શુક્રવાર, તારીખ ૨૬ મી જુલાઈ

(બૃહદારણ્યકોપનિષદ)

સર્વ વસ્તુઓને માત્ર આત્મા દ્વારા અને આત્મા માટે જ ચાહો. યાજ્ઞવલ્કયે પોતાની પત્ની મૈત્રેયીને કહ્યું : 'આત્મા દ્વારા જ આપણે સઘળું જાણીએ છીએ.' આત્મા કદી જ્ઞાનનો વિષય થઈ શકે નહીં, તેમ જ જ્ઞાતા કદી પણ જાણી શકાય નહીં. જે જાણે છે કે પોતે આત્મા છે, તે પોતાનો શાસક છે, તે જાણે છે કે પોતે જ વિશ્વનો અને તેનો સ્રષ્ટા છે.

જૂની પુરાણ કથાઓને રૂપકોના રૂપમાં સદા જીવંત રાખીને તેમને વધારે પડતું મહત્ત્વ આપવાથી વહેમો વધે છે, અને ખરી રીતે તે નિર્બળતા છે. સત્યમાં સમાધાન કરવાનું હોવું જ ન જોઈએ. સત્યનો ઉપદેશ આપો અને કોઈ પણ વહેમનો બચાવ ન કરો, તેમજ સત્યને શ્રોતાની ભૂમિકા સુધી નીચે ન લઈ જાઓ.

## બુધવાર, તારીખ ૩૧ મી જુલાઈ

તોફાનવાળો દિવસ ખરાબ નથી, પરંતુ જે દિવસે આપણે ઈશ્વરની કથાવાર્તા ન કરીએ તે દિવસ જ ખરેખર ખરાબ છે. માત્ર પરમેશ્વર પ્રત્યેનો પ્રેમ જ સાચી ભક્તિ છે, બીજા કોઈ પણ માણસ માટેનો પ્રેમ, પછી તે ભલે ગમે તેટલો મહાન હોય છતાં પણ તે ભક્તિ નથી, અહીં 'પરમેશ્વર' એટલે ઈશ્વર, કે જેના વિશેની ભાવના તમે પશ્ચિમના લોકો વ્યક્તિરૂપ ઈશ્વરનો જે અર્થ કરો છો તેનાથી વિશેષ છે. 'જેમાંથી આ વિશ્વ ઉત્પત્તિપામે છે, જેમાં એ સ્થિતિ કરે છે અને જેની અંદર તે લય પામે છે તે ઈશ્વર છે. તે ઈશ્વર નિત્ય, પવિત્ર, સર્વ પ્રત્યે દયાળુ, સર્વશક્તિમાન અને નિત્ય મુક્ત, સર્વજ્ઞ, ગુરુઓનો ગુરુ અને પોતાને સ્વભાવે જ અનિર્વચનીય પ્રેમસ્વરૂપ છે.'

ભક્તિયોગમાં પ્રથમ આવશ્યકતા છે સચ્ચાઈપૂર્વક અને આતુરતાથી ઈશ્વરની જરૂર જણાય એ. આપણને તો ઈશ્વર સિવાય બધું જોઈએ છીએ, કારણ કે આપણી સામાન્ય ઈચ્છાઓ બાહ્ય જગતથી સંતોષાય છે. જ્યાં સુધી આપણી જરૂરિયાતો આ ભૌતિક જગતની મર્યાદાની અંદર સમાઈ રહેલી છે, ત્યાં સુધી ઈશ્વરની આપણને કશી જ જરૂર લાગતી



નથી, માત્ર જ્યારે આપણને આપણા જીવનમાં સખત પ્રહારો મળ્યા હોય અને આ દુનિયાની સઘળી વસ્તુઓથી નિરાશ થઈ બેઠા હોઈએ, ત્યારે જ કંઈક વધુ ઉચ્ચ વસ્તુની જરૂરિયાત આપણને જણાય છે, અને ત્યારે આપણે ઈશ્વરને શોધીએ છીએ.

ભક્તિ વિનાશક નથી, તે આપણને એમ શીખવે છે કે આપણી બધી જ શક્તિઓ મુક્તિ મેળવવાનાં સાધનો બનવી જોઈએ, આપણે તે બધીને ઈશ્વરાભિમુખ કરવી જોઈએ, અને જે પ્રેમ ક્ષણિક ઈન્દ્રિયભોગના વિષયો પાછળ વેડફી નાખવામાં આવે છે તે ઈશ્વર પ્રત્યે વાળવો જોઈએ.

ધર્મ વિશેનો તમારો પશ્ચિમનો ખ્યાલ અને ભક્તિ વચ્ચે આટલો તફાવત છે કે ભક્તિમાં ભયનું તત્ત્વ બિલકુલ સ્વીકારાતું નથી, ભક્તિમાં કોઈ એવું 'સત્ત્વ' સ્વીકારાતું નથી કે જેને શાંત કરવું કે રીઝવવું પડે. એવા પણ ભક્તો છે કે જેઓ ઈશ્વરને પોતાના બાળક તરીકે ભજે છે, જેથી આદરયુક્ત ભય કે સન્માનની લાગણી પણ ન રહે. સાચા પ્રેમમાં ભય કદી પણ ન હોય, અને જ્યાં સુધી જરા સરખો પણ ભય રહે ત્યાં સુધી ભક્તિનો આરંભ પણ ન થાય. ભક્તિમાં ઈશ્વર પાસે માગણી કરવાની કે બદલો મેળવવાની વાતને કોઈ સ્થાન નથી. ઈશ્વર પાસે કંઈ પણ માગવું તે ભક્ત માટે ઈશ્વરાપરાધ છે. ભક્ત આરોગ્ય, લક્ષ્મી કે સ્વર્ગપ્રાપ્તિ માટે સુધ્ધાં પ્રાર્થના નહિ કરે.

જેણે ઈશ્વરને ચાહવો છે, જણે ભક્ત થવું છે, તેણે આ બધી ઈચ્છાઓનું પોટલું બાંધીને દરવાજા બહાર મૂકી દેવું જોઈએ, અને પછી જ ઈશ્વરના દરબારમાં દાખલ થવું જોઈએ. પ્રકાશના ક્ષેત્રમાં જે દાખલ થવા ઈચ્છે છે, તેણે પોતે દરવાજામાં દાખલ થાય તે પહેલાં 'દુકાનદારીના ધર્મ' નું પોટલું વાળીને ફેંકી દેવું જોઈએ. એમ નથી કે તમે જેની પ્રાર્થના કરો તે

ન મળે, મળે તો બધુંય. પણ આ માગવું એ પામર, હલકટ અને એક ભિખારીનો ધર્મ છે. 'ગંગાકિનારે રહેવા છતાં જે પાણી માટે નાનો કૂવો ખોદે, તે મૂર્ખ છે. હીરાની ખાણ પાસે આવ્યા છતાં જે માણસ કાચના મણકાની શોધ કરે, તે પણ ખરેખર મૂર્ખ છે.' આરોગ્ય, ધનસંપત્તિ અને ભૌતિક સુખો માટેની પ્રાર્થના તે ખરી ભક્તિ નથી, તે હલકામાં હલકા પ્રકારનાં કર્મો છે. ભક્તિ એથી વિશેષ ઉચ્ચ તત્ત્વ છે. આપણે રાજાધિરાજના દરબારમાં દાખલ થવાનો પ્રયાસ કરીએ છીએ, આપણે ભિખારીના વેશમાં ત્યાં જઈ ન શકીએ. કોઈ શહેનશાહની તહેનાતમાં આપણે હાજર થવું હોય તો ભિખારીનાં ચીંથરાં પહેરીને જોઈ શકશું? જરૂર નહીં.

## ગુરુવાર, તારીખ ૧લી ઓગષ્ટ

ખરો ગુરુ તે છે કે જેની દ્વારા આપણને આપણી આધ્યાત્મિક પરંપરા મળે છે. સાચો ગુરુ એક એવી નહેર છે કે જેની દ્વારા આધ્યાત્મિક પ્રવાહ આપણામાં વહેવા લાગે છે, જે સમગ્ર આધ્યાત્મિક જગત સાથે જોડનારી કડી સમાન છે. વ્યક્તિમાં અતિશય શ્રદ્ધા રાખવામાં નિર્બળતા અને મૂર્તિપૂજાની વૃત્તિ પેદા કરવાનું વલણ રહેલું છે, પણ ગુરુ પ્રત્યેનો ગાઢ પ્રેમ ઝડપી વિકાસ શક્ય બનાવે છે, અંતરમાં રહેલા ગુરુ સાથે તે આપણને જોડે છે. જો તમારા ગુરુમાં ખરું સત્ય હોય, તો તેની તમે પૂજા કરજો, તે ગુરુભક્તિ તમને જલદી સર્વોચ્ચ સ્થિતિએ પહોંચાડશે.

શ્રીરામકૃષ્ણની પવિત્રતા બાળકના જેવી હતી. પોતાના જીવનમાં તેમણે કદી પૈસાનો સ્પર્શ કર્યો ન હતો, અને કામવાસનાનો તો તેમણે સમૂળગો નાશ કરી નાખ્યો હતો. ભૌતિક વિજ્ઞાન શીખવા માટે મહાન



ધર્મોપદેશકો પાસે ન જશો, તેમની સમગ્ર શક્તિ આધ્યાત્મિક બાબતમાં રોકાઈ ગયેલી હોય છે. શ્રીરામકૃષ્ણમાં માનવી મરી ગયો હતો, માત્ર ઈશ્વર જ રહ્યો હતો. પાપ ખરેખર તેઓ જોઈ શકતા ન હતા, તેઓ અક્ષરશઃ 'પાપ જોવા કરતાં વધુ શુદ્ધ દૃષ્ટિવાળા હતા.' આવા થોડા સાધુપુરુષોની પવિત્રતા જ આ દુનિયાને ટકાવી રાખે છે. જો તે બધાં મરી જાય અને દુનિયાનો ત્યાગ કરે, તો દુનિયાનો નાશ થઈ જાય. તેઓ પોતાના અસ્તિત્વ માત્રથી જગતનું કલ્યાણ કરે છે. તેઓ પોતે તે જાણતા પણ નથી હોતા, તેઓ તો માત્ર જીવે છે એટલું જ.

ગ્રંથો આન્તજર્યોતિના અસ્તિત્વનું સૂચન કરે છે, અને તેને બહાર કાઢવાની રીત બતાવે છે. પણ આપણે પોતે જ્યારે આપણા આત્માનું જ્ઞાન મેળવ્યું હોય ત્યારે જ તેમને સમજી શકીએ. જ્યારે તમારા અંદરની જ્યોતિનો પ્રકાશ પથરાય ત્યારે પુસ્તકોને છોડી દો અને માત્ર અંદર જ જુઓ. તમારામાં સર્વ કંઈ રહેલું છે, અને ગ્રંથોમાં છે તેથી હજારગણું વધારે રહેલું છે. તમે આત્મશ્રદ્ધા કદી પણ ન ગુમાવો, તમે આ જગતમાં ધારો તે કરી શકો. કદી પણ નિર્બળ ન બનો, તમારામાં મળી શક્તિ છે.

## શનિવાર, તારીખ ૩જી ઓગષ્ટ

એક વાર એક હિંદુ રાણી હતી. તેને એવી ઈચ્છા થઈ કે પોતાનાં બધાં જ સંતાનો આ જીવનમાં મુક્તિ મેળવે. આથી તે જાતે બધાંની સંભાળ લેવા લાગી. તેમને સુવડાવતી વખતે તે તેમની આગળ 'તત્ત્વમસિ તત્ત્વમસિ। તે તું છો, તે તું છો' નું હાલરડું ગાતી. તેમાંના ત્રણ સંન્યાસીઓ

થયા, પણ ચોથાને ઉછેરવા માટે અન્ય સ્થલે લઈ જવામાં આવ્યો હતો, કારણ કે તેને રાજા બનાવવો હતો. જ્યારે તેને લઈ જતા હતા ત્યારે માતાએ તેને એક કાગળનો ટુકડો લખીને આપ્યો, એ કાગળ તેણે મોટો થાય ત્યારે વાંચવાનો હતો. આ કાગળની ચબરખી ઉપર લખ્યું હતું : 'ઈશ્વર એક જ સત્ય છે. બીજું બધું મિથ્યા છે. આત્મા કદીય હણાતો નથી કે હણતો નથી. કાં એકલો રહેજે અગર સાધુના સત્સંગમાં રહેજે.' જ્યારે તે રાજકુમાર યુવાન થયા પછી ત વાંચ્યું ત્યારે તેણે પણ દુનિયાનો ત્યાગ કર્યો, અને સંન્યાસી થઈ ગયો.

ત્યાગ કરો, દુનિયાને છોડો. આપણે અત્યારે રસોડામાં ઘૂસી ગયેલાં કૂતરાં જેવા છીએ. એક માંસનો ટુકડો ખાતાં ખાતાં ભયથી આમતેમ જોતા રહીએ છીએ, કે રખેને કોઈ આવીને હાંકી કાઢે? એમ કરવા કરતાં રાજા બનો, અને પૃથ્વીના અધિપતિ તમે જ છો એમ માનો. જ્યાં સુધી તમે દુનિયાને છોડી ન દો, અને તે તમને બંધન કરતી બંધ થાય નહીં ત્યાં સુધી આ ભાવ કદીય આવે નહીં. શરીરથી નહીં તો મનથી ત્યાગ કરો, તમારા અંતઃકરણથી પૂરેપૂરો ત્યાગ કરો. વૈરાગ્ય લાવો. આ જખરો યજ્ઞ છે, અને તેના સિવાય આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. કોઈ વાતની ઈચ્છા ન રાખો કારણ કે તમે જે ઈચ્છો તે તમને મળશે, અને તેની સાથે જ ભયંકર બંધન પણ આવશે.

આપણે બધા એક છીએ તે જાણવા માટે બીજાનાં શરીરમાં પણ આત્મભાવ અનુભવતાં શીખો. બધી નિરર્થક વાતોને ફેંકી દો. સારાં કે ખરાબ કર્મોને થૂંકી કાઢો અને તેના વિશે વિચાર પણ ન કરો. જે થયું તે થયું. વહેમને દૂર કરો. મૃત્યુ સામે આવે ત્યારે પણ નિર્બળતા ન રાખો. પશ્ચાતાપ ન કરો, કૃતકર્મ માટે અફસોસ ન કરો તેમજ તમારાં સત્કર્મોને



પણ યાદ ન રો. આઝાદ થાઓ, નિર્બળ, ડરપોક અને અજ્ઞાની માણસો આત્માને કદીય પામશે નહીં. તમે કર્યું ન કર્યું નહીં કરી શકો, કર્મનું પરિણામ જરૂર આવશે, તેનો સામનો કરો, અને ફરી વખતે તેમ નહીં કરવાની કાળજી રાખો. બધાં કર્મોનો ભાર ઈશ્વર ઉપર છોડી દો, સારું તથા ખરાબ, બધુંય આપી દો. સારું સારું રાખવું, અને ખરાબ ખરાબ ઈશ્વરાર્પણ કરવું એમ ન કરો. જેઓ પોતાને સહાય 'નથી' કરતા, તેમને ઈશ્વર સહાય કરે નથી આવતાં, તેમ જ તૃષ્ણા અને ઈશ્વર બંને એકી સાથે કદીય ન આવે. તૃષ્ણાનો ત્યાગ કરો.

આ પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં ભોગ મેળવવાની સઘળી ઈચ્છાને છોડી દો. ઈન્દ્રિયોને કાબૂમાં રાખો અને મનોનિગ્રહ કરો. તમે દુઃખી છો એવો ખ્યાલ રાખ્યા સિવાય બધાં દુઃખો સહન કરો. મુક્તિ સિવાય બીજી કોઈ વાત ન કરો. ગુરુમાં, તેના ઉપદેશમાં અને તમે મુક્ત થઈ શકો તેવી ખાતરીમાં શ્રદ્ધા રાખો. ગમે તે થાય પણ 'સોઙહમ્ સોઙહમ્', બોલ્યા જ કરો. ખાતાંપીતાં, હરતાંફરતાં, દુઃખમાં પણ તમારી જાતને કહ્યા કરો. મનને આ નિરંતર કહો : 'જે આપણે જોઈએ છીએ તે અસ્તિત્વ ધરાવતું જ નથી. માત્ર 'હું' જ છું.' એક ચમકારો, અને સ્વપ્ન ઊડી જશે. રાત ને દિવસ એવો જ વિચાર કર્યા કરો કે આ વિશ્વ શૂન્ય છે, માત્ર ઈશ્વર જ છે. મુક્ત થવા માટે તીવ્ર ઈચ્છા ધરાવો.

સંબંધીઓ અને મિત્રો બધા માત્ર 'શુષ્ક કૂવાઓ' જેવા છે, આપણે તેમાં પડીએ છીએ અને કર્તવ્ય અને બંધનનાં સ્વપ્નાં સેવીએ છીએ, અને એનો કોઈ અન્ત નથી. કોઈને 'મદદ કરી' ને ભ્રમણા ઊભી ન કરો. એ તો વડના ઝાડ જેવું છે, તેની વડવાઈઓ દ્વારા એ વધતું જ જાય છે. જો તમે દ્વૈતવાદી હો તો ઈશ્વરને મદદ કરવાનો પ્રયત્ન કરવામાં તમે મૂર્ખ

બનો છો, જો તમે અદ્વૈતવાદી હો તો તમે જાણો છો કે તમે ઈશ્વર છો, અને તો પછી કર્તવ્યને ક્યાં સ્થાન છે? પતિ તરફ, સંતાન તરફ કે મિત્ર તરફ તમારે કશું જ કર્તવ્ય નથી. પરિસ્થિતિ જેમ આવે તેમ સ્વીકારો, નિષ્ક્રિય પડ્યા રહો, અને જ્યારે તમારું શરીર તરવા માંડે ત્યારે જવા દો. ભરતી સાથે ઊંચે ચડો અને ઓટની સાથે નીચે પડો. શરીર ભલે મરી જાય. શરીરનો આ વિચાર તે જૂનીપુરાણી થઈ ગયેલી વાત છે. 'ક્રિયારહિત થાઓ અને જાણો કે તમે ઈશ્વર છો.'

વર્તમાનનું જ અસ્તિત્વ છે, ભૂત કે ભવિષ્ય વિચારમાં પણ નથી, કારણ કે ભૂતભવિષ્યનો વિચાર કરવા માટે તમારે તેમને વર્તમાન બનાવવા પડે છે. સઘળું છોડી દો, અને તેને ઠીક પડે ત્યાં વહ્યે જવા દો. આ જગત આખું એક ભ્રમણા છે, તે ફરી તમને મૂર્ખ ન બનાવે તે જુઓ. તે જે નથી તે સ્વરૂપે તમે તેને જાણ્યું છે, હવે જે તે છે તે સ્વરૂપે તેને જાણો. શરીર જો ક્યાંય પણ ખેંચાય તો ખેંચાયે જવા દો, શરીર ક્યાંછે તેની પરવા કરવી છોડી દો. કર્તવ્યનો આ ત્રાસદાયક વિચાર એક કાતિલ ઝેર છે, અને દુનિયાનો નાશ કરે છે.

એક વીણા મળે અને પછી તમે ધીરે ધીરે આરામ કરો. એની રાહ ન જુઓ. વીણા લઈને તમે શરૂ જ શા માટે ન કરો? સ્વર્ગે જવાની વાટ શા માટે જુઓ છો? અહીં જ સ્વર્ગ બનાવો. સ્વર્ગમાં નથી પરણવાનું કે નથી પરણાવવાનું. તો પછી તુરત જ શરૂઆત શા માટે ન કરવી અને અહીં જ કાં અપરિણીત ન રહેવું? સંન્યાસીનો ભગવો ઝભ્ભો મુક્તિનું ચિહ્ન છે. દુનિયાનો ભિખારીનો વેશ છોડી દો, મુક્તિનો ધ્વજ, ભગવો ધારણ કરો.



## રવિવાર, તારીખ ૪ થી ઓગસ્ટ

અત્યારના કાળમાં ઈશ્વરની 'માતા' તરીકે - અનનન્ત શક્તિ તરીકે ઉપાસના કરવી જોઈએ. આથી પવિત્રતા આવશે, અને અહીં અમેરિકામાં જબરદસ્ત શક્તિ આવશે. અહીં કોઈ પુરોહિતનો વર્ગ આપણને દાબી દેવા માટે નથી, તેમજ ગરીબ દેશની પેઠે કોઈ દુ:ખી પણ નથી. અનેક યુગોથી સ્ત્રી જાતિ સદા સહન કરતી આવી છે, તેથી તેનામાં અખૂટ ધીરજ અને ખંત આવ્યાં છે. એક ભાવનાને તે વળગી રહી શકે છે. આને લીધે જ તે દરેક દેશમાં વહેમ ભરેલા ધર્મોનો અને પુરોહિતોનો આધાર બની છે, અને આથી જ તે મુક્ત બનશે. આપણે વેદાંતી બનવાનું છે અને આ ભવ્ય વિચારને જીવનમાં ઉતારવાનો છે. જનતાને તે મળવો જોઈએ, અને માત્ર સ્વતંત્ર અમેરિકામાં જ આ થઈ શકે તેમ છે. ભારતમાં બુદ્ધ, શંકર અને બીજી એવી વ્યક્તિઓએ આ વિચારોને રજૂ ર્યા પણ જનતા તેને પકડી રાખી ન શકી. નવા યુગમાં જનતા વેદાન્તમય જીવન જીવે તે જોવું જોઈએ, અને તે સ્ત્રીઓ દ્વારા આવવું જોઈશે.

# ૬. વાર્તાલાપ

### ૧. ભાવિ સ્ત્રીમઠ સ્થાપવા માટેનું આયોજન- સ્ત્રી શિક્ષણનું કેન્દ્રસ્થાન : નારી-શક્તિ ધર્મ

(સ્થળ : બેલુર મઠ, સને ૧૯૦૧)

શિલોંગના પહાડથી પાછા ફર્યા બાદ સ્વામીજીની તબિયત અસ્વસ્થ રહે છે. તેમના પગે સોજા ચડ્યા છે. તેથી તેમના ગુરુભાઈઓ બહુ ચિંતાતુર થયા છે. સ્વામી નિરંજનાનંદની વિનંતીથી આયુર્વેદિય ઔષધ લેવાનું તેમણે કબૂલ કર્યું છે. આવતા મંગળવારથી તે દવા શરૂ થશે, અને ત્યારે પાણી તથા મીઠું સાવ છોડી દેશે. આજે રવિવાર છે. શિષ્યે તેમને કહ્યું : 'સ્વામીજી ! અત્યારે સખત ગરમી છે, આપ તો પાણી વારંવાર પીઓ છો. એટલે હવે આ દવા અંગે પાણી પીવાનું તદ્દન બંધ રાખવું આપને માટે અસહ્ય થઈ પડશે.'

સ્વામીજી : એમ કેમ કહે છે? આ ઉપચાર શરૂ કરીશ તે દિવસ સવારથી જ પાણી નહિ લેવાનો દૃઢ નિશ્ચય કરીશ. ત્યાર પછી ત્રણ



અઠવાડિયાં સુધી પાણીનું એક પણ ટીપું ગળે ઊતરશે નહિ. શરીર એ તો મનનો બહારનો કોશ માત્ર છે, મન તેને જે આજ્ઞા કરશે તેનું તેણે પાલન કરવું જ પડશે. માટે ડરવા જેવું કંઈ નથી. નિરંજનાનંદની વિનંતીથી મારે આ ઉપચાર કરવા પડે છે, અને મારા ગુરુભાઈઓની વિનંતીની હું અપેક્ષા કરી શકું નહિ.

અત્યારે દસ વાગ્યા છે. સ્વામીજીએ હર્ષભેર ભાવિ સ્ત્રીમઠની વાત શરૂ કરીને કહ્યું : 'શ્રીશ્રીમા શારદાદેવીને પ્રેરણાના કેન્દ્ર તરીકે રાખીને ગંગાના પૂર્વ કિનારે એક મઠની સ્થાપના કરવી છે. જેમ અહીં બ્રહ્મચારીઓ અને સાધુઓને કેળવવામાં આવે છે, તેમ આ બીજા મઠમાં બ્રહ્મચારિણીઓ અને સાધ્વીઓને કેળવવામાં આવશે.'

શિષ્ય : સ્વામીજી ! પ્રાચીન કાળે ભારતમાં સ્ત્રીઓ માટે આવા મઠો હતાં કેમ તે વિષે ઈતિહાસમાં કોઈ ઉલ્લેખ નથી. માત્ર બૌદ્ધ કાળમાં સ્ત્રીઓ માટેનામ વિશે સંભળાય છે. પણ સમય જતાં તેમાં ઘણા દુરાચારો પેદા થયા. આખા દેશને અનેક દુરાચારો પથરાઈ વળ્યા.

સ્વામીજી : આ દેશમાં જ્યારે વેદાંત એમ કહે છે કે એક જ ચેતન આત્મા બધા જીવોમાં રહ્યો છે, ત્યારે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે આટલો તફાવત કેમ કરવામાં આવે છે તે સમજવું ઘણું મુશ્કેલ છે. તમે સદાય સ્ત્રીઓની ટીકા કર્યા કરો છો, પણ બોલો, તેમના ઉદ્ધાર માટે તમે શું કર્યું? સ્મૃતિઓ વગેરે લખીને અને તેમને સખત નિયમોના બંધનમાં નાખી દઈને પુરુષોએ સ્ત્રીઓને માત્ર પ્રજોત્પત્તિનાં સાધન બનાવી દીધી છે. જે સ્ત્રીઓ 'જગદંબા'ની જીવંત મૂર્તિસમાન છે, તેમનો ઉદ્ધાર નહિ કરો તો તમારે માટે પ્રગતિનો બીજો કોઈ માર્ગ છે, એમ માનશો જ નહિ.

શિષ્ય : પુરુષો માટે સ્ત્રીઓ બંધન અને પાશરૂપ છે, તેઓ તેમની

માયાથી પુરુષોનાં જ્ઞાન અને વૈરાગ્યને ઢાંકી દે છે. હું માનું છું કે તે કારણે જ શાસ્ત્રકારો તેમને માટે જ્ઞાન અને ભક્તિ મેળવવાં મુશ્કેલ છે એમ સૂચવે છે.

સ્વામીજી : ક્યાં શાસ્ત્રોમાં તમે એવાં વિધાનો જોયાં છે કે સ્ત્રીઓ જ્ઞાન અને ભક્તિ માટે અધિકારી નથી? અધઃ પતનના યુગમાં જ્યારે પુરોહિતોએ બીજા વર્ણોને વેદના અભ્યાસ માટે અનારાધિકારી ઠરાવ્યા ત્યારે તેમણે સ્ત્રીઓને પણ બધા અધિકારોથી વંચિત બનાવી. નહિ તો તમે જોશો કે વેદ કે ઉપનિષદોના કાળમાં મૈત્રેયી અને ગાર્ગી જેવી અન્ય પુણ્યશ્લોક સ્ત્રીઓએ બ્રહ્મ વિશેની ચર્ચાની કુશળતા દ્વારા ઋષિઓનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વેદમાં પારંગત એવા હજાર બ્રાહ્મણોની સભામાં ગાર્ગી જેવી અન્ય પુણ્યશ્લોક સ્ત્રીઓએ બ્રહ્મ વિશેની ચર્ચાની કુશળતા દ્વારા ઋષિઓનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વેદમાં પારંગત એવા હજાર બ્રાહ્મણોની સભામાં ગાર્ગીએ બ્રહ્મ અંગેના વાદવિવાદમાં યાજ્ઞવલ્કયને હિંમતભર્યું આહ્‌વાન ફેંક્યું હતું. જો આવી આદર્શ સ્ત્રીઓ આધ્યાત્મિક જ્ઞાનની અધિકારી હતી, તો પછી આજની સ્ત્રીઓને તેવો અધિકાર શા માટે ન હોય? જે એક વખત બન્યું તે બીજી વખત જરૂર બની શકે, ઈતિહાસનું પુનરાવર્તન થાય છે. સ્ત્રીઓને યોગ્ય સન્માન આપીને જ બધી પ્રજાઓ મહાન બની છે. જે દેશ અને જે પ્રજા પોતાની સ્ત્રીઓનું સન્માન કરતી નથી તે કદીય મહાન બની નથી. અને ભવિષ્યમાં કદી બનશે પણ નહિ. આપણી પ્રજા આટલી અધોગતિ પામી છે તેનું મુખ્ય કારણ એ છે કે આપણને શક્તિની આ જીવંત મૂર્તિઓ પ્રત્યે માન નથી. મનુ કહે છે :

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । (મનુસ્મૃતિ ૩:૫૬) 'જ્યાં નારીઓ પૂજાય છે, ત્યાં દેવો આનંદ પામે છે.' જ્યાં આમ નથી થતું, ત્યાં બધાં કર્મ અને પુરુષાર્થ નિષ્ફળ નીવડે છે. જે કુટુંબ કે દેશમાં સ્ત્રીઓ માટે માન નથી, જ્યાં તેઓ દુઃખમાં રહે છે, તે કુટુંબ કે દેશને માટે ઉન્નતિની કશી આશા નથી. આ કારણે જ સ્ત્રીઓને પહેલાં ઊંચે લાવવાની જરૂર છે, તથા તેમને માટે એક આદર્શ મઠ સ્થાપવાની જરૂર છે.



શિષ્ય : સ્વામીજી ! જ્યારે આપ પશ્ચિમમાંથી પ્રથમ પાછા આવ્યા ત્યારે સ્ટાર થિયેટરના આપના વ્યાખ્યાનમાં આપે તંત્રોની કડક ટીકા કરેલી. હવે તંત્રોમાં કહ્યું છે તેમ સ્ત્રીઓની પૂજાને ટેકો આપીને આપ આપના જ વચનનો વિરોધ કરો છો.

સ્વામીજી : મેં તો માત્ર તંત્રના હાલના કલુષિત વામાચાર સ્વરૂપની જ ટીકા કરેલી, મેં તંત્રોની માતૃપૂજાની કે સાચા વામાચારની ટીકા કરી ન હતી. તંત્રનો હેતુ સ્ત્રીઓની દેવી તરીકે પૂજા કરવાનો છે. બૌદ્ધ ધર્મના પતનકાળમાં વામમાર્ગ ખૂબ બગડ્યો. અને તે બગડેલ સ્વરૂપ આજ સુધી હજુ ચાલુ છે. આજે પણ ભારતમાં તંત્રસાહિત્ય ઉપર એ વિચારોની છાપ છે. મેં તો માત્ર તે કલુષિત અને ભયંકર પ્રથાઓનો તિરસ્કાર કરેલો અને હજી પણ કરું છું. જગદંબાની જીવંત મૂર્તિ સમી સ્ત્રીઓની પૂજાનોં મેં કદી વિરોધ કર્યો નથી. ઈંદ્રિયોને ઉત્તેજિત કરે તેવા તેમના બાહ્ય ભાવો પુરુષને પાગલ બનાવે છે, પણ જ્ઞાન, ભક્તિ, વિવેક કે વૈરાગ્ય જેવા તેમના અંતરના ભાવો માણસને સર્વજ્ઞ, દૃઢનિશ્ચયી અને બ્રહ્મજ્ઞ બનાવે છે. सैषा प्रसन्ना वरदा नृणाम् भवति मुक्तये । 'જ્યારે તે પ્રસન્ન થાય છે ત્યારે તે વરદાન આપનાર અને માનવીની મુક્તિદાતા બને છે.' પૂજા અને પ્રણામ દ્વારા જગન્માતાને પ્રસન્ન કર્યા વિના બ્રહ્મા અને વિષ્ણુ પણ તેમના પંજામાંથી છટકીને મુક્તિ પામી શકતા નથી. તેથી આ ગૃહદેવીઓની પૂજા માટે એમનામાં રહેલા બ્રહ્મને પ્રગટ કરવા માટે હું સ્ત્રીઓનો મઠ સ્થાપવા માગું છું.

શિષ્ય : આપનો એ વિચાર સારો હશે, પણ ત્યાં રહેવા માટે આપ

સ્ત્રીઓ ક્યાંથી મેળવશો? અત્યારનાં સમાજનાં સખત બંધનોને કારણે પોતાના ઘરની સ્ત્રીઓને આપના મઠમાં જોડાવા કોણ રજા આપશે?

સ્વામીજી : એમ શા માટે વિચારો છો? આજે પણ શ્રીરામકૃષ્ણની સ્ત્રી શિષ્યાઓ છે જ ને? તેમની મદદથી હું આ મઠ શરૂ કરીશ. શ્રી શ્રીમા તેનું મધ્યવર્તી કેન્દ્ર બનશે, અને શ્રીરામકૃષ્ણના ભક્તોના ઘરની સ્ત્રીઓ અને કન્યાઓ તેમાં સૌથી પહેલી જોડાશે. કારણ કે આવા મઠની ઉપયોગિતા તેઓ સહેલાઈથી સમજશે. પછી તેમનો દાખલો લઈને ઘણા ગૃહસ્થીઓ આ ઉમદા કાર્યમાં મદદ કરશે.

શિષ્ય : શ્રીરામકૃષ્ણના શિષ્યો આ કાર્યમાં જરૂર જોડાશે, પણ સામાન્ય જનતા આ કામમાં મદદ કરશે તેમ મને લાગતું નથી.

સ્વામીજી : આ જગતમાં ત્યાગ અને બલિદાન વિના કોઈ મહાન કાર્ય થતું નથી. વડનો નાનો છોડ જોઈ કોણ કલ્પના કરી શકે કે કાળક્રમે એ એક વિશાળ વટવૃક્ષ બનશે? અત્યારે તો હું આ પ્રમાણે મઠ શરૂ કરીશ. પાછળથી તમે જોશો કે એકાદ બે પેઢી પછી આ દેશના લોકો આ મઠની ઉપયોગિતાની કદર કરશે. મારી સ્ત્રી શિષ્યાઓ તેને માટે પ્રાણ પાથરશે. ભય અને કાયરતાને છોડી આ ઉત્તમ કાર્યમાં તમે પણ મદદ કરો અને સહુ સમક્ષ આ ઉચ્ચ આદર્શ રજૂ કરો. તમે જોશો કે સમય જતાં તેનું તેજ આખા દેશમાં પથરાશે.

શિષ્ય : સ્વામીજી, સ્ત્રીઓના આ મઠની બાબતમાં આપની યોજના વિશે મને વિગતથી બધું કહો.

સ્વામીજી : ગંગાને સામે કાંઠે જમીનનો એક મોટો ટુકડો ખરીદવામાં આવશે. કુમારિકાઓ અને બ્રહ્મચર્ય પાળનારી વિધવાઓ ત્યાં રહેશે, પરિણીત સ્ત્રીભક્તોને પણ વખતોવખત ત્યાં રહેવા દેવામાં આવશે. આ



મઠ સાથે પુરુષોનો કોઈ સંબંધ રહેશે નહિ. વૃદ્ધ સાધુઓ દૂર રહ્યા આ મઠના કામકાજનું સંચાલન કરશે. આ મઠની સાથે એક કન્યાશાળા સ્થાપવામાં આવશે, ત્યાં ધર્મશાસ્ત્રો, સાહિત્ય, સંસ્કૃત વ્યાકરણ અને થોડુંઘણું અંગ્રેજી પણ શીખવવામાં આવશે, સીવણકામ, પાકશાસ્ત્ર, ઘરકામના આચારો, બાળઉછેર જેવા બીજા વિષયો પણ શીખવવામાં આવશે, વળી જપ, પૂજા, ધ્યાન વગેરે એ શિક્ષણના આવશ્યક અંગો બનશે. જે લોકો ઘર અને કુટુંબના સંબંધો છોડીને કાયમ માટે મઠમાં રહી શકશે તેમને મઠમાંથી ખાવાનું અને કપડાં આપવામાં આવશે, જેઓ તેમ નહિ કરી શકે તેમને મઠમાં દિવસની વિદ્યાર્થીનીઓ તરીકે ભણવા દેવામાં આવશે. મઠનાં મુખ્ય સંચાલિકાની પરવાનગીથી કોઈ કોઈ વખત દિવસે ભણવા આવતી વિદ્યાર્થીનીઓને પણ મઠમાં રહેવા દેવામાં આવશે, અને આવા નિવાસ વખતે મઠ તેમનું ભરણપોષણ કરશે. કુમારિકા વિદ્યાર્થીનીઓને બ્રહ્મચર્યનું શિક્ષણ આપવાનું કામ મોટી ઉંમરની બ્રહ્મચારિણીઓ સંભાળશે. મઠમાં આમ પાંચછ વર્ષના અભ્યાસ પછી કન્યાઓના વાલીઓ તેમને પરણાવી શકશે. જો યોગ અને આધ્યાત્મિક જીવન માટે તેઓ લાયક ગણાશે અને જો તેમના વાલીઓની રજા હશે તો તેમને બ્રહ્મચર્યવ્રત લઈને મઠમાં રહેવા દેવામાં આવશે. વખત જતાં આ અપરિણીત સાધ્વીઓ મઠની શિક્ષિકાઓ અને ઉપદેશિકાઓ બનશે. ગામડાંઓમાં અને શહેરમાં તેઓ કેન્દ્રો સ્થાપશે અને સ્ત્રીશિક્ષણના ફેલાવા માટે પ્રયાસ કરશે. આવી ચારિત્ર્ય અને શ્રદ્ધાવાળી ઉપદેશિકાઓ દ્વારા દેશમાં સ્ત્રીકેળવણીનો સાચો ફેલાવો થશે. જ્યાં સુધી વિદ્યાર્થીનીઓ મઠ સાથે સંપર્ક રાખશે ત્યાં સુધી મઠના મૂળભૂત આદર્શ તરીકે તેઓ અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરશે.

આ મઠની વિદ્યાર્થીનીઓનો મુદ્રાલેખ આધ્યાત્મિકતા, ત્યાગ અને

આત્મસંયમ રહેશે તથા સેવાધર્મ એ તેમનું જીવનવ્રત રહેશે. તેમના આવા આદર્શ જીવનને કારણે તેમનું સન્માન કોણ નહિ કરે અગર કોણ તેમનામાં શ્રદ્ધા નહિ રાખે? જો આ દેશની સ્ત્રીઓનું જીવન આ રીતે ઘડવામાં આવશે તો જ સીતા, સાવિત્રી અને ગાર્ગી જેવી આદર્શ નારીઓનું અહીં પુનર્દર્શન થશે. સ્થાનિક રૂઢિઓની સખતાઈએ આ દેશની સ્ત્રીઓને કઈ સ્થિતિએ પહોંચાડી છે અને કેવી નિષ્પ્રાણ તથા જડ બનાવી છે તે તો તમે પશ્ચિમના દેશોમાં જાઓ તો જ સમજી શકો. સ્ત્રીઓની આવી દુઃખી સ્થિતિ માટે એકલા તમે જ જવાબદાર છો. અને તેમને ઊંચે લાવવાનું કામ પણ તમારે શિરે છે. માટે જ હું કહું છું કે કામ કરવા લાગી જાઓ. વેદ જેવાં થોડાં શાસ્ત્રો મોઢે કરવાથી શું વળશે?

શિષ્ય : સ્વામીજી ! આ મઠમાં કેળવણી લીધા પછી જો કન્યાઓ પરણશે તો તેમનામાં આદર્શ ચારિત્ર્ય ક્યાંથી સાંપડવાના ? જો એવો નિયમ કરવામાં આવે કે આ મઠમાં શિક્ષણ લેનારને પરણવા દેવામાં નહિ આવે, તો વધારે સારું નહિ!

સ્વામીજી : શું તેવી સ્થિતિ એકાએક લાવી શકાય? તેમને કેળવણી આવ્યા પછી નિર્ણય તેમના પર છોડી દેવો જોઈએ, પછી તેમને પોતાને જે સૌથી સારું લાગશે, તે તેઓ કરશે. અરે, આ મઠમાં કેળવાયેલી છોકરીઓ લગ્ન કરીને સંસારમાં પ્રવેશ કર્યા પછી પણ પોતાના પતિને ઉચ્ચ આદર્શોની પ્રેરણા આપશે અને વીર પુરુષોની માતા બનશે. પણ આ નિયમ તો હોવો જ જોઈએ કે મઠમાં ભણતી વિદ્યાર્થીનીઓના વાલીઓ, કન્યાઓ પંદર વર્ષની ઉંમરની થાય નહિ ત્યાં સુધી તેમને પરણાવવાનો વિચાર પણ નહિ કરે.

શિષ્ય : સ્વામીજી ! એવી કન્યાઓ સમાજમાં પ્રતિષ્ઠા નહિ પામી



શકે, તેમને પરણવા તૈયાર જ નહિ થાય!

સ્વામીજી : શા માટે તેમને કોઈ પરણવા તૈયાર નહિ થાય? તમે સમાજનું વલણ હજી સમજી શક્યા નથી. આ વિદુષી અને કુશળ કન્યાઓને માટે વરનો અભાવ જ નહિ રહે. સમાજ હવે બાળલગ્નવાળાં શાસ્ત્રવિધાનોને અનુસરતો નથી અને ભવિષ્યમાં અનુસરશે પણ નહિ. અત્યારે પણ શું ચાલે છે તે તને જોતા નથી?

શિષ્ય : પણ શરૂઆતમાં તો આ સામે જબ્બર વિરોધ થવાનો જ.

સ્વામીજી : ભલે થાય. તેમાં ડરવા જેવું શું છે? નૈતિક હિંમતથી આરંભાયેલા ધાર્મિક કાર્યોનો વિરોધ તેમના આરંભ કરનારાઓને ઊલટાનું વિશેષ નૈતિક બળ અપાશે. જે બાબતોને કોઈ અંતરાય નડતો નથી, કોઈ વિરોધ સામે ઊભો થતું નથી, તે બાબત મનુષ્યને નૈતિક મૃત્યુને માર્ગે લઈ જાય છે, સંઘર્ષ એ જીવનનું ચિહ્ન છે.

શિષ્ય : હા જી, આપની વાત સાચી છે.

સ્વામીજી : પરબ્રહ્મરૂપી પરમ સત્યમાં કશો લિંગભેદ નથી, માત્ર સાપેક્ષ ભૂમિકા ઉપર તેને આપણે જોઈએ છીએ. વળી મન જેમ જેમ વધારે આત્મલક્ષી બને, તેમ તેમ ભેદભાવ વધુ ને વધુ દૂર થાય છે, અંતે જ્યારે મન એક અને અખંડ બ્રહ્મમાં લીન થાય છે ત્યારે ‘આ પુરુષ છે અને આ સ્ત્રી’ તેવા વિચારો રહેતા નથી. શ્રીરામકૃષ્ણના જીવનમાં અમે આ પ્રત્યક્ષ જોયેલ છે. માટે જ હું કહું છું કે બહારથી પુરુષ અને સ્ત્રીમાં ભેદ હોય તો પણ તેમના ખરા સ્વરૂપમાં ભેદ નથી. તેથી જો પુરુષ બ્રહ્મજ્ઞાની થી શકે તો પછી સ્ત્રી તે જ જ્ઞાન કેમ ન મેળવી શકે? માટે જ હું હજારો સ્ત્રીઓ પ્રેરણા મેળવશે અને સત્ય તરફ જાગ્રત બનશે તથા દેશ અને સમાજનું ઘણું કલ્યાણ થશે. સમજ્યા?

શિષ્ય : સ્વામીજી ! આપના ઉપદેશથી આજે મારી આંખો ઊઘડી ગઈ છે.

સ્વામીજી : હજુ પૂરેપૂરી નથી ઊઘડી. જ્યારે તમે અખંડ જ્યોતિર્મય આત્માના સત્યનો સાક્ષાત્કાર કરશો ત્યારે તમને જણાશે કે તમારામાંથી લિંગભેદનો ખ્યાલ તદ્દન દૂર થયો છે, અને ત્યારે તમે બધી સ્ત્રીઓને બ્રહ્મની સાક્ષાત્ અભિવ્યક્તિરૂપે જોશો. આપણે જોયું છે કે શ્રીરામકૃષ્ણને તો દરેક સ્ત્રીમાં, પછી તે ગમે તે જાતની જોયેલ છે તેથી હું તમને બધાને તેમ કરવા આગ્રહપૂર્વક કહું છું, અને દરેક ગામમાં કન્યાશાળા ઉઘાડવા તથા સ્ત્રીઓને ઊંચે લાવવા સમજાવું છું. જો સ્ત્રીઓને ઊંચી લાવવામાં આવે તો પોતાનાં ઉમદા કાર્યોથી તેમની સંતતિ દેશની કીર્તિ વધારશે, અને ત્યારે દેશમાં જ્ઞાન, સંસ્કાર, શક્તિ અને ભક્તિ જાગ્રત થશે.

શિષ્ય : પણ સ્વામીજી ! અત્યારની સ્ત્રીકેળવણીથી તો આનાથી વિરુદ્ધ પરિણામો આવેલાં દેખાયાં છે. સહેજ આછીપાતળી કેળવણી મળતાં જ તેઓ પાશ્ચાત્ય ઢબની રહેણીકરણી શીખે છે, પણ તેઓ ત્યાગ, સંયમ, તપ, બ્રહ્મચર્ય અને બ્રહ્મજ્ઞાન લાવનારા બીજા ગુણોના માર્ગે કેટલી આગળ વધે છે તે સ્પષ્ટ નથી દેખાતું.

સ્વામીજી : શરૂઆતમાં આવી થોડી ભૂલો અનિવાર્ય છે. જ્યારે દેશમાં કોઈ નવો વિચાર આપવામાં આવે છે, ત્યારે કેટલાક લોકો તેને યથાર્થ રીતે સમજી ન શકવાને કારણે એ રીતે અવળે માર્ગે જાય છે. પણ સમાજના મોટા ભાગના કલ્યાણને તેથી શો વાંધો આવે છે? જે લોકો આ દેશમાં અત્યારે ભલે થોડીઘણી પણ અપાતી સ્ત્રીકેળવણીના હિમાયતીઓ છે, તેઓ જરૂર ઉદાર હૃદયવાળા હતા. પણ ખરી વાત એ છે કે જે વિદ્યા કે સંસ્કાર ધાર્મિક ભૂમિકા ઉપર સ્થપાયેલ ન હોય, તેમાં એક અગર બીજો



દોષ જરૂર પેસી જાય. પરંતુ હવે ધર્મને મધ્યબિંદુ તરીકે રાખીને સ્ત્રીઓમાં ધાર્મિક કેળવણીનો પ્રસાર કરવાનો છે, બીજી બધી કેળવણી ધર્મથી ગૌણ ગણાવી જોઈએ. ધાર્મિક શિક્ષણ, ચારિત્ર્યનું ઘડતર અને બ્રહ્મચર્યવ્રતનું પાલન, આ ત્રણ બાબતો ઉપર ધ્યાન અપાવું જોઈએ. ભારતમાં આજ સુધી મેં સ્ત્રી કળવણી આપવામાં આવી છે તેમાં ધર્મને ગૌણ ગણવામાં આવ્યો છે અને માટે જ તમે જે દોષો બતાવો છો તે તેમાં પેઠા છે. પણ એ કારણે તેમાં સ્ત્રીઓનો કોઈ દોષ કાઢી શકાય નહિ. સુધારકોએ પોતે બ્રહ્મચારી બન્યા વિના કેળવણીનો આરંભ કર્યો તેથી તેમણે આવી ઠોકર ખાધી. સત્કર્મના દરેક હિમાયતીઓ પોતાનું ઈષ્ટ કાર્ય હાથ ધરે તે પહેલાં કડક સંયમ પાળીને આત્મજ્ઞાન મેળવવું જોઈએ, નહિતર તેના કાર્યમાં દોષો પેઠા વિના રહેશે જ નહિ.

શિષ્ય : આપનું કહેવું યથાર્થ છે, સ્વામીજી ! આમ જોવામાં આવ્યું છે કે પછી કેળવાયેલી સ્ત્રીઓ પોતાનો સમય નવલકથા વગેરે વાંચવામાં ગાળે છે, પણ પૂર્વ બંગાળમાં કેળવણી લેવા છતાં પણ સ્ત્રીઓએ ધર્મનાં વ્રતો છોડ્યાં નથી. આ વિભાગમાં તેવું છે?

સ્વામીજી : દરેક દેશમાં પ્રજાને તેની સારી અને ખરાબ બંને બાજુઓ હોય છે. આપણું કાર્ય તો આપણા જીવનમાં સત્કર્મ કરવાનું અને બીજાને દૃષ્ટાંતરૂપ બનવાનું છે. હલકું ગણી કાઢવાથી કોઈ કામ સફળ થતું નથી. માત્ર લોકોમાં તે અણગમો પ્રેરે છે. જેને જે કંઈ કહેવું હોય તે ભલે કહે, તેનો વિરોધ ન કરો. આ માયાના જગતમાં તમે જે કંઈ કામ હાથ ધરશો તેમાં કોઈક ને કોઈક દોષ તો હશે જ. सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः । 'એટલે જેમ અગ્નિ ધુમાડાથી ઢંકાયેલો હોય છે તેમ બધાં કર્મો દોષથી ઢંકાયેલાં જ હોય છે.' પ્રત્યેક અગ્નિની સાથે ધુમાડો થવાનો સંભવ છે જ,

પણ તે કારણે શું તમે કાર્ય કર્યા સિવાય જ બેસી રહેશો? જ્યાં સુધી બને ત્યાં સુધી તમારે સત્કાર્ય કર્યા જ કરવું જોઈએ.

## ૨. બીજાઓ માટે સઘળું છોડવા તત્પર યુવાનોની જરુર- પુરુષત્વ જ આદર્શ - મનની નિર્બળતા

(સ્થળ : બેલુર મઠ, સને ૧૯૦૧)

સ્વામીજી હમણાં મઠમાં રહે છે. તેમની તબિયત બહુ સારી નથી, પણ સવાર સાંજ તેઓ ફરવા જાય છે. શિષ્યે સ્વામીજીનાં ચરણોમાં પ્રણામ કરીને તેમની તબિયતનાં ખબર પૂછ્યા.

સ્વામીજી : જો, આ શરીર આવી દયાજનક સ્થિતિમાં છે છતાં પણ તમે કોઈ મારા કાર્યમાં મદદ કરવા આગળ આવતા નથી ! હું એકલો કેટલુંક કરું? આ જન્મે આ શરીર બંગાળની માટીમાંથી બન્યું છે, તેથી તે કામનો અત્યંત ભાર ક્યાંથી સહન કરી શકે? તમે જે લોકો અહીં આવો છો તે પવિત્ર આત્માઓ છો, જો તમે જ મારા કામમાં મદદગાર નહિ થાઓ તો હું એકલો શું કરીશ?

શિષ્ય : સ્વામીજી ! આ આત્મસમર્પણ કરનારા બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓ આપની પાછળ ઊભા છે. અને તેમાંનો દરેક આપના કામ માટે પોતાનું જીવન સમર્પી શકે છે તેમ હું માનું છું, છતાં આપ આવું કેમ બોલો છો?

સ્વામીજી : મારે તો દેશની આશાસમા યુવકોની એક ટુકડી જોઈએ છીએ. મારી ભવિષ્યની આશા બુદ્ધિમાન, બીજાઓની સેવા માટે સર્વસ્વનો ત્યાગ કરનારા, આજ્ઞાપાલક, ચારિત્ર્યવાન યુવકો ઉપર નિર્ભર છે. મારે



એવા યુવકો જોઈએ છીએ જેઓ મારા વિચારોને મૂર્તિમંત બનાવવા માટે પોતાનું જીવન સમર્પણ કરે, અને તેમ કરીને તેઓ પોતાનું તથા દેશનું ભલું કરે ! નહિ તો, સાધારણ યુવાનો તો ટુકડીબંધ આવે છે, અને આવશે. તેમના ચહેરા ઉપર નિસ્તેજતા આલેખાયેલી જ દેખાય છે, તેમનાં હૃદય શક્તિહીન છે, તેમનાં શરીર માયકાંગલાં અને કાર્ય કરવા માટે અયોગ્ય છે તથા તેમનાં મન હિંમત વિનાનાં છે. આવા લોકોથી શું કામ થવાનું હતું? નચિકેતાની શ્રદ્ધાવાળા જો દશબાર યુવકો મને મળી જાય તો આ દેશનાં વિચારો અને પ્રવૃત્તિઓને હું નવું જ વલણ આપી શકું.

શિષ્ય : સ્વામીજી ! આપની પાસે આટલા બધા યુવકો આવે છે, તેમાંથી એક પણ આપને એવી પ્રકૃતિનો દેખાતો નથી?

સ્વામીજી : તેમાંથી જેઓ મને સારી મગજશક્તિવાળા લાગે છે, તે પૈકીના કેટલાક પરિણીત જીવનથી બંધાઈ ગયેલા છે, કેટલાકે આ દુન્યવી નામના કીર્તિ અને સંપત્તિ - માટે પોતાની જાતને વેચી દીધી છે, જ્યારે કેટલાકના શરીર નિર્બળ છે, બાકી જે મોટો ભાગ રહ્યો તેઓ કોઈ ઉચ્ચ વિચાર ગ્રહણ કરવાને અશક્ત છે. તું મારા ઉચ્ચ વિચારો ગ્રહણ કરવાને માટે જરૂર લાયક છે, પણ વ્યાવહારિક ક્ષેત્રમાં તેનો અમલ કરવાને તું શક્તિમાન નથી. આ કારણે મારા મનમાં કોઈ કોઈવાર પરિતાપ પેદા થાય છે, અને મનમાં થાય છે કે આવું માનવશરીર મેળવીને પણ ભાગ્યની અવકૃપાથી હું ઝાઝું કામ કરી ન શક્યો ! અલબત્ત મેં સમુળગી આશા છોડી નથી. કારણ કે ઈશ્વરેચ્છાથી આ યુવાનોમાંથી વખત જતાં કાર્યશક્તિ અને આધ્યાત્મિક તાકાતવાળા મહાન વીરો પાકશે કે જેઓ ભવિષ્યમાં મારા વિચારોને મૂર્ત સ્વરૂપ આપશે.

શિષ્ય : મારી તો દૃઢ માન્યતા છે કે આપના વિશાળ અને ઉદાત્ત

વિચારો આજ નહિ તો કાલે વિશ્વભરમાં સ્વીકાર્ય થશે જ. કારણ કે હું જોઉં છું કે એ અનેકદેશી છે અને વિચાર તેમજ પ્રવૃત્તિના પ્રત્યેક અંગમાં જોમ પ્રેરે તેવા છે. વળી આ દેશના લોકો જાણ્યે અજાણ્યે પણ આપના વિચારો સ્વીકારી રહ્યા છે, અને આમ લોકોને તે સમજાવી રહ્યા છે.

સ્વામીજી : મારું નામ તેઓ સ્વીકારે કે નહિ તેનો કોઈ વાંધો નથી, તેઓ મારા વિચારો સ્વીકારે એટલે બસ. પરંતુ નેવું ટકા સાધુઓ કામ અને કાંચનનો ત્યાગ કરવા છતાં પણ નામ અને કીર્તિની તૃષ્ણામાં અટવાઈ જાય છે. 'કીર્તિ ઉદારચરિતોની પેલી અંતિમ નિર્બળતા' : તે એ નથી વાંચ્યું? આપણે તો પરિણામની સઘળી આશા છોડી દઈને કામ કરવું પડશે. લોકો આપણને સારા કે ખરાબ ગમે તેવા કહે, 'ડાહ્યા માણસો આપણી પ્રશંસા કરે કે નિંદા' તેની પરવા કર્યા સિવાય આદર્શને આપણી સમક્ષ રાખીને આપણે સિંહની સમાન કાર્ય કરવું પડશે.

શિષ્ય : અત્યારે અમારે કયો આદર્શ અનુસરવો?

સ્વામીજી : અત્યારે હનુમાનના ચરિત્રને તમારે આદર્શ બનાવવાનો છે. જુઓ, રામચંદ્રની આજ્ઞાથી તેમણે સાગરને ઓળંગ્યો હતો, તેમને જીવન કે મરણની પરવા ન હતી ! તેઓ પૂરેપૂરા ઈંદ્રિયાનિગ્રહી અને અદ્‌ભુત બુદ્ધિ ધરાવતા હતા. અંગત સેવાના આ મહાન આદર્શ અનુસાર તમારે તમારું જીવન ઘડવું જોઈશે. તે દ્વારા બીજા બધા આદર્શો ધીરે ધીરે જીવનમાં ઊતરી આવશે. સામો પ્રશ્ન કર્યો સિવાય ગુરુની આજ્ઞાનું પાલન અને સંપૂર્ણ બ્રહ્મચર્યસેવન, એ સફળતાનું રહસ્ય છે. હનુમાન એક બાજુએ જેમ સેવાના આદર્શના પ્રતિનિધિ છે, તેમ બીજી બાજુએ આખી દુનિયા પર ધાક બેસાડી દે તેવી સિંહ સમાન હિંમતના પણ પ્રતિનિધિ છે. રામચંદ્રના હિત અર્થે પોતાની જિંદગીનો ભોગ આપી દેતાં તેમના મનમાં જરાય



આંચકો લાગ્યો ન હતો. સેવા સિવાય બીજી બધી બાબતો તરફ - વિશ્વના મહાન દેવો બ્રહ્મા અને શિવના પદની પ્રાપ્તિ પ્રત્યે પણ - તેઓ અત્યંત બેપરવા રહ્યા છે ! તેમના જીવનનું એકમાત્ર વ્રત છે રામની આજ્ઞાનું પાલન ! આવી ખરા હૃદયની ભક્તિ જોઈએ. કેવળ મૃદંગ અને કરતાલ બજાવીને અને કીર્તનોની ધૂનમાં નાચી નાચીને સમસ્ત પ્રજા અધોગતિએ પહોંચી ગઈ છે. એક તો (બંગાળીઓ) તેઓ અજીર્ણથી પીડાતા લોકો છે જ, એમાં વળી આ રીતે નાચેકૂદે, પછી તેઓ શ્રમ શી રીતે સહન કરી શકે? જેનું પ્રથમ લક્ષણ પવિત્રતા છે તે શ્રેષ્ઠ સાધનાનું અનુકરણ કરવાના પ્રયાસમાં તેઓ નર્યા તમોગુણથી ભરપૂર થઈ ગયા છે. ગમે તે જિલ્લામાં કે ગામમાં તમે જાઓ, કેવળ મૃદંગ કે કરતાલના જ અવાજ સાંભળશો! આ દેશમાં ઢોલ નથી બનતાં? શું રણશિંગાં અને નગારાં ભારતમાં નથી મળતાં? યુવાનોને અને કિશોરોને આ વાજિંત્રોના ઘોર અવાજો સંભળાવો. બચપણથી આવા કોમળ સંગીતના નિર્માલ્ય અવાજો અને કીર્તનો સાંભળી આ દેશ લગભગ સ્ત્રીઓના દેશ જેવો થઈ ગયો છે, આનાથી વિશેષ વળી કઈ અધોગતિની તમે આશા રાખો છો? કવિની કલ્પના પણ આ ચિત્ર આલેખવામાં નિષ્ફળ જાય છે! ડમરુ અને રણશિંગાં બજાવવાં જોઈએ, ઘોર વીરતાભર્યા સ્વરો માટે નગારાં વગાડવાં જોઈએ અને મોં વાટે 'મહાવીર, મહાવીર!' એ શબ્દો તથા 'હર હર! બોમ, બોમ!' એવા પોકારોથી દિશાઓ ગજવી મૂકવી જોઈએ. જે સંગીત મનુષ્યની કુમળી લાગણીઓને જ જગાડે છે, તેને હમણાં થોડા સમય માટે બંધ કરી દેવું જોઈએ. ખ્યાલ અને ટપ્પા જેવા કોમળ સ્વરોનો અવાજ અટકાવીને લોકોને ધ્રુપદના સ્વરો સાંભળવાની ટેવ પડાવવી જોઈએ. ભવ્ય વૈદિક ઋચાઓની મેઘગર્જના આ દેશમાં ચેતન પાછું લાવવાનું છે. દરેક બાબતમાં વીરતાભર્યા

પૌરુષનો કઠોર ભાવ જગાડવાનો છે. આવા આદર્શને અનુસરવામાં જ લોકોનું અને દેશનું કલ્યાણ સમાયેલું છે. જો તમે આવા આદર્શ પ્રમાણે તમારું ચારિત્ર્ય ઘડી શકો તો હજારો લોકો તમને અનુસરશે. પણ આદર્શમાંથી એક આંગળ પણ ખસો નહિ તેની સંભાળ રાખજો. કદી નાહિંમત ન થશો. ખાનપાનમાં, પોશાકમાં, સૂવાબેસવામાં, ગાવામાં કે રમતગમતમાં, ભોગવિલાસમાં કે માંદગીમાં, સર્વદા ઊંચામાં ઊંચી નૈતિહ હિંમત દાખવજો. ત્યારે તમારા પર મહાશક્તિ જગદંબાની કૃપા ઊતરશે.

શિષ્ય : સ્વામીજી ! ક્યારેક હું વિષાદ અનુભવું છું, શા માટે તે કહી શકતો નથી.

સ્વામીજી : એવું જણાય ત્યારે આવો વિચાર કરવો : 'હું કોનું બાળક છું? હું બ્રહ્મજ્ઞ પુરુષનો સંસર્ગ રાખું છું, તો શું હું આવી મનની નિર્બળતા કે વિશાદ રાખી શકું?' મન અને હૃદયની આવી નિર્બળતાને હાંકી કાઢી બોલી ઊઠો : 'મારામાં વીરતા છે, નિશ્ચલ બુદ્ધિથી હું ભર્યો છું, હું બ્રહ્મજ્ઞ છું, હું તેજોમય માનવી છું! વળી કામ અને કાંચનના વિજેતા શ્રીરામકૃષ્ણના જીવનસાથી એવા આ પુરુષ (સ્વામી વિવેકાનંદ) નો હું શિષ્ય છું.' વાંરવાર એ યાદ લાવીને તમારી પ્રતિષ્ઠાનો ખ્યાલ કરતા રહો. આની મન પર સારી અસર થશે. જેનામાં આવું સ્વાભિમાન નથી. તેનામાં બ્રહ્મજ્ઞાનની જાગૃતિ જરા પણ થઈ નથી. તેં રામપ્રસાદનું ગીત સાંભળ્યું નથી?' આવું અભિમાન મનમાં નિરંતર જાળવી રાખો. પછી મન અને હૃદયની નબળાઈ કદીય તમારી નજીક પણ ઢૂંકશે નહિ. નિર્બળતાને કદીય તમારા મન પર કાબુ લેવા દો નહિ. મહાવીર હનુમાનને હંમેશાં યાદ કરો, જગદંબાનું સદાય સ્મરણ કરો, એટલે તમામ નિર્બળતા અને બધી કાયરતા એકદમ અદૃશ્ય થઈ જશે.



## ૩. ગરીબો પ્રત્યેની સ્વામી વિવેકાનંદનો પ્રેમ અને સહાનુભૂતિ- અસ્પૃશ્યતા - શિવ અને જ્ઞાને જીવ સેવા

(સ્થળ : બેલુર મઠ, સને ૧૯૦૨)

પૂર્વ બંગાળથી પાછા ફર્યા પછી સ્વામીજી મઠમાં રહેતા અને બાળક જેવું સરળ જીવન ગાળતા. દર વર્ષે કેટલાક સેંથાલી મજૂરો મઠમાં કામ કરતા. સ્વામીજી તેમની સાથે વિનોદ કરતા, તેમનાં સુખદુઃખોની વાતો સાંભળવી તેમને ગમતી. એક દહાડો કોલકાતાથી કેટલાએક પ્રતિષ્ઠિત ગૃહસ્થો મઠમાં સ્વામીજીને મળવા આવ્યા. તે દિવસે સ્વામીજીએ સેંથાલી મજૂરો સાથે એવી ઉષ્માભરી વાતો કરવા માંડી હતી કે આ ગૃહસ્થોના આગમનના તેમને ખબર આપવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું : 'હમણાં હું આવી શકીશ નહિ, આ માણસો સાથે મને મજા પડે છે.' અને ખરેખર તે દિવસે સેંથાલી મજૂરોને છોડીને સ્વામીજી પેલા ગૃહસ્થોને મળવા ગયા નહિ.

મજૂરોમાંના એકનું નામ 'કેષ્ટા' (કૃષ્ણ) હતું. સ્વામીજી કેષ્ટાને ખૂબ ચાહતા. જ્યારે જ્યારે સ્વામીજી તેની સાથે વાતો કરવા આવતા ત્યારે ત્યારે કેષ્ટા સ્વામીજીને કહેતો : 'સ્વામી બાપુ ! અમે કામ કરતા હોઈએ ત્યારે તમે અમારી પાસે આવશો નહિ કારણ કે તમારી સાથે વાત કરવા જતાં અમારું કામ અટકે છે. અને દેખરેખ રાખનારા માલિક પાછળથી અમને ઠપકો આપે છે.' સ્વામીજી આ શબ્દોથી ગળગળા થઈ જતા અને કહેતા : 'ના ના, તે કંઈ નહિ બોલે, તમારા દેશની કંઈક વાત કરો.' આમ કહીને તેમના સંસાર-વ્યવહારની વાતનો વિષય ચાલુ કરતા.

એક દિવસ સ્વામીજીએ કેષ્ટાને કહ્યું : 'તમે એક દિવસ અહીં જમશો?' કેષ્ટાએ ઉત્તર આપ્યો : 'તમારા સ્પર્શવાળું અન્ન અમે નહિ ખાઈએ, તમે અન્નમાં મીઠું નાખ્યું હોય તે જો અમે ખાઈએ તો અમે નાત બહાર થઈએ.' સ્વામીજીએ કહ્યું : 'તમારે મીઠાવાળું શું કામ ખાવું? અમે તમારા માટે મીઠા વિનાનું શાક બનાવીશું તો તમે તે ખાશો?' કેષ્ટાએ તે કબૂલ કર્યું. પછી સ્વામીજીની આજ્ઞાથી રોટી, શાક, મીઠાઈ, દહીં વગેરે પદાર્થો સેંથાલી મજૂરો માટે બનાવવામાં આવ્યા, અને તેમને જમવા માટે સ્વામીજીએ પોતાની પાસે બેસાડ્યા. ખાતાં ખાતાં કેષ્ટાએ કહ્યું : 'સ્વામી બાપુ ! તમે આવી બધી ચીજો ક્યાંથી લાવ્યા? આવું તો અમે કદી ખાધું નથી.' તેમને પેટ ભરીને ખવડાવીને સ્વામીજીએ કહ્યું : 'તમે બધા નારાયણો છો, મૂર્તિમંત ઈશ્વર છો, આજે મેં નારાયણને ભોજન કરાવ્યું છે.' 'દરિદ્રનારાયણ' એટલે દીનમાં રહેલા ભગવાનની સેવા - જેના વિશે સ્વામીજી કહેતા હતા તે તેમણે પોતે એક દિવસ આ રીતે કરી.

જમી રહ્યા પછી સેંથાલી મજૂરો વિશ્રાંતિ માટે ગયા, એટલે સ્વામીજીએ શિષ્યને સંબોધીને કહ્યું : 'મેં તેમને ઈશ્વરનાં સાક્ષાત સ્વરૂપો માન્યાં, આવી સરળતા, આવો સહૃદય નિર્દોષ પ્રેમ મેં ક્યાંય જોયો નથી.' પછી મઠના સંન્યાસીઓને સંબોધીને તેમણે કહ્યું : 'જુઓ, તેઓ કેવા સરળ છે ! તેમનું થોડુંક પણ દુઃખ ઓછું કરી શકો તેમ છો? નહિ તો આ ભગવાં વસ્ત્ર પહેર્યાનો શો અર્થ? બીજાના કલ્યાણ માટે પોતાના સર્વસ્વનો ત્યાગ, તેનું નામ ખરો સંન્યાસ. આ લોકોએ જીવનમાં કોઈ સારી વસ્તુનો આનંદ માણ્યો નથી. કોઈ કોઈ વાર મને થઈ આવે છે કે આ મઠબઠ બધું વેચી નાખીને તે પૈસા ગરીબો - દરિદ્રોને વહેંચી આપું. આપણે તો વૃક્ષને આપણો આશરો બનાવ્યો છે. અરેરે ! આ દેશમાં લોકોને જો પૂરું ખાવાનું પણ મળતું ન હોય તો પછી આપણે અન્નનો કોળિયો મોંમાં મૂકવાની શી રીતે હિંમત કરીએ છીએ? જ્યારે હું પશ્ચિમના દેશમાં હતો ત્યારે જગદંબાને મેં પ્રાર્થના કરી હતી કે 'અહીંના લોકો ફૂલની શય્યા ઉપર સૂએ છે. તેઓ બધી જાતનાં સારાં સારાં ખાદ્યો ખાય છે, અને શું શું નથી ભોગવતા? જ્યારે અમારા દેશના લોકો ખાવાનું ન મળવાથી ભૂખે મરે છે! મા! શું તેમને માટે કોઈ રસ્તો નહિ હોય?' પશ્ચિમના દેશોમાં જઈને ધર્મપ્રચાર કરવાનો મારો એક હેતુ એ હતો કે આપણા દેશના લોકોને ખાવાનું પૂરું પાડવાનું સાધન મળે છે કે કેમ તે જોવું.



'આપણા દેશના ગરીબ લોકોને અન્ન માટે ભૂખે મરતા જોઈને મને તો આ બધી ક્રિયાકાંડવાળી પૂજા અને ભણતરને ફેંકી દેવાનું મન થાય છે, એમ થઈ આવે છે કે પૈસામાત્ર લોકો પાસે પહોંચી જઈને ચારિત્ર્ય અને સાધનાના પ્રભાવ દ્વારા તેમને ગળે વાત ઉતારીને તેમની પાસેથી પૈસા એકઠા કરી ગામડે ગામડે જઈ જિંદગી આખી ગરીબ લોકોની સેવા કરવામાં જ ગાળું.'

'અફસોસ ! દેશના ગરીબ લોકોનો કોઈ ખ્યાલ કરતું નથી. તેઓ જ આ દેશના ખરા આધાર છે, તેમની મહેનતથી જ અનાજ પેદા થાય છે. આ ગરીબ લોકો - આ ઝાડુવાળાઓ અને આ મજૂરો - જો એક દિવસને માટે પણ કામ બંધ કરી દે તો શહેરમાં ગભરાટ ફેલાઈ જાય. પરંતુ તેમની પ્રત્યે સહાનુભૂતિ દાખવનાર કોઈ જ નથી, તેમના દુઃખમાં મદદ કરનાર કોઈ જ નથી. જરા વિચાર કરો : હિન્દુઓ તરફની હમદર્દીના અભાવે મદ્રાસમાં હજારો અન્ત્યજો ખ્રિસ્તીઓ થઈ જાય છે. એમ ન માનો કે માત્ર ભૂખના દુઃખથી જ આમ થાય છે, તેનું કારણ એ છે કે આપણા તરફથી કંઈ જ સહાનુભૂતિ મળતી નથી. રાતદિવસ આપણે તેમને કહીએ છીએ :

અમને અડશો નહિ ! અમને અડશો નહિ!' આ દેશમાં કંઈકે દયાભાવ કે સહૃદયતા છે ખરી? માત્ર 'આભડછેટિયાઓ' નો વર્ગ છે. આવા રીતરિવાજોને લાત મારીને દૂર કરો. મને કેટલીક વાર એવું થઈ આવે છે કે હું એ આભડછેટના અંતરાયોને તોડી ફોડીને તેમની પાસે પહોંચી જઈ પોકાર કરું કે 'આવો ભાઈઓ! જેઓ બધા ગરીબ, દુઃખી દીન અને કચડાયેલા છો તે સહુ આવો!' અને તેમ કરીને તે બધાને શ્રીરામકૃષ્ણને નામે સાથે લઈ જાઉં. જ્યાં સુધી તેમની ઉન્નતિ નહિ થાય ત્યાં સુધી જગદંબા જાગશે નહીં. આ લોકોને માટે આપણે અનાજ અને કપડાંની કોઈ વ્યવસ્થા કરી નથી શક્યા, તો પછી આપણે કર્યું શું? અફસોસ! તેઓ દુનિયાના કાવાદાવા કંઈ જ જાણતા નથી, અને તેથી રાતદિવસ કાળી મજૂરી કર્યા છતાં પણ તેઓ પોતાને માટે પૂરું અન્નવસ્ત્ર મેળવી શકતા નથી. આપણે તેમની આંખો ઉઘાડીએ. મને તો દીવા જેવું સ્પષ્ટ દેખાય છે કે તેઓમાં અને મારામાં એક જ બ્રહ્મ છે. એક જ માતૃશક્તિ આપણા સહુમાં વસે છે, માત્ર અભિવ્યક્તિનો જ તફાવત છે. જ્યાં સુધી દેશ સમગ્રના શરીરમાં એકસરખું લોહી ફરે નહિ ત્યાં સુધી કોઈ દેશ કોઈ વખતે ઉન્નત થયો છે? જો એક અંગ ખોટું પડી ગયું હોય, તો બીજા અવયવો અખંડ હોય તો પણ તે શરીરથી ઝાઝું કામ થઈ ન શકે, એ જરૂર જાણજો.'

શિષ્ય : પણ સ્વામીજી ! આ દેશના લોકોમાં ધર્મ અને વિચારોની એટલી બધી ભિન્નતા છે કે તેમનામાં સુમેળ ઊભો કરવો ખૂબ મુશ્કેલ છે.

સ્વામીજી : (ગુસ્સાથી) જો તમને કોઈ કામ મુશ્કેલ લાગતું હોય તો અહીં આવશો જ નહિ. ઈશ્વરની કૃપા હોય તો બધા માર્ગો સરળ બને. તમારું કામ છે જાતિ અને વર્ણના ભેદ વગર ગરીબો અને દુઃખીની સેવા કરવાનું, પરિણામ વિશે વિચાર કરવાની તમારે કોઈ જરૂર નથી. તમારી



ફરજ કર્મ કર્યે જવાની છે, પછી બધુંય આપમેળે થઈ રહેશે. કામ કરવાનીમ્હારી પદ્ધતિ રચનાત્મક છે, વિનાશાત્મક નથી. જગતનો ઈતિહાસ વાંચો, તમે જોશો કે દરેક દેશમાં ચોક્કસ કાળે કોઈ એક મહાપુરુષ મધ્યવર્તી કેન્દ્ર તરીકે ઊભો હોય છે, તેના વિચારોથી પ્રેરાઈને ઉત્સાહમાં આવી સેંકડો લોકોએ દુનિયાનું ભલું કર્યું છે. તમે બધાં બુદ્ધિશાળી યુવકો છો અને ઘણા વખતથી અહીં આવો છો. કહો, તમે શું કર્યું છે? વેદાંત અને બીજી બધી તત્ત્વજ્ઞાનીવાતો આવતી જીંદગીમાં કરજો. આ જિંદગી અન્યની સેવા માટે આપો, ત્યારે જ હું માનીશ કે તમારું અહીં આવવું સાર્થક છે.

આ શબ્દો ઉચ્ચારીને સ્વામીજી ગહન વિચારમાં ઊતરી જઈ શાંત બેસી રહ્યા. થોડી વાર પછી તેમણે કહ્યું : 'આટલી તપશ્ચર્યા પછી હું ખરું સત્ય સમજ્યો છું કે 'દરેક જીવમાં ઈશ્વર છે, જીવમાં રહેલા ઈશ્વર સિવાય બીજો કોઈ ઈશ્વર નથી જે જીવની સેવા કરે છે તે ઈશ્વરની સેવા કરે છે.' થોડું અટક્યા પછી શિષ્યને સંબોધી સ્વામીજીએ ઉમેર્યું : 'મેં આજે જે કહ્યું છે તે તારા હૃદયમાં કોતરી રાખજે. જોજે, ભૂલી જતો નહિ.'

## ૪. ગૌરક્ષણના પ્રચારક - માનવીને પ્રથમ બચાવવાની જરૂર (એક શિષ્યની રોજનીશીમાંથી)

(સ્થળ : કલકત્તા, સ્વ. બાબુ પ્રિયનાથ મુખોપાધ્યાયનું બાગબજારનું ઘર, સને ૧૮૯૭)

સ્વામીજી : તમારી સંસ્થાનો ઉદ્દેશ શો છે?

પ્રચારક : આપણા દેશની ગૌમાતાને અમે કસાઈના હાથમાંથી બચાવીએ છીએ. કેટલીક જગ્યાએ પાંજરાપોળો સ્થાપી છે, માંદી, ઘરડી

અને કસાઈ પાસેથી ખરીદેલી ગાયોને આવી પાંજરાપોળોમાં સાચવવામાં આવે છે.

સ્વામીજી : એ તો ખરેખર સુંદર કાર્ય છે. તમારી આવકનાં સાધન શાં છે?

પ્રચારક : આપના જેવા મહાનુભાવોની ઉદાર સખાવત પર જ સંસ્થાનું કાર્ય ચાલે છે.

સ્વામીજી : અત્યાર સુધીમાં તમે કેટલું ભંડોળ એકઠું કર્યું છે?

પ્રચારક : મારવાડી વેપારીઓ આ કામમાં ખાસ ટેકો આપે છે. આ શુભકાર્ય માટે તેમણે મોટી રકમ આપી છે.

સ્વામીજી : અત્યારે મધ્યપ્રદેશમાં ભયંકર દુષ્કાળ ફાટી નીકળ્યો છે : ત્યાં નવ લાખ માણસો ભૂખે મારી ગયાની ભારત સરકારે જાહેરાત કરી છે. આ દુષ્કાળના સમયમાં તેમને સહાય કરવા તમારી સંસ્થાએ કંઈ કર્યું છે?

પ્રચારક : દુષ્કાળ કે એવી બીજી વિપત્તિઓ અર્થે અમે સહાય કરતા નથી, ફક્ત ગોમાતાના રક્ષણ માટે જ આ સમાજની સ્થાપના કરવામાં આવી છે.

સ્વામીજી : તમારાં પોતાનાં લાખો ભાઈ બહેનો દુષ્કાળ વખતે મૃત્યુના પંજામાં સપડાયાં છે, ત્યારે તમારી પાસે પૈસો હોવા છતાં પણ આ દારુણ આફત વખતે તેમને અનાજની મદદ કરવાની તમારી ફરજ છે, એમ શું તમે નથી માનતા?

પ્રચારક : ના જી, આ દુષ્કાળ તો માનવીનાં પાપકર્મોને પરિણામે ફાટી નીકળ્યો છે. જેવાં કર્મ તેવાં ફળ, એ ઉક્તિનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે.



પ્રચારકને મોંએથી આવા શબ્દો સાંભળતાં જ સ્વામીજીની વિશાળ આંખોમાંથી જાણે કે આગના તણખા ઝરવા લાગ્યા, તેમનો ચહેરો લાલચોળ થઈ ગયો, પરંતુ પોતાનો આવેગ દબાવી રાખી તેમણે કહ્યું : ‘જે સંસ્થાઓને માનવજીવ માટે સહાનુભૂતિ નથી, પોતાના જ ભાઈઓને ભૂખથી મરી જતા દેખવા છતાં જેઓ તેમને બચાવવા સારુ મુઠ્ઠીભર ચોખા પણ આપતા નથી, પરંતુ પક્ષીઓ અને પશુઓને બચાવવા અનાજના ઢગલે ઢગલા આપી દે છે, તેવી સંસ્થાઓ માટે મને જરાય સહાનુભૂતિ નથી. આવી સંસ્થાઓ દ્વારા સમાજનું કંઈ પણ કલ્યાણ થાય તેમ હું માનતો નથી. લોકો પોતાનાં કૃત કર્મોને કારણે મરે છે એમ કહીને જો તમે કર્મવાદની દલીલ કરતા હો, તો એ પરથી આપોઆપ એ સિદ્ધ થાય છે કે આ દુનિયામાં કોઈ પણ બાબત માટે પ્રયત્ન કરવો નકામો છે. પશુઓના રક્ષણનું તમારું કાર્ય પણ આમાં અપવાદરૂપ નથી. તમારા ઉદ્દેશની બાબતમાં પણ એમ જ કહી શકાય કે ગૌમાતાએ પણ પોતાનાં કર્મને લીધે જ કસાઈના હાથમાં પડીને મૃત્યુ પામે છે, તેથી આ બાબતમાં આપણે કાંઈ કરવાની જરૂર નથી.’

પ્રચારક થોડા શરમાયા. તેમણે કહ્યું : ‘જી હા, આપ કહો છો તે સાચું છે. પણ શાસ્ત્રો કહે છે કે ગાય તો આપણી માતા છે.’

સ્વામીજીએ સ્મિત કરતાં કહ્યું : ‘ગાય આપણી માતા છે એ હું સમજી શકું છું, તેના સિવાય ‘આવાં’ કાબેલ બાળકોને કોણ જન્મ આપે?’

ઉત્તર ભારતનાં આ પ્રચારક ભાઈ આ બાબતમાં વધારે કાંઈ બોલ્યા નહિ, સ્વામીજીના તીવ્ર કટાક્ષનો અર્થ તે કદાચ સમજી શક્યા નહિ હોય. આથી તેમણે તો સ્વામીજી પાસેથી પોતાની સંસ્થાના કાર્ય માટે કશીક મદદની માગણી કરી.

સ્વામીજીએ કહ્યું : 'હું તો અકિંચન સંન્યાસી છું, તમને મદદ કરી શકું તેટલા પૈસા હું ક્યાંથી લાવું? પણ જો કદાચ મારી પાસે કાંઈ પૈસા આવશે તો તેનો ઉપયોગ હું માનવસેવા માટે પ્રથમ કરીશ. સહુ પહેલાં માનવીને જિવાડવાનો હોય, તેને ખોરાક, શિક્ષણ અને આધ્યાત્મિકતા આપવાં જોઈએ. આ બધું કરતાં જો કાંઈ વધશે તો જ તમારી સંસ્થાને કાંઈક આપવામાં આવશે.'

આ સાંભળીને પ્રચારક ભાઈ સ્વામીજીને વંદન કરીને વિદાય થયા. તેમના ગયા પછી સ્વામીજી અમને કહેવા લાગ્યા : 'વાહ ! કેવા શબ્દો બોલે છે! ભાઈ કહે છે કે લોકો તેમનાં કૃત કર્મોથી મરે છે, તેમને મદદ કરવાથી શો ફાયદો? દેશનું પૂરેપૂરું અધઃપતન થયું છે તેનો આ સચોટ પુરાવો છે! તમારા હિન્દુ ધર્મના કર્મના સિદ્ધાંતનો કેટલો દુરુપયોગ થાય છે તે જોયું? જે પોતે માણસ હોવા છતાં અન્ય માનવીને માટે જેમના હૃદયમાં લાગણી નથી, તેમને કોઈ પણ રીતે માણસ ગણી શકાય ખરા?' આ શબ્દો બોલતાં સ્વામીજીનું આખું શરીર વેદના અને દુઃખથી ધ્રૂજતું હતું.

## ૫. સંન્યાસ તો આદર્શ - બુધ્ધ ને સંન્યાસનું પ્રબંધીકરણ- સાચો સંન્યાસી કોણ?

(સ્થળ : આલમ બજાર મઠ, સને ૧૮૯૭)

સ્વામીજી પશ્ચિમમાંથી પહેલવહેલા કોલકાતા આવ્યા પછી જે જે ઉત્સાહી યુવાનો તેમની મુલાકાત લેતા તેમની સમક્ષ સ્વામીજી વૈરાગ્યના ઉચ્ચ આદર્શો રજૂ રતા, તથા જે કોઈ સંન્યસ્ત જીવન સ્વીકારવાની ઈચ્છા વ્યક્ત કરતો તેને સ્વામીજી તરફથી પ્રોત્સાહન અને મમતા મળતાં. આમ



તેમના ઉત્સાહથી પ્રેરાઈને કેટલાક ખૂબ ભાગ્યશાળી યુવાનોએ એ દિવસોમાં સંસાર ત્યજી દીધો અને સ્વામીજી પાસેથી સંન્યાસની દીક્ષા લીધી. આ યુવાનો પૈકીના પહેલા ચાર જણાને સ્વામીજીએ સંન્યાસ આપ્યો તે દિવસે શિષ્ય આલમબજાર મઠમાં હાજર હતો.

મઠના સંન્યાસીઓ પાસેથી શિષ્યે ઘણી વાર સાંભળ્યું છે કે એક ખાસ વ્યક્તિને સંન્યાસ ન આપવા સ્વામીજીને બીજા ગુરુભાઈઓએ વારંવાર વિનંતી કરેલી. પણ સ્વામીજીએ જવાબ આપ્યો હતો : 'જેઓ પાપી છે, ઉપેક્ષિત છે અને મનમાં દુઃખી છે, તેમના ઉદ્ધારકાર્યમાં 'આપણે' પણ સંકોચ અનુભવીશું તો આ દુનિયામાં તેમની સંભાળ લેનાર બીજું કોણ છે? કૃપા કરીને એ બાબતમાં મારા કાર્યની વચ્ચે ન આવો.' આમ સ્વામીજીના દૃઢ નિર્ણયનો જ વિજય થયો, અને નિઃસહાયોનું સદા આશ્રયસ્થાન એના સ્વામીજીએ અત્યંત પ્રેમને લીધે તેને સંન્યાસ આપવાનો નિર્ણય કર્યો.

શિષ્ય છેલ્લા બે દિવસથી મઠમાં રહેતો હતો. સ્વામીજીએ તેને બોલાવીને કહ્યું : 'વારુ, તું બ્રાહ્મણ જ્ઞાતિનો છે. આવતી કાલે આ યુવાનો પાસે શ્રાદ્ધક્રિયા કરાવી લે, પરમ દિવસે હું તેમને સંન્યાસ આપીશ. તું કર્મકાંડના ગ્રંથો આજે જોઈ જઈ તૈયાર થઈ રહેજે.' શિષ્યના સ્વામીજીની આજ્ઞાને શિરોમાન્ય કરી, અને નિયમ પ્રમાણે ક્રિયા પૂરી કરાવી.

પરંતુ સંન્યાસમાં જે અતિશય કઠોરતા છે તેના વિચારે શિષ્ય (લેખક પોતે) ખૂબ ખિન્ન થયો. તેની માનસિક અસ્વસ્થતા જોઈને સ્વામીજીએ કહ્યું : 'જો, મને લાગે છે કે આ બધા અનુભવથી તું મનમાં કંઈક ભય પામે છે. ખરું ને?' શિષ્યે તે કબૂલ કર્યું ત્યારે સ્વામીજીએ કહ્યું : 'આજથી આ ચાર યુવકો જગત માટે મૃત્યુ પામ્યા છે, આવતી કાલથી તેમને નવાં

શરીર, નવાં વિચારો અને નવો વેશ મળશે. બ્રહ્મતેજથી પ્રકાશતા તેઓ બળતી આગ પેઠે જીવશે ! न कर्मणा प्रजया न धनेन त्यागेनैके अमृतत्वमानशुः । 'કેટલાકને મુક્તિ કેવળ ત્યાગથી મળી છે, નહિ કે કર્મોથી, સંતાનોથી કે સંપત્તિથી.'

વિધિ પૂરો થયા ચારે બ્રહ્મચારીઓએ સ્વામીજીને ચરણે પ્રણામ કર્યા. તેમને આશીર્વાદ આપી સ્વામીજીએ કહ્યું : 'માનવજીવનનાં ઉચ્ચતમ વ્રત ગ્રહણ કરવાનો ઉત્સાહ તમારામાં છે. તમારો જન્મ ધન્ય છે, તમારું કુળ ધન્ય છે, અને ધન્ય છે તમારી માતાઓને કે જેમણે તમને ગર્ભમાં ધારણ કર્યા ! कुलं पवित्रं जननी कृतार्थाः । 'આખું કુળ પવિત્ર થઈ ગયું, માતા કૃતાર્થ બની!'

તે દિવસે રાત્રે વાળુ કર્યા પછી સ્વામીજીએ સંન્યાસના આદર્શ વિશે જ વાતો કરી. સંન્યાસ દીક્ષાપ્રાર્થી એ ઉત્સાહી યુવકોને કહ્યું : 'સંન્યાસનું મૂળ લક્ષ્ય છે आत्मनो मोक्षार्थ जगद्धिताय च । 'આત્માની મુક્તિ અને જગતનું કલ્યાણ' વેદ-વેદાંતો કહે છે કે સંન્યાસ ગ્રહણ કર્યા સિવાય કોઈ માણસ સાચો બ્રહ્મવેત્તા ન બની શકે. જેઓ એમ કહે કે 'અમે દુન્યવી જીવન જીવશું અને બ્રહ્મજ્ઞાન પણ મેળવશું' તેમની વાત કદી સાંભળશો નહિ. એ તો છૂપી રીતે ભોગવિલાસ શોધનારાઓનું મનને મનાવવા જેવું છે. જે માણસમાં જાગતિક સુખો માટેની લેશમાત્ર પણ ઈચ્છા હશે, આવી ઝંખનાનો એક અંશ પણ જેનામાં હશે, તે તો તમે જે માર્ગે ચાલવાના છો તેના વિચારમાત્રથી ભડકી જશે. તેથી પોતાને થોડું આશ્વાસન આપવા ખાતર પોતે આ ભોગના અને ત્યાગના સુમેળ કરતા અસંભવ મતવાદનો પ્રચાર કરતા ફરે છે. એ બધો ગાંડાનો લવારો છે, દીવાનાઓનો બકવાદ છે, શાસ્ત્ર વિરુદ્ધ અને વેદ વિરુદ્ધ અર્થહીન વાદવિવાદ છે. ત્યાગ વિના



મુક્તિ ન મળે, ત્યાગ વિના ઈશ્વર પ્રત્યેનો ઉત્કૃષ્ટ પ્રેમ કદાપિ પણ પ્રાપ્ત ન કરી શકાય. ત્યાગ એ એક જ માર્ગ છે. नान्यः पन्था विद्यते अयनाय । 'આના સિવાય બીજો કોઈ રસ્તો નથી.' ગીતા કહે છે : काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः । 'સર્વ કામ્યકર્મોના ત્યાગને ૠષિઓ સંન્યાસ કહે છે.'

દુન્યવી ચિંતાઓના વમળમાંથી બહાર નીકળ્યા સિવાય કોઈને મુક્તિ મળતી નથી. એક માણસ દુન્યવી જીવન જીવે છે એ હકીકત જ બતાવે છે કે તે એક અગર બીજી વાસનાનો દાસ બની ગયો છે, નહિતર તે એવા જીવનને કેમ વળગી રહે? તે કાં તો કામનો દાસ છે, કાં તો કાંચનનો, કાં સત્તાનો, કાં કીર્તિનો કે વિદ્યાનો અથવા પંડિતાઈનો દાસ છે. આ બધી ગુલામીમાંથી છૂટો થઈને જ તે મુક્તિના માર્ગે આગળ વધી શકે. લોકો ભલે પોતાને મન ફાવે તેટલી દલીલો કરે, મારી તો ખાતરી થઈ ગઈ છે કે આ બધાં બંધનો છોડ્યા સિવાય, સંન્યસ્ત જીવન સ્વીકાર્યા સિવાય, કોઈનો ઉદ્ધાર નથી, બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ શક્ય જ નથી.

શિષ્ય : સ્વામીજી ! શું આપ એમ માનો છો કે ફક્ત સંન્યાસ લેવાથી જ લક્ષ્યે પહોંચી જવાય છે?

સ્વામીજી : લક્ષ્યે પહોંચાય કે નહિ તેની વાત આપણે કરતા નથી. પરંતુ આ સંસારચક્રમાંથી છૂટ્યા સિવાય, વાસનાઓની આ ગુલામી ફેંકી દીધા સિવાય, તમને ભક્તિ કે મુક્તિ મળી શકે નહિ. બ્રહ્મજ્ઞાનીને માટે અલૌકિક શક્તિઓ કે સમૃદ્ધિ તુચ્છ બાબતો છે.

શિષ્ય : સ્વામીજી ! સંન્યાસ માટે કોઈ ખાસ સમય હોય છે ખરો? અને સંન્યાસના શું જુદા જુદા પ્રકારો હોય છે?

સ્વામીજી : સંન્યાસી જીવન શરૂ કરવા કોઈ માટે ખાસ સમય

હોતો નથી. શ્રુતિ કહે છે : यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् । એટલે જે દિવસે વૈરાગ્ય આવે તે દિવસે જ પ્રવ્રજ્યા કરવી એટલે કે સંન્યાસ લઈ લેવો જોઈએ. યોગવસિષ્ઠ પણ કહે છે :

युवैव धर्मशीलः स्यात् अनित्यं खलु जीवितम् ।
को हि जानाति कस्याद्य मृत्युकालो भविष्यति ॥

એટલે કે 'આ જગતનું જીવન અનિશ્ચિત અને ક્ષણભંગુર હોવાથી માણસે યુવાનીમાંથી જ ધર્મરત રહેવું જોઈએ, કેમ કે, શરીર ક્યારે પડશે તે કોણ જાણે છે?' શાસ્ત્રો ચાર પ્રકારના સંન્યાસ વર્ણવે છે : (૧) વિદ્વત્ (૨) વિવિદિષા, (૩) મર્કટ અને (૪) આતુર. ગત જન્મોના દૃઢ સંસ્કારો વિના એકાએક આવા ત્યાગની ભાવના અને સંન્યાસ લઈને દુનિયા છોડી દેવાની વૃત્તિ ઉત્પન્ન થતી નથી. આને જ વિદ્વત્ સંન્યાસ કહે છે. વિવિદિષા સંન્યાસ એટલે જે માણસમાં શાસ્ત્રના અભ્યાસ અને કર્મકાંડ પછી આત્મજ્ઞાનની તીવ્ર ઝંખના જાગી ઊઠે, પરિણામે તે બ્રહ્મજ્ઞાની ગુરુ પાસે જાય અને તે માર્ગે ચાલવા માટે તેની પાસેથી સંન્યાસ ગ્રહણ કરે. મર્કટ સંન્યાસ એટલે જેમાં સ્વજન કે બીજાના મૃત્યુ જેવી કોઈ દુનિયાની આફત-સજાથી માણસ જગતની બહાર ફેંકાઈ જાય અને સંન્યાસી થઈ જાય છે. જોકે આવા દાખલાઓમાં વૈરાગ્યવૃત્તિ લાંબો સમય ટકતી નથી. તેના વિશે શ્રીરામકૃષ્ણ દેવ કહેતા : 'આવો વૈરાગ્ય આવતાં માણસ ઉત્તર ભારતમાં ચાલ્યો જાય છે, પછી તેને ત્યાં એકાદ સારો એવો ધંધો મળી જાય છે, એટલે સમય જતાં કદાચ પોતાની પત્નીને પણ ત્યાં બોલાવવાની વ્યવસ્થા કરે છે અથવા તો બીજી પત્ની કરી લે છે!' અને છેવટે એક પ્રકારના સંન્યાસનું શાસ્ત્ર વિધાન કરે છે જેને આતુર સંન્યાસ કહે છે. તે એવા માણસ માટે છે કે જે મરણ પથારીએ પડ્યો હોય અને જેના જીવનની



કોઈ આશા ન હોય. જો તે મૃત્યુ પામે તો પવિત્રમાં પવિત્ર વ્રતો લઈને જ જાય છે અને પછીના જન્મમાં તેના પુણ્યનો લાભ મેળવે છે. પણ કદાચ તે બચી જાય તો ફરી પાછું પહેલાં જેવું જીવન જીવતો નથી પરંતુ શેષ જીવન બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિના ઉમદા પ્રયાસમાં ગાળે છે. સ્વામી શિવાનંદે તમારા કાકાને આવો સંન્યાસ આપ્યો હતો. એ બિચારા ગુજરી ગયા, પણ એ દીક્ષાને લીધે તેમનો નવો જન્મ ઉચ્ચ કોટિમાં થશે. ટૂંકમાં, સંન્યાસ સિવાય આત્મજ્ઞાનની પ્રાપ્તિનો બીજો કોઈ માર્ગ નથી.

શિષ્ય : તો પછી ગૃહસ્થીઓની દશા શી થાય?

સ્વામીજી : સત્કર્મોનાં પુણ્યો વડે તેમને કોઈ ભાવિ જન્મમાં વૈરાગ્ય પ્રાપ્ત થશે. બસ, આવી ત્યાગવૃત્તિ આવે કે તુરત જ સર્વ દુઃખોનો અંત આવે છે, વિના વિલંબે તે જીવન-મૃત્યુનાં રહસ્યનો પાર પામી જાય છે. છતાં પણ બધા નિયમોને અપવાદ હોય જ છે. કોઈ એકાદ બે માણસો ગૃહસ્થધર્મના પૂર્ણ આચાર વડે ઉત્તમ મુક્તિ પામતા જોવા મળે છે, દાખલા તરીકે આપણી વચ્ચે રહેલા નાગ મહાશય.

શિષ્ય : સ્વામીજી ! ઉપનિષદો પણ વૈરાગ્ય અને સંન્યાસ વિશે સ્પષ્ટ ઉપદેશ આપતા નથી.

સ્વામીજી : તું કેવી ગાંડા જેવી વાત કરે છે. વૈરાગ્ય એ તો ઉપનિષદનો પ્રાણ છે. ઉપનિષદોના શિક્ષણનું અંતિમ ધ્યાન વિવેકપૂર્વકના મનન દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ છે. પણ મારી માન્યતા એવી છે કે બુદ્ધના સમયથી જ સંન્યાસ વ્રતનો ભારતમાં સર્વત્ર વ્યાપક રીતે પ્રચાર કરાયો. અને આધ્યાત્મિક જીવનના સર્વોચ્ચ ધ્યેય તરીકે વૈરાગ્ય અને ઈંદ્રિયસુખ ત્યાગને સ્વીકારવામાં આવ્યાં. બૌદ્ધોની આ વૈરાગ્યવૃત્તિને પછી હિન્દુ ધર્મે પોતામાં પચાવી લીધી. ભગવાન બુદ્ધ જેવો મહાન વૈરાગ્યશીલ પુરુષ

જગતમાં જન્મ્યો નથી.

શિષ્ય : તો શું આપ એમ કહેવા માગો છો કે બુદ્ધના આગમન પહેલાં આ દેશમાં વૈરાગ્યની ભાવના નહિવત્ હતી, અને ભાગ્યે જ કોઈ સંન્યાસી જોવા મળતો?

સ્વામીજી : એવું કોણ કહે છે? સંન્યાસની પ્રથા તો હતી જ, પણ આમ જનતા જીવનના લક્ષ્ય તરીકે તેનો સ્વીકાર કરતી ન હતી. વૈરાગ્ય માટે આટલી દૃઢ ભાવના ન હતી તેમ આધ્યાત્મિક વિવેકમાં આટલી બધી નિષ્ઠા પણ ન હતી. તેથી બુદ્ધ અનેક યોગીઓ અને સાધુઓ પાસે ગયા છતાં તેમને જોઈતી શાંતિ ન મળી. પછી સર્વોચ્ચ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા તેમણે જાતે જ પ્રયત્નો આરંભ્યા, અને इहासने शुष्यतु मे शरीरम् । એટલે કે 'આ આસન પર જ ભલે મારું શરીર સુકાઈ જાય!' એવી દૃઢ પ્રતિજ્ઞાથી એક જગ્યાએ તેઓ બેસી ગયા, અને બુદ્ધ એટલે જ્ઞાની થયા ત્યારે જ ત્યાંથી ઊઠ્યા. ભારતમાં આ સંન્યાસીઓ જે જે મઠોમાં વસે છે તે બધા એક વાર બૌદ્ધ ધર્મના કબજામાં હતા, હિન્દુઓએ તો હવે તેમને પોતાની રીતે સુધારીને પોતાના બનાવ્યા છે. સાચા અર્થમાં સંન્યાસ-પ્રથા બુદ્ધથી શરૂ થઈ, આ પ્રથાના મૃત દેહમાં તેમણે જ ચેતાનાનો પ્રાણ પૂર્યો.

સ્વામીજીના ગુરુભાઈ સ્વામી રામકૃષ્ણાનંદ વચ્ચે બોલ્યા : 'પરંતુ પ્રાચીન ધર્મગ્રંથો અને પુરાણો સાબિતી આપે છે કે બુદ્ધના જન્મ પહેલાં પ્રાચીન ભારતમાં મારે આશ્રમો અસ્તિત્વમાં હતા.' સ્વામીજીએ ઉત્તર આપ્યો : 'ઘણાંખરાં પુરાણો, મનુ આદિની સ્મૃતિઓ, તેમજ મહાભારતનો ઘણોખરો ભાગ આધુનિક છે, ભગવાન બુદ્ધ તે બધાથી ઘણા વહેલા થઈ ગયા.' સ્વામી રામકૃષ્ણાનંદે દલીલ કરી : 'જો એમ માની લઈએ તો વેદો, ઉપનિષદો, ધર્મશાસ્ત્રો, પુરાણો વગેરે ગ્રંથોમાં બૌદ્ધ ધર્મ વિશે ચર્ચાઓ લખાઈ હોત. પરંતુ આવી કોઈ ચર્ચા તેમાં છે નહિ. અને તેથી આ ગ્રંથો બુદ્ધ પછીના છે તેમ કેમ કહી શકાય? અલબત્ત, થોડાં જૂનાં પુરાણોમાં બૌદ્ધમતવાદનો અંશતઃ ઉલ્લેખ આવે છે. પરંતુ એટલા ઉપરથી એવું અનુમાન ન થઈ શકે કે હિન્દુઓના ધર્મગ્રંથો જેવા કે સ્મૃતિઓ ને પુરાણો આધુનિક કાળના છે.'



સ્વામીજી : પહેલાં ઈતિહાસ વાંચો. (સ્પષ્ટ રીતે જ આ દલીલ દરમિયાન સ્વામીજી આધુનિક ઐતિહાસિક સંશોધનોના નિર્ણયો પર આધાર રાખતા જણાય છે, અને એ રીતે આવા નવા પ્રયત્નો અને નવી પદ્ધતિઓ પોતા તરફથી પ્રોત્સાહન અને ટેકો આપે છે. પરંતુ સ્વામી સ્વરૂપના પરના તેમના એક પત્ર પરથી આપણે જાણીએ છીએ કે પાછળથી સ્વામીજીએ આ આધુનિક વિદ્વાનોના સિદ્ધાંતને છોડી દીધેલો. આજના સમયના હિન્દુ ધર્મને તેમણે બૌદ્ધ ધર્મના ઉદય પૂર્વેનો સાબિત છે. આપ્યો છે. જો કે આ વિદ્વાનો તો હજુ તેને બૌદ્ધ ધર્મમાંથી ઉદ્ભવેલ છે એમ માનવામાં રસ લે છે.) તમને ખબર પડશે કે બુદ્ધના બધા સિદ્ધાંતો પચાવીને જ હિન્દુ ધર્મ આટલો મહાન બન્યો છે.

સ્વામી રામકૃષ્ણાનંદ : મને તો લાગે છે કે વૈરાગ્ય, અનાસક્તિ આદિ સિદ્ધાંતોનું જીવનમાં પૂર્ણપણે આચરણ કરીને જ બુદ્ધે હિન્દુ ધર્મના આ મહાન વિચારોને પુનર્જીવિત કર્યા છે.

સ્વામીજી : પરંતુ એવા મતને સાબિત કરી શકાતો નથી. બુદ્ધના જન્મ પહેલાંનો કોઈ ઈતિહાસ મળતો નથી. આપણે ફક્ત ઈતિહાસને જ પ્રમાણ તરીકે સ્વીકારીએ તો કબૂલ કરવું જોઈએ કે પ્રાચીન કાળના ગાઢ અંધકાર વચ્ચે એકલા બુદ્ધ જ જ્ઞાનજ્યોતિ વડે પ્રકાશી ઊઠે છે.

તે પછી સંન્યાસનો વિષય પાછો હાથ ધરવામાં આવ્યો. સ્વામીજીએ કહ્યું : 'સંન્યાસનું મૂળ ગમે ત્યાં હોય, પણ માનવજીવનનું લક્ષ્ય તો ત્યાગના આ વ્રતનો સ્વીકાર કરીને બ્રહ્મજ્ઞાની થવામાં જ છે. સંન્યાસી જીવનમાં

પ્રવેશ કરવો એ ઉત્તમ ધ્યેય છે. ત્યાગવૃત્તિથી જેમણે દુન્યવી જીવન ત્યજી દીધું છે તેઓ ધન્ય છે.'

શિષ્ય : પરંતુ સ્વામીજી ! આજના જમાનામાં ઘણા લોકો એવો મત ધરાવે છે કે ભટકતા સાધુઓની સંખ્યા વધવાથી દેશના ભૌતિક વિકાસને ખૂબ હાનિ પહોંચી છે. તેમની દલીલનો મુદ્દો એ છે કે આ સંન્યાસીઓ પોતાના ગુજરાન અર્થે ગૃહસ્થીઓ પર આધાર રાખી આળસુ થઈ ભટક્યા જ કરે છે, સામાજિક અને રાષ્ટ્રીય વિકાસના કાર્યોમાં તેઓ કંઈ જ મદદગાર નીવડતા નથી.

સ્વામીજી : પહેલાં મને સમજાવીશ કે 'ભૌતિક' કે 'ઐહિક' પ્રગતિ એટલે શું?

શિષ્ય : હા, પશ્ચિમના લોકો કરે છે તેમ કેળવણી દ્વારા જીવનની જરૂરિયાતો પ્રાપ્ત કરવી તે, વાણિજ્ય, ઉદ્યોગ, વાહન વ્યવહાર વગેરે જીવનની જરૂરિયાતોનો વિજ્ઞાનની સહાયથી વિકાસ સાધવો તે.

સ્વામીજી : પરંતુ માનવીમાં ખરો રજોગુણ જાગ્યા વિના આ બધું કરી શકાય ખરું? ભારતમાં હું સઘળે ફર્યો છું પણ આવો રજોગુણ ક્યાંય દેખાયો નથી, બધે તમોગુણ અને તમોગુણ જ દેખાય છે! આમજનતા તો તમસમાં ડૂબેલી છે, ફક્ત સાધુઓમાં જ રજસ્ અને સત્ત્વ જોવા મળ્યા. આ લોકો જ દેશના આધારસ્તંભ જેવા છે. સાચા સંન્યાસીઓ જ ગૃહસ્થોના ગુરુઓ છે. તેમની પાસેથી પ્રકાશ અને વિદ્યા પ્રાપ્ત કરીને જ પ્રાચીન કાળના ગૃહસ્થીઓ જીવનસંગ્રામમાં અનેક વાર જીતેલા. સાધુઓના અમૂલ્ય ઉપદેશોના બદલામાં જ ગૃહસ્થો તેમને અન્ન અને વસ્ત્ર આપે છે. ભારતમાં આવી પરસ્પરની આપલે ન હોત તો આજ સુધીમાં અમેરિકન ઈંડિયનોની પેઠે આ પ્રજા પણ નામશેષ થઈ ગઈ હોત. સાધુઓને અન્નના થોડા કોળિયા



આપવાને કારણે જ ગૃહસ્થો હજુ પણ પ્રગતિના માર્ગે ચાલી શક્યા છે. સંન્યાસીઓ આળસુ નથી, ખરેખર તો તેઓ સઘળી પ્રવૃત્તિના પ્રેરક બળ જેવા છે. સંન્યાસીઓ આળસુ નથી, ખરેખર તો તેઓ સઘળી પ્રવૃત્તિના પ્રેરક બળ જેવા છે. ઉન્નત આદર્શોનું સાધુઓના જીવનમાં આચરણ થયેલું જોઈ ગૃહસ્થો તેમની પાસેથી તે ઉમદા આદર્શો ગ્રહણ કરે છે, અને એને લીધે જ કર્મના ક્ષેત્રમાં જીવનસંગ્રામ ખેલવામાં તેઓ શક્તિશાળી બન્યા છે. પવિત્ર સાધુસંતોના દાખલાઓથી તેઓ પવિત્ર વિચારોનું આચરણ જીવનમાં કરવા પ્રેરાય છે, અને એ કાર્ય માટે સાચું સામર્થ્ય મેળવે છે. ઈશ્વર અર્થે અને જગતના હિત કાજે સઘળું ત્યજી દેવાના ઉત્તમ સિદ્ધાંતને પોતાના જીવનમાં સાકાર કરીને સંન્યાસીઓ ગૃહસ્થોને તમામ ઉમદા કાર્યો કરવા પ્રેરણા આપે છે. આના બદલામાં ગૃહસ્થો તેમને થોડાએક અન્નનો ભાગ આપે છે. અન્ન ઉગાડવાની આ વૃત્તિ અને શક્તિ તો સર્વત્યાગી સાધુઓના આશીર્વાદ અને શુભેચ્છાઓથી જ લોકોમાં વિકસે છે. ગૂઢ વિષયોનાં રહસ્યો સમજવાની અશક્તિને કારણે જ લોકો સંન્યાસાશ્રમને વખોડે છે. બીજા દેશોમાં ગમે તેમ હોય, પરંતુ આ ભૂમિમાં તો ગૃહસ્થોની નૌકાનું સુકાન સંન્યાસીઓના હાથમાં છે, તેથી જ તે ડૂબતી નથી.

શિષ્ય : પરંતુ જનકલ્યાણમાં જ રત હોય તેવા સાધુઓ કેટલા નીકળે?

સ્વામીજી : અરે, હજારો વર્ષે શ્રીરામકૃષ્ણ જેવો એકાદ સંન્યાસી પેદા થાય તોય બસ છે! તેમના આગમન પછી હજારો વર્ષ સુધી લોકો તેમણે આપેલા વિચારો અને આદર્શો પ્રમાણે દોરવણી મેળવ્યા કરશે. આ પ્રકારની સાધુપ્રથા આ દેશના અસ્તિત્વમાં હોવાથી જ આવા મહાન પુરુષો અહીં જન્મે છે. તમામ આશ્રમધર્મોમાં વત્તેઓછે અંશે ખામીઓ તો

છે જ, છતાં જીવનના બીજા બધા આશ્રમો પર આ સંન્યસ્તાશ્રમ તેના દોષો છતાં હજુ સુધી વર્ચસ્વ ભોગવે છે તેનું શું કારણ છે! કારણ એ જ છે કે સાચા સંન્યાસીઓ પોતાની મુક્તિ પણ જતી કરીને કેવળ જગતના કલ્યાણ માટે જ જીવે છે. આવા ઉચ્ચ કોટિના આશ્રમધર્મ પ્રત્યે તમારા મનમાં ઉપકારની ભાવના જાગ્રત ન થાય તો તમને ધિક્કાર છે !

આ શબ્દો બોલતાં સ્વામીજીનો ચહેરો દીપી ઊઠ્યો. શિષ્યની દૃષ્ટિએ તેઓ સંન્યાસની સાક્ષાત્ મૂર્તિસમા દેખાયા.

પછી, આ આશ્રમની મહત્તાનો પોતાના આત્મામાં ઊંડો અનુભવ કરતા હોય તેમ આત્મસ્થ થઈને અત્યંત મધુર સ્વરે તેઓ ગાવા લાગ્યા :

वेदान्तवाक्येषु सदा रमन्तो भिक्षान्नमात्रेण च तुष्टिमन्तः ।
अशोकमन्तःकरणे चरन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः ॥

'વેદાંતના વાક્યોનો મનમાં આનંદપૂર્વક આસ્વાદ લેતા, ભિક્ષાથી મળેલાં અન્નથી સંતુષ્ટ રહેતા, દુઃખની કોઈ સંવેદનાથી વણસ્પર્શ્યા હૃદયે ભટકતા કૌપીનધારી સંન્યાસીઓ સાચે જ ભાગ્યશાળી છે.'

પછી વાતચીત આગળ ચલાવતાં તેમણે કહ્યું : 'સંન્યાસી જન્મે છે बहुजनहिताय बहुजनसुखाय । એટલે લોકોનું હિત કરવા અને તેમને સુખી કરવા. જે માણસ સંન્યાસ સ્વીકારીને આ આદર્શને ભૂલી જાય તેનું જીવન સાવ વ્યર્થ છે. બીજાઓ માટે પોતાના જીવનનું સમર્પણ કરવા, લોકોનાં કરુણ રુદન અટકાવવા, વિધવાઓનાં આંસુઓ લૂછવા, મૃત્યુએ છીનવી લીધેલા પુત્રના વિયોગે ઝૂરતી માતાના હૃદયને શાંતિ આપવા, અજ્ઞાન જનતાને સંગ્રામમાં ઝઝૂમવા સમર્થ બનાવવા, આધ્યાત્મિક કેળવણીના પ્રચાર દ્વારા સહુને ઐહિક અને આધ્યાત્મિક કલ્યાણ પ્રાપ્ત કરાવવા તથા જ્ઞાનનો પ્રકાશ પાથરીને સહુમાં સૂતેલા બ્રહ્મરૂપ સિંહને જગાડવા માટે આ



જગતમાં સંન્યાસી જન્મ લે છે. ત્યાર પછી સંઘના ગુરુભાઈઓને સંબોધતાં કહ્યું : 'આપણું જીવન आत्मनो मोक्षार्थ जगद्धिताय च । એટલે કે આપણા આત્માની મુક્તિ માટે તેમ જ જગતના કલ્યાણ માટે છે. તો તમે શા માટે આળસુ થઈને બેઠા છો? ઊઠો, જાગો, તમારી જાતને જગાડો અને બીજાઓને પર જાગ્રત કરો. જતા પહેલાં મનુષ્ય જીવનની પરિપૂર્ણતા પ્રાપ્ત કરો - ઊઠો, જાગો, અને લક્ષ્યે પહોંચ્યા પહેલાં અટકો નહિ.''

## ૬. રામકૃષ્ણ મિશનની સ્થાપના - સ્વામી વિવેકાનંદનો શ્રીઠાકુર તરફનો અભિગમ

(સ્થળ : બાગબજાર, કોલકાતા, સને ૧૮૮૭)

કેટલાક દિવસોથી સ્વામીજી સ્વ. બલરામબાબુને ઘેર રહેતા હતા. તેમની ઈચ્છાથી શ્રીરામકૃષ્ણદેવના ઘણા ભક્તો બપોરે ત્રણ વાગ્યે એ ઘેર એકઠા થયા હતા. હાજર રહેલાઓમાં સ્વામી યોગાનંદ પણ હતા. સ્વામીજીનો ઉદ્દેશ એક સંસ્થા સ્થાપવાનો હતો. હાજર રહેલા સહુ નીચે બેઠા એટલે સ્વામીજીએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું :

'જુદા જુદા દેશોનો પ્રવાસ કર્યા પછી મારા મનમાં ખાતરી થઈ છે કે એકાદ સંસ્થા ઊભી કર્યા વિના કોઈ પણ મહાન ઉદ્દેશ સફળ નથી થતો. એકાદ લોકશાહી સિદ્ધાંતો પર અથવા સર્વસામાન્ય મતદાન દ્વારા આ દેશમાં એકદમ કોઈ સંસ્થા સ્થાપવાની મને વ્યવહારુ શક્યતા લાગતી નથી. આ બાબતમાં પશ્ચિમના લોકો વધારે કેળવાયેલા છે, અને આપણા કરતાં તેઓ પરસ્પર ઓછો દ્વેષ રાખે છે. તેઓ ગુણની કદર કરતાં શીખ્યા છે. મારો જ દાખલો લઈએ. ત્યાં હું તો એક અત્યંત તુચ્છ માણસ હતો,

છતાં તેમણે મને હૃદયપૂર્વક કેવો સત્કાર્યો અને મારી કેવી સેવા કરી તે વિચારો ! આપણા દેશમાં પણ કેળવણી ફેલાતાં લોકો વધારે સહાનુભૂતિવાળા અને ઉદાર બનશે. જ્યારે તેઓ પોતાના વિચારોને પોતાના સંપ્રદાય કે પક્ષની મર્યાદા ઓળંગીને વિશાળ બનાવવાનું શીખશે, ત્યારે જ લોકશાહી ઢબની સંસ્થા દ્વારા કાર્ય કરવાનું શક્ય બનશે. આટલા માટે જ આ સંસ્થાને સરમુખત્યારની જરૂર છે, બધાએ તેની આજ્ઞા પાળવી જોઈશે. સમય જતાં આગળ ઉપર આપણે સામાન્ય મતદાનનો સિદ્ધાંત અમલમાં મૂકશું.'

'જેના નામે આપણે સંન્યસ્તાશ્રમ સ્વીકાર્યો છે, જીવનમાં જેને આદર્શ તરીકે રાખીને ગૃહસ્થ જીવનમાં પણ તમારું જે કંઈ સ્થાન હોય ત્યાં રહીને તમે કાર્ય કર્યા કરો છો અને જેના દેહાવસાનને હજુ વીસ વર્ષ પણ પૂરા વીત્યાં નથી ત્યાં તો તેમનાં પવિત્ર નામ અને અસામાન્ય જીવનનો અદ્‌ભુત પ્રસાર પૂર્વ અને પશ્ચિમમાં થયો છે. તેવા મહાપુરુષોના નામથી આ સંસ્થાનું નામ રાખીએ. આપણે પ્રભુના સેવક છીએ. આ કાર્યમાં તમે બધા સહાયક બનો.'

શ્રી ગિરીશચંદ્ર ઘોષ અને ઉપસ્થિત રહેલા બીજા ગૃહસ્થાશ્રમી શિષ્યોએ ઉપરોક્ત દરખાસ્તને મંજૂરી આપી ત્યારે સંસ્થાના ભાવિ કાર્યક્રમ વિશે ચર્ચા શરુ થઈ. સંસ્થાનું નામ 'શ્રીરામકૃષ્ણ મિશન' રખાયું.

સ્વામીજી પોતે મિશનના મુખ્ય પ્રમુખ બન્યા, બીજા હોદ્દેદારો પણ ચૂંટાયા. એવો નિયમ રાખવામાં આવ્યો કે દર રવિવારે સાંજે ચાર વાગ્યે બલરામબાબુને ઘેર મિશનની સભા રાખવી. કહેવાની જરૂર નથી કે જ્યારે જ્યારે સગવડ હોય ત્યારે ત્યારે સ્વામીજી કાયમ આ સભામાં હાજરી આપતા.



આમ ઉક્ત સભા પૂરી થતાં સભ્યો વિદાય થયા ત્યારે સ્વામીજીએ યોગાનો સ્વામીને ઉદ્દેશીને કહ્યું : 'આમ કાર્ય હવે શરૂ થયું છે, શ્રીરામકૃષ્ણની ઈચ્છાથી તે કેટલે અંશે સફળ થાય છે તે જોવાનું રહે છે.'

સ્વામી યોગાનંદ : આ બધું તમે પશ્ચિમની પદ્ધતિ પ્રમાણે કરો છો. તમે કહી શકશો કે શ્રીરામકૃષ્ણદેવ આવી કંઈ સૂચના આપતા ગયા છે?

સ્વામીજી : આ બધું શ્રીરામકૃષ્ણની પદ્ધતિ પ્રમાણે નથી થતું એમ હમે કેવી રીતે જાણો છો? તેમની ભાવના અનંતગણી વિશાળ હતી. શું તેને તમે તમારી મર્યાદિત જીવનદૃષ્ટિના વાડામાં બાંધી રાખવાની હિંમત કરો છો? મર્યાદાઓને શું તોડી પાડીશ. અને તેની નિઃસીમ પ્રેરણાને પૃથ્વી પર સર્વત્ર ફેલાવી દઈશ. તેમની પોતાની પૂજાના કોઈ વિધિને દાખલ કરવાનું તેમણે કદી પણ મને કહ્યું નથી. સાધન, ભજન, ધ્યાન, ધારણા : આ અને આવા ઉચ્ચ આદર્શો અને સત્યો વિશે તેમણે જે ઉપદેશ આપ્યો તેની આપણે અનુભૂતિ કરીને પછી બધા લોકોને તેનો ઉપદેશ કરવાનો છે. અસંખ્ય પ્રકારના સંપ્રદાયો એ જુદા જુદા માર્ગો જ છે. સંપ્રદાયોથી ખીચોખીચ ભરેલી આ દુનિયામાં એક નવો સંપ્રદાય ઉમેરવા માટે હું જન્મ્યો નથી. ગુરુદેવનાં ચરણમાં આશ્રય પામવાનું આપણને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. અને તેમનો સંદેશ ત્રણે ભુવનોના વાસીઓ સુધી પહોંચાડવા આપણે જન્મ્યા છીએ.

સ્વામી યોગાનંદ વિરોધમાં કશું બોલ્યા નહિ. તેથી સ્વામીજીએ આગળ કહ્યું : આ જીવનમાં વારંવાર મને તેમની કૃપાની ખાતરી મળતી રહી છે. તેઓ પાછળ ઊભા રહી બધું કાર્ય મારી પાસે કરાવે છે. નિરાધાર સ્થિતિમાં ભૂખથી પીડાતો જ્યારે હું એક ઝાડ નીચે પડ્યો હતો, જ્યારે લંગોટી માટે મારી પાસે કપડાનો એક ટુકડો પણ ન હતો અને પાસે એક

પાઈ પણ રાખ્યા વિના મેં દુનિયાના પરિભ્રમણની પ્રતિજ્ઞા લીધી, ત્યારે પણ શ્રીરામકૃષ્ણદેવની કૃપાથી સર્વ પ્રકારની સહાય મને મળી રહી હતી. વળી આ વિવેકાનંદને જોવા માટે શિકાગોની શેરીઓમાં હૈયું હૈયું દળાય તેટલું માણસ ઊભરાતું હતું ત્યારે, જે સન્માનનો સોમો ભાગ પણ બીજા સામાન્ય માણસને તો ગાંડો જ બનાવી દે એવું સન્માન હું મુશ્કેલી વિના પચાવી શક્યો તેનું કારણ? કારણ તેમની કૃપા! અને તેમની કૃપાને લીધે જ સર્વત્ર વિજય પ્રાપ્ત થયો. હવે આ દેશમાં પણ કંઈક કરીને મારે મારા કાર્યનું સમાપન કરવું છે. માટે બધા સંશયો ત્યજીને મારા કાર્યમાં સહાય કરો. તેમની ઈચ્છાથી બધું પાર પડશે.

સ્વામી યોગાનંદ : જી હા, તમે જે ઈચ્છશો તે બધું સિદ્ધ થશે. વળી અમે બધા પણ હંમેશા તમારે આજ્ઞાધીન ક્યાં નથી રહેતા? અવારનવાર હું સ્પષ્ટપણે જોઉં છું કે સઘળાં કાર્યો શ્રીરામકૃષ્ણ તમારી મારફત કરાવી રહ્યા છે. છતાં સ્પષ્ટ કહું તો વારંવાર કેટલીક શંકાઓ ઊઠે છે ખરી, કેમ કે અમારા સમજવા પ્રમાણે તેમની કાર્યપદ્ધતિ કાંઈક જુદી જ હતી. તેથી જ હું મને પોતાને પૂછું છું કે આપણે શ્રીરામકૃષ્ણદેવના ઉપદેશથી દૂર નથી જતા તેની ખાતરી છે ને? આવી શંકા થવાથી હું વિરોધી પક્ષ લઈને તમને ચેતવું છું.

સ્વામીજી : હકીકતમાં સામાન્ય અનુયાયીઓ શ્રીરામકૃષ્ણને જેટલા સમજ્યા છે, તેટલા જ માત્ર તેઓ નથી. તેમના ચરિત્રની અનેક બાજુઓ હતી અને માનસિક વલણો પણ અનંત હતાં. બ્રહ્મજ્ઞાનની, નિર્વિશેષ તત્ત્વજ્ઞાનની મર્યાદાનો પણ કદાચ તમે ખ્યાલ કરી શકો, પણ તેમના મનના અગાધ ઊંડાણની કલ્પના કરી સકાય નહિ ! તેમની કરુણાપૂર્ણ દૃષ્ટિથી હજારો વિવેકાનંદ ઉત્પન્ન થાય! તેમ ન કરતાં, આ વખતે તેમણે



મને એકલાને સાધન બનાવી કાર્ય કરાવવાનું પસંદ કર્યું છે. તમે જ કહો, એમાં હું શું કરી શકું?

આમ કહીને બીજું કંઈ કામ કરવા સ્વામીજી ત્યાંથી ગયા, સ્વામી યોગાનંદ પણ સ્વામીજીની બહુમુખી પ્રતિભાની પ્રશંસા કરવા લાગ્યા.

થોડીવારમાં સ્વામીજી પાછા ફર્યા અને શિષ્યને પૂછ્યું : 'તમારા પ્રાંતના લોકો શ્રીરામકૃષ્ણ વિશે કેટલું જાણે છે?'

શિષ્ય : અમારા પ્રાંતમાંથી તો (આ કથન બરાબર નથી. કેમ કે બીજા બે શિષ્ય, નિત્યગોપાલ ગોસ્વામી અને પંડિત કાલીપ્રસાદ ચક્રવર્તી ઢાકાથી આવેલા હતા. - સંપાદક) એક નાગ મહાશય જ શ્રીરામકૃષ્ણ દેવની પાસે આવેલા. શ્રી નાગ મહાશય પાસેથી જ ઘણાને તેમના વિશે જાણવા મળ્યું અને વિશેષ જાણવા માટેની તેમની આતુરતા વધી. પણ શ્રીરામકૃષ્ણ દેવ ઈશ્વરનો એક અવતાર હતા એ વાત ત્યાંના લોકોના જાણવામાં હજુ આવી નથી, તેમને તેમ કહેવામાં આવે તો પણ કેટલાક તે ન માને.

સ્વામીજી : તું એમ માને છે કે આમ માનવું સહેલું છે? અમારે તો તેમની સાથે બધી બાબતનો વ્યવહાર હતો. પોતે અવતાર હોવાની વાત વારંવાર અમે તેમના પોતાને મુખેથી સાંભળેલી. અને અમે તો ચોવીસે કલાક તેમની સાથે જ રહેતા, છતાં અમને પણ વારંવાર તે બાબત શંકા થાય છે, તો પછી બીજાઓની તો વાત જ શી કરવી?

શિષ્ય : શું રામકૃષ્ણ દેવે સ્વમુખે કદી એમ કહેલું કે પોતે ઈશ્વર છે, સર્વસંપૂર્ણ બ્રહ્મ છે?

સ્વામીજી : હા, તેમણે અનેક વાર કહેલું. અને તેમણે અમને બધાને પણ એ કહેલું. કાશીપુરના બગીચામાં તેઓ રહેતા હતા ત્યારે

એકવાર તેમના દેહનો સદાને માટે વિલય થવાનો ઓચિંતો ભય ઊભો થયો. તેમની પથારી પડખે બેસી હું મનમાં વિચારતો હતો : 'હવે અત્યારે તમે કહો કે હું ઈશ્વર છું, તો જ હું માનું કે તમે સાક્ષાત્ ઈશ્વર છો.' તેમના દેહવિલયના બે દિવસ પહેલાંની જ આ વાત છે. તુરત જ એકદમ તેમણે મારા સામે ઊંચું જોઈને કહ્યું : 'જે રામ હતા, જે કૃષ્ણ હતા, તે જ આ દેહમાં રામકૃષ્ણરૂપે છે. અને એ પણ કેવળ તારી (બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને ઋષિઓ પોતે મનુ કે એવી કોઈ વ્યક્તિ સાથે પોતાનો અભેદ જાહેર કરી શકે. જુઓ વેદાંતસૂત્ર : -૧-૩૦) વેદાંતની દૃષ્ટિથી જ નહિ !' આ સાંભળી હું અવાક્ બની ગયો. અમારા પ્રભુના પોતાના પવિત્ર મુખેથી જ આ વાત વારંવાર સાંભળવા છતાં અમને હજુ પૂર્ણ શ્રદ્ધા બેઠી નથી અને અવારનવાર શંકા તથા નિરાશાથી અમારાં મન ખળભળી ઊઠે છે, તો બીજાઓની આમાં શ્રદ્ધા મંદ હોય તો તેમને શું કહીએ? આપણા જેવા શરીરવાળો એક માણસ સાક્ષાત્ ઈશ્વર છે, એ વાત કહેવી અને માનવી ખરેખર કઠિન છે. આપણે તેમને 'પૂર્ણ માનવ' કે 'બ્રહ્મજ્ઞાની' કહેવાની હદ સુધી જઈ શકીએ. વારુ, તમે તેમને સંત કહો, બ્રહ્મજ્ઞાની કહો કે બીજું ગમે તે કહો, તેનો કશો વાંધો નથી. મારી પાસેથી એટલું જાણી લેજો કે શ્રીરામકૃષ્ણ જેવો પરમ પૂર્ણ માનવી આ પૃથ્વી પર કદી અવતર્યો નથી ! જગતના ગાઢ અંધકારમાં આજના યુગ માટે તે મહાપુરુષ પ્રકાશનો ઉજ્જવળ સ્તંભ છે! હવે તેના પ્રકાશ વડે જ માનવ સંસાર સાગર તરી શકશે!

શિષ્ય : સ્વામીજી ! મને એમ લાગે છે કે સાચી શ્રદ્ધા તો ખરેખર કંઈક ચોક્કસ જોયા કે સાંભળ્યા પછી જ આવે. મેં સાંભળ્યું છે કે મથુરબાબુએ (મથુરાનાથ વિશ્વાસ, દક્ષિણેશ્વરના મંદિરનાં સ્થાપનારાં રાણી રાસમણિના



જમાઈ થાય) શ્રીરામકૃષ્ણ દેવની કેટલીક બાબતો નજરોનજર જોઈ છે અને તેથી જ તેમને તેમનામાં અદ્‌ભુત શ્રદ્ધા હતી.

સ્વામીજી : જે લોકો માનવાનાં જ નથી, તેઓ જોયા પછી પણ માનતા નથી. તેઓ ધારે છે કે આ બધું ભ્રમ અને સ્વપ્ન છે. શ્રીકૃષ્ણે વિશ્વરૂપ ધારણ કર્યું તે દુર્યોધન અને અર્જુન બંનેએ સરખી રીતે જોયેલું. પણ અર્જુને તે સાચું માન્યું, જ્યારે દુર્યોધને તેને જાદુ ગણી કાઢ્યું ! ઈશ્વર આપણને સમજાવે નહિ ત્યાં સુધી કંઈ પણ કહી કે સમજી શકાય નહિ. જોયા કે સાંભળ્યા વિના જ એકને પૂર્ણ શ્રદ્ધા બેસી જાય, જ્યારે બીજો જુદી જુદી અસાધારણ વિભૂતિઓ બાર વર્ષ સુધી પોતાની સગી આંખે જોયા છતાં શંકામાં ફસાયેલો જ રહે ! આ બધાનું રહસ્ય ઈશ્વરીકૃપા છે! છતાં પણ કૃપા પ્રાપ્ત કરવા માટે માણસે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

શિષ્ય : સ્વામીજી ! કૃપાનો કોઈ નિયમ છે ખરો?

સ્વામીજી : હા અને ના.

શિષ્ય : કેવી રીતે?

સ્વામીજી : જેઓ હંમેશાં શરીર, મન અને વાણીથી પવિત્ર રહે છે, જેમનામાં દૃઢ ભક્તિ છે, જેઓ સત અને અસતનો વિવેક જાણે છે તથા જેઓ ધ્યાન અને નિદિધ્યાસનમાં સતત પ્રવૃત્તિશીલ રહે છે, તેઓ પર જ પ્રભુની કૃપા વરસે છે. છતાં ઈશ્વર પોતે તો સર્વ પ્રકારના પ્રાકૃતિક નિયમોથી પર છે, તે કોઈ નિયમોના બંધનમાં નથી. અથવા શ્રીરામકૃષ્ણ જેમ કહેતા કે ઈશ્વરનો સ્વભાવ બાળક જેવો જ છે. તેથી જ આપણે જોઈએ છીએ કે લાખો જન્મો સુધી કેટલાક તેને સંભારતા હોય છે પણ કંઈ ઉત્તર મળતો નથી, જ્યારે જેને આપણે પાપી, અધમ કે નાસ્તિક માનતા હોઈએ તેવા કોઈકને ક્ષણમાત્રમાં એનો સાક્ષાત્કાર થાય છે! આવા લોકો

પર તો ઘણીવાર ઈશ્વર વણપ્રાર્થી કૃપા વરસાવે છે ! તમે કહેશો કે ગત જન્મોનું એકઠું થયેલું પુણ્ય તેની પાસે હતું, છતાં આ રહસ્ય સમજવું ખરેખર મુશ્કેલ છે. શ્રીરામકૃષ્ણ કેટલીક વાર કહેતા : 'ઈશ્વર પર આધાર રાખજો, પવનની દયા પર રહેતા સૂકા પાંદડાની જેમ રહેજો.' વળી કહેતા : 'તેની કૃપાનો પવન તો સતત ફૂંકાઈ જ રહ્યો છે, જરૂર છે માત્ર તમારા સઢને ચઢાવવાની!'

શિષ્ય : પરંતુ સ્વામીજી ! આ તો ઘણું જબ્બર વિધાન થયું. મને લાગે છે કે આમાં કોઈ તર્ક ચાલતો નહિ હોય.

સ્વામીજી : અરે, સર્વ પ્રકારના તર્ક અને દલીલોની સીમા માયાના રાજમાં જ છે, દેશ કાળ અને નિમિત્તની અંદર જ તર્ક છે. પણ ઈશ્વર આ બધાથી પર છે. આપણે ઈશ્વરના નિયમોની વાતો ભલે કરીએ, છતાં તે સર્વ નિયમોથી પર છે. જેને આપણે પ્રકૃતિના નિયમો કહીએ છીએ તે બધું તે સર્જે છે કે પોતે બને છે અને છતાં તે બધાયથી પર છે. જેના પર ઈશ્વરની કૃપા ઊતરે તે એક ક્ષણમાં જ સર્વ નિયમોથી પર બની જાય છે. આ વિશ્વનું સર્જન પણ તેની લીલા જેવું છે. लोकवतु लीला कैवल्यम् એટલે કે 'લોકોની પેઠે, તેની શુદ્ધ લીલાનો જ આ આનંદ છે.' (વેદાંતસૂત્ર :૨-૧-૩૩) જે લીલામાત્રથી જ આ વિશ્વમાં સર્જન અને વિનાશ કરે છે તેને મહાનમાં મહાન પાપીને પણ મુક્તિ અપાવી શું શક્ય નથી? છતાં કોઈને સાધનાની પ્રક્રિયામાંથી પસાર કરાવવા અને કોઈને તે વિના પણ મુક્તિ આપવી, તે કેવળ તેની મરજીની વાત છે, તેની લીલા છે.

શિષ્ય : સ્વામીજી ! આ બધું હું સમજી શકતો નથી.

સ્વામીજી : સમજવાની જરૂર પણ નથી. તમે તો બને તેટલું તમારું મન ઈશ્વરમાં જ મગ્ન રાખો. કારણ કે તે પછી જ આ જગતનું (તમારા



મન પરનું) મહાજાદુ આપોઆપ ભાંગી પડશે. તેમ છતાં તમારે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તમારે તો મનમાંથી કામ અને કાંચનને કાઢી નાખવાં. હંમેશા સત અને અસતનો વિવેક કરવો, તમે આ દેહ નથી એવા ઊંડા વિચાર સાથે દેહાદિ રહિતના ભાવમાં સ્થિર થવું, તેમ જ તમે સર્વવ્યાપી આત્મા છો તેનો હંમેશા અનુભવ કહેવાય. આવા પુરુષાર્થથી ઈશ્વર પરનો સાચો વિશ્વાસ આવશે, અને માનવીની સિદ્ધિનું અંતિમ લક્ષ્ય એ જ છે.

થોડીવારના મૌન પછી સ્વામીજીએ કહ્યું : ઈશ્વરની કૃપા તારા પર ન હોત તો તું અહીં આવત શા માટે? શ્રીરામકૃષ્ણ કહેતા : 'જેમના પર ઈશ્વરની કૃપા હોય તેમનાથી અહીં આવ્યા વિના ચાલે જ નહીં. તેઓ ગમે ત્યાં હોય અને ગમે તે કરતા હોય, પણ અહીંથી (પોતાનો અહમ્ ભગવતીની ચેતનામાં પૂર્ણપણે વિલીન થઈ ગયો હોવાથી શ્રીરામકૃષ્ણ દેવ 'અહીંથી' એવો શબ્દ વાપરે ત્યારે તેનો અર્થ 'પોતે' એવો થાય છે. ખરું જોતાં 'અહીં' એટલે ભગવતીના પ્રાગટ્યના આ સ્થાનમાં એવો અર્થ થાય છે - સંપાદક) ઉચ્ચારાયેલ શબ્દો કે ભાવોની અસર તેમના પર અવશ્ય થવાની.' તારો જ દાખલો લે. જેઓ દૈવી કૃપાની શક્તિથી સાધનાની પૂર્ણતાએ પહોંચ્યા છે અને આ કૃપાને સાચો અર્થ શું છે તેનું જેમને પૂર્ણ જ્ઞાન છે, એવા નાગ મહાશયનો કલ્યાણકારી સત્સંગ તને પ્રાપ્ત થયો. એ શું ઈશ્વરની કૃપા વિના શક્ય છે ખરું? 'अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् । ' એટલે કે અનેક જન્મોના પ્રયત્નો વડે પૂર્ણ થયા પછી માણસ પરમ ગતિ પામે છે.' (ભગવદ્ ગીતા ૬-૪૫) અનેક જન્મોના એકઠાં કરેલાં પુણ્યના પ્રતાપે જ માણસને આવા મહાત્માનો સત્સંગ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં વર્ણવેલ ઉત્કૃષ્ટ પ્રકારની ભક્તિનાં સર્વ

લક્ષણો નાગ મહાશય પ્રગટ થયાં છે. વારે વારે વપરાતું તૃણાદપિ સુનીચેન એ વાક્ય તેમના જીવનમાં ખરેખર વણાઈ ગયેલું દેખાય છે. તમારા પૂર્વબંગાળનાં સૌભાગ્ય છે કે નાગ મહાશયના ચરણસ્પર્શથી તે પાવન થાય છે!

આમ કહીને સ્વામીજી, જાણીતા નાટ્યકાર બાબુ ગિરીશચંદ્ર ઘોષને મળવા જવા ઊઠ્યા. સ્વામી યોગાનંદ અને શિષ્ય પણ સાથે ગયા. ગિરીશબાબુને ઘેર પહોંચી સ્વામીજીએ પોતાનું આસન લીધું અને બોલ્યા : 'ગિરીશબાબુ, આ અગર તે માર્ગે, શ્રીરામકૃષ્ણ દેવના સંદેશની જગતભરમાં ભવ્ય ઘોષણા કરવી એવી ઊર્મિઓ હમણાં હમણાં મારા મનમાં ઊઠ્યા કરે છે. છતાં હું અટકીને વિચારું છું કે રખેને આ બધાને પરિણામે ભારતમાં એક વધારે સંપ્રદાય તો ઊભો નહિ થાય ! આમ મારે ખૂબ ચેતીને કામ કરવું પડે છે. કેટલીક વાર એમ પણ વિચારું છું કે એક સંપ્રદાય ઊભો થાય તો પણ શું ખોટું છે? પણ તરત પાછો વિચાર આવે છે કે ના, શ્રીરામકૃષ્ણ કદી બીજાની આધ્યાત્મિક ભાવનાને ખલેલ પહોંચાડતા નહિ, તેઓ તો હંમેશાં બધાની અંદર રહેલી સમાનતાને જ જોતા. આ વિચારમાં હું ઘણી વાર મારી જાતને કાબૂમાં રાખી લઉં છું. આ બાબતમાં તમે શું માનો છો?'

ગિરીશબાબુ : આમાં હું શું કહું? તમે તો તેમનું હથિયાર છો. તમારે તો તેઓ કરાવે તેમ જ કરવાનું. હું વધારે વિગતોની ભાંજગડમાં ઊતરતો નથી. પરંતુ એક વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે એ ઈશ્વરી શક્તિને તમારી મારફત કામ કરી રહેલી હું જોઈ રહ્યો છું.

સ્વામીજી : પણ મને લાગે છે કે આપણે આપણી પોતાની ઈચ્છા પ્રમાણે જ કામ કરી રહ્યા છીએ. છતાં મને એટલો તો અનુભવ થયો છે કે



વિપત્તિકાળે અને મુશ્કેલીને વખતે, દુઃખમાં અને દારિદ્રયમાં, તેઓ આપણી સમક્ષ પ્રગટ થઈ આપણને સાચે રસ્તે દોરી જાય છે. પણ ખેદની વાત છે કે તે છતાંય હજુ હું તેમની શક્તિની મહત્તા કોઈ પણ પ્રકારે સમજી શકતો નથી.

ગિરીશબાબુ : સાચી વાત છે. તેમણે જ કહ્યું છે : 'તમે તેને પૂરેપૂરી રીતે સમજશો તો તુરત જ બધું અદશ્ય થઈ જશે. અને પછી કોણ કામ કરશે? અથવા કોની પાસે કામ કરાવવાનું રહેશે?'

આ પછી વાતનો પ્રવાહ અમેરિકા તરફ વળ્યો. સ્વામીજી એ વાતમાં ખૂબ રસ લેવા લાગ્યા. તે દેશની અદ્‌ભૂત સંપત્તિ, ત્યાંનાં સ્ત્રી-પુરુષોના સદ્‌ગુણ-દુર્ગુણ, તેમના મોજશોખો ઈત્યાદિ બધાનું વર્ણન કરવા લાગ્યા.

## ૭. જુદી જુદી પ્રજાઓ આંતર લગ્નનો પ્રશ્ન - વહેલા લગ્ન સામે પ્રતિકાર - ભારત માટેની યોગ્ય કેળવણી

(શ્રી સુરેન્દ્રનાથ સેનની અંગત નોંધપોથીમાંથી)

(સોમવાર, તારીખ ૨૪ મી જાન્યુઆરી સને ૧૮૯૮)

ગયે શનિવારે જે સજ્જન સ્વામીજીને પ્રશ્નો પૂછતા હતા તે જ પાછા આવ્યા. તેમણે વળી પાછો આંતર્લગ્નનો પ્રશ્ન ઉઠાવ્યો અને પૂછ્યું : 'જુદી જુદી પ્રજાઓ વચ્ચે આંતર્લગ્નો કેવી રીતે દાખલ કરવાં?'

સ્વામીજી : તદ્દન ભિન્ન ધર્મ પાળથી પ્રજાઓ વચ્ચે આંતર્લગ્નોની સલાહ હું આપતો નથી. ઓછામાં ઓછું, અત્યારે તો એમ કરવાથી સમાજનાં બંધનો શિથિલ થશે અનેકવિધ કારણ બનશે. એક જ ધર્મના

લોકો વચ્ચેનાં આંતર્લગ્નની હું હિમાયત કરું છું.

પ્રશ્ન : તો એમાં પણ ઘણી ગૂંચવણો ઊભી થશે. ધારો કે મારે એક દીકરી છે, તે બંગાળમાં જન્મી છે અને ઊછરી છે. હવે એને એક મહારાષ્ટ્રી કે મદ્રાસી યુવક સાથે પરણાવું તો છોકરી પોતાની પતિની ભાષા નહિ સમજે અને પતિ છોકરીની ભાષા નહિ સમજે, વળી તેમની વ્યક્તિગત ટેવો અને રિવાજોમાં પણ બહુ મોટો ભેદ હોય છે. પરિણીત લોકોની બાબતમાં આવી કેટલીક મુશ્કેલીઓ છે. વળી સામાજિક રીતે પણ આથી ગૂંચવણમાં ઉમેરો થશે.

સ્વામીજી : એ જાતનાં લગ્નો વિશાળ પાયા ઉપર થવાને હજી લાંબો સમય લાગશે. વળી એ જાતના સુધારામાં એકદમ જઈ પડવું એ ડહાપણભર્યું પણ નથી. કાર્યનું એક રહ્સય એ છે કે ઓછામાં ઓછા વિરોધની દિશામાં જવું. એટલે કે પ્રથમ તો પોતપોતાની પેટા જ્ઞાતિઓમાં આંતર્લગ્નો થવાં જોઈએ દાથલા તરીકે બંગાલની કાયસ્થ જ્ઞાતિ લો. તેમની કેટલીય પેટાજ્ઞાતિઓ છે, જેવી કે ઉત્તરરાઢી, દક્ષિણરાઢી, બંગજ વગેરે, તેઓ પરસ્પર લગ્ન કરતા નથી. હવે ઉત્તરરાઢીની અને દક્ષિણરાઢીઓ વચ્ચે લગ્ન થવા દો, અને જો અત્યારે તે સંભવિત ન હોય તો બંગજ અને દક્ષિણ રાઢીઓ વચ્ચે તે શરૂ થવા દો. એમ કરવાથી જે અત્યારે છે તેને સુધારીને ઊભું કરવાનું છે, અને જે આપણા હાથમાં છે તેને અમલમાં લાવવાનું છે, સુધારાનો અર્થ બધું તોડી પાડવું એવો થતો નથી.

પ્રશ્ન : બહુ સારું. એ ભલે આપ કહો છો તેમ હોય. પરંતુ એમાંથી કયું શુભ પરિણામ આવી શકશે?

સ્વામીજી : તમે એ જોતા હશો જ કે આપણા સમાજમાં લગ્ને



કેટલીક સદીઓથી એની એ જ પેટા-જ્ઞાતિઓમાં મર્યાદિત કરી દેવામાં આવેલાં હોવાથી અત્યારે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે પિતરાઈઓ અને નજીકનાં સગાંમાં લગ્નો કરવાં પડે છે, આને લીધે જ શારીરિક દૃષ્ટિએ પ્રજાનું ધીમે ધીમે અધઃપતન થતું જાય છે, અને પરિણામે હરેક પ્રકારના રોગો અને બીજાં અનિષ્ટો, ખુલ્લે દરવાજે પ્રવેશ કરતાં જાય છે. અલ્પ સંખ્યાંક લોકોના સંકુચિત વર્તુળમાં લોહીને ફરવું પડે છે તેથી તે દૂષિત થઈ ગયું છે, નવાં જન્મેલાં બાળકો જન્મથી જ પોતાના પિતાઓના શારીરિક રોગો લઈને આવે છે. આમ નબળા લોહીનો વારસો લઈને જન્મેલા હોવાથી એ બાળકોનાં શરીરોમાં કોઈ પણ રોગના જંતુઓનો પ્રતિકાર કરવાની શક્તિ બહુ ઓછી થઈ હોય છે, અને તેથી રોગના જંતુઓની શિકાર તેઓ સહેજે થઈ પડે છે. માત્ર લગ્નનું ક્ષેત્ર વધુ વ્યાપક બનાવી દેવાથી આપણે આપણી પ્રજામાં નવું અને જુદા પ્રકારનું લોહી દાખલ કરી શકીશું અને તેથી અત્યારના આપણા કેટલાક રોગો અને તેને પરિણામે આવતાં બીજાં અનિષ્ટોમાંથી તેમને બચાવી શકીશું.

પ્રશ્ન : ત્યારે, આપના મત પ્રમાણે પુરુષોએ અને સ્ત્રીઓએ મોટી ઉંમરે લગ્ન કરવાં જોઈએ, ખરું?

સ્વામીજી : ચોક્કસ, પરંતુ સાથે સાથે તેમને શિક્ષણ પણ આપવું જોઈએ. નહિતર અનીતિ અને ભ્રષ્ટાચાર વધશે. શિક્ષણનો અર્થ અત્યારની પદ્ધતિ એટલે એકલું પુસ્તકિયું જ્ઞાન એવો હું નથી કરતો, પરંતુ વાસ્તવિક શિક્ષણની દિશામાં કંઈક કરવું એમ કહું છું. આપણે એવી વિદ્યાની જરૂર છે કે જે દ્વારા ચારિત્ર્યનું ઘડતર થાય. માનસિક સામર્થ્ય વધે, બુદ્ધિનો વિકાસ થાય અને જેનાથી માણસ પોતાના પગ ઉપર ઊભો રહી શકે.

પ્રશ્ન : ત્યારે તો આપણે આપણી સ્ત્રીઓને ઘણી રીતે સુધારવાની

રહેશે.

સ્વામીજી : એવી કેળવણી પછી સ્ત્રીઓ જ પોતાની સમસ્યાઓનો ઉકેલ લાવશે, અત્યાર સુધી તેમને નિરાધારતાનું, બીજા ઉપર ગુલામની પેઠે અવલંબન રાખવાનું જ શીખવવામાં આવ્યું છે, અને તેથી જરાક સરખી આફત કે ભય આવતાં જ તઓ રોદણાં દડવામાં જ હોંશિયાર હોય છે. બીજી બાબતોની સાથે, તેમણે શૌર્ય અને બહાદુરીની ભાવના કેળવવી જોઈએ, આજના જમાનામાં તેમણે આત્મરક્ષણ કરતાં શીખવાની પણ જરૂર ઊભી થઈ છે. જુઓ, ઝાંસીની રાણી કેવી બહાદુર હતી !

પ્રશ્ન : આપ જે સલાહ આપો છો તે સાવ નવા જ પ્રકારની છે. મને બીક લાગે છે કે આપણે સ્ત્રીઓને એ રીતે કેળવીને તૈયાર કરતાં હજુ ઘણો સમય લાગશે.

સ્વામીજી : ગમે તેમ પણ આપણે આપણાથી બનતું કરી છૂટવાનું છે. આપણે માત્ર સ્ત્રીઓને કેળવીને તૈયાર કરવાની છે એમ નહિ, પરંતુ આપણે આપણી જાતને પણ કેળવવાની છે. માત્ર બાળકે પેદા કરવાથી બાપ થવાતું નથી, એમાં પોતાની ઉપર અનેક જવાબદારીઓ પણ લેવાની હોય છે. સ્ત્રીઓની કેળવણીની બાબતમાં આરંભ કરવાનો વિચાર કરીએ તો આપણી હિંદુ સ્ત્રીઓ શીલ અને સતીત્વ શું છે એ સહેલાઈથી સમજે છે, કારણ કે એ તેમને વારસામાં મળેલું છે. તે બીજી બધી બાબતો કરતાં સહુ પ્રથમ તેમનામાં એ સતીત્વના આદર્શને ખૂબ માન આપો, જેથી તેમનામાં દઢ ચારિત્ર્યભાવના વિકસે, અને એના જોરે પરિણીત દેશમાં અગર પોતે રહેવા ચાહે તો અપરિણીત દશામાં પણ જીવનના દરેક ક્ષેત્રમાં પોતાના શીલતામાંથી સહેજ પણ ચલિત થયા કરતાં પોતાના જીવનનું બલિદાન આપતાં પણ અચકાય નહિ. આદર્શ ગમે તે હોય, પરંતુ એ



આદર્શ ખાતર જીવનનો ભોગ આપવો એ શું ઓછી વીરતા છે? આજના જમાનાની જરૂરિયાતોનો અભ્યાસ કરતાં એમ લાગે છે કે કેટલીક સ્ત્રીઓને ત્યાગના આદર્શની કેળવણી આપવી અતિ આવશ્યક છે, જેથી તેઓ અતિ પ્રાચીન કાળથી તેમના લોહીમાં રહેલ સતીત્વની ભાવનાથી બળવાન બનીને આજીવન કૌમાર્યપાલનનું વ્રત લે એની સાથે તેમને વિજ્ઞાનો અને બીજી વિદ્યાઓ શીખવવી જોઈએ, જે તેમને પોતાને ઉપયોગી થઈ પડે તેમ જ અન્યને પણ ઉપયોગી થઈ પડે, આવો ખ્યાલ મળવાથી તેઓ આ શિક્ષણ સહેજે લેશે અને તેમાં તેમને રસ અને ઉત્સાહ પણ આવશે. આપણી માતૃભૂમિના કલ્યાણ માટે તેનાં કેટલાંક સંતાનો શુદ્ધ ચારિત્ર્યશીલ બ્રહ્મચારીઓ અને બ્રહ્મચારિણીઓ બને એ જરૂરનું છે.

પ્રશ્ન : એનાથી દેશનું કઈ રીતે કલ્યાણ થશે?

સ્વામીજી : તેમના દૃષ્ટાંતથી તેમ જ લોકોની નજર સમક્ષ રાષ્ટ્રીય આદર્શને ખડો રાખવાના તેમના પ્રયત્નથી, લોકોના વિચારો અને આકાંક્ષાઓમાં પણ ક્રાંતિ આવશે. આજે લોકોની દશા શી છે? છોકરી નવ-દસ વરસની થાય એટલે એને જેમતેમ કરીને પરણાવી દઈને ઠેકાણે પાડી દેવી! અને જો એ છોકરીને તેરમે વરસે બાળક જન્મે તો પછી આખા કુટુંબના હરખનું પૂછવું જ શું? આવા વિચારોના પ્રવાહને જો ઉલટાવી શકાય તો જ પ્રાચીન શ્રદ્ધા પાછી આવવાની કંઈક આશા છે. અને જેઓ ઉપર કહ્યા પ્રમાણેનું બ્રહ્મચર્યનું પાલન કરશે, તેમની તો વાત જ શી કરવી? વિચાર તો કરો કે તેમનામાં આત્મશ્રદ્ધા કેટલી જબરદસ્ત આવશે? અને કલ્યાણકારી શક્તિના એ લોકો કેટલા આધાર-રૂપ બનશે!

એ પછી પ્રશ્નકર્તા સ્વામીજીને પગે લાગ્યો અને તેમની રજા લેવાને તૈયાર થયો. સ્વામીજીએ તેને કહ્યું : 'અવારનવાર આવતા રહેજો'

'જરૂર આવીશ, સ્વામીજી !' પેલા ગૃહસ્થે જવાબ આપ્યો. ' મને કેટલો લાભ મળે છે? આપની પાસેથી મને કેટલી કેટલી નવી નવી બાબતો સાંભળવાં મળી? અગાઉ મેં ક્યાંય પણ આવું કદી સાંભળવા મળેલું જ નહિ.' જમવાનો સમય થઈ ગયો હોવાથી હું પણ ઘેર ગયો.

## ૮. શ્રીરામકૃષ્ણ દેવની બેલુરમઠ ખાતે પ્રતિષ્ઠાપન વિધિ

(સ્થળ : બેલુર મઠની ભાડાની જગ્યા, સને ૧૮૯૮)

આજે સ્વામીજી યજ્ઞ કરવાના છે અને નવા મઠના સ્થળે શ્રીરામકૃષ્ણ દેવને પધરાવવાના છે. આગલી રાતથી જ શિષ્ય આ પ્રતિષ્ઠાવિધિ જોવા મઠમાં રોકાયા છે.

પ્રાતઃકાળમાં ગંગામાં સ્નાન કરીને સ્વામીજી પૂજાગૃહમાં ગયા. ત્યાં તેમણે શ્રીરામકૃષ્ણની પવિત્ર પાદુકાની પૂજા કરી અને ધ્યાનમાં બેઠા. ધ્યાન અને પૂજા પૂરી થયા પછી નવા મઠની જગ્યાએ જવા માટે તૈયારી કરવામાં આવી. તાંબાની પેટીમાં રખાયેલા શ્રીરામકૃષ્ણ દેવનાં અસ્થિ સ્વામીજીએ પોતાને જમણે ખભે ઉપાડીને સૌની આગળ ચાલવા માંડ્યું, પાછળ બીજા સંન્યાસીઓની જોડે શિષ્ય પણ ચાલ્યો. શંખ અને ઘંટનાદ થવા લાગ્યા. રસ્તામાં સ્વામીજીએ શિષ્યને કહ્યું : શ્રીરામકૃષ્ણે મને કહેલું કે તમારા ખભા પર ચડાવીને તમે મને ઝાડ નીચે કે ઝૂંપડીમાં જ્યાં લઈ જશો ત્યાં હું જઈને રહીશ. તેથી હું મારા પોતાના ખભા ઉપર તેમને મઠના નવા સ્થળે લઈ જાઉં છું. જરૂર જાણજો કે શ્રીરામકૃષ્મ ઘણા કાળ સુધી બહુજનહિતાય (લોકોના કલ્યાણ માટે) પોતાનું સ્થાન ત્યાં ચોક્કસ રાખશે.



શિષ્ય : તેઓશ્રીએ આપને આમ ક્યારે કહેલું?

સ્વામીજી : શું આમની પાસેથી (મઠના સાધુઓ તરફ આંગળી ચીંધીને) તેં સાંભળ્યું નથી? કાશીપુરના બગીચામાં તેમ કહેલું.

શિષ્ય : સમજ્યો. હું માનું છું કે આ જ પ્રસંગે શ્રીરામકૃષ્ણદેવના ગૃહસ્થાશ્રમી અને સંન્યાસી શિષ્યો વચ્ચે તેઓશ્રીની સેવા કરવાના અધિકાર પરત્વે મતભેદ થયો હતો, ખરું?

સ્વામીજી : હા, પરંતુ તે મતભેદ નહિ, માત્ર થોડી ગેરસમજણ હતી. ખાતરી રાખજો કે જેઓ શ્રીરામકૃષ્ણદેવના શિષ્યો છે અને જેમના ઉપર તેમની 'સાચી' કૃપા ઊતરી છે, તેમનામાં નથી સાંપ્રદાયિકતા કે નથી ભેદભાવ. તેમ 'હોઈ પણ ન શકે' પછી ભલે તેઓ ગૃહસ્થ હોય કે સંન્યાસી હોય. આ થોડી ગેરસમજણ થવામાં કારણ શું છે તે તું જાણે છે? દરેક ભક્ત શ્રીરામકૃષ્ણને પોતાની બુદ્ધિશક્તિ અનુસાર સમજે છે અને પોતાના વિશિષ્ટ દૃષ્ટિબિન્દુથી જ તેમના વિશેનો ખ્યાલ બાંધે છે. તેઓશ્રી જાણે કે એક સૂર્ય સમાન હતા, આપણે દરેક જણ તેમને જે જોઈએ છીએ તે જુદા જુદા રંગીન કાચમાંથી જોઈએ છીએ. તેથી તે એક જ સૂર્યને આપણેવિવિધ રંગી જોઈએ છીએ. બેશક, આટલું તદ્દન સાચું કે કાળક્રમે આથી મતભેદો ઊભા થાય છે. પણ સદ્‌ભાગ્યે જેઓ અવતારો સાથેના સીધા સંપર્કમાં આવ્યા હોય છે, તેમના જીવતર દરમિયાન આવા મતભેદો ભાગ્યે જ ઊભા થાય છે. માત્ર આત્મામાં જ આનંદ લેનારી તે વ્યક્તિનો મહિમા એમની આંખો આંજી દે છે તથા એમના મનમાંથી અભિમાન, અહંભાવ અને સંકુચિતતાને હાંકી કાઢે છે. પરિણામે એ લોકોને પંથ કે મતવાદ ઊભા કરવાની તક મળતી નથી. તેઓ દરેક પોતાની રીતે પોતાના ખરા દિલની ભક્તિ તેમને ચરણે ધરવામાં સંતોષ માને છે.

શિષ્ય : સ્વામીજી ! અવતારને ઈશ્વર તરીકે જાણવા છતાં શું તેમના શિષ્યો પણ તેમને જુદી જુદી રીતે જુએ છે? અને જો આમ હોય તો તેમના અનુયાયીઓની પછીથી આવતી પરંપરા શું પોતાને એક મર્યાદિત ક્ષેત્રમાં લાવી મૂકીને જુદા જુદા સંપ્રદાયો ઊભી કરતી નથી?

સ્વામીજી : બરાબર છે. સમય જતાં સંપ્રદાયો જરૂર ઊભા થવાના. ઉદાહરણ તરીકે જુઓ ચૈતન્યદેવના અનુયાયીઓ, તેઓ બસોથી ત્રણસો પંથોમાં કેવા વહેંચાઈ ગયા છે! અને ઈશુના અનુયાયીઓ તો હજારો શાખામાં છે. પણ આ બધા પંથો કોઈ અપવાદ સિવાય ચૈતન્યદેવ કે ઈશુને જ અનુસરે છે, બીજા કોઈને નહિ.

શિષ્ય : તો પછી શું શ્રીરામકૃષ્ણદેવના અનુયાયીઓ પણ વખત જતાં જુદા જુદા સંપ્રદાયોમાં વહેંચાઈ જશે?

સ્વામીજી : અલબત્ત, પણ આપણે આ મઠ બાંધીએ છીએ તે મઠ બધા પંથો તથા બધાં દૃષ્ટિબિન્દુઓનો સમન્વય કરશે. જેમ શ્રીરામકૃષ્ણ દેવ ઉચ્ચ અને ઉદાર ભાવના રાખતા, તેમ આ મઠ પણ તેવા વિચારોનું પ્રચાર કેન્દ્ર બનશે. અહીંથી ઝળહળતો સર્વધર્મસમન્વયનો જ્વલંત પ્રકાશ સમગ્ર દુનિયાને ભરી દેશે.

આમ વાતચીત ચાલતી હતી. દરમિયાન સૌ મઠ સુધી પહોંચી ગયા. સ્વામીજીએ પોતાના ખભા પરથી ઘટ ઉતારીને નીચે બિછાવેલી જાજમ પર પધરાવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બીજાઓએ પણ તેમ કર્યું.

પછી સ્વામીજી ફરીવાર પૂજામાં બેઠા પૂજા પછી તેમણે હોમાગ્નિ પ્રગટાવ્યો. તેમાં આહુતિઓ આપી અને બંધુ - શિષ્યોની સહાયથી પોતે જ ખીર પકાવીને શ્રીરામકૃષ્ણ દેવને ધરાવી. ઘણુંખરું તે જ દિવસે કેટલાક



ગૃહસ્થીઓને તેઓશ્રીએ દીક્ષા પણ આપી. આ બધી વિધિ પત્યા પછી સ્વામીજીએ એકત્રિત થયેલા ગૃહસ્થોને પ્રેમથી સંબોધીને કહ્યું : 'તમે સઘળા અહીં શ્રીરામકૃષ્ણદેવનાં પવિત્ર ચરણોમાં સાચા દિલથી એવી પ્રાર્થના કરો કે આ યુગના મહાન અવતારરૂપ શ્રીરામકૃષ્ણ દેવ પોતે અનેક મનુષ્યોના સુખ અને હિતને માટે (બહુજનહિતાય બહુજનસુખાય) આજથી આ પવિત્ર સ્થળમાં અતિ દીર્ઘ કાળ સુધી બિરાજે અને તેને બધા ધર્મોના સમન્વયનું સર્વદા અપૂર્વ કેન્દ્ર બનાવે.' બધાએ હાથ જોડીને તે પ્રમાણે પ્રાર્થના કરી પછી શિષ્યને બોલાવીને સ્વામીજીએ કહ્યું : 'અમારા (સંન્યાસીઓ) પૈકી કોઈને પણ આ આત્મારામનો ઘટ અહીંથી પાછો લઈ જવાનો અધિકાર હવે રહ્યો નથી, કારણ કે અમે અહીં તેની પ્રતિષ્ઠા કરી છે. તેથી હવે તે તારી ઉપાડીને પાછો (નીલાંબર બાબુના બાગમાં) લઈ જવો તે જ યોગ્ય છે.' પરંતુ શિષ્યને ઘટને અડકતાં અચકાતો જોઈને સ્વામીજીએ કહ્યું : 'ડર નહિ, ઉઠાવ. તને મારી આજ્ઞા છે. હર્ષભેર આજ્ઞા ઉઠાવીને શિષ્ય ઘટ માથા ઉપર મૂકી આગળ ચાલ્યો. તેની પાછળ સ્વામીજી અને બાકીના બીજા બધા ચાલ્યા. માર્ગમાં સ્વામીજીએ શિષ્યને કહ્યું : 'શ્રીરામકૃષ્ણ આજે તમારા મસ્તક ઉપર બેસીને તને આશીર્વાદ આપે છે. માન રાખજે. આજથી તારું ચિત્ત કોઈ ક્ષણભંગુર વસ્તુ ઉપર ન ચોંટે તે જોજે.' અને એક નાનો પુલ ઓળંગતાં પહેલાં સ્વામીજીએ ફરી કહ્યું : 'ધ્યાન રાખજે, ખૂબ સંભાળપૂર્વક ચાલ.'

આપ બધા સહીસલામત રીતે મઠમાં પહોંચ્યા અને આનંદમાં આવી ગયા. પછી સ્વામીજી શિષ્ય સાથે વાતો કરવા લાગ્યા. તે દરમિયાન તેઓશ્રીએ કહ્યું : શ્રીરામકૃષ્ણદેવની ઈચ્છાથી તેમનું ધર્મક્ષેત્ર આજે સ્થપાયું છે. આજે બાર વર્ષની મારા માથા પરની ચિંતા ઊતરી ગઈ છે. આ પળે

હું શો વિચાર કરું છું તે તું જાણે છે? આ મઠ વિદ્યા તથા આધ્યાત્મિક સાધનાનું એક કેન્દ્ર બનશે. તમારા જેવા પુણ્યશીલ ગૃહસ્થો આજુબાજુની જગ્યામાં ઘર બાંધીને રહેશે, અને ત્યાગી સંન્યાસીઓ વચમાં રહેશે, જ્યારે મઠના દક્ષિણ ભાગમાં આવેલી જમીનના ટુકડા ઉપર અંગ્રેજ અને અમેરિકન શિષ્યો માટે નિવાસસ્થાન બાંધવામાં આવશે. આ વિચાર તને કેવો લાગે છે?

શિષ્ય : સ્વામીજી ! ખરેખર આપની આ એક અદ્ભુત કલ્પના છે.

સ્વામીજી : શું તું તેને કલ્પના કહે છે? જરા પણ નહિ. સમય જતાં બધું જ બનશે. હું તો માત્ર પાયો નાખું છું, ભવિષ્યમાં ઘણી પ્રગતિ થવાની છે મારી હયાતીમાં તો માત્ર અમુક ભાગ પૂરતો જ તેનો અમલ થશે. હું તમારામાં કેટલાક વિચારો મૂકતો જઈશ, જે તમે ભવિષ્યમાં અમલમાં મૂકશો. મહાન સિદ્ધાંતો માત્ર સાંભળવાથી નહિ પતે, તમારે તેને આચરણમાં ઉતારવા જોઈશે. તેની સતત સાધના કરવી જોઈએ. શાસ્ત્રોનાં મહાન સૂત્રો માત્ર ગોખવાથી શું વળવાનું છે, પ્રથમ તમારે શાસ્ત્રનો ઉપદેશ પૂરો સમજવાનો છે અને પછી તેને વ્યવહારુ જીવનમાં ઉતારવાનો છે. સમજ્યો? આનું નામ વ્યાવહારિક ધર્મ.

## ૯. આત્મ વિશ્વાસની તાતી જરૂર - નોકરી અને વ્યાપાર - કહેવાતા ભણેલાઓ - જનસાધારણનું ભવિષ્ય

(સ્થળ : બેલુર મઠની ભાડાની જગ્યા, સને ૧૮૯૮)

આજે સવારે શિષ્ય મઠમાં આવ્યો છે. સ્વામીજીના ચરણસ્પર્શ



કરીને જેવો તે ઊભો થયો કે તરત જ સ્વામીજીએ કહ્યું : 'તેં હજુ પણ શા માટે નોકરી કરવાનું ચાલુ રાખી છે? કોઈ વેપારધંધામાં શા માટે નથી પડતો?' શિષ્ય તે દિવસોમાં એક કુટુંબમાં ખાનગી શિક્ષકની નોકરી કરતો હતો. શિક્ષણના ધંધા વિશે પૂછવામાં આવતાં સ્વામીજીએ કહ્યું : 'જો છોકરાઓને ભણાવવાનો ધંધો માણસ લાંબો સમય કરે તો તેની બુદ્ધિ જડ બની જાય છે, તેનો વિકાસ થતો નથી. જો કોઈ રાતદિવસ છોકરાઓના ટોળામાં રહે તો ધીરે ધીરે તેની બુદ્ધિ જાડી થતી જાય છે. માટે છોકરાઓને ભણાવવાનું છોડી દે.'

સ્વામીજી : વાહ, જે વ્યક્તિ થોડીએક પરીક્ષાઓ પાસ કરે અને સારાં ભાષણ આપે તેને તમે કેળવાયેલી ગણો છો. જે કેળવણી જનતાને જીવનના સંઘર્ષ સામે ઝઝૂમવાની તાકાત આપતી નથી. જે ચારિત્ર્યબળને બહલાવતી નથી. જે પરોપકાર કરવાની ઉદારતા અને સિંહ સમાન હિંમત આપતી નથી, તે શું કેળવણીના નામને લાયક છે? સાચી કેળવણી તો તે છે કે જે માનવીને પોતાના પગ ઉપર ઊભો રહેતાં શીખવે. જે કેળવણી હાલમાં તમે શાળાઓ અને મહાવિદ્યાલયોમાં લો છો તે તો તમને માંદલા બનાવે છે. કેવળ યંત્રની માફક તમે કામ કરો છો અને અળશિયાનું જીવન જીવો છો. ખેડૂત, મોચી, ભંગી અને ભારતના બીજા હલકા વર્ગના ગણાતા લોકોમાં તમારા કરતાં કામ કરવાની શક્તિ અને આત્મવિશ્વાસ વધારે છે. યુગો થયા તેઓ મૂંગા મૂંગા કામ કરે છે અને દેશની સમૃદ્ધિમાં બધી રીતે વધારો કરે છે. થોડા જ દિવસોમાં તેમનું સ્થાન તમારાથી ઊંચું હશે.

ધીમે ધીમે સંપત્તિ તેમના હાથમાં જતી જાય છે, તમને જરૂરિયાતોની જેટલી તકલીફ પડે છે તેટલી તેમને વેઠવી પડતી નથી. આધુનિક કેળવણીએ તમારું જીવનધોરણ ફેરવી નાખ્યું છે, પણ સંશોધક પ્રતિભાના

અભાવે સંપત્તિના નવા માર્ગો હજુ વણશોધ્યા પડ્યા છે. આ સહનશીલ જનતાને તમે આજ સુધી કચડી છે. હવે તેનો બદલો લેવાનો તેમનો વારો આવ્યો છે. તમે નોકરીને તમારું જીવન સર્વસ્વ બનાવીને તેની મિથ્યા શોધમાં જ નાશ પામવાના છો.

શિષ્ય : સ્વામીજી ! અમારી મૌલિક શક્તિ બીજા દેશો કરતાં ભલે ઓછી રહી, છતાં પણ ભારતના નીચલા ઘરના લોકોને બુદ્ધિની દોરવણી તો અમારી પાસેથી મળે છે તો પછી જીવનસંઘર્ષમાં ઉચ્ચ વર્ગના લોકોને પારંગત કરવાની સત્તા કે શક્તિ તેઓ ક્યાંથી કાઢશે?

સ્વામીજી : ભલે તેમણે તમારી માફક થોડાં પુસ્તકો વાંચ્યાં ન હોય, અગર તમારા જેવી નકલી સંસ્કૃતિને અપનાવી ન હોય. આ બધાની શી કિંમત છે? પણ આ નીચલો વર્ગ જ બધા દેશોમાં પ્રજાની આધારશીલા છે. જો આ લોકો કામ કરતા અટકી જાય તો તમે તમારાં અન્ન અને વસ્ત્ર ક્યાંથી મેળવવાના છો? જો કોલકાતાના ઝાડુવાળાઓ એક દિવસ પણ કામ બંધ કરે તો ગભરામણ પેદા થાય, અને ત્રણ દિવસ જો હડતાલ પાડે તો રોગચાળો ફાટી નીકળવાથી આખું શહેર ખલાસ થઈ જાય! મજૂરો કામ બંધ કરે તો તમને રોજનાં અન્ન અને વસ્ત્ર મળતાં પણ બંધ થાય. અને છતાં તમે એ લોકોને હલકા વર્ણના લેખો છે, અને તમારી સંસ્કૃતિનાં બણગાં ફૂંકો છો!

જીવનસંઘર્ષમાં ગળાબૂડ રહેવાથી તેમને જ્ઞાનનો વિકાસ કરવાની તક મળી નથી. માનવબુદ્ધિથી ચલાવતાં યંત્રોની માફક તેમણે લાંબા કાળ સુધી એકધારું કામ કર્યા કર્યું છે, જ્યારે તેમના પરિશ્રમના ફળનો મોટો ભાગ ચાલાક શિક્ષિત લોકોએ લીધો છે. દરેક દેશમાં આમ જ બન્યું છે. પણ હવે કાળ બદલાયો છે. નીચલા વર્ગના માણસો આ હકીકત પરત્વે



ધીરે ધીરે સજાગ બની રહ્યા છે, તેમણે સંયુક્ત મોરચો ઊભો કરવા માંડ્યો છે, અને પોતાના વાજબી હકો હાંસલ કરવા કૃતનિશ્ચયી બન્યા છે. યુરોપ અને અમેરિકાની જનતા પહેલાં જાગ્રત થઈ છે, અને તેણે લડત શરૂ પણ કરી દીધી છે. ભારતમાં પણ આ જાગૃતિનાં ચિહ્નો જણાવા લાગ્યાં છે કે જે હાલમાં નીચલા ઘરના લોકોની હડતાળો પરથી સ્પષ્ટ જોઈ શકીએ છીએ. ગમે તેટલો પ્રયાસ કર્યા છતાં ઉચ્ચ વર્ગના લોકો હવે નીચલા વર્ગને લાંબો વખત દબાવી રાખી શકશે નહીં. હવે તો નીચલા વર્ગના લોકોને તેમના યોગ્ય હકો મેળવવામાં સહાય કરવામાં જ ઉચ્ચ વર્ગના લોકોનું કલ્યાણ રહેલું છે.

માટે જ હું તમને કહું છું કે આમવર્ગમાં કેળવણીનો પ્રચાર કરવાનું કામ હાથ ધરો. તેમને કહો અને સમજાવો કે 'તમે અમારા ભાઈઓ છો, અમારું જ અંગ છો, અમે તમને ચાહીએ છીએ, કદી તિરસ્કારતા નથી.' તમારી પાસેથી આવી સહાનુભૂતિ મળવાથી તેમનો કામ કરવાનો ઉત્સાહ સોગણો વધશે. આધુનિક વિજ્ઞાનની મદદથી તેમનામાં જ્ઞાનજ્યોતિ પ્રગટાવો. તેમને ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને સાહિત્ય શીખવો અને આ બધાની સાથોસાથ ધર્મનાં ગૂઢ તત્ત્વો પણ સમજાવો. આ શિક્ષણના બદલામાં તેવા શિક્ષકોની ગરીબી પણ દૂર થશે. પરસ્પર આપ-લેથી બંને પક્ષો એકબીજા પ્રત્યે મૈત્રીભાવ રાખતા થશે.

શિષ્ય : પણ સ્વામીજી ! જો તેમનામાં શિક્ષણનો પ્રચાર થશે તો વખત જતાં તેમનાં ભેજાં જાણે ફળદ્રુપ તો બનશે, પણ અમારી માફક તેઓ પણ આળસુ અને નિષ્ક્રિય બની જશે, અને પછી તેઓ તેમનાથી નીચલા વર્ગના લોકોની મહેનતનો ફળ ઉપર નભતા થશે.

સ્વામીજી : એમ શા માટે બને? જ્ઞાનના વિકાસ પછી પણ કુંભાર

તે કુંભાર જ રહેશે, માછીમાર માછીમાર જ રહેશે અને ખેડૂત તે ખેડૂત જ રહેશે. શા માટે તેઓ પોતાના વારસાગત વ્યવસાય છોડી દે? सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् । 'તમારું વારસાગત કર્મ દોષવાળું હોય તો પણ તેને છોડો નહીં.' જો આ પ્રમાણે તેમને શીખવવામાં આવે તો શા માટે તેઓ પોતાના વ્યવસાય છોડે? ઉલટું જે સ્વાભાવિક ધંધો લઈને તે જન્મ્યો છે, તેને સુધારવામાં તે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરશે. વખત જતાં તેમનામાંથી પણ અસાધારણ પ્રતિભાશાળી વ્યક્તિઓ જરૂર પાકશે. તમે (ઉચ્ચ વર્ણના લોકો) તેમને તમારામાં સમાવી લેજો. બ્રાહ્મણોએ પરાક્રમી ક્ષત્રિય રાજા વિશ્વામિત્રને બ્રાહ્મણ તરીકે સ્વીકાર્યા હતા. આ કાર્ય માટે આખી ક્ષત્રિય જાતિ બ્રાહ્મણોની કેટલી ઋણી છે. તેનો વિચાર કરો. આવી સહાનુભૂતિ અને સહકારથી પશુપક્ષીઓ પણ આપણાં થઈ જાય છે તો પછી મનુષ્યની તો વાત જ શી કરવી?

શિષ્ય : સ્વામીજી ! આપ કહો છો તે વાત તો સાચી છે, પણ ઉચ્ચ અને નીચ વર્ણમાં ઘણો તફાવત છે. ભારતમાં ઉચ્ચ વર્ણના લોકોને નીચલા વર્ણના લોકો પ્રત્યે સદ્‌ભાવ રાખતા કરવા એ બહુ મુશ્કેલ કામ છે.

સ્વામીજી : પણ તે સિવાય તમારા ઉપલા વર્ગનું કલ્યાણ થવાનું નથી, તમે આંતરકલહ અને કલેશથી નાશ પામશો, ઘણા લાંબા વખતથી આ ચાલતું જ આવ્યું છે. જ્યારે જનતા જાગશે ત્યારે તેઓ તમારા જુલમો સમજશે, અને ત્યારે તેમની એક ફૂંકથી તમે ક્યાંય ઊડી જશો ! તમારી સંસ્કૃતિ તેઓ જ લાવ્યા છે, અને તેઓ જ તેને તોડી પાડશે. ગૉલ લોકોના હાથ મહાપરાક્રમશાળી પ્રાચીન રોમની સંસ્કૃતિ કેવી ધૂળ ભેગી થઈ ગઈ તેનો વિચાર કરો. માટે હું કહું છું કે આ નીચલા વર્ગના લોકોને વિદ્યા અને સંસ્કાર આપી ઊંઘમાંથી જગાડો. જ્યારે તેઓ જાગશે - અને એક



દિવસ તેઓ જાગવાના જ છે - ત્યારે તમારી સેવા તેઓ ભૂલશે નહીં અને તમારા ઋણી રહેશે.

આ વાતચીત પછી શિષ્યને સંબોધી સ્વામીજીએ કહ્યું : આ વિષયને હવે છોડી દઈએ. ચાલ બોલ, તેં શો નિર્ણય કર્યો? ગમે તે હોય, પણ કંઈક કર. કાં તો કોઈ ધંધો કર, નહીંતર અમારી માફક ખરા સંન્યાસના માર્ગે આવ. आत्मनो मोक्षार्थ जगद्धिताय च । 'તમારા પોતાના મોક્ષને માટે એ જગતનાં હિતને માટે', ખરે, આ બીજો માર્ગ જ સર્વોત્તમ છે, નિર્માલ્ય ગૃહસ્થી બનવાથી શું કલ્યાણ થવાનું છે? તું જાણે છે કે જીવનમાં સઘળું ક્ષણભંગુર છે. नलिनीदलगतजलमतितरलम् तद्वद्जीवन मतिशयचपलम् 'કમળનાં પાંદડા ઉપર રહેલા જળની માફક જીવન અતિ ચંચળ છે.' માટે જો તારામાં આ આત્મજ્ઞાન મેળવવાનો ઉત્સાહ હોય, તો વધારે વખત રાહ ન જો. જલદી આગળ આવ, यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् । 'જે દિવસે વૈરાગ્ય આવે તે જ દિવસે સંસાર છોડીને સંન્યાસ લેવો.' (જાબાલોપનિષદ). બીજાના ભલા માટે તારું જીવન અર્પી દે અને લોકોને ઘેર ઘેર આ નિર્ભયતાનો સંદેશ પહોંચાડ કે उत्तिष्ठत जाग्रत प्राप्यवरान्निबोधत । 'ઊઠો, જાગો અને લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી અટકો નહિ.'

## ૧૦. સ્વામી વિવેકાનંદની બેલુરમઠ વિષેની ભાવિ યોજના

(સ્થળ : બેલુર મઠની ભાડાની જગ્યા, સને ૧૮૯૮)

શિષ્યો આજે મઠમાં આવ્યો છે. મઠ હવે નીલાંબર બાબુના ઉદ્યાનગૃહમાં ફેરવી નાખવામાં આવ્યો છે. હાલના મઠની જગ્યા હમણાં જ ખરીદવામાં આવી છે. શિષ્યને સાથે લઈને લગભગ ચાર વાગ્યે સ્વામીજી

મઠની જગ્યા જોવા ગયેલ છે. તે સ્થળ ત્યારે તો ઘણુંખરું જંગલ જેવું હતું. માત્ર તેની ઉત્તરે એક માળવાળું ઈંટનું એક મકાન હતું. સ્વામીજી તે જગ્યા ઉપર ફરતાં ફરતાં વાતવાતમાં ભાવિ મઠના કાર્યની યોજના, તેના નિયમો અને તેના બંધારણની ચર્ચા કરતા હતા.

ધીમે ધીમે પેલા એક માળવાળા મકાનની પૂર્વની પરસાળે પહોંચતાં સ્વામીજી એ કહ્યું : 'અહીં સાધુઓને રહેવાની જગ્યા થશે. એવી ઈચ્છા છે કે મઠને આધ્યાત્મિક સાધના અને વિદ્યાભ્યાસનું મુખ્ય કેન્દ્ર બનાવવું. અહીંથી જે શક્તિ ઉત્પન્ન થશે તે આખી દુનિયા ઉપર પથરાઈ વળશે અને માનવજીવનની ગતિને એક જુદી જ દિશામાં વાળશે. આ સ્થળેથી એવા આદર્શો રજૂ થશે કે જે જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મના સમન્વયરૂપ હશે. સમય આવતાં આ મઠના સાધુઓના એકાદ ઈશારાથી દુનિયાના દૂર ખૂણે પણ જીવંત પ્રેરણા પહોંચાડાશે, અને સમય જતા બધા સાચા ધર્મ-પિપાસુઓ અહીં એકઠા થશે. આવી જાતના હજારો વિચાર મારા મનમાં ઉદ્ભવે છે.'

'મઠની દક્ષિણ બાજુનો પેલો જગ્યાનો ટુકડો વિદ્યાનું કેન્દ્ર બનશે, ત્યાં વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, સાહિત્ય, વક્તૃત્વકળા, શ્રુતિ, ભક્તિશાસ્ત્રો અને અંગ્રેજી શીખવવામાં આવશે. આ વિદ્યામંદિર પ્રાચીન કાળની 'પાઠશાળા' ની ઢબ ચલાવવામાં આવશે. જે યુવકો બાળબ્રહ્મચારી હશે, તેઓ અહીં રહેશે અને શાસ્ત્રનો અભ્યાસ કરશે, મઠ તરફથી તેમને ભોજન અને વસ્ત્રો આપવામાં આવશે. પાંચ વર્ષના અભ્યાસ બાદ આ બ્રહ્મચારીઓ ઈચ્છા થાય તો પોતાને ઘેર પાછા જઈ ગૃહસ્થ જીવન ગાળશે, અથવા મઠના વડીલોની મંજૂરીથી સંન્યાસીજીવન સ્વીકારશે. મઠનો કોઈ પણ બ્રહ્મચારી ઉદ્ધત કે ચારિત્ર્યહીન જણાય તો તેને તરત કાઢી મૂકવાની



મઠના સંચાલકોને સત્તા રહેશે. જાતિ કે સંપ્રદાયના ભેદભાવ સિવાય અહીં શિક્ષણ આપવામાં આવશે, જેને આ સામે વાંધો હશે તેવાને દાખલ કરવામાં નહિ આવે. જેમને પોતાના નાતજાતના ખાસ નિયમો મળવાની ઈચ્છા હશે તેમણે પોતાના ભોજન વગેરે માટેની અલગ વ્યવસ્થા કરવી પડશે, તેઓ બીજા સાથે માત્ર વર્ગોમાં હાજરી આપી શકશે. આ લોકોના ચારિત્ર્ય ઉપર પણ મઠના સંચાલકો પૂરતું ધ્યાન ગણાશે. ધીમે ધીમે જ્યારે આ મઠ આવું કાર્ય કરવો લાગશે, ત્યારે એ દશ્ય અદ્ભુત નહિ બને?'

શિષ્ય : તો શું આપ દેશમાં ગુરુને આશ્રમે રહી બ્રહ્મચારીજીવન જીવવાની પ્રાચીનપદ્ધતિ ફરી દાખલ કરવા માગો છો?

સ્વામીજી : બરાબર. આધુનિક શિક્ષણપદ્ધતિ બ્રહ્મજ્ઞાન વિકાસ માટે કોઈ અનુકૂળતા આપતી નથી. પ્રાચીનકાળની પેઠે આપણે બ્રહ્મચર્યાશ્રમો સ્થાપવા જોઈશે. પણ હવે આપણે તેનો પાયો વિશાળ ભૂમિકા ઉપર રચવો પડશે. એટલે કે જમાનાની જરૂરિયાતને અનુકૂળ બનાવવા તેમાં ઘમા ફેરફારો કરવા પડશે. આ બાબત અંગે તમારી સાથે પછીથી વાત કરીશ.

સ્વામીજીએ આગળ ચાલતાં કહ્યું : 'ધીમે ધીમે મઠની દક્ષિણમાં આવેલી જમીનનો ટુકડો પણ આપણે ખરીદી લેવો પડશે. ત્યાં આપણે અન્નસત્ર શરૂ કરીશું. ત્યાં ખરેખરા ગરીબ લોકોને ઈશ્વરભાવનાથી જમાડવાની સગવડ કરવામાં આવશે. આ અન્નસત્ર શ્રીરામકૃષ્ણદેવના નામથી ઓળખાશે. શરૂઆતમાં તેનું ક્ષેત્ર નાણાકીય સ્થિતિ ઉપર નિર્ભર રહેશે, તે કારણે પ્રથમ આપણે બે કે ત્રણ માણસોથી શરૂઆત કરીશું. આપણે ઉત્સાહી બ્રહ્મચારીઓને આ અન્નસત્ર ચલાવવા તૈયાર કરવા પડશે, આ અન્નસત્રનું સંચાલન કરવા માટેનાં નાણાં તેમણે જ મેળવવાનાં

રહેશે - જરૂર પડે તો ભિક્ષા માંગીને પણ ! આ બાબતમાં મઠ તરફથી કોઈ પણ જાતની આર્થિક સહાય અપાશે નહિ. આ માટે બ્રહ્મચારીઓએ પોતે જ ફંડ એકઠું કરવાનું રહેશે. પાંચ વર્ષ અન્નસત્રમાં અને પાંચ વર્ષ વિદ્યામંદિરમાં, આમ દસ વર્ષના અભ્યાસ પછી જો મઠના સંચાલકો તેમને સંન્યાસ ગ્રહણ કરવાને યોગ્ય ગણશે અને તેમને પ્રવેશ આપવા સંમત થશે, તો બ્રહ્મચારીઓને મઠના સંચાલકો પાસેથી દીક્ષા લઈને સંન્યસ્ત - જીવનમાં પ્રવેશ કરવાની અનુમતિ અપાશે. પરંતુ આ નિયમના અપવાદ રૂપે ગમે તે સમયે અસામાન્ય યોગ્યતા ધરાવનાર બ્રહ્મચારીને સંન્યાસ આપવાની અધ્યક્ષને છૂટ રહેશે. સાધારણ બ્રહ્મચારીઓએ તો સંન્યાસ માટે અગાઉ કહ્યું તે પ્રમાણે ધીરે ધીરે યોગ્યતા મેળવવી પડશે. મારા મગજમાં આવા બધા વિચારો ભર્યા છે.'

શિષ્ય : સ્વામીજી ! મઠમાં આવા ત્રણ વિભાગો શરૂ કરવાનો હેતુ શો?

સ્વામીજી : તું મારી વાત ન સમજ્યો? પ્રથમ આવે છે અન્નદાન, પછી વિદ્યાદાન અને સહુથી શ્રેષ્ઠ છે જ્ઞાનદાન. મઠમાં આ ત્રણ આદર્શોનો સમન્વય કરવો જોઈશે. અન્નદાનનો સતત અભ્યાસ કરવાથી બ્રહ્મચારીઓ બીજાઓ માટે વ્યવહારુ કામ કરવાનો અને ઈશ્વરભાવના મનમાં દૃઢ રાખીને સહુને સેવા કરવાની ભાવના મેળવશે. ધીરે ધીરે આ કાર્ય તેમના મનને પવિત્ર બનાવશે અને સાત્ત્વિક (પવિત્ર અને નિઃસ્વાર્થી) વિચારોના વિકાસ તરફ દોરશે. આટલું પ્રાપ્ત કર્યા પછી સમય જતાં બ્રહ્મચારીઓ બ્રહ્મજ્ઞાન મેળવવાના અધિકારી બનશે અને સંન્યાસ લેવા માટે યોગ્ય થશે.

શિષ્ય : સ્વામીજી ! આપ કહો છો તેમ જો જ્ઞાનદાન શ્રેષ્ઠ હોય તો



પછી અન્નદાન અને વિદ્યાદાનના વિભાગો શા ટે શરૂ કરવા માગો છો?

સ્વામીજી : શું હજું પણ તું આ મુદ્દો સમજ્યો નથી? સાંભળ, જો આ અન્નની અછતના જમાનામાં બીજાની નિઃસ્વાર્થ સેવા માટે ભિક્ષાવૃત્તિ દ્વારા અગર બીજી રીતે થોડુંક પણ તું મેળવી શકે અને દીનદુઃખીને આપે તો તેથી માત્ર તારું પોતાનું અને જગતનું કલ્યાણ થશે એટલું જ નહિ પણ સાથો સાથ આ મહાન કાર્ય માટે તું બધાની સહાનુભૂતિ પણ મેળવી શકીશ. કામ અને કાંચનથી બંધાયેલા સંસારીઓને આ સેવાધર્મ જોઈને તારા પર શ્રદ્ધા બેસશે અને તેઓ તને મદદ કરવા આગળ લોકોને તારા તરફ આકર્ષી શકશે. આ કામમાં તને લોકોની સહાનુભૂતિ જેટલી મળશે તેટલી બીજા કોઈ કામમાં નહિ મળે. સાચા ઉમદા કાર્ય માટે ફક્ત મનુષ્ય જ નહિ પરંતુ સ્વયં ઈશ્વર સુદ્ધાં તેવું કાર્ય કરનારનો મિત્ર બનશે. જ્યારે લોકો આ રીતે આકર્ષાશે ત્યારે તું તેમનામાં વિદ્યા અને જ્ઞાનની જિજ્ઞાસા જગાડી શકશે. માટે જ અન્નદાન સહુથી પહેલું આવે છે.

શિષ્ય : સ્વામીજી ! અન્નસત્ર શરૂ કરવા માટે પ્રથમ તો આપણને જગા જોઈશે, પછી મકાન જોઈશે અને તે બધું ચલાવાવ માટે પૈસા જોઈશે. આટલા બધા પૈસા ક્યાંથી આવશે?

સ્વામીજી : મઠની જગ્યાનો દક્ષિણ ભાગ હું તાત્કાલિક તમને સુપરત કરું છું. અને પેલા બીલીના ઝાડ તળે હું ઘાસનું એક છાપરું ઊભું કરાવી દઉં છું, તમે માત્ર એકાદ - બે અંધ કે અપંગ માણસો શોધી કાઢો અને સેવામાં લાગી જાઓ. તેમને માટે જાતે જઈ અનાજ માગી લાવો અનેહાથે રસોઈ કરીને તેમને જમાડો. આમ થોડા દહાડા ચાલુ રાખશો તો ઘણા માણસો પુષ્કળ પૈસા આપીને તમને મદદ કરવા આવશે. न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति । 'હે વત્સ ! કલ્યાણ કરનારો કદી

પણ દુર્ગતિને પામતો નથી.'

શિષ્ય : હા જી, એ ખરું છે પણ સતત આ જાતનું કામ ભવિષ્યમાં બંધનનું કારણ ન બને?

સ્વામીજી : જો કર્મફળ તરફ તમારી દૃષ્ટિ ન હોય અને બધી સ્વાર્થી ઈચ્છાઓથી પર જવાની તમને તમન્ના હોય તો હું કહુંછું કે આ સત્કર્મો તમારાં બંધનો તોડવામાં મદદરૂપ થશે. આવાં કર્મો બંધન લાવશે એમ કહેવું એ કેવી મૂર્ખાઈ છે! સ્વાર્થી કર્મથી ઉત્પન્ન થતાં બંધનોને તોડી નાખવાનું આવું નિઃસ્વાર્થ કર્મ જ એકમાત્ર સાધન છે. नान्यः पन्था विद्यतेऽयनाय '(મોક્ષ માટેનો) બીજો કોઈ માર્ગ નથી.'

શિષ્ય : આપના શબ્દોથી અન્નસત્ર અને સેવાશ્રમ અંગેના આપના વિગતવાર વિચારો સાંભળવા હું ઉત્સુક બન્યો છું.

સ્વામીજી : ગરીબો માટે આપણે નાના નાના હવાઉજાસવાળા ઓરડા બાંધવા, દરેક ઓરડામાં માત્ર બે કે ત્રણ જણા રહે. તેમને માટે પાથરણ અને ચોખ્ખાં કપડાં વગેરે રાખવાં, તથા એક દાકતર રાખવો કે જે સગવડ પ્રમાણે અઠવાડિયામાં એકાદ - બે વખત તેમને તપાસે. અન્નસત્રના એક ભાગ તરીકે સેવાશ્રમ રહેશે, અને ત્યાં માંદા માણસોની માવજત થશે. પછી જેમ જેમ પૈસા એકઠા થશે તેમ તેમ આપણે એક મોટું રસોડું બાંધીશું. અન્નસત્ર સતત 'दीयताम् भुज्यताम्' ના નાદથી ગાજતું રહેશે. અહીંનું ભાતનું ઓસામણ ગંગાજીમાં વહી જઈને ગંગાના પાણીને તે સફેદ બનાવી દેશે! જ્યારે હું આવું અન્નસત્ર શરૂ થયેલું જોઈશ ત્યારે મારા હૃદયને શાંતિ થશે.

શિષ્ય : આપની આવી ઈચ્છા છે તો જરૂર સમય આવતાં તે ફળીભૂત થશે.



શિષ્યના આ શબ્દો સાંભળી સ્વામીજી ક્ષણભર ગંગા તરફ જોતા જોતા સ્થિર ઊભા રહ્યા. પછી પ્રફુલ્લ વદને તેમણે શિષ્યને સંબોધીને કહ્યું : 'કોણ જાણે છે કે તમારામાંથી કોનામાં સિંહ જાગશે અને ક્યારે જાગશે! તમારા પૈકી એક જણમાં પણ જો મા જ્યોતિ પ્રગટાવશે તો આવાં સેંકડો અન્નસત્રો ઊભાં થશે. બધાં મનુષ્યોમાં જ્ઞાન, શક્તિઅને ભક્તિપૂર્ણ માત્રામાં હોય છે, આપણે તેની અભિવ્યક્તિનાં વધુ-ઓછાં પ્રમાણો જોઈએ છીએ અને એકને મહાન અને બીજાને ક્ષુદ્ર કહીએ છીએ. દરેક પ્રાણીના મનમાં જાણે કે એક પડદો વચ્ચે આવીને તેના પૂર્ણ પ્રકાશને ઢાંકી દેતો હોય છે. જે ક્ષણે તે પડદો દૂર હઠાવાય છે, તે ક્ષણે બધી મુશ્કેલીઓ ટળી જાય છે, ત્યારે તમારે જે કાંઈ જોઈતું હોય છે, જેની તમને ઈચ્છા હોય છે, તે બધુંય સફળ થાય છે.'

સ્વામીજીએ આગળ ચાલુ રાખ્યું : 'જો ઈશ્વરની ઈચ્છા હશે તો આપણે આ મઠને સર્વસમન્વયનું એક મહાન કેન્દ્ર બનાવીશું. આપણા પ્રભુ તમામ આદર્શોના સમન્વયના મૂર્ત વિગ્રહ સમા છે. જો આપણે અહીં આ સમન્વયનો ભાવ જીવંત રાખીશું તો તે પૃથ્વીમાં પ્રતિષ્ઠિત થશે. આપણે જોવું જોઈશે કે બ્રાહ્મણથી માંડીને ચાંડાળ સુધીના દરેક પંથ કે સંપ્રદાયના લોકો અહીં આવીને પોતાના આદર્શોને પ્રકટ થતા દેખે. થોડા દિવસ પહેલાં જ્યારે મેં મઠની જમીન ઉપર શ્રીરામકૃષ્ણની પ્રતિષ્ઠા કરી ત્યારે મને એમ લાગ્યું કે જાણે તેમના વિચારો આ સ્થળેથી એકદમ નીકળીને જડ, ચેતન,સમગ્ર વિશ્વમાં ફરી વળ્યા છે. મારાથી બનતો પ્રયત્ન હું તો કરું છું અને કર્યે રાખીશ, તમે પણ બધા શ્રીરામકૃષ્ણના ઉદાર આદર્શો લોકોને સમજાવો. વેદાંત માત્ર વાંચવાનો શો અર્થ છે? આપણે શુદ્ધ અદ્વૈતવાદનું સત્ય વ્યાવહારિક જીવનમાં સાબિત કરી બતાવવું જોઈએ.

શંકરાચાર્યે આ અદ્વૈત તત્ત્વજ્ઞાન જંગલો અને પહાડોમાં રાખ્યું, હું તેને તે સ્થળેથી બહાર લાવવા અને રોજ-બ-રોજની દુનિયામાં અને સમાજમાં તેનો ફેલાવો કરવા આવ્યો છું. અદ્વૈતની સિંહગર્જનાનો પડઘો દરેક ઘરમાં, ખેતરો અને વૃક્ષની ઘટાઓમાં, ટેકરીઓ અને મેદાનોમાં ઊઠવો જોઈએ. તમે બધા મારી મદદે આવીને કામે લાગી જાઓ.'

## ૧૧. ભારતને જરૂર છે કાર્યની, ભાષણોની નહિ - ભારતનો સળગતો પ્રશ્ન છે ગરીબી - વ્યાવહારિક વિદ્યાઓ અને અધ્યાત્મવિદ્યા, બન્નેના આચાર્યો તરીકે તેમ જ લોકસેવાના કાર્યકરો તરીકે સંન્યાસીઓને કેળવીને તૈયાર કરવા - બીજાઓને માટે કાર્ય કરવાની નવયુવકોને શિખામણ

(આ વાર્તાલાપ શ્રીરામકૃષ્ણ મઠ અને શ્રીરામકૃષ્ણ મિશનના બંગાળી મુખપત્ર "ઉદ્‌બોધન"માં તેમના શિષ્યોએ બંગાળીમાં લખેલા લેખોનો અનુવાદ છે.)

શિષ્ય : સ્વામીજી ! આપ આ દેશમાં વ્યાખ્યાનો કેમ નથી આપતા? યુરોપ અને અમેરિકામાં તો આપે આપનાં વ્યાખ્યાનો દ્વારા ખૂબ જાગૃતિ આણી છે, પણ ત્યાંથી પાછા આવ્યા પછી આપ ચૂપ થઈ ગયા છો.

સ્વામીજી : આ દેશમાં પ્રથમ તો ભૂમિકા તૈયાર કરવાની જરૂર છે ત્યાર પછી જો બીજ વાવવામાં આવે તો જ રોપ સારામાં સારી રીતે ઊગી નીકળે. પશ્ચિમમાં યુરોપ અને અમેરિકામાં ભૂમિ ઘણી ફળદ્રુપ અને બીજ વાવવા માટે યોગ્ય છે. ત્યાં એ લોકો ભોગના શિખરે પહોંચ્યા છે. ભોગોથી ગળાબૂડ તૃપ્ત થઈ ગયા પછી, તેમનાં મન હવે એ ભોગોમાં પણ શાંતિ અનુભવતાં નથી. તેમને જાણે કે હવે લાગ્યા કરે છે કે કાંઈક ખૂટે છે ! આ



દેશમાં તો તમારી પાસે નથી ભોગ કે નથી યોગ. જ્યારે માણસ ભોગથી ધરાઈ જાય છે ત્યારે જ તે યોગ વિશેનો ઉપદેશ સાંભળે અને સમજે. જ્યાં લોકો ભૂખમરાથી અધમૂઆ અને નબળા મનના થઈ ગયા છે, જે દેશ દુઃખ, રોગ અને શોકનું ઉત્પત્તિસ્થાન બની ગયો છે, તેવા આ ભારતમાં વ્યાખ્યાનોથી શો ફાયદો થવાનો છે?

શિષ્ય : એમ કેમ કહો છો? આપ તો એમ કહેતા હતા કે આપણો આ દેશ તો એક પુણ્યભૂમિ છે, અને અહીંના લોકો ધર્મને જેટલો સમજે છે તેટલો બીજા કોઈ લોકો સમજતા નથી. તો પછી આપનાં પૂરક પ્રવચનોથી આ દેશ શા માટે નહિ જાગી ઊઠે? શા માટે એનાં પૂરેપૂરાં ફળ નહિ ભોગવે?

સ્વામીજી : પહેલાં ધર્મનો અર્થ શો છે એ જરા સમજી લો. સૌથી પહેલી જરૂર છે કૂર્મ-અવતારની પૂજા, આ કૂર્મદેવ એટલે જ જઠરાગ્નિ. જ્યાં સુધી એ દેવતાને શાંત ન કરો, ત્યાં સુધી તમારા ધર્મ વિશેના શબ્દોને કોઈ આવકાર આપવાનું નથી. આ ભૂખના ભૂતનો સામનો શી રીતે કરવો એના વિચારથી જ ભારત બેચેન અને અસ્વસ્થ બની રહ્યું છે. દેશની સારામાં સારી સાધનસંપત્તિનું પરદેશીઓ દ્વારા શોષણ, માલની નિરંકુશ નિકાસ, અને સૌથી વધારે તો ગુલામોને માટે સ્વાભાવિક ગણાય એવી ઘૃણાજનક ઈર્ષ્યા, આ બધાં ભારતના પ્રાણસત્ત્વને કોરી રહ્યાં છે. સૌથી પ્રથમ તો જેને તમે ધર્મનો ઉપદેશ આપવા માગો છો તેમનામાંથી આ ભૂખમરાના અનિષ્ટને - આ માત્ર દેહને ટકાવી રાખવાની કાયમી અને કારમી ચિંતાને - ટાળવાની જરૂર છે, તે સિવાય વ્યાખ્યાનો કે એવી બાબતોથી કશો ફાયદો થવાનો નથી.

શિષ્ય : તો એ અનિષ્ટને દૂર કરવા આપણે શું કરવું જોઈએ?

સ્વામીજી : પ્રથમ તો ત્યાગની ભાવનાથી રંગાયેલા નવયુવકોની જરૂર છે. પોતાના અંગત સુખમાં મંડ્યા રહેવાને બદલે બીજાઓને માટે પોતાના જીવનનું બલિદાન આપવા તૈયાર હોય એવા નવયુવકોની આવશ્યકતા છે. આ હેતુને લક્ષમાં રાખીને યુવાન સંન્યાસીઓને તૈયાર કરવા માટે હું એક મઠ સ્થાપવા માગું છું.આ સંન્યાસીઓ ઘેર ઘેર જઈને હકીકતો અને તર્કયુક્ત દલીલો દ્વારા લોકોને તેમની દયાજનક સ્થિતિનું ભાન કરાવશે, તેમના કલ્યાણના ઉપાયો અને માર્ગોનું શિક્ષણ આપશે, અને સાથે સાથે જ બને તેટલી સ્પષ્ટ રીતે, સાવ સાદી અને સહેલી ભાષામાં ધર્મનાં ઊંચાં સત્યો સમજાવશે. આપણા દેશની સામાન્ય જનતા સૂઈ રહેલા કોઈ વિશાળકાય મગરમચ્છ જેવી છે. અત્યારની યુનિવર્સિટીની પદ્ધતિ દ્વારા જે કેળવણી અપાય છે તે સામાન્ય જનતાના માત્ર એક કે બે ટકાને મળે છે, અને જેમને તે મળે છે તેઓ પોતાના દેશનું કંઈ પણ ભલું કરવાના પ્રયત્નમાં સફળ થઈ નથી. પણ એમાં બિચારાઓનો કાંઈ વાંક નથી ! તેઓ કોલેજમાંથી ભણીને બહાર આવે ત્યાં તો ઘેર કેટલાંક બાળકોના પિતા થઈ ગયેલા હોય છે એટલે જેમ તેમ કરીને એકાદી કારકુનની નોકરી કે બહુ બહુ તો ડેપ્યુટી મેજિસ્ટ્રેટની જગા શોધી લે છે. એમની ઉચ્ચ કેળવણીનો આ અંજામ આવે છે ! માથે કુટુંબનો બોજો હોય એટલે એ લોકોને કંઈ પણ મહાન કાર્ય કરવાનો કે કોઈ પણ ઉચ્ચ વિચારો કરવાનો સમય જ મળતો નથી. એમની પોતાની અંગત જરૂરિયાતો અને રસાનુભવનાં સાધનોના જ જ્યાં વાંધા હોય ત્યાં તેઓ બીજાનું કંઈ કરે, એવી તો આશા જ ક્યાંથી રાખી શકાય?

શિષ્ય : ત્યારે શું આપણે માટે આમાંથી કાંઈ રસ્તો જ નથી?

સ્વામીજી : નથી કેમ? ચોક્કસ છે. આ તો સનાતન ધર્મની ભૂમિ છે. દેશનું પતન થયું છે એમાં તો શક જ નથી. પરંતુ એ પણ એટલું જ ચોક્કસ છે કે તે પાછો જાગી ઊઠશે. અને ત્યારે એનું એ ઉત્થાન જગતને હેરત પમાડી દેશે. મોજાંઓની વચ્ચેના ખાડા જેટલા ઊંડા, તેટલા વધારે બળપૂર્વક તે મોજાં ઊંચે ચડવાનાં.



શિષ્ય : ભારત ફરીથી કેવી રીતે જાગી ઊઠશે?

સ્વામીજી : જોતા નથી? પૂર્વના આકાશમાં ઉષા આવી ચૂકી છે. અને સૂર્યોદયને હવે થોડી જ વાર છે. તમે એના રથના ચક્રને તમારા ખભાનો ટેકો આપો. દુનિયાને જ સર્વસ્વ માનવાથી અને 'હાય મારો સંસાર!' એમ સતત વિચાર કર્યા કરવાથી શું વળે? અત્યારે તો તમારી ફરજ દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી ગામડે ગામડે જઈને લોકોને તેમની સ્થિતિનું ભાન કરાવો અને કહો કે 'ભાઈઓ! ઊઠો, જાગો! હજી ક્યાં સુધી ઊંઘ્યા કરવું છે?' લોકો પાસે પહોંચી તેમને પોતાની સ્થિતિ કઈ રીતે સુધારવી તેની સલાહ આપો, અને શાસ્ત્રોનાં સર્વોચ્ચ સત્યોને સરળ અને લોકભોગ્ય રીતે રજૂ કરીને તેમના અંતરમાં ઉતારો. અત્યાર સુધી બ્રાહ્મણોએ જ ધર્મનો ઈજારો રાખ્યો હતો, પણ કાળની પ્રબળ ભરતી સામે તેઓ ટકી શકે તેમ ન હોવાથી દેશમાં સૌ કોઈ એ ધર્મને મેળવી શકે એટલા માટે તમે લોકો પાસે પહોંચી જઈ એવી વ્યવસ્થા કરો કે દેશના સૌ કોઈ ધર્મ પ્રાપ્ત કરી શકે. તેમના અંતરમાં ઠસાવો કે ધર્મ પર બ્રાહ્મણોના જેટલો જ તેમનો પણ હક છે. સૌ કોઈને, ચાંડાલને સુદ્ધાં, આ જ્વલંત મંત્રની દીક્ષા આપો. ધર્મ ઉપરાંત તેમને જીવનની જરૂરિયાતો વિશે, ધંધારોજગાર વિશે, વેપાર અને ખેતીવાડી વિશે, બહુ સાદી ભાષામાં સમજણ આપો. તમે જો આટલું ન કરી શકો તો તમારી કેળવણીને અને સંસ્કૃતિને ધિક્કાર છે. ધૂળ પડી તમારા વેદ - વેદાંતના અભ્યાસમાં.

શિષ્ય : પણ અમારામાં એવું બળ છે ક્યાં? સ્વામીજી ! તમારી શક્તિઓનો કેવળ સોમો ભાગ પણ જો મારામાં હોત તો હું મારી જાતને ધન્ય માનત.

સ્વામીજી : કેવી મૂર્ખાઈભરી વાતો કરો છો. શક્તિ વગેરે બધું તો એની મેળે આવે. એક વાર કાર્યમાં લાગી જાઓ. એટલે એટલી બધી જબરજસ્ત શક્તિ તમારામાં આવવા લાગશે કે તમારે એને ઝીલતી કઠણ થઈ પડશે. અન્યને માટે કરેલું જરા સરખું કાર્ય પણ અંદરની શક્તિ જગાડે છે, અરે, અન્યનું ભલું કરવાનો જરા સરખો વિચાર સુદ્ધાં હૃદયમાં સિંહ સમાન બળનો સંચાર કરે છે! મને તમારા સહુ પ્રત્યે ખૂબ જ વહાલ છે. પણ હું ઈચ્છું કે બીજાઓને માટે કાર્ય કરતાં કરતાં તમે મૃત્યુ પામો, એ રીતે તમે મૃત્યુને ભેટશો તો મને વધારે આનંદ થશે.

શિષ્ય : પણ જેઓ મારે આધારે જીવે છે એમનું શું થાય?

સ્વામીજી : જો તમે બીજાઓને માટે તમારા જીવનનું બલિદાન આપવા તૈયાર હો તો ઈશ્વર એમને માટે ચોક્કસ કંઈક વ્યવસ્થા કરશે. તમે ગીતામાં શ્રીકૃષ્ણના શબ્દો વાંચ્યા નથી ? न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति । 'બેટા! (અન્યનું) ભલું કરનારો કદી દુઃખી થતો નથી.'

શિષ્ય : સમજ્યો, સ્વામીજી !

સ્વામીજી : મુખ્ય વસ્તુ છે ત્યાગ. ત્યાગ વિના કોઈ પણ માણસ બીજાને માટે કામ કરવામાં પોતાનું સમગ્ર હૃદય રેડી શકતો નથી. ત્યાગી માણસ સૌને સમાન દૃષ્ટિએ જુએ છે અને સૌની સેવામાં લાગી શકે છે. સૌને સમાન દૃષ્ટિથી જોવાનો ઉપદેશ આપણું વેદાંત પણ આપણને ક્યાં નથી આપતું? તો પછી તમે એવો ખ્યાલ શા માટે રાખો છો કે બીજાઓ કરતાં તમારાં બૈરાછોકરાં વધુ તમારાં છે? તમારા ઊંબરા સામે જ સાક્ષાત્



નારાયણ કંગાલ ભિખારીના વેશમાં ભૂખે મરી રહ્યા છે! તેને કાંઈ પણ આપણને બદલે શું તમે તમારાં બૈરાછોકરાંને જ માલમલીદા ખવરાવીને રાજી કરશો? અરે ભાઈ! એ તો નરી પશુતા કહેવાય!

શિષ્ય : બીજાઓનું ભલું કરવામાં ઘણી વાર પુષ્કળ પૈસાની જરૂર પડે છે. એ ત્યાંથી લાવવા?

સ્વામીજી : તમે તમારી શક્તિ હોય તેટલું કેમ કરી છૂટતા નથી? ભલા માણસ! પૈસાના અભાવે બીજાને ભલે કંઈ આપી ન શકાય, તોપણ તેમના કાનમાં થોડાએક સારા સાંત્વનના શબ્દો કે કાંઈક સારો ઉપદેશ તો સંભળાવી શકાય કે નહિ? શું એને માટે પણ પૈસા જોઈએ?

શિષ્ય : જી હા, એટલું બને.

સ્વામીજી : પણ માત્ર 'બને' એટલું કહ્યે નહિ ચાલે. તમે કેટલું કરી શકો છો એ કાર્ય કરીને જ બતાવો, ત્યારે જ હું માનીશ કે મારી પાસે આવ્યા તે કાંઈ સફળ થયું. માટે ઊઠો, અને રથના ચક્રને ટેકો આપો. આ જિંદગી તે કેટલીક લાંબી છે? આ દુનિયામાં તમે આવ્યા છો તો કંઈક નામ રાખી જાઓ, નહિતર તમારામાં અને પેલાં ઝાડ કે પથ્થરમાં ફરક શો રહ્યો? એ પણ જન્મે છે, જીર્ણ થાય છે અને નાશ પામે છે. જો તમારે પણ એમની પેઠે જન્મીને મરી જવું હોય તો તમને એ મુબારક હો ! હું તો કહું છું કે તમારી કૃતિ દ્વારા મને બતાવી આપો કે તમારો વેદાંતનો અભ્યાસ શ્રેષ્ઠ રીતે સાર્થક થયો છે. જાઓ, સૌને કહો કે 'ભાઈઓ! તમારા સહુમાં જ એ સનાતન શક્તિ રહેલી છે.' એ શક્તિને જગાડવાનો પ્રયાસ કરો. તમારી અંગત મુક્તિથી તમે શું કમાવાના છો? એ તો નરી સ્વાર્થવૃત્તિ છે. તમારા ધ્યાનને અને તમારી મુક્તિને હમણાં બાજુએ રાખી દો, અને જે કામમાં મેં મારી જાતને સમર્પી છે તેમાં તમે પણ પૂરેપૂરા તન-મનથી

લાગી જાઓ.

આ પ્રેરણાથી શબ્દો શિષ્ય એકશ્વાસે સાંભળી જ રહ્યો. સ્વામીજી તો પોતાની જવલંત વાક્છટાથી પૂર્વવત્ બોલ્યે જ ગયા.

સ્વામીજી : સૌ પ્રથમ ભૂમિ તૈયાર કરો, એટલે સમય આવતાં ધર્મ પર વ્યાખ્યાન આપવા આ દુનિયામાં હજારો વિવેકાનંદો જન્મ લેશે. તમારે તેની ચિંતાન રાખવી. જોતા નથી. હું શા માટે અનાથાશ્રમો અને દુષ્કાળનાં રાહત-કાર્યો વગેરે ચાલુ કરી રહ્યો છું? તમે જોતા નથી કે ભગિની નવેદિતા જેવી એક અંગ્રેજ મહિલા હલકું કામ કરીને પણ ભારતવાસીઓની આવી સરસ સેવા કરવાનું શીખી ગઈ છે? તો શું તમે ભારતવાસી હોવા છતાં એ જ પ્રમાણે તમારા દેશબંધુઓની સેવા ન કરી શકો? ઊઠો, જ્યાં જ્યાં લોકો દુઃખી હોય ત્યાં ત્યાં અને તેમનાં દુઃખો દૂર કરવા તમે સહુ પહોંચી જાઓ. બહુ તો તમે એ પ્રયત્નમાં મરી ખૂટશો, પણ એથી શું! તમારા જેવા તો કેટલાય અળસિયાની પેઠે રોજ રોજ જન્મે છે ને મરે છે! એથી આ વિશાળ દુનિયામાં કયો તફાવત પડી જાય છે? મરવું તો છે જ. તો પછી એક મહાન આદર્શ સાથે મૃત્યુને ભેટો. જીવનમાં કોઈ મહાન આદર્શની ખાતર મરવું એ વધુ સારું છે. આ આદર્શનો ઘેર ઘેર પ્રચાર કરો, જેથી આપણા દેશનું ભલું કરવાની સાથે સાથે તમારું પણ કલ્યાણ થાય. આપણા દેશની ભાવિ આશાઓ તમારા પર રહેલી છે. તમને જિંદગીને વ્યર્થ રીતે વેડફી નાખતા જોઈને મને અત્યંત દુઃખ થાય છે. કામ કરવા લાગી જાઓ, બસ, કામ કરવા મંડી પડો! વિલંબ ન કરો. દિવસે દિવસે મૃત્યુ તો નજીક ને નજીક આવતું જાય છે. આગળ ઉપર બધું થઈ રહેશે એમ વિચાર કરીને આળસુ થઈને બેસી ન રહો. યાદ રાખજો કે એ રીતે કાંઈ વળવાનું નથી.



## ૧૨. કામ અને કાંચનનો ત્યાગ-જેઓ આત્માસાક્ષાત્કાર માટે પ્રયાસ કરે છે તેમની ઉપર ઈશ્વરની કૃપા ઊતરે છે - અહૈતુકી કૃપા અને બ્રહ્મ એક

શિષ્ય : સ્વામીજી ! શ્રીરામકૃષ્ણ કહેતા કે માણસ પહેલાં કામ અને કાંચનનો ત્યાગ ન કરે તો આધ્યાત્મિક અનુભૂતિમાં બહુ આગળ ન વધી શકે. જો એમ હોય તો પછી બિચારા ગૃહસ્થાશ્રમીઓની શી ગતિ? કારણ કે તેમનું સગ્ર મન તો આ બે વસ્તુઓ ઉપર જ ચોંટેલું હોય છે.

સ્વામીજી : એ ખરું છે કે જ્યાં સુધી કામ અને કાંચનની વાસના મનમાંથી નીકળી ગઈ ન હોય ત્યાં સુધી કદી મન ઈશ્વરાભિમુખ થાય નહિ, પછી એ માણસ ગૃહસ્થ હોય કે સંન્યાસી હોય. આ એક હકીકત તરીકે જાણી લેજો કે જ્યાં સુધી મન આ બે બાબતોમાં અટવાઈ રહ્યું હોય ત્યાં સુધી સાચી ભક્તિ, નિષ્ઠા અને શ્રદ્ધા કદી આવી શકે નહિ.

શિષ્ય : તો પછી ગૃહસ્થાશ્રમીઓ ક્યાં જાય? એમને માટે રસ્તો શો?

સ્વામીજી : એમણે નાની નાની ઈચ્છાઓ સંતોષીને પૂરી કરી લેવી અને મોટી મોટી વાસનાઓનો વિવેક દ્વારા ત્યાગ કરવો, એ તેમને માટે રસ્તો છે. ત્યાગ વિના ઈશ્વરનો સાક્ષાત્કાર કદી થઈ શકે નહિ. यदि ब्रह्मा स्वयं वदेत्। 'પછી ભલેને બ્રહ્મા એમ કહે.'

શિષ્ય : પરંતુ સાધુ થતાંવેંત જ શું તમામ બાબતોનો ત્યાગ સિદ્ધ થઈ જાય?

સ્વામીજી : સંન્યાસીઓ કાંઈ નહિ તો ત્યાગને માટે તૈયાર થવાનો પ્રયત્ન તો કરી જ રહ્યાં છે, જ્યારે ગૃહસ્થોની દશા તો લાંગરેલી હોડીને

હલેસાં માર્યા કરવા જેવી છે. ભોગવાસના શું કદીય તૃપ્ત થઈ છે? 'भूय एवाभिवर्धते । એ તો વધુ ને વધુ પ્રબળ બનતી જાય છે.'

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

ભોગ્ય પદાર્થોના ઉપભોગથી ઈચ્છા કદી શાંત પડતી નથી, પરંતુ ઘી નાખવાથી વધતા અગ્નિની જેમ તે વધ્યા કરે છે (શ્રીમદ્ ભાગવત ૧૦:૧૯-૧૪)

શિષ્ય : કેમ ભલા ? લાંબા કાળ સુધી ઈંદ્રિયોના ભોગો ભોગવ્યા પછી સંસારનો કંટાળો ન આવે?

સ્વામીજી : કહો જોઈએ, કેટલાને એ આવે છે? સતત વિષયસંગથી મન મલિન થાય છે અને તેની છાપ તેમના ઉપર કાયમને માટે પડે છે. ત્યાગ, અને કેવળ ત્યાગ જ સર્વ પ્રકારના આધ્યાત્મિક મૂળ મંત્ર, સાચું રહસ્ય છે.

શિષ્ય : પરંતુ શાસ્ત્રોમાં ઋષિઓનાં એવાં વચનો પણ છે ને કે गृहेषु पंचेन्द्रियनिग्रहस्तपः । સ્ત્રી પુત્રાદિની સાથે ઘરમાં રહીને પાંચે ઈંદ્રિયોનો નિગ્રહ કરવો એ તપ છે. તથા निवृत्तरागस्य गृहं तपोवनम् । જેના મનમાંથી આસક્તિ નીકળી ગઈ છે એવા માણસને માટે ઘર જ તપોવન બને છે.

સ્વામીજી : જેઓ ઘરમાં કુટુંબની સાથે રહીને પણ કામ અને કાંચનનો ત્યાગ કરી શકે તેઓ જરૂર ધન્ય છે ! પરંતુ એમ કેટલા કરી શકે?

શિષ્ય : પરંતુ ત્યારે સંન્યાસીઓનું શું છે? શું તેઓ બધાય કામ અને કાંચનના ભોગની ઈચ્છાનો સંપૂર્ણ રીતે ત્યાગ કરી શકે છે?

સ્વામીજી : મેં તમને હજી હમણાં જ કહ્યું તેમ સંન્યાસીઓ ત્યાગને રસ્તે છે. ઓછામાં ઓછું તેઓ ધ્યેય સારું લડવા માટે મેદાનમાં તો ઊતર્યા



જ છે, પરંતુ બીજી બાજુએ ગૃહસ્થાશ્રમીઓ તો કામ અને કાંચનમાંથી ઉત્પન્ન થતા ભયનો હજી કશો પણ ખ્યાલ ન હોવાથી આત્મસાક્ષાત્કારનો પ્રયત્ન સરખોય કરતા નથી. કામ અને કાંચનનો ત્યાગ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ એ ખ્યાલ સરખોય હજી તેમના મનમાં આવતો નથી.

શિષ્ય : પરંતુ તેમાંના ઘણા એ માટેનો પ્રયત્ન કરી રહ્યા છે.

સ્વામીજી : હા, અને જેઓ એમ કરે છે તેઓ ક્રમે ક્રમે ત્યાગ કરશે, કામ - કાંચન માટેની તીવ્ર આસક્તિ ધીમે ધીમે ઓછી થતી જશે.પરંતુ જેઓ 'અરે ! અત્યારથી શું કરવા? વખત આવે ત્યારે જોઈશું.' એમ કહીને ટાળાટાળ કરે છે, એમનાથી આત્મસાક્ષાત્કાર ઘણો જ દૂર છે. વીર પુરુષનો તો આવો જ વિચાર હોય : 'આ ક્ષણે જ મારે તો આત્મસાક્ષાત્કાર કરવો જોઈએ, આ જીવનમાં જ!' આવા વીર પુરુષો તો બીજી ક્ષણે જ ત્યાગ કરવાને સદા તૈયાર હોય છે, અને એવાઓને માટે શાસ્ત્રનો આદેશ છે કે 'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् ।' જે ઘડીએ સંસારથી વૈરાગ્ય આવે તે જ ઘડીએ સંન્યાસ લઈને ચાલી નીકળવું. (જાબાલ ઉપનિષદ, ૩)

શિષ્ય : પરંતુ શ્રીરામકૃષ્ણ નહોતા કહેતા કે 'મનુષ્ય જો ઈશ્વરની પ્રાર્થના કરે તો તેમની કૃપાથી તેની આ બધી આસક્તિ દૂર થઈ જાય?'

સ્વામીજી : હા, ઈશ્વરની કૃપાથી એમ થાય એમાં શક નથી. પરંતુ એ કૃપા મેળવતાં પહેલાં માણસે વિચાર, વાણી અને કર્મથી બધી રીતે પવિત્ર થવાની જરૂર છે. ત્યારે જ ઈશ્વરની કૃપા થાય.

શિષ્ય : પરંતુ જે માણસ મન, વાણી અને કર્મથી સંયમી હોય તેને કૃપાની જરૂર શી? કારણ કે એ તો આધ્યાત્મિકતાને રસ્તે પોતાના પુરુષાર્થથી જ આગળ વધી શકે!

સ્વામીજી : ઈશ્વર જેમને આત્મસાક્ષાત્કાર માટે સર્વાન્તઃકરણથી પ્રયત્ન કરતા જુએ છે તેમના ઉપર તેઓ કૃપા કરે છે. પરંતુ તમે કશોય પ્રયત્ન કર્યા વગર આળસુ થઈને પડ્યા રહો, તો તમે જોશો કે ઈશ્વરની કૃપા કદીયે ઊતરવાની નથી.

શિષ્ય : દરેકની સારા થવાની ઈચ્છા તો હોય છે, છતાં કોઈ અગમ્ય કારણોસર મન પાપ તરફ ઢળે છે. શું સૌ કોઈની ઈચ્છા સારા થવાની, પૂર્ણ થવાની, ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની ન હોય?

સ્વામીજી : જેઓની એવી ઈચ્છા હોય તેઓ પ્રયત્ન કરવા લાગ્યા છે એમ જાણજો. જ્યારે આવો પ્રયત્ન ચાલુ રાખવામાં આવે ત્યારે ભગવાન કૃપા કરે છે.

શિષ્ય : અવતારોના ચરિત્રોમાં જોઈએ છીએ કે કેટલાક દાખલાઓ એવા હતા કે જેમનાં ચારિત્ર્ય સારાં ન હતાં છતાં ઝાઝી મુશ્કેલી વગર અને કાંઈ પણ સાધના કે ભક્તિ કર્યા વગર તેઓ ઈશ્વર સાક્ષાત્કારના અધિકારી થયા હતા. માનો શો ખુલાસો?

સ્વામીજી : એ ખરું, પરંતુ ત્યાં સુધીમાં તેમનામાં ઘણી જ આતુરતા આવી હોવી જોઈએ, લાંબા કાળના વિષયભોગે તેમનામાં એ પહેલાં જ ઊંડો અસંતોષ જગાવ્યો હોવો જોઈએ, શાંતિનો અભાવ તેમના હૃદયને કોરી રહ્યો હોવો જોઈએ. તેમના હૃદયમાં આ અભાવ એટલો બદો સાલતો હોવો જોઈએ કે ઈશ્વર કૃપાથી જ મળતી શાંતિ ન આવે તો તેમનું જીવન એક ક્ષણને માટે પણ અસહ્ય થઈ પડે ! તેથી તેમના ઉપર ઈશ્વરની કૃપા ઊતરી અને તેમનો આ વિકાસ સીધેસીધો તમોગુણમાંથી સત્ત્વગુણમાં થયો.

શિષ્ય : ત્યારે તો પછી માર્ગ ગમે તે હોય, પરંતુ ઈશ્વરનો સાક્ષાત્કાર



તો તેમને ખરેખર એ રસ્તે જ થયો કહેવાય ને?

સ્વામીજી : હા, કેમ નહિ? પરંતુ બંગલામાં પ્રવેશ કરવો હોય તો મુખ્ય દરવાજેથી પેસવું સારું કે ભ્રષ્ટ બારણેથી?

શિષ્ય : એ વાત સાવ સાચી, એમાં જરાય શક નહિ. છતાં એ તો સાબિત થયું કે કેવળ ઈશ્વરની કૃપાથી જ સાક્ષાત્કાર મેળવી શકાય.

સ્વામીજી : હા, એ રીતે મેળવી શકાય. પરંતુ એમ કરનારા ખરેખર બહુ થોડા હોય છે.

શિષ્ય : મને એમ લાગે છે કે જેઓ ઈંદ્રિયનિગ્રહ અને કામ-કાંચનનો ત્યાગ કરીને ઈશ્વર સાક્ષાત્કાર કરવા ઈચ્છે છે તેઓ પુરુષાર્થમાં માનનારા છે, અને જેઓ ઈશ્વરનું નામ લઈને તેમના પર જ આધાર રાખે છે તેમને સંસારની આસક્તિઓમાંથી ઈશ્વર પોતે જ મુક્ત કરે છે તથા આત્મ સાક્ષાત્કારની સર્વોચ્ચ ભૂમિકાએ લઈ જાય છે.

સ્વામીજી : બરાબર છે. એ બે જુદી જુદી દૃષ્ટિઓ છે, પહેલી દૃષ્ટિ જ્ઞાનીઓની છે અને બીજી ભક્તોની છે. પરંતુ ત્યાગનો આદર્શ એ બંનેનો મૂળ મંત્ર છે.

શિષ્ય : એમાં જરાય શક નથી. પરંતુ શ્રી ગિરીશચંદ્ર ઘોષે મને કહેલું કે ઈશ્વરની કૃપામાં કશી પણ શરત ન હોઈ શકે, એને માટે નિયમ કશોય હોઈ શકે નહિ. જો નિયમ હોય તો પછી એ કૃપા જ કહેવાય નહિ. કૃપા અથવા કરુણાનું સામ્રાજ્ય સર્વ નિયમોથી પર હોવું જોઈએ.

સ્વામીજી : પરંતુ ગિરીશચંદ્ર કહે છે તે ભૂમિકામાં પણ કોઈક વધુ ઉચ્ચ નિયમ હોવો જોઈએ, જે આપણે ન જાણતા હોઈએ. અવશ્ય, એ શબ્દો વિકાસની એવી અંતિમ કક્ષા સૂચવે છે કે જે એકલી જ દેશ, કાળ અને નિમિત્તથી પર છે. પરંતુ આપણે જ્યારે એ સ્થિતિએ પહોંચીએ

ત્યારે, જ્યાં કાર્યકારણનો નિયમ નથી ત્યાં કૃપા કરે કોણ અને કોના ઉપર કરે? એ સ્થિતિએ ઉપાસક અને ઉપાસ્ય, ધ્યાતા અને ધ્યેય, જ્ઞાતા અને જ્ઞેય, બધા એક થઈ જાય છે, તેને તમે કરુણા કહો કે તમને ગમે તો બ્રહ્મ કહો. તે સ્થિતિમાં જે કાંઈ છે તે એક અખંડ સુસંવાદી તત્ત્વ જ છે!

શિષ્ય : સ્વામીજી ! આ શબ્દો આપની પાસેથી સાંભળ્યા પછી સઘળા તત્ત્વજ્ઞાનનો- વેદવેદાંતનો સાર મારા સમજવામાં આવી ગયો છે, એમ લાગે છે કે અત્યાર સુધી હું માત્ર અર્થ વિનાના ભારેખમ શબ્દોના પ્રદેશમાં જ વસતો હતો.

## ૧૩. અહિંસા અને માંસાહારનો પ્રશ્ન, માનવીમાં રહેલાં સત્ત્વ, રજસ્ અને તમસ્, આહારમાં વિવેક અને આધ્યાત્મિકતા, આહારમાંના ત્રણ દોષો, 'મરજાદિયા'પણું અને જ્ઞાતિ અંગેના પૂર્વગ્રહો, પ્રાચીન વર્ણવ્યવસ્થા અને ઋષિઓના નિયમોની પુનઃ પ્રતિષ્ઠાની યોજના

શિષ્ય : સ્વામીજી ! આપણે ખાઈએ છીએ તે આહાર અને મનુષ્યની આધ્યાત્મિકતાના વિકાસ વચ્ચે કોઈ સંબંધ ખરો?

સ્વામીજી : અરે વત્સ ! ખુશીથી ખાઓ. જો એ ખાવામાં કાંઈ નુકસાન હશે તો તેનું હું જોઈ લઈશ. આપણા દેશના આમવર્ગ તરફ જુઓ તો ખરા! મોં પર નરી ઉદાસીનતા, હૈયે ન કોઈ હામ કે ન કોઈ ઉત્સાહ. હાથપગ દોરડી ને પેટ ગાગરડી જેવા, અશક્ત અને વાતવાતમાં ડરી જનારા બીકણ બાયલાઓની જમાત તમે જોઈ?

શિષ્ય : મત્સ્ય-માંસનો આહાર તાકાત આપે છે ખરો? બૌદ્ધ ધર્મ અને વૈષ્ણવ ધર્મ अहिंसा परमो धर्मः । 'અહિંસા સર્વોચ્ચ ધર્મ છે' એવો



ઉપદેશ કેમ આવે છે?

સ્વામીજી : બૌદ્ધ ધર્મ અને વૈષ્ણવ ધર્મ એ બે જુદા નથી. ભારતમાં બૌદ્ધ ધર્મની પડતી દરમિયાન, હિન્દુ ધર્મે તેમના સદાચારના કેટલાક મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને પોતામાં સમાવી લીધા, એ આજે વૈષ્ણવ ધર્મના નામે ઓળખાવા લાગ્યાં છે. અહિંસા સર્વોચ્ચ ધર્મ છે એ બૌદ્ધોનો ઉપદેશ ઘણો સારો છે. પરંતુ સામાન્ય લોકોની શક્તિનો કશો ખ્યાલ કર્યા વગર કાયદાથી એ તેમના પર ઠોકી બેસાડીને બૌદ્ધ ધર્મે ભારત ઉપર સર્વનાશ નોતર્યો છે. ભારતમાં મેં એવા કેટલાય બગભગતો (એટલે ધર્મનો ઢોંગ કરનારાઓ. એવી કથા છે કે બગલાએ એકવાર માછલાંઓને સંભળાવી દીધું કે પોતે માછલાં પકડવાનું છોડી દઈને હવે ભક્ત બની ગયો છે. આમ કહી તે તળાવને કાંઠે બેસી ધ્યાન ધરવા લાગ્યો. પણ આ દરમિયાન વસ્તુતઃ તે બેઠો બેઠો અસાવધ માછલાંઓને પકડવાની માત્ર તક જ શોધતો હતો.) જોયા છે કે જેઓ કીડિયારાં પૂરે છે. પરંતુ સાથોસાથ થોડાક પૈસાના ક્ષુદ્ર લોભથી પોતાના જ જાતભાઈનો સર્વનાશ કરતાં અચકાતાં નથી!

શિષ્ય : પરંતુ વેદ તેમજ મનુસ્મૃતિમાં મત્સ્યમાંસનો આહાર કરવાના આદેશો છે, એનું શું?

સ્વામીજી : બરાબર, તે જ પ્રમાણે હિંસા ન કરવાના આદેશો પણ છે. કારણ કે વેદ કહે છે કે मा हिंस्यात् सर्व भूतानि । 'કોઈ પણ પ્રાણીની હિંસા કરો નહિ.' અને મનુ કહે છે निवृत्तिस्तु महाफला । 'ઈચ્છાની નિવૃત્તિ મહાન ફળ આપે છે.' આમ હિંસા અને અહિંસા એ બંનેનાં વિધાન છે. પણ કોણે શાનું પાલન કરવું તે પ્રત્યેક વ્યક્તિની શક્તિ, યોગ્યતા અને અનુકૂળતા પ્રમાણે કરવાનું કહેવામાં આવ્યું છે.

શિષ્ય : હાલમાં તો માણસ જરાક ધર્મને માર્ગે વળે એટલે તરત જ

મત્સ્ય-માંસનો ત્યાગ કરવાની ફેશન થઈ પડી છે, તેમાંય કેટલાક તો વળી એવા છે કે જેઓ મત્સ્ય માંસાહારને વ્યભિચાર જેવા મહાપાપ કરતાંય વધુ મોટું પાપ માને છે. આવા ખ્યાલો ક્યાંથી આવ્યા? એ વિષે આપ શું કહો છો?

સ્વામીજી : જ્યારે તમે એ સ્પષ્ટપણે જુઓ છો કે આવા ખ્યાલો આપણા દેશ અને આપણા સમાજનું સત્યાનાશ વાળી રહ્યા છે, ત્યારે એ કેવી રીતે આવ્યા એ જાણીને તમારે શું કામ છે? તમે તમારી સામે જ જુઓ. પૂર્વ બંગાળના લોકો માછલી, માંસ, કાચબા વગેરે ખૂબ ખાય છે એટલે તેઓ પશ્ચિમ બંગાળના લોકો કરતાં ઘણા વધારે તંદુરસ્ત છે. પૂર્વ બંગાળના શ્રીમંતો સુદ્ધાં હજી રાત્રે પૂરી કે રોટલી ખાતા નથી, અને છતાં એ લોકો આપણા પશ્ચિમ બંગાળીઓની પેઠે ખાટા ઓડકાર અને અજીર્ણના રોગથી પીડાતા નથી. મેં સાંભળ્યું છે કે પૂર્વ બંગાળનાં ગામડાંઓમાં અજીર્ણ શું કહેવાય એનો લોકોને જરા સરખોય ખ્યાલ નથી!

શિષ્ય : સાવ સાચું છે, સ્વામીજી ! અમે (પૂર્વ બંગાળીઓ) અમારી તરફ અજીર્ણની ફરિયાદ કરતા જ નથી. મેં તો અહીં આ બાજુના ભાગમાં આવ્યા પછી જ એ વિષે સાંભળ્યું. ત્યાં તો અમે સવારે અને સાંજે બેઉ વખત ભાતની સાથે માછલી ખાઈએ છીએ.

સ્વામીજી : બરાબર, ટીકાનો ડર રાખ્યા વિના તમે તમારે ખવાય તેટલી ખાઓ, દેશ આખો માત્ર અજીર્ણના રોગી શાકભાજીખાઉ બાબાજીઓથી જ ઊભરાઈ ચાલ્યો છે. એ કાંઈ સત્ત્વગુણની નિશાની નથી, પરંતુ ઘોર તમોગુણની - મોતના પડછાયાની નિશાની છે. ચહેરા પર તેજ, હૃદયમાં અદમ્ય ઉત્સાહ અને પ્રચંડ કાર્યશીલતા : આ બધાં સત્ત્વગુણમાંથી આવે, જ્યારે આળસ, એદીપણું, અતિશય આસક્તિ અને



ઊંઘણશીપણું એ બધાં તમોગુણનાં લક્ષણો છે.

શિષ્ય : પરંતુ મત્સ્ય-માંસના આહારથી માણસમાં રજોગુણ વધતો નથી?

સ્વામીજી : હું તો એ જ ઈચ્છું છું કે તમારામાં એ આવે. અત્યારના કાળમાં આપણા લોકોને રજોગુણની ખાસ જરૂર છે. તમે જેમને અત્યારે સત્ત્વગુણી માણસો માનો છો, તેમાંના નેવું ટકાથીયે વધારે ઘોરમાં ઘોર તમોગુણમાં ખૂંચેલા છે. તેઓ પૈકી એક આની ભાર પણ જો સાચેસાચા સાત્ત્વિક હોય, તોય ઘણું થયું ! અત્યારે આપણને રજોગુણની શક્તિને પ્રચંડ રીતે જગાડવાની જરૂર છે. કારણ કે આખો દેશ તમોગુણના આવરણમાં ઢંકાઈ ગયો છે. આ દેશના લોકોને પૂરાં અન્નવસ્ત્ર મળવાં જોઈએ, તેમને જાગ્રત કરવાં જોઈએ, તેમને વધુ ક્રિયાશીલ બનાવવા જોઈએ. નહિતર એ લોકો જડ થઈ જશે, ઝાડ અને પથ્થર જેવા જડ બની જશે! તેથી હું કહું છું કે, વત્સ! મત્સ્યમાંસ ખૂબ ખાઓ.

શિષ્ય : જ્યારે માણસમાં સત્ત્વગુણનો સંપૂર્ણ વિકાસ થાય ત્યારે માંસ-માછલી ખાવાની રુચિ તેનામાં રહે ખરી?

સ્વામીજી : ના, ન રહે. જ્યારે અંતરમાં શુદ્ધ સત્ત્વગુણનો ખૂબ વિકાસ થાય ત્યારે માંસમાછલી પરથી તમામ રુચિ ઊઠી જાય છે. બીજાઓને માટે પોતાના સર્વસ્વનું બલિદાન, કામ અને કાંચન પ્રત્યે સંપૂર્ણ અનાસક્તિ, અહંકાર અને અભિમાનનો અભાવ, આ બધાં મનુષ્યના આત્મામાં સત્ત્વગુણનો ઉદય થયાનાં ચિહ્નો છે. માણસમાં જ્યારે આ ગુણો આવે ત્યારે માંસાહારની ઈચ્છા તેનામાંથી ચાલી જાય છે. પરંતુ આ ગુણો ગેરહાજર હોય તે છતાં જો તમે માણસોને અહિંસાનો પક્ષ લેતા જુઓ તો ચોક્કસ જાણજો કે ત્યાં કાં તો દંભ છે અથવા તો ધર્મનો માત્ર

દેખાવ છે. તમે પોતે પણ જ્યારે એ શુદ્ધ સત્ત્વની સ્થિતિએ પહોંચો ત્યારે માંસ માછલીનો અવશ્ય ત્યાગ કરી દેજો.

શિષ્ય : પરંતુ છંદોગ્ય ઉપનિષદમાં (૭:૨૬-૨) આ પ્રમાણે મંત્ર છે. આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ । એટલે કે શુદ્ધ આહાર લેવાથી માણસમાં સત્ત્વ શુદ્ધિ થાય છે.

સ્વામીજી : હા, હું એ જાણું છું. શંકરાચાર્યે કહ્યું છે કે 'આહાર' શબ્દનો અર્થ 'ઈંદ્રિયોના વિષયો' થાય છે. જ્યારે શ્રીરામાનુજે આહાર શબ્દનો અર્થ 'ખોરાક' એવો લીધો છે. મારો મત એવો છે કે આપણે એવો અર્થ લેવો જોઈએ કે જેમાં આ બંને દૃષ્ટિબિંદુઓનો સમન્વય થાય. આપણે આખી જિંદગી માત્ર ખોરાકની શુદ્ધિ અને અશુદ્ધિની ચર્ચા કરવામાં જ સમય કાઢવો છે કે ઈંદ્રિયોનો નિગ્રહ કરવો છે? ચોક્કસ, ઈંદ્રિયોનો નિગ્રહ એ જ મુખ્ય વસ્તુ છે. સારા કે નરસા અથવા શુદ્ધ કે અશુદ્ધ ખોરાકનું વિવેચન એ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે અમુક અંશે માણસને સહાય કરે છે એટલું જ. આપણાં શાસ્ત્રો અનુસાર આહારને અશુદ્ધ બનાવે એવી ત્રણ બાબતો છે : (૧) જાતિદોષ, એટલે આહારમાં પોતામાં સ્વભાવથી જ રહેલો દોષ જેવા કે ડુંગળી, લસણ વગેરે (૨) નિમિત્ત દોષ, એટલે કે ખોરાકમાં બહારથી કોઈ અપવિત્ર વસ્તુ ભળી જવાથી આવતો દોષ, જેમકે બજારમાંથી ખરીદેલી મીઠાઈ વગેરેમાં મરેલાં જંતુઓ, કીડી, મકોડી, માખી કે ધૂળકચરો વગેરે પડવાથી આવતો દોષ. (૩) આશ્રય દોષ, એટલે કે દુષ્ટ કે અપવિત્ર માણસો પાસેથી આવતા ખોરાકમાં રહેલો દોષ, જેમકે દુષ્ટ વ્યક્તિએ આહારને સ્પર્શવાથી આવતો દોષ. પ્રથમ અને બીજા પ્રકારના દોષોને ટાળવાનો ખાસ પ્રયાસ કરવો જોઈએ. પરંતુ આપણા દેશમાં માણસો બરાબર એ બે બાબતો પર જ કશું ધ્યાન આપતા



નથી અને માત્ર ત્રીજા પ્રકાર માટે જ ઝઘડો કર્યા કરે છે, જે માત્ર યોગી જ બરાબર રીતે પારખી શકે! 'અડશો મા' ના મરજાદિયા સંપ્રદાયની 'છોવાઈ જશે, છોવાઈ જશે!'ની બૂમોથી એક છેડાથી બીજા છેડા સુધી દેશ આખો હેરાન હેરાન થઈ જઈને છેક વિનાશને આરે આવીને ઊભો છે. એ લોકોના એ મરજાદિયા મંડળમાં ઘણા સારાનરસા માણસોનો કશોય ભેદ નથી, કારણ કે જે કોઈ ગળામાં જનોઈનો ત્રાગડો નાખીને પોતાને બ્રાહ્મણ કહેવડાવે તેના હાથનું ખાવાનો એ લોકોને વાંધો નથી ! આમ વિવેક વિના જેના તેના હાથે આવેલું ખાદ્ય શ્રી રામકૃષ્ણ ખાઈ શકતા જ નહિ. ઘણીવાર એવું બનેલું છે કે અમુક વ્યક્તિ કે વ્યક્તિઓના હાથથી અડકાયેલો પદાર્થ શ્રી રામકૃષ્ણ ખાઈ શકતા ન હતા, અને બારીકાઈભરી તપાસને પરિણામે ખબર પડતી કે એ વ્યક્તિ કે વ્યક્તિઓમાં છુપાયેલો કાંઈક પણ ચારિત્ર્યદોષ હતો, આજકાલ તમારો ધર્મ બધો જાણે કે રસોડામાં સમાઈ ગયેલો છે, ધર્મનાં સર્વોચ્ચ સત્યોને તો જાણે કે તમે એક બાજુએ મૂકી દો છો, અને કહેવત છે તેમ ફળને એક બાજુએ રાખીને તેનાં છોતરાં સારુ જ તમે ઝઘડો કરો છો!

શિષ્ય : ત્યારે શું તમે કહેવા માગો છો કે આપણે હાલીમવાલી ગમે તેનાં હાથનું અડકેલું ખાવું?

સ્વામીજી : એમ કેમ કહે છે? જો તું કોઈ એક ઘોળનો બ્રાહ્મણ છો, ધારો કે ભટ્ટાચાર્ય. તો પછી તારે અન્ય બધા ઘોળના બ્રાહ્મણોના હાથની રસોઈ શા માટે ન ખાવી? ભારતના પશ્ચિમ અને દક્ષિણ ભાગનાં બ્રાહ્મણો - મહારાષ્ટ્રીય બ્રાહ્મણો - તેલુગુ, કનૌજી વગેરે બીજા ભાગોના બ્રાહ્મણો સાથે એક પંગતમાં બેસીને કેમ ન જમી શકે? તું જુએ છે કે બંગાલના સેંકડો બ્રાહ્મણો અને કાયસ્થો જાહેર હોટલો વગેરેમાં જઈને બધું ખાઈ

આવે છે, અનેપછીથી સમાજના નેતા બનીને 'અડશો મા' ના ટેકામાં નિયમો ઘડવા બેસે છે. આપણે સમાજ ખરેખર શું આવા દંભીઓના ઘડેલા નિયમોથી દોરવાવો જોઈએ? હું કહું છું કે જરાય નહિ ઊલટું આપણે તેમને હાંકી કાઢવા જોઈએ. પ્રાચીન ઋષિઓએ ઘડેલા નિયમો પાછા લાવવા જોઈએ, અને ફરીવાર તેમનો અબાધિત અધિકાર ચાલવો જોઈએ. ત્યારે જ આપણા રાષ્ટ્રનું કલ્યાણ થશે.

શિષ્ય : ત્યારે શું પ્રાચીન ઋષિમુનિઓના નિયમો અત્યારે આપણા સમાજને દોરતા નથી?

સ્વામીજી : એ બધાં શેખચલ્લીનાં સ્વપ્નાં છે ! આજકાલ એ વસ્તુસ્થિતિ છે જ ક્યાં? મારા પરિભ્રમણ દરમિયાન મેં ખૂબ બારીકાઈથી અને ચીવટથી શોધ કરેલી છતાં મેં ભારતનાં પ્રાચીન ઋષિઓના નિયમો ક્યાંયે પણ પ્રચલિત થતા જોયા નહિ. ઘણી વાર લોકોએ મંજૂર કરેલા આંધળા અને અર્થ વિનાના રિવાજો, સ્થાનિક પૂર્વગ્રહો અને ખ્યાલો, તથા બૈરાંઓમાં પ્રચલિત પ્રથાઓ અને ક્રિયાકાંડો જ ખરી રીતે સર્વત્ર સમાજને દોરી રહ્યાં છે! શાસ્ત્રોને વાંચવાની અથવા સંભાળપૂર્વકનો અભ્યાસ કર્યા પછી તેમના આદેશો પ્રમાણે સમાજને દોરવણી આપવાની કેટલાને પડી છે?

શિષ્ય : ત્યારે આપણે કરવું શું?

સ્વામીજી : આપણે ઋષિઓના પ્રાચીન નિયમોને પુનર્જીવિત કરવા જોઈએ. સમયના બદલાયેલા સંજોગોને અનુરૂપ બનાવવા માટે અહીંતહીં થોડા ફેરફારો કરીને આપણી પ્રાચીન મનુ અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિઓને સમગ્ર પ્રજામાં દાખલ કરવી જોઈએ. તમે જોતા નથી કે અત્યારે ભારતમાં પ્રાચીન ચાર વર્ણો ક્યાંય દેખાતા જ નથી? પ્રાચીન કાળની માફક આખી



હિન્દુ પ્રજાને આપણે ચાર મુખ્ય વર્ણો - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાં ફરીથી વહેંચવાની છે. અત્યારના બ્રાહ્મણો કેટલી બધી નાતોમાં વિભક્ત થઈ ગયા છે? તે પ્રથાને નાબૂદ કરીને બધાને એક જ બ્રાહ્મણ જ્ઞાતિમાં એકત્રિત કરવાની જરૂર છે. બીજા ત્રણે વર્ણોના પેટા વિભાગને પણ એવી જ રીતે એકત્રિત કરીને વેદના વખતમાં હતા તેવા એકમો રૂપે, એક એક મોટા વર્ણ - રૂપે ગોઠવવા જોઈએ. તેમ કર્યા સિવાય માત્ર 'અમે તમને નહિ અડીએ' અથવા 'અમે તેને હવે નાતમાં પાછો નહિ લઈએ' એવી, આજકાલની પેઠે માત્ર બૂમો પાડવાથી શું માતૃભૂમિનું ખરું કલ્યાણ થશે? કદી નહિ, બેટા! કદી નહિ થાય.

## ૧૪. સામ્પ્રદાયિકતામાંથી ઊગારવાનો ઉપાય - શ્રદ્ધાની આવશ્યકતા - શક્તિ અને અવતારોની ઉપાસના - શ્રીરામકૃષ્ણ

શિષ્ય : તો સ્વામીજી ! સામ્પ્રદાયિકતામાંથી ઊગારવાનો ઉપાય શો?

સ્વામીજી : અગાઉના જેવી સાચી શ્રદ્ધા વળી પાછી લાવવાની છે. બધાં નકામાં શ્રદ્ધાળુને સેવન તેમ જ શક્તિ અને અવતારોને ઉપાસના અત્યારે જરૂર છે મહત્ત્વના આદર્શથી મધુર ભાવની નહિ, શ્રીરામકૃષ્ણ આશ્રમ જાળાંઝાંખરાંને મૂળમાંથી ઉખેડી કાઢવાનાં છે. દરેક ધર્મમાં અને દરેક માર્ગમાં દેશ અને કાળથી પર એવાં સત્યો હોય છે એમાં શક નહિ, પણ તેમના ઉપર જે પુષ્કળ કચરો જામી ગયો હોય છે એ સાફ કરવાનો છે, અને સાચા સનાતન સિદ્ધાંતો લોકોની સમક્ષ મૂકવાના છે, ત્યારે જ આપણા ધર્મ અને આપણા દેશને સાચી રીતે ફાયદો થશે.

શિષ્ય : એ કેવી રીતે સાધ્ય થશે?

સ્વામીજી : કેમ વારુ? સૌથી પ્રથમ આપણે મહાન સંતોની પૂજા દાખલ કરવાની છે. જેમણે સનાતન સત્યોનો સાક્ષાત્કાર કર્યો છે તેવા મહાત્માઓને લોકોની સમક્ષ આદર્શો તરીકે અનુસરવા માટે રજૂ કરવાના છે. દાખલા તરીકે ભારતમાં શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, મહાવીર-હનુમાનની ઉપાસના લાવી શકે ખરા? હાલ તુરતને માટે વૃંદાવનના શ્રીકૃષ્ણને દૂર રાખી દો, અને સિંહનાદથી ગીતાનું જ્ઞાન ગરજી રહેલા શ્રીકૃષ્ણની ઉપાસના ચારે તરફ ફેલાવી દો, તેમ જ સર્વ શક્તિનું મૂળ જગદંબા, મહાશક્તિની પૂજા રોજબરોજના જીવનમાં દાખલ કરો.

શિષ્ય : ત્યારે શું વૃંદાવનની ગોપીઓ સાથેની શ્રીકૃષ્ણની દિવ્ય લીલા સારી નથી?

સ્વામીજી : અત્યારના સંજોગોમાં એ ઉપાસના તમારે માટે જરાય લાભદાયક નથી. બંસી બજાવવી અને એવું બધું કાંઈ દેશનો ઉદ્ધાર કરવાનું નથી. અત્યારે આપણને સૌથી વધુ જરૂર એવા પરાક્રમી વીરના આદર્શની છે, કે જેની નસોમાં પગથી માથા સુધી રજોગુણનો અતિશય જોમદાયક પ્રભાવ હોય, જે સત્યને જાણવા માટે હિમ્મતપૂર્વક મરણને ભેટવા તૈયાર હોય, ત્યાગ જેનું બખ્તર હોય અને તલવાર જેનું જ્ઞાન હોય. જીવનસંગ્રામમાં અત્યારે આપણે માટે બહાદુર યોદ્ધાની ભાવના આવશ્યક છે, નહિ કે જગતને પ્રમોદ-ઉદ્યાન સમજીને પ્રેમકેલી કરતા પ્રેમીની !

શિષ્ય : સ્વામીજી ! અત્યારે આપના અભિપ્રાય મુજબ શ્રીકૃષ્ણની વૃંદાવનલીલા શું સાચો માર્ગ નથી?

સ્વામીજી : એમ કોણ કહે છે? હું તો એમ નથી જ કહેતો! પણ એ ઘણા ઊંચા પ્રકારની સાધના છે. કામ અને કાંચનની પ્રબળ આસક્તિના



આ યુગમાં પ્રેમના એ ઉચ્ચ આદર્શોને સમજવાને સુધ્ધાં બહુ જ થોડા લોકો શક્તિમાન હોય છે.

શિષ્ય : અત્યારે શું આપ એમ કહેવા માગો છો કે જેઓ અત્યારે ઈશ્વરની મધુર, સખ્ય વગેરે ભાવે ઉપાસના કરી રહ્યા છે તેઓ સાચે માર્ગે નથી ચાલતા?

સ્વામીજી : હું તો ખાતરીથી કહું છું કે નથી ચાલતા. તેઓમાંથી અમુક થોડા અપવાદો હશે, એની ના નથી. પણ સમજી લેજો કે તેમાંથી મોડા ભાગના તો ઘોર તમોગુણથી ભરેલા હોય છે, મોટો ભાગ વિકારથી ભરેલો અને અસામાન્ય દુર્બળતાની અસર નીચે હોય છે. દેશને ઊંચો લાવવો જ જોઈએ. હનુમાનની ઉપાસના દાખલ કરવી જોઈએ. ઘેર ઘેર શક્તિપૂજા એ રોજિંદા જીવનનું એક અંગ થઈ જવું જોઈએ. તેમાં જ તમારું કલ્યાણ રહેલું છે, તેમાં જ દેશનું ભલું રહેલું છે, બીજો કોઈ રસ્તો નથી.

શિષ્ય : પરંતુ મેં સાંભળ્યું છે કે ઈશ્વરના નામનું સ્મરણ કીર્તન ભગવાન શ્રીરામકૃષ્ણ ઘણું કરતા.

સ્વામીજી : એ ખરું, પરંતુ એમની બાબત જુદી હતી. તેમની અને સાધારણ માનવી વચ્ચે શું સરખામણી થઈ શકે? દરેક ધર્મ એક જ સત્યે લઈ જાય છે એ બતાવવા માટે તેમણે પોતાના જીવનમાં ધર્મના જુદા જુદા બધા આદર્શોની સાધના કરી હતી. એમણે જે કરી બતાવ્યું છે તે તમે કે હું કદી કરી શકીશું ખરા? આપણામાંના કોઈ પણ એમને પૂરેપૂરા સમજ્યા નથી. એટલા માટે હું તેમને વિશે જ્યાં ત્યાં બોલવાની હિંમત કરતો નથી. એ કોણ હતા તે પોતે જ જાણે છે. માત્ર તેમનો દેહ માનવનો હતો, બાકીનું બધું બીજાઓથી સાવ જુદું હતું.

શિષ્ય : વારુ, હું એમ પૂછી શકું કે શું આપ એમને ઈશ્વરના અવતાર માનો છો?

સ્વામીજી : પ્રથમ મને કહો કે અવતાર એટલે તમે શું કહેવા માગો છો?

શિષ્ય : કેમ? અવતારથી હું એમ પૂછવા માગું છું કે શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, શ્રીગૌરાંગ, ભગવાન બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત અને એવા બીજા જેવા તેઓ હતા ખરા?

સ્વામીજી : તમે હમણાં જ બધાંના નામ લીધાં તે બધાના કરતાં પણ ભગવાન શ્રીરામકૃષ્ણને હું વધુ મહાન જાણું છું. 'માનવા'ની તો વાત જ શા માટે કરવી? એ તો નાની બાબત છે. હું તો 'જાણું' છું! પરંતુ અત્યારે હવે આ વાત અહીં જ છોડી દઈએ. કોઈ બીજે વખતે વળી વધારે જોઈશું.

અહીં થોડું અટકીને સ્વામીજી આગળ કહેવા લાગ્યા : ''ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરવા માટે સમય અને સમાજની આવશ્યકતા પ્રમાણે મહાપુરુષો આવે છે. મહાપુરુષો કે અવતારો, તમે તેમને ગમે તે કહો, એમાં કંઈ આવતું-જતું નથી. તેઓ દરેક પોતાના જીવનમાં આદર્શને પ્રગટ કરે છે. ત્યાર પછી જાણે કે તેમનાં બીબાં પ્રમાણેનાં ઘાટ ઘડાય એટલે કે 'માણસા' તૈયાર થાય ! ધીમે ધીમે સંપ્રદાયો ઉભા થાય અને ફેલાય છે. જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ આ સંપ્રદાયોમાં સડો પેસે, અને એવા સુધારકો વળી પાછા આવે. યુગોથી તે આજ સુધી અસ્ખલિત પરંપરામાં આ નિયમ ચાલ્યો જ આવે છે.''

શિષ્ય : ત્યારે આપ શ્રીરામકૃષ્ણદેવનો અવતાર તરીકે શા માટે પ્રચાર નથી કરતા? એ કાર્ય માટે જોઈતી શક્તિ, વક્તૃત્વકળા અને બીજું



બધું આપનામાં ખરેખર છે.

સ્વામીજી : સાચું કહું તો હું તેમને બહુ થોડું સમજ્યો છું. એઓ મને એટલા બધા મહાન લાગે છે કે જ્યારે જ્યારે મારે તેમના વિશે કંઈ પણ બોલવાનું હોય છે, ત્યારે મને ડર લાગે છે કે હું કદાચ સત્યની ઉપેક્ષા કરીશ અથવા તો તેને ખોટી રીતે ઉડાવી દઈશ, કદાચ મારી અલ્પ શક્તિ અધૂરી પડશે, અગર તો રખેને પ્રશંસા કરવાનો પ્રયાસ કરવા જતાં હું તેમનું મારી સમજણ પ્રમાણેનું ચિત્ર ચીતરીને તેમને હલકા પાડીશ!

શિષ્ય : પરંતુ ઘણા લોકો એમનો અવતાર તરીકે પ્રચાર કરી રહ્યા છે.

સ્વામીજી : તેમની મરજી હોય તો તેઓ ભલે કરે. એ લોકો શ્રીરામકૃષ્ણને જે રીતે સમજ્યા છે તેના પ્રકાશમાં તેનો પ્રચાર કરશે. જો તમે પણ તેમને સમજ્યા હો તો તમે પણ એમ કરી શકો છો.

શિષ્ય : હું તો આપને પણ સમજી શકતો નથી, તો પછી શ્રીરામકૃષ્ણદેવની તો વાત જ શી કરવી? આ જીવનમાં જો આપની થોડીશી કૃપા પામી શકું તો પણ હું મારી જાતને ધન્ય ગણું.

## ૧૫. બંગાળી માસિક ઉદ્‌બોધન - તેની ભાવિ યોજના

(સ્થળ : બેલુરમાં મઠની ભાડાની જગ્યા, સને ૧૮૯૯)

આમ જનતામાં શ્રીરામકૃષ્ણના ધાર્મિક વિચારો ફેલાવવા માટે સ્વામીજીની રચના મુજબ તાજેતરમાં સ્વામી ત્રિગુણાતીતે 'ઉદ્‌બોધન' નામનું પાક્ષિક શરૂ કરેલું. પ્રથમ અંક બહાર પડ્યા પછી શિષ્ય એક દિવસ મઠમાં આવ્યો, ત્યારે મઠ નીલાંબર બાબુના બાગમાં હતો.

'ઉદ્‌બોધન' અંગે શિષ્ય સાથે સ્વામીજીએ નીચે પ્રમાણેની વાતચીત

શરૂ કરી :

શિષ્ય : સ્વામીજી ! સ્વામી ત્રિગુણાતીત જે રીતે આ સામયિક માટે મહેનત કરે છે, તે બીજા કોઈ માટે અશક્ય છે.

સ્વામીજી : તમે શું એમ માનો છો કે શ્રીરામકૃષ્ણનાં સંન્યાસી સંતાનો માત્ર વૃક્ષ નીચે ધૂણી ધખાવીને બેસવા માટે સરજાયાં છે? જ્યારે તેમાંનો કોઈ પણ કંઈ કામ શરૂ કરશે ત્યારે લોકો તેની કાર્યશક્તિ જોઈને આશ્ચર્ય પામશે. તેમની પાસેથી કાર્ય કરવાની રીત તમે શીખી લો. દાખલા તરીકે સ્વામી ત્રિગુણાતીત મારી આજ્ઞા પાળવા માટે પોતાની આધ્યાત્મિક સાધના, ધ્યાનધારણા વગેરે છોડી દઈને કામમાં લાગી ગયા છે. શું આ થોડા ત્યાગની વાત છે? કાર્ય કરવાના આ ભાવની પાછળ મારા તરફ કેટલો પ્રેમ છે, તે તમે જુઓ છો? તેઓ કદી પણ સફળ થયા વિના રહેશે નહિ. તમારા ગૃહસ્થોમાં આવો દૃઢ સંકલ્પ હોય છે ખરો?

શિષ્ય : પણ સ્વામીજી ! આ સ્વામીજીની માફક એક ભગવાં કપડાં પહેરેલ સંન્યાસી બારણે બારણે ભટકે તે અમારી દૃષ્ટિએ જરા વિચિત્ર લાગે છે.

સ્વામીજી : શા માટે? સામયિકનો ફેલાવો તો માત્ર ગૃહસ્થોનાં હિત માટે છે. દેશમાં નવા વિચારો ફેલાવવાથી આમજનતાને લાભ થશે. તમે શું એમ માનો છો કે ભક્તની સાધના કરતાં આ નિઃસ્વાર્થ કાર્ય કોઈ પણ રીતે ઊતરતું છે? અમારું ધ્યેય છે માનવજાતનું કલ્યાણ. અમારો ઈરાદો આ સામયિકોમાંથી પૈસા કમાવાનો નથી. અમે સર્વસ્વનો ત્યાગ કર્યો છે, અને અમારા મૃત્યુ પછી અમારે પત્ની કે બાળકો માટે કંઈ પ્રબંધ કરવાનો રહેતો નથી. જો આ સામયિકોને સફળતા મળશે તો તેની બધી આવક માનવજાતની સેવા માટે ખરચાશે. તેની વધારાની રકમ જુદી જુદી



જગ્યાએ મઠો અને સેવાશ્રમો ખોલવામાં અને દરેક જાતનાં લોકોપયોગી કામો માટે યોગ્ય રીતે વાપરવામાં આવશે. એટલું તો ચોક્કસ કે અમે ગૃહસ્થોની માફક પોતાનાં ખિસ્સાં ભરવા માટે કામ કરતા નથી. ચોક્કસ જાણજો કે અમારી બધી પ્રવૃત્તિ બીજાના કલ્યાણ માટે હોય છે.

શિષ્ય : તેમ છતાં બધા લોકો આ દૃષ્ટિબિંદુ સમજી શકે નહિ.

સ્વામીજી : તેથી શું? એથી અમને કંઈ નફો કે નુકસાન નથી. અમે લોકોની ટીકા તરફ દૃષ્ટિ રાખીને કોઈ પણ કામ હાથ ધરતા નથી.

શિષ્ય : આ સામયિક તો પાક્ષિક છે, અમે ઈચ્છીએ છીએ કે તે સાપ્તાહિક થાય.

સ્વામીજી : એ ઠીક છે, પણ પૈસા ક્યાં? જો શ્રીરામકૃષ્ણની કૃપાથી પૈસા આવશે તો ભવિષ્યમાં તે દૈનિક પણ બની શકે, રોજ એક લાખ નકલો છાપી શકાય અને કોલકાતાની શેરીએ શેરીએ મફત વહેંચી શકાય!

શિષ્ય : આપનો આ વિચાર બહુ સુંદર છે.

સ્વામીજી : મારી ઈચ્છા છે કે પ્રથમ આ સામયિક સ્વાશ્રયી બને. પછી તમને હું તેના તંત્રી બનાવીશ. કોઈ પણ નવીન સાહસને પગભર કરવા જેટલી તાકાત તમારામાં નથી, એ કામ તો આ સર્વત્યાગી સંન્યાસીઓ માટે જ રાખવામાં આવ્યું છે. તેઓ કામ કરતાં કરતાં મૃત્યુને ભેટશે છતાં પણ નમશે નહિ, જ્યારે થોડોએક વિરોધ કે માત્ર થોડી શી ટીકા પણ તમને ગભરાવી મૂકે છે.

તે જ સાંજે ભોજન પછી ફરી સ્વામીજીએ 'ઉદ્‌બોધન' વિશે નીચેના ઉદ્‌ગારો કાઢ્યા :

'આપણે 'ઉદ્‌બોધન' દ્વારા લોકોને રચનાત્મક વિચારો જ આપવા જોઈએ. નિષેધક વિચારો માણસને નિર્બળ બનાવે છે. તમને એમ નથી

જણાતું કે જ્યાં માબાપ બાળકોને લખવા વાંચવા માટે સતત ફરજ પાડે છે, તથા 'તમે મૂર્ખ છો, તમને કદીય કંઈ આવડશે નહિ' વગેરે કહ્યા કરે છે, ત્યાં ઘણા કિસ્સાઓમાં બાળકો ખરેખર તેવાં જ બને છે? જો તમે બાળકો માટે પ્રેમભરી વાણી વાપરો અને તેને ઉત્તેજન આપો તો તેઓ સમય જતાં જરૂર સુધરવાનાં. જે બાબત બાળકો માટે સારી છે, તે તેનાથી વધારે વિચારશક્તિ ધરાવતા મોટા માણસો માટે પણ યોગ્ય ઠરે છે.'

જો તમે લોકોને રચનાત્મક વિચારો આપી શકો તો તેઓ સાચા મનુષ્ય બનશે અને પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખશે. ભાષામાં કે સાહિત્યમાં, કવિતામાં કે કલામાં, દરેકમાં લોકો વિચાર અને કાર્યમાં જે ભૂલો કરે છે તે બતાવી આપવી એટલું જ માત્ર બસ નથી, પરંતુ તેઓ આ બધું વધારે સારી રીતે કેમ કરી શકે તેનો માર્ગ પણ તમને બતાવવો જોઈએ. ભૂલો બતાવવાથી માણસની લાગણીઓ દુભાય છે. જેને અમે નકામા ગણતા હતા તેવાને પણ શ્રીરામકૃષ્ણ કેવું ઉત્તેજન આપતા અને તેમ કરીને તેના જીવનની દિશા કેવી રીતે બદલી નાખતા હતા તે અમે જોયું છે ! ઉપદેશ આપવાની તેમની રીત એક અનોખી ઘટના હતી.

થોડું અટક્યા પછી સ્વામીજીએ આગળ ચલાવ્યું, 'ધર્મનો ઉપદેશ એટલે બધી બાબતો અને બધા લોકો તરફ નાક ચઢાવવું એવો નથી. ભૌતિક, માનસિક કે આધ્યાત્મિક દરેક બાબતમાં માણસને રચનાત્મક વિચારો આપવા જોઈએ, કદીય કોઈનો તિરસ્કાર કરવો નહિ. તમારા એકબીજા પ્રત્યેના તિરસ્કારે તમારી આ અધોગતિ લાવી મૂકી છે.માત્ર રચનાત્મક વિચારોના ફેલાવા દ્વારા આપણે લોકોને ઊંચે લાવવા પડશે. પ્રથમ આપણે સમસ્ત હિન્દુ પ્રજાને આ પ્રમાણે ઊંચી ચઢાવવી પડશે, અને પછી સારી દુનિયાને. આ માટે જ શ્રીરામકૃષ્ણે અવતાર ધારણ કર્યો



હતો. તેમણે કદીય ક પણ વ્યક્તિનાં વિશિષ્ટ વલણોનો નાશ કર્યો ન હતો, છેક અધમ કોટિના લોકોને પણ તેઓ આશા અને ઉત્સાહના શબ્દો દ્વારા ઊંચે લાવતા. આપણે પણ તેમને પગલે પગલે ચાલીને બધાયને ઊંચે લાવવા જોઈએ, જાગ્રત કરવા જોઈએ. સમજ્યા?'

'તમારો ઈતિહાસ, સાહિત્ય, પુરાણો અને બીજાં બધાં શાસ્ત્રો લોકોને માત્ર ડરાવી દે છે. તેઓ તેમને એમ જ કહે છે : 'તમે નરકમાં જશો, તમારો વિનાશ થઈ ચૂક્યો છે.' તેથી જ ભારતના પ્રાણ સુદ્ધાંમાં આવી જડતા પેસી ગયેલ છે. તેથી જ આપણે સરળ શબ્દોમાં લોકોને વેદવેદાંતના ઊંચામાં ઊંચા વિચારો સમજાવવા જોઈશે. નૈતિક સિદ્ધાંતો, સદ્‌વર્તન તથા વિદ્યાના પ્રસાર દ્વારા આપણે ચાંડાળોને પણ બ્રાહ્મણની કક્ષાએ લાવવા જોઈશે. ચાલો, આ બધું 'ઉદ્‌બોધન'માં લખો અને યુવાન તેમ જ વૃદ્ધ, સ્ત્રી અગર પુરુષ, સૌને જાગૃત કરો. ત્યારે જ હું જાણીશ કે તમારો વેદવેદાંતનો અભ્યાસ સફળ થયો છે. બોલો, તમે શું ધારો છો? આ બધું કરી શકશો?

શિષ્ય : આપના આશીર્વાદ અને આદેશથી હું ધારું છું કે હું બધાં કાર્યોમાં સફળ થઈશ.

સ્વામીજી : બીજી વાત. તમારે શરીર ઘણું મજબૂત બનાવતાં શીખવું પડશે અને તેમ કરવાનું બીજાઓને પણ શીખવવું પડશે. તમે મને પણ ડમ્બેલ્સ લઈને કસરત કરતો જોતા નથી? સવાર સાંજ ફરવા જાઓ અને શારીરિક મહેનત કરો. શરીર અને મન એક સાથે ચાલવાં જોઈએ. બધા માટે બીજા ઉપર આધાર રાખવો તે ચાલશે નહિ. જ્યારે શરીરને મજબૂત બનાવવાની જરૂરિયાત લોકોને બરાબર સમજાવવામાં આવશે ત્યારે તેઓ પોતાની મેળે તેમ કરવા મહેનત કરશે. આ આવશ્યકતા

તેમને ગળે ઉતારવા માટે જ આજને સમયે કેળવણીની જરૂર છે.

## ૧૬. ભારતમાં પ્રથમ રજોગુણની આવશ્યકતા

(સ્થળ : બેલુર મઠ, ૧૮૯૯ની સાલની શરૂઆત)

શિષ્યની સાથે આજે સ્વામીજીની નવા મઠની જગ્યામાં ફરે છે. બીલીના ઝાડથી થોડે દૂર ઊભા રહી સ્વામીજીએ ધીરે ધીરે આ બંગાળી ગીત ગાવું શરૂ કર્યું : 'હે હિમાલય ! ગણેશ મારું કલ્યાણ કરનારા છે. અહીં અનેક સંન્યાસીઓ અને જટાધારી જોગીઓ આવશે.' અને ગીત ગાતી વખતે સ્વામીજીએ શિષ્યને છેલ્લી લીટી ફરીથી ઉચ્ચારીને કહ્યું : 'તું સમજે છે? સમય જતાં ઘણા સાધુ-સંન્યાસીઓ અહીં આવશે.' આમ કહી તેઓ બીલીવૃક્ષ તળે બેસી ગયા અને કહેવા લાગ્યા : 'શ્રીરામકૃષ્ણ કહેતા કે બીલીના વૃક્ષ તળેની જમીન પવિત્ર હોય છે. અહીં ધ્યાન કરવાથી આધ્યાત્મિક ભાવ જલદી જાગ્રત થાય છે.'

શિષ્ય : સ્વામીજી ! આપે હમણાં જ કહ્યું કે જ્ઞાન અને કર્મ પરસ્પર વિરોધી છે અને પરમ જ્ઞાનમાં કર્મને કંઈ પણ સ્થાન નથી, અગર બીજા શબ્દોમાં કહીએ તો કર્મથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે નહિ. તો પછી હવે આપ શા માટે વારંવાર રજોગુણ (પ્રવૃત્તિ) ને જાગ્રત કરે તેવો ઉપદેશ આપો છો? આપ થોડા દિવસો પહેલાં મને કહેતા હતા : 'કામ કરો, કામ કરો, કામ કરો, બીજો માર્ગ નથી.'

સ્વામીજી : આખી દુનિયા ફર્યા પછી મેં જોયું છે કે બીજા દેશના લોકોની સરખામણીએ આપણા દેશના લોકો તમોગુણ (નિષ્ક્રિયતા) માં ડૂબી ગયેલા છે. બહારથી સાત્ત્વિક (શાંત અને સમતુલ) સ્થિતિ દેખાતી



હોય છતાં અંદર તો વૃક્ષ અને પાષાણ જેવી પૂર્ણ જડતા ભરેલી હોય છે. આવા માણસો જગતમાં શું કામ કરી શકવાના છે? આવા નિષ્ક્રિય, આળસુ અને ઈંદ્રિયપરાયણ લોકો ક્યાં સુધી આ જગતમાં જીવી શકશે? પ્રથમ પાશ્ચાત્ય દેશોમાં મુસાફરી કરી આવો અને પછી જ મારા કથનનો વિરોધ કરો. પાશ્ચાત્ય લોકોના જીવનમાં કેટલું સાહસ, કામમાં કેટલી નિષ્ઠા, કેટલો ઉત્સાહ અને રજોગુણની કેટલી બધી અભિવ્યક્તિ દેખાય છે?

જ્યારે આપણા દેશમાં જાણે કે લોહી હૃદયમાં થીજી જઈને નસોમાં ફરી જ શકતું ન હોય તેના જેવું છે - જાણે શરીરને પક્ષઘાત થયો હોઈ તે નિશ્ચેષ્ટ બન્યું છે. તેથી મારો વિચાર પ્રથમ રજોગુણનો વિકાસ કરી લોકોને પ્રવૃત્તિશીલ બનાવી જીવન સંગ્રામમાં ઝઝૂમવા માટે સમર્થ બનાવવાનો છે. દેહમાં કશી તાકાત વિનાના, હૃદયમાં કોઈ ઉત્સાહ વિનાના અને મગજમાં જરાય મૌલિકતા વિનાના આ જડ પદાર્થના લોચા જેવા માણસો શું કરી શકવાના છે? તેમનામાં ઉત્સાહ લાવીને મારે તેઓમાં પ્રાણ પૂરવા છે - આ કાર્યને માટે મેં મારું જીવન અર્પણ કર્યું છે. વૈદિક મંત્રોની અમુક શક્તિથી હું તેમને જાગ્રત કરીશ. તેમની પાસે 'उत्तिष्ठत, जाग्रत' ના અભય સંદેશની ઉદ્‌ઘોષણા કરવા મેં જન્મ લીધો છે. આ કામમાં તમે પણ સહાયક બનો. દેશના એક છેડાથી બીજા છેડા સુધી તમે ગામેગામ પહોંચો અને બ્રાહ્મણથી માંડીને ચાંડાલ સુધી સૌમાં આ અભયવાણીનો પ્રચાર કરો. એકે એક મનુષ્યને કહો કે તેની અંદર અનંત શક્તિ રહેલી છે, તે અનંત આનંદનો ભાગીદાર છે. આમ તેમનામાં રજોગુણને જાગ્રત કરો - જીવનસંગ્રામ માટે તેમને સમર્થ બનાવો અને તે પછી મુક્તિનો ઉપદેશ આપો. પ્રથમ આ દેશના લોકોમાં રહેલી શક્તિને જાગ્રત કરીને તેમને પગભર બનાવો, પ્રથમ તેઓને સારો ખોરાક, સારાં કપડાં અને ભોગનાં

પુષ્કળ સાધનો મેળવતાં શીખવો, પછી જ આ ભોગનાં બંધનોમાંથી કેમ છૂટવું તે તેમને કહો.

આ દેશમાં ચોમેર આળસ, અધમતા અને દંભ ફેલાઈ રહ્યાં છે. શું કોઈ બુદ્ધિશાળી માણસ આ બધું જોયા પછી પણ શાંત રહી શકશે? શું તેથી તેની આંખમાં આંસુ નહિ આવે? મદ્રાસ, મુંબઈ, પંજાબ, બંગાળ : જ્યાં જ્યાં હું નજર કરું છું ત્યાં ત્યાં ક્યાંય મને જીવંતપણાનાં ચિહ્નો દેખાતાં નથી. તમે પોતાને ખૂબ કેળવાયેલા માનો છો. પણ તમે કેવી નકામી વિદ્યા શીખ્યા છો! પરદેશી ભાષામાં, બીજાના વચારો ગોખીને તમારા મગજમાં તે ઠાંસો છો, અને એ રીતે વિદ્યાપીઠની ઉપાધિઓ મેળવીને તમે પોતાને કેળવાયેલા માનો છો, ખરું? ધિક્કાર છે તમને! શું આ વિદ્યા છે? તમારી વિદ્યાનું ધ્યેય શું છે? કાં તો એક કારકુન, કાં તો એક વકીલ અથવા બહુ બહુ તો એક ડેપ્યુટી મેજિસ્ટ્રેટ થવાનું, કે જે પણ કારકુનીનું બીજું સ્વરૂપ જ છે! શું આટલામાં જ બધું સમાઈ જાય છે? તમારું કે તમારા દેશનું તે ભલું કરશે? તમારી આંખો ખોલો અને જુઓ કે જે ભારત તેની સમૃદ્ધિ માટે પ્રખ્યાત છે, તેમાં અન્ન માટે કેવો કરુણ પોકરા ઊઠે છે? શું તમારી વિદ્યા આ જરૂરીયાત પૂરી પાડશે? કદી પણ નહિ, પાશ્ચાત્ય વિજ્ઞાનની મદદથી જમીન ખેડો અને અન્ન ઉત્પન્ન કરવા મંડી પડો, બીજાની પામર ગુલામગીરી કરીને નહિ પણ ઉત્પાદનના નવા નવા માર્ગો શોધીને, પાશ્ચાત્ય વિજ્ઞાનની મદદ લઈને તથા જાતે શ્રમ કરીને ! માટે હું આ દેશના લોકોને પ્રવૃત્તિમય બનવા ઉપદશ આપું છું. જેથી તેઓ પોતે જ પોતા માટે અન્ન અને વસ્ત્ર ઉત્પન્ન કરી શકે. અન્નવસ્ત્રની અછતને લીધે તેની ચિંતામાં ડૂબી જઈને આ દેશનો વિનાશ થઈ રહ્યો છે. આનો પ્રતિકાર કરવા માટે તમે શું કરો છો? તમારાં શાસ્ત્રોને ગંગાનદીમાં ફેંકી દો, અને



પ્રથમ તો લોકોને અન્નવસ્ત્ર ઉત્પન્ન કરવાના ઉપાયો શીખવો. પછી તેમને શાસ્ત્રોનો ઉપદેશ આપવા માટે તમને પૂરતો સમય મળશે. જો તેમનામાં અસાધારણ પ્રવૃત્તિશીલતા જાગ્રત કરીને તેમની ભૌતિક જરૂરિયાતો પૂરી નહિ કરો, તો તમારો આધ્યાત્મિકતાનો ઉપદેશ કોઈ સાંભળશે નહિ. માટે હું કહું છું કે પ્રથમ તમારામાં રહેલી આત્માની સહજશક્તિને જાગ્રત કરો, પછી આમજનતામાં એમની શક્તિ અંગે બને તેટલી શ્રદ્ધા જગાડીને પ્રથમ તો તેમને ખાદ્યસામગ્રીને પહોંચી વળવાનો ઉપદેશ કરી અને પછી જ તેમને ધર્મોપદેશ આપો. આળસુ બની બેસી રહેવાનો સમય નથી, કોણ જાણે છે કે મૃત્યુ ક્યારે આવી પહોંચશે?

આ શબ્દો બોલતી વેળા સ્વામીજીના ચહેરા ઉપર પશ્ચાત્તાપ, શોક, દયા અને શક્તિના મિશ્ર ભાવો દીપી ઊઠ્યા. આવો ભવ્ય દેખાવ જોઈને શિષ્ય સ્તબ્ધ બનીને અવાક્ બન્યો. થોડી વાર પછી સ્વામીજીએ ફરીને કહ્યું : 'કાળક્રમે આ દેશના લોકોમાં આવી પ્રવૃત્તિશીલતા અને આત્મનિષ્ઠા જાગ્રત થશે તે હું સ્પષ્ટ દેખું છું. એમ થયા વિના રહેશે જ નહિ. બુદ્ધિશાળી પુરુષ આવતા ત્રણ યુગોની ઘટના અગાઉથી જ સ્પષ્ટ જોઈ શકે છે. શ્રીરામકૃષ્ણનું આગમન થયું ત્યારથી જ ઊગતા સૂર્યનાં કિરણોથી પૂર્વની ક્ષિતિજ દેદીપ્યમાન બની છે, અને સમય જતાં દેશ મધ્યાહ્ન સૂર્યના પ્રકાશથી ઝળહળી ઊઠશે. '

## ૧૭. ગુરુગૃહવાસ - વર્તમાન વિશ્વવિદ્યાલયો - શ્રદ્ધાનો અભાવ - ભારતનો રાષ્ટ્રીય ઈતિહાસ - પાશ્ચાત્ય વિજ્ઞાન અને વેદાંતનો સમન્વય

(શ્રી પ્રિયનાથ સિંહા)

નવા મઠના મકાન બંધાઈ ગયાં હતાં, અને બધા સ્વામીજીઓ ત્યાં રહેવા પણ ગયા હતા. ત્યાર પછી લગભગ બે વરસે એક દિવસ સવારમાં હું મારા ગુરુદેવને પ્રણામ કરવા ગયો. મને જોઈને સ્વામીજીએ સ્મિત કર્યું અને મારા ખબરઅંતર પૂછ્યા પછી કહ્યું : 'તમે આજે અહીં રોકાઈ જશો ને?'

'ચોક્કસ,' મેં કહ્યું. અને બીજા થોડા પ્રશ્નો પૂછી મેં પૂછ્યું : 'વારુ, સ્વામીજી ! આપણા વિદ્યાર્થીઓની કેળવણી વિશે આપનો શો મત છે?'

સ્વામીજી : ગુરુગૃહવાસ, ગુરુની સાથે રહેવાનું.

પ્રશ્ન : કેવી રીતે?

સ્વામીજી : પ્રાચીન કાળની જેમ. પરંતુ આ કેળવણીની સાથે આધુનિક પાશ્ચાત્ય વિજ્ઞાનને પણ સામેલ કરવાનું છે. બંનેની આવશ્યકતા છે.

પ્રશ્ન : શા માટે? અત્યારની યુનિવર્સિટીની પદ્ધતિમાં શી ખામી છે?

સ્વામીજી : એ પદ્ધતિ લગભગ આખેઆખી ખામીથી જ ભરેલી છે. તમે જુઓ, કારકુનો પેદા કરવાના સુસજ્જ યંત્ર સિવાય એમાં બીજું કાંઈ નથી. એ જો માત્ર એટલું જ હોત તો પણ હું તેને સદ્‌ભાગ્ય ગણત. પણ ના, તમે જુઓ તો ખરા એમાં માણસો કેવા શ્રદ્ધાહીન અને આત્મબળ વિનાના થઈ જાય છે? એ લોકો એમ ભારપૂર્વક કહે છે કે ગીતા ક્ષેપક છે અને વેદ માત્ર ગામડિયાઓનાં લોકગીતો જ છે! એ લોકોને ભારતની બહારની પ્રજાઓ અને અન્ય બાબતો વિશે બધી ઝીણી વિગતો જાણવાનું ગમે છે, પરંતુ જો એમને પૂછો તો પોતાની સાત પેઢીનાં વડવાઓનાં નામ



પણ કહેતાં નહિ આવડે ત્યાં ચૌદ પેઢીની તો વાત જ ક્યાં રહી?

પ્રશ્ન : પણ એમાં શું? એ લોકો પોતાનાં બાપદાદાનાં નામ ન જાણે તો શું થઈ ગયું?

સ્વામીજી : એમ નથી. જે પ્રજાને પોતાનો ઈતિહાસ નથી તેને આ દુનિયામાં કંઈ જ નથી. તમને એમ લાગે છે કે જેનામાં 'હું ઊંચા કુળનો છું.' એવું અભિમાન હોય એ કદી હલકો બને? એ બની શકે જ કેવી રીતે? તેના પોતાનામાં રહેલી શ્રદ્ધા જ તેનાં કાર્યો અને લાગણીઓને સંયમમાં રાખે, અને તે પણ એટલે સુધી કે કંઈ ખોટું કરવા કરતાં તેઓ મરવાનું વધુ પસંદ કરે. તેથી પ્રજાનો રાષ્ટ્રીય ઈતિહાસ તેને ખૂબ સંયમમાં રાખે છે, તેને વધારે નીચે પડવા દેતો નથી. હા, હું જાણું છું કે તમે તુરત કહેશો કે : 'કોઈ પણ આપણે આવો એક ઈતિહાસ છે જ નહિ!' બરાબર, તમારી પેઠે વિચાર કરનારાઓના મત પ્રમાણે નથી, તેમ જ તમારી યુનિવર્સિટીના મોટા પંડિતોના મત પ્રમાણે કશો જ ઈતિહાસ નથી, અને તે જ પ્રમાણે જેઓ ખૂબ ઝડપભેર પશ્ચિમનો એક પ્રવાસ કરી આવીને યુરોપિયન ઢબે કોટપાટલૂન પહેરીને ભારપૂર્વક કહેવા લાગે છે કે 'આપણે પોતાનું કંઈ છે જ નહિ, આપણે જંગલી છીએ.' તેમને માટે પણ આપણો ઈતિહાસ નથી. અલબત્ત બીજા દેશોના ઈતિહાસ જેવો જ આપણો ઈતિહાસ નથી. જેમ કે આપણે ભાત ખાઈએ છીએ અને અંગ્રેજો તે ખાતા નથી. તો એ કારણસર શું તમે એમ કલ્પના કરવાના કે એ લોકો બધા ભૂખે મરી જાય છે, અને જડમૂળથી નાશ પામી જશે? એ લોકો પોતાના દેશમાં જે કાંઈ મેળવી શકે છે કે ઉત્પન્ન કરી શકે છે, તથા પોતાને જે અનુકૂળ છે તેના પર સાચી રીતે જીવી શકે છે. તેવી જ રીતે આપણે માટે જેવો હોવો જોઈએ તેવો જ આપણો પોતાનો ઈતિહાસ પણ છે. તમે આંખો બંધ કરીને

'અફસોસ! આપણે કશો ઈતિહાસ જ નથી!' એવી બૂમો મારો તેથી શું એ ઈતિહાસ અસ્તિત્વમાંથી નાબૂદ થઈ જવાનો છે? જેમને આંખો છે તેઓ તો આપણો જ્વલંત ઈતિહાસ જુએ છે અને જાણે પણ છે કે પ્રજા હજી એના જોરે જ જીવંત છે. પરંતુ એ ઈતિહાસ હવે ફરીથી લખવાની જરૂર છે. પાશ્ચાત્ય કેળવણી દ્વારા આજના જમાનામાં આપણા માણસોએ જ્ઞાન અને વિચારવાની પદ્ધતિઓ સ્વીકારી છે તેને અનુકૂળ તે હોવો જોઈએ, અને તે પ્રમાણે તેનું પુનરાલેખન થવું જોઈએ.

પ્રશ્ન : એ કરવું કંઈ રીતે?

સ્વામીજી : એ એટલો બધો વિશાળ વિષય છે કે અત્યારે જ એ વિશે કહી શકાય નહિ. એ કામ પાર પાડવા માટે 'ગુરુગૃહવાસ' ની પ્રાચીન પદ્ધતિ અને એ પ્રકારનું શિક્ષણ આપનારી સંસ્થાઓની આવશ્યકતા છે. આપણે જેની જરૂર છે તે વેદાંતની સાથોસાથ આધુનિક વિજ્ઞાનની. મુદ્રાલેખ તરીકે બ્રહ્મચર્યની અને શ્રદ્ધા તથા પોતાની જાતમાં આત્મવિશ્વાસની. બીજી જે એક વસ્તુની આપણને જરૂર છે તે ચાલુ શિક્ષણપદ્ધતિ નાબૂદ કરવાની છે. કારણ કે તે ગધેડાને મારી મારીને ઘોડો બનાવવાની વાત જેવી છે.

પ્રશ્ન : આપ શું કહેવા માંગો છો તે સમજાયું નહિ.

સ્વામીજી : જુઓ, વાત એમ છે કે કોઈ કોઈને શીખવી શકે નહિ. પોતે શિક્ષણ આપી રહ્યો છે એમ માની બેસવાથી શિક્ષક બધું બગાડે છે. આ કારણસર વેદાંત કહે છે કે બધું જ્ઞાન મનુષ્યની અંદર રહેલું છે - એક નાના વિદ્યાર્થીની અદંર પણ તેમ જ છે, માત્ર તેને જાગ્રત કરવાની જરૂર છે. શિક્ષકનું કામ પણ આટલું જ છે. આપણે વિદ્યાર્થીઓ માટે એટલું જ કરવાનું છે કે તેઓ પોતાના હાથ, પગ, આંખ, કાન વગેરેનો યોગ્ય



ઉપયોગ કરવામાં પોતાની બુદ્ધિને વાપરતાં શીખે, આમ થતાં પરિણામે બધું સહેલું થઈ જશે. પણ એનું મૂળ છે ધર્મ. ધર્મ એ જાણે કે ખોરાકની મુખ્ય વસ્તુ ભાત છે, અને બીજું બધું જાણે કે દાળશાક જેવું છે. એકલાં દાળશાક ખાવાથી અગર એકલા ભાત ખાવાથી અજીર્ણ થાય. આપણા શિક્ષણશાસ્ત્રીઓ આપણા છોકરાઓને પઢાવીને પોપટ બનાવી મૂકે છે, અને તેમનાં ભેજામાં અનેક વિષયો ઠાંસી ઠાંસીને મગજ ખરાબ કરી નાખે છે. એક દૃષ્ટિથી તમારે વાઈસરૉયને ઉપકાર માનવો જોઈએ કે તેમણે યુનિવર્સિટી પદ્ધતિની સુધારણા કરવાની - એટલે કે લગભગ ઉચ્ચ શિક્ષણને નાબૂદ કરવાની - દરખાસ્ત મૂકી જેથી શ્વાસ લેવાનો થોડો સમય મળતાં લોકોને નિરાંત વળશે અરે રામ! ગ્રેજ્યુએટ થવાને માટે શી દોડધામ અને ધાંધલ? અને વળી થોડા દિવસ પછી એ બધું ઠરીને ઠામ! અને એ બધાને અંતે તેઓ શીખે છે કે શું? તો કે આપણે ધર્મ અને રીતરિવાજો બધા જ ખરાબ છે અને પાશ્ચાત્યોનું બધું સારું, છે! પણ આખરે તો એ લોકો પોતાનું પેટ પણ પૂરું ભરી શકતા નથી. (પણ હું કહું છું કે) આ ઉચ્ચ કેળવણી રહે કે જાય, તો પણ એમાં થઈ શું ગયું? એ કરતાં તો લોકોને જો સહેજ પણ હુન્નર ઉદ્યોગનું શિક્ષણ મળે તો વધારે સારું. જેથી નોકરી માટે ચોમેર દોડાદોડી અને બૂમબરાડા પાડવાને બદલે તેમને કામ મળે અને તેઓ રોટલો કમાઈ શકે.

પ્રશ્ન : બરાબર છે, મારવાડીઓ વધુ ડાહ્યા છે, કારણ કે તેઓ નોકરી ન કરતાં ઘણા ખરા કોઈક ધંધામાં લાગી જાય છે.

સ્વામીજી : કેવી વાત કરો છો ! લોકો તો દેશનું સત્યાનાશ વાળવા બેઠા છે! તેમને પોતાના હિતનું પણ ભાન નથી. તેમના કરતાં તમે વધારે સારા છો કારણ કે તમારી નજર ઉત્પાદન તરફ છે. એ લોકો જે પૈસો

ધંધામાં રોકે છે તેમના પર તેમને માત્ર થોડાક ટકા જ નફો મળે છે, એમના ધંધાના ઘણા ખરા મોટા સોદાઓનો લાભ યુરોપિયનોને મળે છે તથા તેમનાં જ ખિસ્સાં ભરાય છે. તે કરતાં તેમણે થોડાંક કારખાનાંઓ અને ઉદ્યોગશાળાઓમાં તે મૂડી વાપરી હોત તો દેશનું કલ્યાણ થાત એટલું જ નહિ, પણ તેમને પણ ઘણા મોટા પ્રમાણમાં નફો થાત. માત્ર કાબૂલીઓ જ નોકરીની પરવા કરતા નથી, સ્વતંત્રતાની ભાવના તેમને હાડોહાડ ઊતરી ગયેલી છે. એમાંના એકાદને નોકરી કરવાનું કહી જુઓ એટલે શું પરિણામ આવે છે તેની ખબર પડશે!

પ્રશ્ન : વારુ, સ્વામીજી ! જો ઉચ્ચ કેળવણી નાબૂદ કરી નાખવામાં આવે તો માણસો પહેલાં હતા તેવા પશુ જેવા જડ નહિ બની જાય?

સ્વામીજી : શી અક્કલ વગરની વાત કરો છો? સિંહ કદીયે શિયાળ થઈ શકે? તમે શું કહેવા માગો છો? લોર્ડ કર્ઝન ઉચ્ચ શિક્ષણને નાબૂદ કરી નાખે એટલા માટે જે ભૂમિ અનંત કાળથી સમસ્ત વિશ્વનું જ્ઞાન દ્વારા પોષણ કરતી આવી છે, તે ભૂમિનાં સંતાનો પશુ જેવાં જડ થઈ જાય એ કદી સંભવિત છે?

પ્રશ્ન : પણ અંગ્રેજોના આગમન પહેલાં આપણા લોકો કેવા હતા અને અત્યારે તેઓ કેવા છે એ તો વિચાર કરો?

સ્વામીજી : ઉચ્ચ શિક્ષણનો અર્થ શું ભૌતિક વિજ્ઞાનોનો અભ્યાસ અને રોજિંદા ઉપયોગની ચીજોને સંચાઓ વડે પેદા કરવી એટલો જ છે? ઉચ્ચ શિક્ષણનો ઉપયોગ તો છે જીવનના પ્રશ્નનો ઉકેલ કેમ કરીને લાવવો એ શોધવું તે. એ જ પ્રશ્ન આધુનિક સંસ્કારી વિશ્વની ગંભીર વિચારણા તળે છે. પરંતુ આપણા દેશમાં તો એ પ્રશ્ન હજારો વરસ પૂર્વે જ ઉકેલાઈ ગયો હતો.



પ્રશ્ન : પરંતુ આપનું વેદાંત સુધ્ધાં લગભગ અદૃશ્ય થઈ જવાની અણી ઉપર હતું, એનું શું?

સ્વામીજી : તે હશે, એમાં શું? કાળના પ્રવાહમાં વેદાંતની જ્યોત જાણે કે અવારનવાર હોલવાઈ જવા આવી હોય તેવું દેખાય છે, અને એવું જ્યારે બને છે ત્યારે ઈશ્વરને માનવશરીરમાં અવતાર લેવો પડે છે. એ વખતે ધર્મમાં એવું ચેતન અને શક્તિ ઈશ્વર માનવશરીરમાં અવતાર લેવો પડે છે. એ વખતે ધર્મમાં એવું ચેતન અને શક્તિ ઈશ્વર પૂરે છે કે વળી પાછો કેટલાક સમય સુધી અપ્રતિહત જોમપૂર્વક તે ચાલ્યા કરે છે, ફરી પાછું નવું જીવન અને બળ તેનામાં આવે છે.

પ્રશ્ન : સ્વામીજી ! ભારતે બાકીના વિશ્વને પોતાના જ્ઞાનનો ફાળો મુક્ત હસ્તે આપ્યો છે, એનું પ્રમાણ શું છે?

સ્વામીજી : આ હકીકતની ઈતિહાસ પોતે જ સાક્ષી પૂરે છે. યોગ્ય તપાસ પછી માલૂમ પડ્યું છે કે જગતમાં આત્માને ઊંચે લઈ જનારા જે જે વિચારો અને વિદ્યાઓ અસ્તિત્વમાં છે તે બધાનું મૂળ ભારતમાં જ છે.

સ્વામીજી : તમે સમજ્યાને, આપણે જેની જરૂર છે તે પરદેશીઓના દબાણ વિના જે આપણાં એ વારસાગત જ્ઞાનની જુદી જુદી શાખાઓનો સ્વતંત્રપણે અભ્યાસ, અને તેની સાથે સાથે અંગ્રેજી ભાષા તથા પાશ્ચાત્ય વિજ્ઞાનનો પણ અભ્યાસ. હુન્નરઉદ્યોગનું શિક્ષણ તથા જે કાંઈ ઉદ્યોગને વિકસાવે તે બધાંની આપણને જરૂર છે, એથી લોકો નોકરીની શોધ કરવા કરતાં ઉદ્યોગમાંથી પોતાના ગુજારા પુરતું અને સાજેમાંદે કામ આવે એટલા સારું કંઈક બચે એટલું કમાઈ શકશે.

પ્રશ્ન : તે દિવસે સંસ્કૃત પાઠશાળા-પદ્ધતિ વિશે આપ શું કહેવા માંગતા હતા?

સ્વામીજી : શું તમે ઉપનિષદની વાર્તાઓ વાંચી નથી? લો, હું તમને એક આખ્યાયિકા સંભળાવું. સત્યકામ વિદ્યાભ્યાસ કરતા સારુ બ્રહ્મચારી તરીકે ગુરુને ઘેર હેવા ગયો. ગુરુએ કેટલીક ગાયો તેને હવાલે કરીને એ લઈને તેને જંગલમાં મોકલ્યો. ત્યાં ઘણા મહિનાઓ સુધી તે રહ્યો. પછી જ્યારે સત્યકામે જોયું કે ગાયોની સંખ્યા બમણી થઈ છે ત્યારે તેણે પાછા ગુરુ પાસે જવાનો વિચાર કર્યો. પાછા આવતાં રસ્તામાં એક સાંઢ, અગ્નિ અને બીજાં કેટલાંક પ્રાણીઓએ તેને પરમ બ્રહ્મ વિશેનું જ્ઞાન આપ્યું. જ્યારે તે પાછો આવ્યો, ત્યારે ગુરુ તેના ચહેરા સામું જોતાંવેંત જ સમજી ગયા કે પોતાના શિષ્યે બ્રહ્મજ્ઞાન મેળવ્યું છે. હવે આ કથાનો સાર એ છે કે પ્રકૃતિ સાથે નિરંતર તદ્‌રૂપ થઈને રહેવાથી સાચું શિક્ષણ મળે છે.

શિક્ષણ એ રીતે મેળવવું જોઈએ. નહિ તો એક પંડિતની પાઠશાળામાં ભણીભણીને તો તમારી આખી જિંદગી સુધી તમે એક નર-સ્વરૂપી વાનર થઈ રહેવાના. માણસે પોતાના નાનપણથી જ જેનું ચારિત્ર્ય જ્વલંત અગ્નિ સમાન હોય એવી વ્યક્તિ સાથે રહેવું જોઈએ, એની સામે સર્વોચ્ચ શિક્ષણનો જીવંત દાખલો રહેવો જોઈએ. 'ખોટું બોલવું એ પાપ છે' એવું માત્ર વાંચ્યા કરવાનો કાંઈ લાભ નથી. દરેક છોકરાને અખંડ બ્રહ્મચર્યપાલનની તાલીમ આપવી જોઈએ, ખરેખર ત્યારે જ તેનામાં શ્રદ્ધા આવશે. નહિતર, જેનામાં શ્રદ્ધા નથી તે ખોટું શા માટે ન બોલે? આપણા દેશમાં જ્ઞાન આપવાનું કાર્ય હંમેશાં ત્યાગી પુરુષો દ્વારા જ થતું આવ્યું છે. પાછળથી પંડિતોએ બધા જ્ઞાનનો ઈજારો પોતે રાખીને તથા પાઠશાળા પૂરતું જ તેને મર્યાદિત બનાવીને દેશને સર્વનાશને આરે આણી મૂક્યો છે. જ્યાં સુધી ત્યાગી પુરુષો જ્ઞાન આપતા હતા ત્યાં સુધી ભારતમાં બધા સારા સંજોગો હતા.



પ્રશ્ન : આપ આ શું કહો છો, સ્વામીજી ? બીજા દેશોમાં સંન્યાસીઓ નથી, છતાં તેમના જ્ઞાનના જોરે ભારત તેમને ચરણે કેવું નમી પડ્યું છે?

સ્વામીજી : ભાઈ ! નકામી વાતો જવા દો, અને હું કહું છું તે સાંભળો. જો ભારત પોતાના બાળકોને શિક્ષણ આપવાની જવાબદારી ત્યાગીઓને માથે નહિ મૂકે તો તેને હંમેશને માટે બીજાઓના જોડા માથે ઉપાડવા પડશે. શું તમે જાણતા નથી કે એક અભણ પણ ત્યાગી જુવાનિયાએ તમારા મોટા મોટા વૃદ્ધ પંડિતોનાંય માથાં ફેરવી નાખ્યાં હતા? એક વાર દક્ષિણેશ્વરના મંદિરમાં રાધાકાન્તના પૂજારી બ્રાહ્મણની ગફલતથી મૂર્તિનો એક પગ ભાંગી ગયો. એ મૂર્તિની બાબતમાં શું કરવું એનો નિર્ણય કરવા મોટા મોટા પંડિતોને તેડાવીને સભા ભરવામાં આવી. એ લોકોએ પ્રાચીન ગ્રંથો અને હસ્તલિખિત પ્રતોને ઉથલાવી ઉથલાવીને નિર્ણય જાહેર કર્યો કે શાસ્ત્રોના નિર્ણય પ્રમાણે આ ખંડિત મૂર્તિની પૂજા ચાલુ રાખી શકાય નહિ, તેને સ્થાને નવી મૂર્તિની સ્થાપના કરવી જોઈએ. એથી તો ભારે મોટો કોલાહલ થઈ પડ્યો. આખરે શ્રીરામકૃષ્ણને બોલાવવામાં આવ્યા. તેમણે બધું સાંભળ્યા પછી પૂછ્યું : 'પતિનો પણ પગ ભાંગી જાય તો બૈરી શું એ પતિને છોડી દે છે?' પરિણામ શું આવ્યું? બધા પંડિતો મૂંગા થઈ ગયા. આ સાદી વાતની સામે તેમનાં શાસ્ત્રોની બધી ચર્ચાઓ અને પંડિતાઈ ટકી શક્યાં નહિ. જો તમે કહો છો તે સાચું હોય, તો આ પૃથ્વી પર શ્રીરામકૃષ્ણના આગમનનો શો અર્થ છે? શા માટે એકલા પુસ્તકિયા જ્ઞાનને તેમણે એટલું બધું તુચ્છ ગણ્યું? જે નવજીવનનું જોમ તેઓ પોતાની સાથે લાવ્યા છે તેની વિદ્યામાં અને શિક્ષણમાં સંચાર કરવાનો છે, અને ત્યારે જ સાચું કાર્ય થશે.

પ્રશ્ન : કરવા કરતાં એમ કહેવું સહેલું છે.

સ્વામીજી : જો એ સહેલું હોત તો શ્રીરામકૃષ્ણને આવવાની જરૂર જ ન પડત. હવે તમારે જે કરવાનું છે તે એ છે કે દરેક શહેર અને દરેક ગામડામાં એક-એક મઠ સ્થાપવાનો છે. એ તમારાથી બનશે? કાંઈક તો કરો જ, છેવટે કલકત્તામાં એક મોટો મઠ સ્થાપો. એ કેન્દ્રના અધ્યક્ષસ્થાને એક સુશિક્ષિત સાધુને રાખો, તથા તેના હાથ નીચે વ્યાવહારિક વિજ્ઞાન અને કળાઓના શિક્ષણ વિભાગો રાખો. એ દરેક વિભાગોના ઉપરી તરીકે એકેક નિષ્ણાત સંન્યાસીને ગોઠવો.

પ્રશ્ન : આવા સાધુઓ તમને ક્યાં મળવાના?

સ્વામીજી : આપણે તેમને તૈયાર કરવાના છે. એટલા માટે હું હંમેશાં કહું છું કે જ્વલંત દેશપ્રેમ અને ત્યાગભાવનાભર્યા થોડાએક નવયુવકોની જરૂર છે. જેટલા અલ્પ સમયમાં ત્યાગી કોઈ પણ વસ્તુ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકે, તેટલા અલ્પ સમયમાં બીજો કોઈ નહિ મેળવી શકે.

થોડી વાર ચૂપ રહ્યા પછી સ્વામીજીએ કહ્યું : 'સિંધી ! આપણે દેશને માટે કરવાનાં એટલાં બધાં કામો બાકી પડ્યાં છે કે તમારા અને મારા જેવા હજારોની જરૂર છે. એકલી વાતોથી શું વળવાનું છે? દેશની શી દુર્દશા થઈ છે એ તો જુઓ? હવે કંઈક કરવું જ જોઈએ! નાનાં બાળકોને સારી રીતે અનુકૂળ થઈ પડે એવી એક ચોપડી પણ આપણી પાસે નથી.'

પ્રશ્ન : એમ કેમ કહો છો? બાળકો માટે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે લખેલી કેટલીયે ચોપડીઓ છે.

મારા એ કહેતાંની સાથે જ સ્વામીજી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા : 'હા, હા, છે, તેમાં લખ્યું છે : 'ઈશ્વર નિરાકાર ચૈતન્યસ્વરૂપ,' - 'સુબલ અતિ સુબોધ બાલક' વગેરે વગેરે. એ નહિ ચાલે. આપણે તો



રામાયણ, મહાભારત, ઉપનિષદો વગેરેમાંથી સાવ સરળ અને સાદી ભાષામાં નાની નાની વાર્તાઓની કેટલીક ચોપડીઓ બંગાળી અને અંગ્રેજીમાં રચવી જોઈએ, અને એ આપણાં નાનાં બાળકોને વાંચવા આપવી જોઈએ.'

દરમિયાન લગભગ અગિયાર થવા આવ્યા હતા. અચાનક આકાશ વાદળામાંથી ઘેરાઈ ગયું અને ઠંડો પવન વાવા લાગ્યો. વરસાદ આવવા જેવું થવાથી સ્વામીજીને બહુજ આનંદ થયો. તરત તેઓ ઊઠ્યા અને કહ્યું : 'સિંહા! ચાલો ગંગાને કાંઠે જરા લટાર મારવા જઈએ.' અમે ત્યાં ગયા એટલે તેમણે કાલિદાસના મેઘદૂતમાંથી કેટલાય શ્લોકો ગાઈ બતાવ્યા. પરંતુ મેં જોયું કે તેમના મનમાં આ બધો વખત વિચારોનો એક જ આંતરપ્રવાહ ચાલી રહ્યો હતો, અને તે હતોભારતનું કલ્યાણ. તેઓ બોલી ઊઠ્યા : 'જુઓ સિંધી! તમે એક કામ કરી શકશો? આપણાં બાળકોનાં લગ્નોને થોડા વખત માટે તમે બંધ કરાવી શકો?'

પ્રશ્ન : સ્વામીજી ! જ્યારે બાબુઓ લગ્નને વધુ સસ્તું બનાવવાનો સર્વ પ્રકારે પ્રયાસ કરી રહ્યા છે ત્યારે આપણે એને બંધ કરાવાનો વિચાર કેવી રીતે કરી શકીએ?

સ્વામીજી : એને માટે તમારે માથું પકવવાની જરૂર નથી, સમયનાં પૂરને કોણ અટકાવી શકવાનું છે? એવી બધી ચળવળો માત્ર ખાલી શબ્દોમાં જ પરિણમશે. લગ્નો જેમ મોંઘાં થાય તેમ દેશને માટે સારું. પરિક્ષામાં પાસ થઈને પરબારા પરણી જવાની કેટલી બધી ઉતાવળ? એમ લાગે કે જાણે કોઈ કુંવારું રહેવાનું જ નથી! પણ બીજે વર્ષે પાછું આનું એ જ.

થોડી વાર મૌન રાખ્યા પછી સ્વામીજી ફરીથી બોલ્યા : 'જો મને કેટલાક અપરિણીત ગ્રેજ્યુએટો મળે તો હું તેમને જાપાન મોકલીને ત્યાં તેમના હુન્નરઉદ્યોગના શિક્ષણની વ્યવસ્થા કરું, જેથી તેઓ જ્યારે પાછા

આવે ત્યારે પોતાનું મેળવેલ જ્ઞાન ભારતના કલ્યાણ અર્થે ઉપયોગમાં લગાડી શકે. એવું બને તો એ કેટલું સરસ થાય!'

પ્રશ્ન : સ્વામીજી ! ઈંગ્લેન્ડ જવા કરતાં જાપાન જવું શું આપણે માટે વધું સારું છે?

સ્વામીજી : ચોક્કસ ! મારા અભિપ્રાય મુજબ આપણા બધા શ્રીમંતો અને ભણેલા માણસો જો એક વાર જાપાન જોઈ આવે તો તેમની આંખો ઊઘડી જાય.

પ્રશ્ન : કેવી રીતે?

સ્વામીજી : જાપાનમાં તમે જ્ઞાનને સારી રીતે પચાવેલું જોઈ શકશો. આપણા અહીંની પેઠે તેનું અજીર્ણ થયેલું નથી. યુરોપિયનો પાસેથી એ લોકોએ બધું લીધું છે ખરું, પણ તે છતાં એ લોકો અસલમાં જાપાની જ રહ્યા છે, યુરોપિયન થઈ ગયા નથી, જ્યારે આપણા દેશમાં પાશ્ચાત્ય થઈ જવાની ભયંકર ધૂનનો ભારે જબરો ચેપ ફેલાયેલો છે.

## ૧૮. સંન્યાસ અને બ્રહ્મજ્ઞાન

(સ્થળ : બેલૂર મઠ, સને ૧૮૯૯)

શિષ્ય : તો પછી સંન્યાસ વિના બ્રહ્મજ્ઞાન મળી શકે નહિ એ સાચું છે ખરું?

સ્વામીજી : સાચું છે, હજાર વાર સાચું છે, અંતર અને બાહ્ય બંને પ્રકારનો સંન્યાસ આવશ્યક છે - હૃદયથી તેમ જ દુન્યવી દૃષ્ટિથી પણ ત્યાગ, ઉપનિષદના 'तमसो वाप्यलिङगात्' વાળા સૂત્રના ભાષ્યમાં શંકરાચાર્ય કહે છે કે સંન્યાસનાં બાહ્ય ચિહ્નો (ભગવો ઝભ્ભો, દંડ, કમંડલુ વગેરે)



વિના સાધના કરવાથી દુર્લભ બ્રહ્મની અનુભૂતિ થતી નથી. સંસાર પ્રત્યે અનાસક્તિ વિના, ત્યાગ વિના, ભોગની તૃષ્ણા છોડ્યા વિના, આધ્યાત્મિક જીવનમાં કંઈ પણ મેળવી શકાય નહિ. તે કંઈ બાળકના હાથ માંહેની મીઠાઈ જેવી ચીજ નથી કે તેને યુક્તિથી પડાવી લઈ શકો.' (રામપ્રસાદનું ભજન)

શિષ્ય : પણ સ્વામીજી ! આધ્યાત્મિક સાધના કરતાં કરતાં એ ત્યાગ આવી શકે છે.

સ્વામીજી : જેને તે ધીરે ધીરે મળે તેને તે રીતે તે મેળવવા દો. પણ તમારે બેઠાં બેઠાં તેની રાહ શા માટે જોવી જોઈએ? આધ્યાત્મિકતાનાં જળ તમારા જીવનમાં રહેવા લાગે તેવી નહેર ખોદવામાં હમણાં જ લાગી જાઓ. શ્રીરામકૃષ્ણદેવ ધર્મપ્રાપ્તિની બાબતમાં ધીરાશ સેવવાની એટલે કે ધર્મપ્રાપ્તિ ધીરે ધીરે થશે, તેને માટે કંઈ ઉતાવળની જરૂર નથી, એવા વિચારને ત્યાજ્ય ગણતા. જ્યારે તરસ લાગે ત્યારે શું કોઈ નિરાંતે બેસી શકે છે? શું તે પાણી મેળવવા માટે દોડાદોડ નથી કરતો? આધ્યાત્મિકતા માટેની તમને તૃષા લાગી નથી માટે જ તમે નિષ્ક્રિય બેસી રહો છો, જ્ઞાન માટેની જિજ્ઞાસા પ્રબળ બની નથી તેથી જ તમે સાંસારિક જીવનના ક્ષુદ્ર આનંદથી સંતોષ માનો છો.

શિષ્ય : મને બધું ત્યાગ કરવાની ઈચ્છા કેમ થતી નથી તે હું ખરેખર સમજી શકતો નથી. કૃપા કરીને તેનો કોઈ માર્ગ સૂચવો.

સ્વામીજી : સાધન અને સાધ્ય બધું જ તારા હૃદયમાં છે, હું તો માત્ર તેને વેગ આપી શકું, તેં તો કેટલાંય શાસ્ત્રો વાંચ્યાં છે, અને એવા બ્રહ્મજ્ઞાની સાધુઓની સેવા અને સત્સંગ કરે છે છતાં તારામાં ત્યાગની ભાવના ન જાગે તો તારું જીવન વ્યર્થ છે! પણ તે સાવ વ્યર્થ થવાનું નથી,

કાળક્રમે એની અસર એક અગર બીજી રીતે દેખાશે જ.

શિષ્ય બહુ નિરાશ થયો અને ફરી સ્વામીજીએ કહ્યું : 'સ્વામીજી ! હું આપને શરણે આવ્યો છું. મારે માટે મુક્તિનો માર્ગ ખુલ્લો કરો, જેથી આ જ શરીર દ્વારા હું સત્યનો સાક્ષાત્કાર કરી શકું.'

સ્વામીજી : શો ભય છે? સર્વદા વિચાર કર્યા કરો : તમારો દેહ, તમારું ઘર, આ જીવો અને જગત બધાંય સ્વપ્ન જેવાં તદ્દન મિથ્યા છે. હંમેશાં એવો વિચાર રાખો કે આ શરીર એક જડ સાધન માત્ર છે, અને તમારા અંતરમાં રહેલો પુરુષ એ તમારો સાચો સ્વભાવ છે. મન રૂપ ઉપાધિ તે એનું પ્રથમ અને સૂક્ષ્મ આવરણ છે, અને પછી આ દેહ, જે તેનું સ્થૂળ - બહારનું આવરણ છે. અખંડ, અપરિણામી સ્વયંપ્રકાશી પુરુષ આ મિથ્યા આવરણોથી ઢંકાયેલો છે, તેથી તમારો ખરો સ્વભાવ તમે જાણતા નથી. હંમેશાં ઈંદ્રિયોની પાછળ દોડતા મનની ગતિ અંતર્મુખ બનાવવી જોઈએ. મનનો નાશ કરવો જોઈએ. શરીર તો સ્થૂળ છે, તે મૃત્યુ પામે છે અને પંચભૂતમાં લય પામે છે. પણ સંસ્કારોનો પૂંજ જે મન તે પાછળ રહે છે, તેનો નાશ જલદી થતો નથી. થોડો સમય તે બીજ રૂપે રહે છે અને પછી અંકુરિત થઈને વૃક્ષના આકાર લે છે - નવું સ્થળ શરીર ધારણ કરે છે. જ્યાં સુધી આત્મજ્ઞાનનો ઉદય થતો નથી, ત્યાં સુધી જન્મમરણના ફેરામાં તે ફર્યા કરે છે. માટે જ હું કહું છું કે ધ્યાન, એકાગ્રતા અને તત્ત્વચિંતન દ્વારા મનને નિર્વિશેષ સચ્ચિદાનંદના સાગરમાં ડુબાડી દો. મન જ્યારે નાશ પામે છે ત્યારે સર્વ ઉપાધિઓનો લય થાય છે, અને જીવ બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે.



## ૧૯. શ્રીરામકૃષ્ણના જુદી જુદી કક્ષાના ભક્તો

(સ્થળ : કલકત્તાથી મઠ ભણી આવતાં હોડીમાં. સને ૧૯૦૨)

શિષ્ય : સ્વામીજી! શ્રીરામકૃષ્ણના ગૃહસ્થી અને સંન્યાસી શિષ્યોના સમાગમમાં હું આટલાં બધાં વર્ષો રહ્યો છું. મેં તેમની પાસેથી સાંભળ્યું છે કે તેઓ બધા શ્રીરામકૃષ્ણના ભક્તો છે.

સ્વામીજી : હા, તેઓ બધા શ્રીરામકૃષ્ણના ભક્તો છે ખરા, પણ બધા ભક્તો તેમના અંતરંગ શિષ્યો નથી હોતા. કાશીપુર બાગમાં રહેતા ત્યારે શ્રીરામકૃષ્ણદેવે અમને કહેલું : 'જગન્માતાએ મને બતાવ્યું છે કે આ બધા મારા અંતરંગ ભક્તો નથી.' શ્રીરામકૃષ્ણે તે દિવસે આ વાક્ય તેમના પુરુષ અને સ્ત્રી બંને ભક્તોને અનુલક્ષીને કહેલું.

પછી શ્રીરામકૃષ્ણ ઊંચી અને નીચી આમ જુદી જુદી કક્ષાના ભક્તો વિશે કેવી રીતે કહેતા તે બતાવીને સ્વામીજીએ લંબાણપૂર્વક ગૃહસ્થી અને સંન્યાસીના જીવન વચ્ચેનો મોટો ભેદ શિષ્યને સમજાવવા માંડ્યો.

સ્વામીજી : શું એ શક્ય છે કે માણસ કામિની અને કાંચનની સેવા કરે અને સાથોસાથ શ્રીરામકૃષ્ણને સાચી રીતે સમજી શકે? આ કદી શક્ય બને? આવા શબ્દોમાં કદીય શ્રદ્ધા રાખશો નહિ. શ્રીરામકૃષ્ણના ભક્તોમાંના ઘણા હવે પોતાને ઈશ્વર કોટિના, અંતરંગ વગેરે જાહેર કરે છે. તેઓ તેમનો મહાન ત્યાગ અને વૈરાગ્ય સ્વાકારી શક્યા નથી, છતાં પોતાને અંતરંગ શિષ્યો તરીકે ઓળખાવે છે! એવા બધા શબ્દોં ફેંકી દો. તેઓ તો ત્યાગીઓના સમ્રાટ હતા, તેમની કૃપા મેળવ્યા પછી કામ અને કાંચનના ભોગમાં પોતાનું જીવન કોઈ વ્યતીત કરી શકે ખરા?

શિષ્ય : તો પછી સ્વામીજી ! શું, જેઓ દક્ષિણેશ્વર તેમની પાસે

આવતા, તે તેમનાં ભક્તો ન હતા?

સ્વામીજી : એવું કોણ કહે છે? જે કોઈ શ્રીરામકૃષ્ણ પાસે ગયા છે તે આધ્યાત્મિકતામાં આગળ વધ્યા છે, વધે છે અને વધશે. શ્રીરામકૃષ્ણ કહેતા કે પૂર્વ કલ્પમાં સિદ્ધ થયેલા ઋષિઓ માનવ શરીર ધારણ કરી અવતારો સાથે પૃથ્વી પર જન્મે છે, તેઓ ઈશ્વરની લીલાના સહચરો છે. ઈશ્વર તેઓ દ્વારા કાર્ય કરે છે અને પોતાના ધર્મનો પ્રચાર કરે છે. જેઓ બીજા માટે પોતાના સર્વ સ્વાર્થનો ત્યાગ કરે છે, જેઓ તમામ ઈંદ્રિય સુખોને ઘૃણાપૂર્વક છોડી દે છે અને જેઓ જગતના ભલા માટે તથા જીવોના કલ્યાણ માટે જ જીવે છે, તેઓ જ અવતારોના સહચરો છે એ ચોક્કસ જાણવં. ઈસુના શિષ્યો બધા જ સંન્યાસી હતા, શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, શ્રી ચૈતન્ય અને ભગવાન બુદ્ધની સાક્ષાત્ કૃપા પામેલાઓ સર્વત્યાગી સંન્યાસીઓ હતા અને શિષ્ય પરંપરા દ્વારા જગતમાં બ્રહ્મવિદ્યાનો પ્રસાર કરતા આવ્યા છે. તે ક્યાંયે અને ક્યારે પણ એવું સાંભળ્યું છે કે જે માણસ કામ અને કાંચનનો દાસ હોય તે બીજાને મુક્ત કરી શકે કે ઈશ્વરનો માર્ગ બતાવી શકે? પોતે મુક્ત થયા વિના બીજાને તે કેવી રીતે મુક્ત કરી શકે? વેદ, વેદાંત, ઈતિહાસ, પુરાણોમાં બધે જોશો કે સર્વ કાળે અને સર્વ દેશમાં સંન્યાસીઓ જ ધર્મના ઉપદેશકો થાય છે. ઈતિહાસનું પુનરાવર્તન થયા કરે છે, આજે પણ એવું જ બનશે. સર્વધર્મ સમન્વયના ઉપદેશક શ્રીરામકૃષ્ણદેવના સમર્થ સંન્યાસી સંતાનો-શિષ્યો સર્વત્ર માનવોના ગુરુ તરીકે પ્રતિષ્ઠા પામશે, બીજાઓનો ઉપદેશ બકવાદ માફક હવામાં ઊડી જશે. મઠના સાચા સ્વાર્થત્યાગી સંન્યાસીઓ ધર્મભાવના રક્ષણ અને પ્રચાર-પ્રસાર માટેના કેન્દ્રરૂપ બનશે. સમજ્યા?

શિષ્ય : તો પછી શ્રીરામકૃષ્ણ દેવના ગૃહસ્થી ભક્તો, જેઓ જુદી



જુદી રીતે તેમના વિશે પ્રચાર કરે છે, તે શું યોગ્ય નથી?

સ્વામીજી : તેઓ સદંતર ખોટા છે તેમ કહી શકાય નહિ. પણ તેઓ શ્રીરામકૃષ્ણ વિશે જે કહે છે તે માત્ર અંશતઃ સત્ય છે. દરેક માણસ પોતાની શક્તિ પ્રમાણે શ્રીરામકૃષ્ણને સમજે છે અને તે જ રીતે તેમના વિશે વાતો કરે છે. તેમ કરવું તે ખરાબ પણ નથી. પણ જો તેમના કોઈ ભક્તે એવો નિર્ણય કરી લીધો હોય કે પોતે તેમના વિશે જે સમજ્યો છે તે જ માત્ર સાચું છે, તો તેની દયા ખાવી જોઈએ. કેટલાક એમ કહે છે કે શ્રીરામકૃષ્ણ તાંત્રિક અને કૌલ હતા, તો કેટલાક એમ કહે છે કે તેઓ 'નારદીય ભક્તિ' શીખવવા માટે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરેલા શ્રીચૈતન્ય હતા, તો કેટલાક વળી એમ માને છે કે આધ્યાત્મિક સાધના કરવી તે તેમને અવતાર તરીકે માનવા વિરુદ્ધ છે, જ્યારે કેટલાક એવો અભિપ્રાય પણ આપે છે કે સંન્યાસ લેવો તે તેમના ઉપદેશને અનુરૂપ નથી. ગૃહસ્થી ભક્તો પાસેથી તમે આવું સાંભળશો, પણ આવા એકતરફી અભિપ્રાયોને તમે ગણકારશો નહિ. તેઓ કોણ હતા - અગાઉના કેટલા અવતારોની સારભૂત મૂર્તિ હતા - તે આપણે જિંદગી આખી કઠોર તપશ્ચર્યામાં ગાળ્યા પછી પણ લેશમાત્ર સમજી શક્યા નથી, માટે જ તેમના વિશે સંયમ અને વિવેકપૂર્ણ રીતે બોલવું જોઈએ. જેવી જેની ગ્રહણશક્તિ તે પ્રમાણે તેમણે તેનામાં ભાવના રેડી છે. તેમના આધ્યાત્મિકતાના સાગરમાંથી માણસ એક ટીપું પણ મેળવી શકે તો તે દેવ બની જાય. આવા વિશ્વવ્યાપી વિચારોનો સમન્વય તમે જગતના ઈતિહાસમાં ફરી કદી નહિ જુઓ. આ ઉપરથી શ્રીરામકૃષ્ણ રૂપે કોણ આવ્યું હતું તે સમજી લો. જ્યારે તેઓ પોતાના સંન્યાસી શિષ્યોને ઉપદેશ આપતા ત્યારે પોતે આસનેથી ઊભા થઈને જોઈ લેતા કે કોઈ ગૃહસ્થી તે બાજુથી આવે છે કે

કેમ. જો કોઈ ન દેખાય તો જ જવલંત શબ્દોમાં તેઓ ત્યાગ અને તપશ્ચર્યાનો મહિમા સમજાવતા. આ પ્રખર વૈરાગ્યની પ્રેરક શક્તિને પરિણામે અમે સંસારનો ત્યાગ કર્યો છે અને સંસાર વ્યવહારથી વિમુખ બન્યા છીએ.

શિષ્ય : સંન્યાસીઓ અને ગૃહસ્થીઓ વચ્ચે તેઓ કેટલો બધો ભેદ રાખતા હતા !

સ્વામીજી : આ બાબતમાં ગૃહસ્થી ભક્તોને પૂછીને જ જાણી લેવું. તું પોતે પણ વિચાર કરીને જાણી શકે છે કે કોણ વધારે મહાન છે. જે સંતાનોએ ઈશ્વરદર્શન માટે સાંસારિક જીવનના તમામ ભોગોનો ત્યાગ કર્યો છે અને પર્વતો તથા અરણ્યોમાં, તીર્થસ્થાનો અને આશ્રમોમાં તપશ્ચર્યામાં પોતાની જાતને હોમી દીધી છે તેઓ, કે જેઓ તેઓશ્રીનાં યશોગાન અને સ્મરણ - મનન કરવા છતાં દુનિયાની ભ્રમણા કે બંધનમાંથી ઊંચે આવી શકતા નથી તેઓ? બે પૈકી કોણ વધારે મહાન છે? જેઓ તમામ જીવોમાં ઈશ્વરભાવ રાખીને તેમની સેવા કરવા આગળ આવે છે, જેઓ બચપણથી જ બ્રહ્મચારી છે તથા ત્યાગ અને વૈરાગ્યની જેઓ જીવંત પ્રતિમા છે તેઓ, કે જેઓ માખીની માફક એક વખત ફૂલ ઉપર અને બીજી જ ક્ષણે ઉકરડા ઉપર બેસે છે તેઓ? તું પોતે જ ઊંડો વિચાર કરીને નિર્ણય ઉપર આવી શકે છે.

શિષ્ય : પણ સ્વામીજી ! જેઓ તેઓશ્રીની કૃપા પામ્યા છે તેમને માટે દુનિયાની કિંમત શી છે? તેમને માટે ગૃહસ્થીનું જીવન હોય કે સંન્યાસીનું જીવન હોય, તે કોઈ અગત્યનું નથી એમ મને લાગે છે.

સ્વામીજી : જેમને તેઓશ્રીની કૃપા ખરેખરી મળી છે તેઓ સંસારમાં આસક્ત હોઈ શકે નહિ. તેઓશ્રીની કૃપાની કસોટી જ કામ અને કાંચન પ્રત્યેની અનાસક્તિ છે. જો કોઈના જીવનમાં એ ઊતરી ન હોય તો તેમને



તેઓશ્રીની ખરેખરી કૃપા મળી નથી એમ સમજવું.

જ્યારે આ ચર્ચા પૂરી થઈ ત્યારે શિષ્યે બીજો વિષય લઈ સ્વામીજીને પૂછ્યું : 'સ્વામીજી ! અહીં અને પરદેશમાં કરેલી આપની સઘળી મહેનતું પરિણામ શું છે?'

સ્વામીજી : જે કંઈ થયું છે તેની બહુ થોડી જ અભિવ્યક્તિ હમણાં તું જોઈ શકીશ. સમય જતાં આખી દુનિયાને શ્રીરામકૃષ્ણના વિશ્વવ્યાપી અને ઉદાર વિચારો સ્વીકારવા પડશે. આ બાબતનો માત્ર પ્રારંભ જ થયો છે. આખરે આ પૂરમાં બધા તણાઈ જવાના.

શિષ્ય : કૃપા કરીને મને શ્રીરામકૃષ્ણ વિશે વધુ કહો. આપને મુખેથી તેઓશ્રી વિશે સાંભળવું મને બહુ ગમે છે.

સ્વામીજી : તું બધો વખત તેઓ વિશે ઘણું સાંભળે છે, વધારે શું જોઈએ? તેમની સરખામણી તેમની પોતાની સાથે જ થઈ શકે, અન્ય કોઈ એમની તોલે આવી શકે ખરું?

# ૭. પ્રશ્નોત્તરી

પ્રશ્ન : વેદાન્તનો સાક્ષાત્કાર કેવી રીતે થાય?

ઉત્તર : 'શ્રવણ, મન અને નિદિધ્યાસન દ્વારા.' શ્રવણ સદ્‌ગુરુ પાસેથી કરવું જોઈએ. માણસ પોતે ભલે નિયમસરનો શિષ્ય ન હોય તો પણ જો સાચી જિજ્ઞાસુ હોય અને સદ્‌ગુરુના શબ્દો સાંભળે તો તે મુક્ત થાય.

પ્રશ્ન : સદ્‌ગુરુ કોણ?

ઉત્તર : જેનામાં ગુરુ-પરંપરાથી આધ્યાત્મિક શક્તિ ઊતરી આવી હોય તે સદ્‌ગુરુ. આધ્યાત્મિક ગુરુ થવું એ અતિ કઠિન બાબત છે. ગુરુ થાય તેણે શિષ્યના પાપ પોતાના ઉપર લેવાં પડે. આધ્યાત્મિક માર્ગમાં આગળ વધ્યા ન હોય તેવાઓને માટે આમાં પતનનો પૂરેપૂરો સંભવ છે. જો માત્ર શારીરિક રોગાદિથી જ પતી જાય તો તેણે પોતાની જાતને નસીબદાર સમજવી.

પ્રશ્ન : ગુરુ શિષ્યને યોગ્ય બનાવી ન શકે?

ઉત્તર : અવતારી પુરુષ કરી શકે, સામાન્ય ગુરુ નહિ.



પ્રશ્ન : મુક્તિ મેળવવાનો કોઈ સહેલો રસ્તો નથી?

ઉત્તર : 'ભૂમિતિ શીખવવાનો કોઈ બાદશાહી રસ્તો નથી' સિવાય કે જેઓ અવતારી પુરુષના સંસર્ગમાં આવવાને ભાગ્યસાળી થયા હોય. શ્રીરામકૃષ્ણ કહેતા : 'જેમનો છેલ્લો જન્મ હશે તેઓ ગમે તે રીતે અહીં (મારી પાસે) આવશે.'

પ્રશ્ન : યોગમાર્ગ સહેલો માર્ગ નથી?

ઉત્તર : (મજાકમાં) તમે તો બહું સારું કહી નાખ્યું! - યોગમાર્ગ સહેલો માર્ગ! જો તમારું મન અશુદ્ધ હોય અને તમે યોગ કરવા જાઓ તો કદાચ તમે થોડીક સિદ્ધિઓ મેળવો, પરંતુ એ તમને મહાવિઘ્નરૂપ થઈ પડશે. માટે મનની પવિત્રતા એ સૌથી પહેલી આવશ્યકતા છે.

પ્રશ્ન : એ કેમ કરીને પ્રાપ્ત થાય?

ઉત્તર : સત્કર્મોથી. સત્કર્મ બે પ્રકારનાં છે : વિધિરૂપ અને નિષેધરૂપ. ચોરી કરવી નહીં' એ આદેશરૂપ નિષેધરૂપ છે, અને 'બીજાનું ભલું કરો'એ આદેશ વિધિરૂપ છે.

પ્રસ્ન : 'બીજાઓનું ભલું કરો' એ આદેશ પ્રમાણે ઉચ્ચ અવસ્થાએ પહોંચ્યા પછી વર્તીએ તો ન ચાલે? કારણ, નહિતર એ સંસારમાં બાંધી રાખે.

ઉત્તર : પ્રાથમિક અવસ્થામાં એ પ્રમાણે વર્તવું જોઈએ. જેનામાં પ્રથમથી જ કંઈક ઈચ્છા રહી હોય તે ભ્રમમાં પડે અને બદ્ધ થઈ પડે, પણ બીજા નહિ. ક્રમેક્રમે એ સાવ સહજ થઈ જશે.

પ્રશ્ન : સ્વામીજી ! કાલે રાત્રે આપે કહ્યું કે 'તમારામાં સર્વ કંઈ રહેલું છે.' ત્યારે હું જો વિષ્ણુ જેવો થવા ઈચ્છું તો મારે વિષ્ણુની મૂર્તિ ઉપર ધ્યાન કરવું પડશે કે એકલી વિષ્ણુની ભાવના પર?

ઉત્તર : શક્તિ અનુસાર માણસ બેમાંથી ગમે તે માર્ગ લઈ શકે.

પ્રશ્ન : આત્મસાક્ષાત્કારનો ઉપાય શો?

ઉત્તર : ગુરુ એ આત્મસાક્ષાત્કારનો ઉપાય છે. 'ગુરુ વિના જ્ઞાન ન થાય.'

પ્રશ્ન : કેટલાક કહે છે ધ્યાન કરવા માટે પૂજાના ઓરડામાં બેસીને ધ્યાન કરવાની કશી જરૂર નથી. એ કેટલે અંશે સાચું છે?

ઉત્તર : જેઓને ઈશ્વરના સાનિધ્યનો સાક્ષાત્કાર થઈ ચૂક્યો છે તેમને માટે તે આવશ્યક ન હોય, પરંતુ બીજાઓને માટે એ આવશ્યક છે. તો પણ માણસે આકારથી પર જવું જોઈએ અને ઈશ્વરના નિરાકાર સ્વરૂપનું ધ્યાન ધરવું જોઈએ, કારણ કે કોઈ પણ આકાર મુક્તિ આપી શકે નહિ. સાકારનાં દર્શનથી તમને સાંસારિક સંપત્તિ મળે. જે પોતાની માતાની સેવા કરે, તે સંસારમાં સફળ થાય : જે પોતાના પિતાનીસેવા કરે તેને સ્વર્ગ મળે, પરંતુ જે સાધુ-સેવા કરે તેને જ્ઞાન અને ભક્તિ મળે.

પ્રશ્ન : ક્ષણમિહ સજ્જનસંગતિરેકા । ભવતિ ભવાર્ણવતરણે નૈકા । એટલે સજ્જનો સાથેની ઘડી ભરની સોબત પણ આ ભવસાગરને તરવાની નૌકારૂપ બને છે. તેનો અર્થ શું?

ઉત્તર : યોગ્ય મુમુક્ષુ સાચા સાધુનાં સંગમાં આવે તો તે મુક્તિને મેળવે. સાચા સાધુઓ બહુ દુર્લભ છે, પણ તેમનો પ્રભાવ એવો છે કે કોઈક મહાન લેખકે કહ્યું છે કે તેમ 'દુર્ગુણ દંભના રૂપમાં સદ્‌ગુણની પ્રશંસા કરે છે.' પરંતુ અવતારો કપાલમોચન હોય છે, એટલે કે તેઓ માણસનું ભાગ્ય ફેરવી શકે, તેઓ સમસ્ત જગતને હલાવી શકે. ઓછામાં ઓછી જોખમકારક અને ઉત્તમ પ્રકારની પૂજા છે માનવપૂજા. જેને મનુષ્યમાં બ્રહ્મદર્શન થાય તેને સમગ્ર વિશ્વમાં એ થયું સમજવું. સંન્યસ્તાશ્રમ અને ગૃહસ્થાશ્રમ બન્ને જીવન ભિન્નભિન્ન સંજોગોમાં સારાં છે, આવશ્યક વસ્તુ છે એકમાત્ર જ્ઞાન.



પ્રશ્ન : માણસે ધ્યાન કયા કેન્દ્ર ઉપર કરવું? મનને શરીરની અંદર એકાગ્ર કરવું કે બહાર?

ઉત્તર : અંદર ધ્યાન કરવાનો પ્રયાસ કરવો. મન અહીંતહીં ભટકવાની બાબતમાં તો આપણે માનસિક ભૂમિકાએ પહોંચીએ તે પહેલાં ઘણો સમય લાગે. અત્યારે તો આપણી મથામણ શરીર સાથે છે. જ્યારે આસન સ્થિર થાય, ત્યારે અને ત્યારે જ મનની સાથે લડાઈ શરૂ થાય. આસનજય થાય એટલે શરીરનાં અંગો નિશ્ચળ રહે, અને ખુશી પડે ત્યાં સુધી બેસી શકાય.

પ્રશ્ન : કેટલીક વાર જપનો કંટાળો આવે છે. ત્યાર પછી એ ચાલુ રાખવો કે તેને બદલે કોઈક સદ્‌ગ્રંથનું વાંચન કરવું?

ઉત્તર : જપમાં કંટાળો આવવાનાં બે કારણો હોય, કોઈ વાર મગજ થાકી જાય, તો કોઈક વાર એ આળસને લીધે હોય. જો મગજ થાકી જાય તો તાત્કાલિક જપને મૂકી દેવો, કારણ કે એ વખતે એમાં મંડ્યા રહેવાથી વિચિત્ર ભ્રમણાઓ દેખાવા લાગે, કે પાગલ થઈ જવાનો ભય રહે. પરંતુ જો આળસને લીધે જપમાં કંટાળો આવતો હોય તો મનને જોર કરીને પણ જપમાં લગાડવું.

પ્રશ્ન : ક્યારેક જપ કરતી વખતે પ્રથમ આનંદ થાય, પરંતુ પછી જાણે કે આનંદને લીધે જ જપ ચાલુ રાખવાનું મન ન થાય. એ વખતે પછી જપ ચાલું રાખવો?

ઉત્તર : હા, ચાલુ રાખવો. એ આનંદનું નામ રસાસ્વાદન છે, અને તે આધ્યાત્મિક સાધનામાં વિઘ્ન છે, તેનાથી પર તવું જોઈએ.

પ્રશ્ન : મન ભટકતું હોય તો પણ લાંબા સમય સુધી જપ ચાલુ રાખવો એ સારું ખરું?

ઉત્તર : હા, જેમ કેટલાક લોકો વણપલોટ્યા ઘોડા પર હંમેશાં જીન નાખી રાખીને તેને પલોટે છે તેમ.

પ્રશ્ન : આપ આપના ભક્તિયોગમાં જણાવ્યું છે કે જો નબળા બાંધાનો માણસ યોગસાધના કરવા જાય તો તેની જબરજસ્ત પ્રક્રિયા થાય. ત્યારે શું કરવું?

ઉત્તર : આત્માનો સાક્ષાત્કાર કરતાં મૃત્યુ આવે તો પણ તેમાં ડરવા જેવું શું છે? વિદ્યા અને બીજી અનેક બાબતો ખાતર મરી જતાં માણસને જો ડર નથી લાગતો તો પછી ઈશ્વર શા માટે મરવામાં શા માટે ડરવું?

પ્રશ્ન : જીવસેવા (પ્રાણીઓની સેવા) એકલી જ મુક્તિ આપી શકે?

ઉત્તર : જીવસેવા સીધી રીતે નહિ પરંતુ આડકતરી રીતે ચિત્તશુદ્ધિ દ્વારા મુક્તિનું સાધન બની શકે. પરંતુ જો કોઈ બાબત તમે યોગ્ય રીતે કરવા માગતા હો, તો તેટલા પૂરતા તમારે એમ માનવું જોઈએ કે એ બાબત જ તમારું સર્વસ્વ છે. કોઈ પણ સંપ્રદાયમાં ભય એ છે કે ખંતનો અભાવ થઈ જાય છે. માણસમાં નિષ્ઠા ટકી રહેવી જોઈએ, નહિતર વિકાસ ન થાય, આજને કાળે કર્મ ઉપર ભાર મૂકવાનું આવશ્યક બન્યું છે.

પ્રશ્ન : (સેવા) કાર્ય કરવામાં આપણો હેતુ શો હોવો જોઈએ? દયા કે બીજો કોઈ?

ઉત્તર : દયાની ભાવનાથી કોઈનું ભલું કરવું એ સારું છે, પરંતુ ઈશ્વરનાં સ્વરૂપ સમજીને સર્વ જીવોની સેવા કરવી એ વધુ સારું છે.



પ્રશ્ન : પ્રાર્થનાની ઉપયોગિતા શી?

ઉત્તર : પ્રાર્થનાથી માણસની સૂક્ષ્મ શક્તિઓ સહેલાઈથી જાગ્રત કરી શકાય છે અને જો સમજપૂર્વક કરવામાં આવે તો તેનાથી બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ શકે છે, માત્ર અજાણ રીતે કરવામાં આવે તો કદાચ દસમાંથી એકાદ સફળ થાય. છતાં પણ આવી પ્રાર્થના સ્વાર્થી છે અને તેથી તેનો ત્યાગ કરવો જોઈએ.

પ્રશ્ન : ઈશ્વર માનવશરીર ધારણ કરીને આવે ત્યારે તેને ઓળખવો કેમ કરીને?

ઉત્તર : લોકોનું ભાગ્ય જે વ્યક્તિ પલટી શકે તે ઈશ્વર. સાધુ ગમે તેટલો આગળ વધેલો હોય પરંતુ તે આ અપૂર્વ સ્થાનને યોગ્ય બની શકે નહિ. શ્રીરામકૃષ્ણને ઈશ્વર તરીકે ઓળખતું હોય એવા તો હું કોઈને જોતો નથી. અમને ક્યારેક ઝાંખો આભાસ થાય છે, એટલું જ. તેમને ઈશ્વર તરીકે ઓળખવા અને છતાં સંસારમાં આસક્ત રહેવું એ બંને અસંબદ્ધ છે.

# ૮. ઉક્તિઓ અને ઉદ્‌ગારો

## ઉદ્‌ગારો

(૧) ‘અત્યાર સુધી આપણા હિંદુ ધર્મનો મહાન દોષ માત્ર ‘ત્યાગ’ અને ‘મુક્તિ’ એ બે શબ્દો સમજવામાં જ રહેલો છે, અહીં કેવળ ‘મુક્તિ’જ, ગૃહસ્થી માટે કંઈ પણ નહિ. ‘પણ જેમને હું મદદ કરવા માગું છું, તે બરાબર આ જ લોકો છે. કારણ કે બધા આત્મા શું એક જ વસ્તુ નથી? સહુનું લક્ષ્ય શું એક જ નથી? ‘અને તેથી પ્રજામાં શક્તિ આવવી જોઈએ શિક્ષણ દ્વારા.’

(૨) પુરાણો હિંદુ ધર્મના ઉદાત્ત વિચારોને આમજનતાનાં દ્વાર સુધી પહોંચાડવાનો એક પ્રયાસ છે, એમ સ્વામીજી ગણતા. આ જરૂરિયાતને પહેલેથી જોઈ શકનાર ભારતમાં એક જ માનવીનું મન હતું, શ્રીકૃષ્ણનું, ને તે કદાચ જગતના મહાન માનવી હતા.

સ્વામીજીએ કહ્યું : ‘જેમાં જીવનનું પોષણ અને ઉપભોગ ઈશ્વરની અનુભૂતિ તરફ લઈ જાય છે તેવી વિષ્ણુની ઉપાસનામાં પરિણમતા ધર્મની



ઉત્પત્તિ આ રીતે થાય છે. તમને ખ્યાલ હશે કે આપણે છેલ્લો ચૈતન્ય સંપ્રદાય બોગ માટે હતો. એ સાથે જ જૈન ધર્મ બીજા છેડાનો પ્રતિનિધિ છે, કે જે દેહદમન દ્વારા ધીરે ધીરે શરીરનો ક્ષય કરવામાં માને છે. આમ બૌદ્ધ ધર્મ એ સુધરેલો જૈન ધર્મ છે, અને બુદ્ધે પાંચ મુનિઓનો સમાગમ છોડ્યો તે પ્રસંગનો ખરો અર્થ આ જ છે. ભારતમાં, દરેક યુગમાં, દેહદમનની પરાકાષ્ઠાથી માંડીને ઈન્દ્રિયભોગના શિખર સુધીની શારીરિક ક્રિયાઓના દરેક સ્તરના પ્રતિનિધિ સમું સંપ્રદાયોનું એક ચક્ર મળી આવે છે. અને તે જ યુગ દરમિયાન એક આધ્યાત્મિક ચક્રનો પણ હંમેશાં વિકાસ થાય છે, કે જે ઈંદ્રિયોનો ઉપભોગ કરવાથી માંડીને ઈંદ્રિયોના વિનાશ સુધીનાં સાધનોના દરેક સ્તર દ્વારા ઈશ્વર-સાક્ષાત્કાર થાય એવી માન્યતાના પ્રતિનિધિ સમું હોય છે. આમ હિંદુ ધર્મ હંમેશાં જાણે કે બે પરસ્પર વિરોધી ચક્રોનો બનેલો હોય એવું જણાય છે, અને તે બંને એક જ ધરી ઉપર રહીને પરસ્પરનાં પૂરક બને છે.’

‘વૈષ્ણવધર્મ કહે છે : ‘હા! આ બરાબર છે! આ પિતા, માતા, ભાઈ, પતિ કે બાળક માટેનો અત્યંત પ્રેમ તે યોગ્ય છે - જો તમે બાળકને ખવડાવો છો ત્યારે કૃષ્ણ જ એ બાળકરૂપે આવેલ છે અને તમે કૃષ્ણને જ ખવરાવો છો તેવો ભાવ રાખો તો.’ ચૈતન્યનું પણ એ જ કહેવું હતું : ‘ઈંદ્રિયો દ્વારા ઈશ્વરની ઉપાસના કરો,’ કે જે વેદાંતની ઘોષણા, કે ‘ઈંદ્રિયોનું દમન કરો, ઈંદ્રિયો પર કાબૂ રાખો’ ની વિરુદ્ધ હતું.

હું જોઈ રહ્યો છું કે ‘ભારત જુવાન અને ચેતનવંતુ છે, યુરોપ પણ યુવાન અને જીવંત છે. બેમાંથી એકેય હજુ એવી સ્થિતિએ પહોંચ્યું નથી કે તેની સંસ્થાઓની આપણે વિના જોખમે ટીકા કરી શકીએ. તે બન્ને મહાન પ્રયોગો છે, અને એમાંનો એક પણ હજુ પૂરો થયો નથી. ભારતમાં અમારે

ત્યાં સામાજિક સામ્યવાદ છે કે જેની ઉપર અને આજુબાજુએ અદ્વૈતનો પ્રકાશ એટલે કે આધ્યાત્મિક વ્યક્તિવાદ ખેલી રહ્યો છે, યુરોપમાં તમે સામાજિક રીતે વ્યક્તિવાદીઓ છો, પણ તમારી વિચારધારા દ્વૈતવાદી છે, કે જે આધ્યાત્મિક સામ્યવાદ છે. આમ એક (ભારત) વ્યક્તિવાદી વિચારની વાડ દ્વારા મર્યાદિત સામાજિક સંસ્થાઓનું બનેલું છે, જ્યારે બીજું (યુરોપ) સામ્યવાદી વિચારથી ઘેરાયેલી વ્યક્તિવાદી સંસ્થાઓનું બનેલું છે.

'હવે ભારતીય પ્રયોગને જેવો છે તેવો સ્વીકારીને આપણે મદદ કરવી જોઈએ. જે હિલચાલો વર્તમાન પરિસ્થિતિને સ્વીકારીને તેને સહાયભૂત થતી નથી, તેઓ એ દૃષ્ટિએ જરાય સારી નથી. દાખલા તરીકે, યુરોપમાં હું લગ્નને કુંવારા જીવન જેટલી જ પ્રતિષ્ઠા આપું છું. એ ન ભૂલશો કે માનવી તેના ગુણોથી જેટલો મહાન અને પૂર્ણ બને છે તેટલો જ તે તેના દોષોમાંથી પણ બને છે. એટલા માટે કોઈ પ્રજાનું ચારિત્ર્ય સર્વાંશે દોષપૂર્ણ છે તેમ સિદ્ધ કરી શકાય તેવું હોય તો પણ, તેને તેના ચારિત્ર્યથી વંચિત કરવાનો પ્રયાસ આપણે કરવો જોઈએ નહિ.'

(૩) શંકરાચાર્યે વેદોનો તાલ - રાષ્ટ્રીય સંગીતનો આરોહ-અવરોહ પકડ્યો હતો. ખરેખર મને જરૂર એવી કલ્પના આવે છે કે તેમને પણ મારા જેવું દર્શન બાળપણમાં પ્રાપ્ત થયું હશે, અને તે રીતે તેમણે તે પ્રાચીન સંગીત મેળવ્યું હશે. તે ગમે તેમ હો, તેમનું સમગ્ર જીવનકાર્ય, વેદો અને ઉપનિષદોના સૌંદર્યના ધબકાર સિવાય બીજું કંઈ જ નથી.

(૪) 'તમારી જાતને કે તમારાં બાળકોને એ કહેવાનું કદી ભૂલતા નહિ કે આગિયા અને ઝળહળતા સૂર્યમાં જેટલો તફાવત છે, નાના ખાબોચિયા અને અનંત સાગરમાં જેટલો તફાવત છે, રાઈના દાણા



અને મોટા મેરુ પર્વતમાં જેટલો તફાવત છે, તેવો તફાવત ગૃહસ્થાશ્રમી અને સંન્યાસી વચ્ચે છે!'

'સંસારમાં પ્રત્યેક બાબત ભયથી ભરેલી છે, એકમાત્ર વૈરાગ્ય ભયરહિત છે. 'ઢોંગી સાધુઓ તેમજ જેઓ પોતાની પ્રતિજ્ઞાઓને પાળવામાં નિષ્ફળ ગયેલા છે તેઓને પણ ધન્ય છે, કારણ કે તેઓ પણ પોતાના આદર્શના સાક્ષી બન્યા છે, અને તેથી કંઈક અંશે પણ બીજાની સફળતાના કારણરૂપ છે!

'આપણા આદર્શને આપણે કદી પણ ન ભૂલીએ!'

(૫) 'ભારતમાં મને કહેવામાં આવે છે કે આમજનતાને મારે અદ્વૈત વેદાંત શીખવવું નહિ, પણ હું કહું છું કે એક બાળકને પણ હું તે સમજાવી શકું તેમ છું. સર્વોચ્ચ આધ્યાત્મિક સત્યોનો ઉપદેશ કરવા માટે કોઈ પણ વય નાની કહેવાય નહિ.'

(૬) 'તમે જેટલું ઓછું વાંચો તેટલું સારું. ગીતા તેમજ વેદાંત ઉપરના બીજા સારા ગ્રંથો વાંચો. તેની જ તમારે જરૂર છે. આજની શિક્ષણપદ્ધતિ તદ્દન ખોટી છે. વિચાર કરવાનું આવડતાં પહેલાં જ મનમાં અનેક હકીકતો ઠાંસીઠાંસીને ભરવામાં આવે છે. મનનો સંયમ પ્રથમ શીખવવો જોઈએ. જો મારે મારું શિક્ષણ ફરી લેવાનું હોય, અને તેમાં મને કંઈ કહેવાની છૂટ હોય, તો હું પ્રથમ મારા મન ઉપર કાબૂ મેળવતાં શીખું, અને પછી મારે જોઈતી હોય તો બીજી હકીકત શીખું લોકોને હકીકત શીખતાં લાંબો સમય લાગે છે, કારણ કે તેઓ ધારે ત્યારે મનને એકાગ્ર કરી શકતા નથી.'

## ઉક્તિઓ

૧. માનવી પ્રકૃતિને જીતવા માટે જન્મ્યો છે, તેની મરજી અનુસાર ચાલવા માટે નહિ.

૨. જ્યારે તમે એમ ધારો કે તમે દેહ છો, ત્યારે તમે વિશ્વથી અલગ છો, જ્યારે તમે એમ ધારો કે તમે જીવ છો, ત્યારે તમે અનંત-અગ્નિના સ્ફુલિંગ છો, જ્યારે તમે એમ ધારો કે તમે આત્મા છો, ત્યારે તમે બધું જ છો.

૩. શક્તિ સદાચારમાં છે, પવિત્રતામાં છે.

૪. વિશ્વ એટલે મૂર્તરૂપે પ્રતીત થતો ઈશ્વર. આપણે દેહ છીએ એ ભ્રમમાં અનર્થનું મૂળ રહેલું છે. આદિ પાપ જેવું જો કોઈ હોય તો તે આ છે.

૫. તમારા પોતાનામાં શ્રદ્ધા ન હોય ત્યાં સુધી ઈશ્વરમાં શ્રદ્ધા ન આવે.

૬. ધર્મ એટલે પશુમાંથી ઊંચે ચડાવીને મનુષ્ય, અને મનુષ્યમાંથી ઊંચે ચડાવીને ઈશ્વર બનાવનારો વિચાર.

૭. બાહ્ય પ્રકૃતિ એટલે કેવળ વિસ્તારપૂર્વક ચીતરાયેલી આંતરપ્રકૃતિ.

૮. તમારા કાર્યનો માપદંડ છે હેતુ. તમે ઈશ્વર છો અને હલકામાં હલકો માણસ પણ ઈશ્વર છે, આથી વધુ ઊંચો હેતુ શો હોઈ શકે?

૯. આ દુનિયા એક મોટી વ્યાયામશાળા છે, ત્યાં આપણે પોતાની જાતને શક્તિશાળી બનાવવા આવીએ છીએ.

૧૦. જેમ તમે એક છોડને (તમારી મરજી મુજબ) મોટો કરી શકો નહિ. તેવું જ બાળકનું પણ છે. તમે જે કાંઈ કરી શકો તે માત્ર નિષેધાત્મક બાજુએ જ કરી શકો, તમે માત્ર તેને સહાય આપી શકો. વિકાસ



સર્વાંશે અંદરથી જ થાય છે, એ પોતે જ પોતાની પ્રકૃતિને ખીલવે છે. તમે કેવળ આવરણોને દૂર કરી શકો છો.

૧૧. સત્યને હજારો રીતે રજૂ કરી શકાય, છતાં દરેકેદરેક રીત સાચી હોઈ શકે.

૧૨. તમારે તમારો વિકાસ અંદરથી સાધવાનો છે. તમને કોઈ (બીજું) શીખવી ન શકે, કોઈ (બીજું) આધ્યાત્મિક બનાવી ન શકે, તમારા પોતાના આત્મા સિવાય અન્ય કોઈ તમારો ગુરુ નથી.

૧૩. સત્યને માટે સર્વ કંઈનો ભોગ આપી શકાય. પરંતુ સત્યનો ભોગ બીજા કશાને ખાતર આપી ન શકાય.

૧૪. સત્યની શોધ એ સામર્થ્યનું દર્શન છે, દુર્બળ અને આંધળાનાં ફાંફાં નથી.

૧૫. ઈશ્વરે મનુષ્યત્વ ધારણ કરેલ છે, મનુષ્ય વળી પાછો ઈશ્વર થવાનો જ.

૧૬. મારા ગુરુની પેઠે મને કામિની, કાંચન અને કીર્તિની પરવા વિનાના સાચા સંન્યાસી તરીકે દેહત્યાગ કરવાની ઈચ્છા છે ! આ ત્રણેમાં કીર્તિની આસક્તિ સૌથી વધુ દુષ્ટ અને છેતરામણી છે.

૧૭. એમ બને કે, જીર્ણ વસ્ત્રની પેઠે મારા શરીરને ફેંકી દઈને તેમાંથી નીકળી જવું મને ઠીક લાગે. પરંતુ હું કાર્ય કરતો અટકવાનો નથી! આખી દુનિયા ન જાણે કે પોતે ઈશ્વરની સાથે એક છે, ત્યાં સુધી સર્વત્ર હું મનુષ્યોને પ્રેરણા આપ્યા કરવાનો છું.

૧૮. હું જે કાંઈ છું, જગત પોતે કોઈક દિવસે જે બનશે, તે બધું તેઓ મારા ગુરુ શ્રીરામકૃષ્ણને લીધે છે, તેમણે અવતાર લઈને હિંદુ ધર્મ, ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં દરેક બાબતમાં રહેલી અદ્‌ભુત એકત એકસરખી રીતે શોધી કાઢી અને સૌને શીખવી.

૧૯. આજના જમાનામાં આપણા દેશમાંથી કેટલા માણસો શાસ્ત્રોને સાચી રીતે સમજે છે? તેઓ બ્રહ્મ, માયા, પ્રકૃતિ, વગેરે શબ્દો માત્ર શીખ્યા છે અને પરિણામે મગજમાં ગોટાળો ઊભો કરે છે. શાસ્ત્રોનો સાચો અર્થ અને હેતુ બાજુએ રહેવા દઈને તેઓ કેવળ શબ્દોની મારામારી પર ઊતરી પડે છે. જો શાસ્ત્રો તમામ માણસોને સર્વ સમયે અને બધા સંજોગોમાં સહાય કરી શકતાં ન હોય તો એવા શાસ્ત્રો શા કામનાં છે? જો શાસ્ત્રો કેવળ સંન્યાસીઓને જ માર્ગદર્શન કરાવે અને ગૃહસ્થાશ્રમીઓને ન કરાવે, તો પછી ગૃહસ્થાશ્રમીને આવાં એકદેશી શાસ્ત્રોની શી જરૂર છે? જો શાસ્ત્રો માણસોને જ્યારે તેઓ બધું કામકાજ છોડી દઈને જંગલમાં જઈને બેસે ત્યારે જ સહાયક થઈ પડતાં હોય, અને રોજના કામકાજમાં રોકાયેલા દુનિયાદારીના માનવીને માર્ગદર્શક થતાં ન હોય - તેની રોજિંદી મજૂરી, રોગ, દુઃખ અને દારિદ્રમાં - પશ્ચાત્તાપના વિષાદમાં - દલિતની આત્મનિંદામાં - સમરાંગણની ભીષણતા - કામ, ક્રોધ, અને વિલાસના આવેગમાં - વિજયના ઉન્માદમાં - પરાજયના અંધકારમાં છેલ્લે મૃત્યુની કાળરાત્રિમાં - જો એ શાસ્ત્રો એમના હૃદયમાં આશાનો પ્રદીપ પ્રગટીને રસ્તો બતાવી શકતાં ન હોય, તો દુર્બળ માનવજાતને એવાં શાસ્ત્રોની જરૂર નથી, એવાં શાસ્ત્રો એ શાસ્ત્રો જ નથી!

૨૦. જ્યારે ભારતનો ઈતિહાસ પ્રગટ થશે ત્યારે એ પુરવાર થશે કે ધર્મની બાબતમાં તેમજ સૂક્ષ્મ કળાના વિષયમાં પણ ભારત સમસ્ત વિશ્વનું આદિગુરુ છે.